જાદુ કળા પ્રકાશ.

અથવા

મંત્ર તંત્રને જાદુઈ વિદ્યાનો સંગ્રહ.

ભાગ ૧ લો, ૨ જો ને ૩ જો.

છપાવી પ્રસિદ્ધ કર્તા

માસ્તર, નાનાલાલ મગનલાલ

શાહીરોડની સડકપર—અમદાવાદ.

આવૃતી ૧ લી પ્રત ૫૦૦

અમદાવાદ માણેકચોક—રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ ભીખાભાઇ છગનલાલે છાપ્યો.

સને ૧૯૧૧ સંવત ૧૯૬૭

કિમ્મત એક રૂપીઓ.

જાદુ કળા પ્રકાશ.

અથવા

મંત્ર તંત્રને જાદુઈ વિદ્યાનો સંગ્રહ.

ભાગ ૧ લો, ૨ જો ને ૩ જો.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા

માસ્તર, નાનાલાલ મગનલાલ

રીચીરોડની સડકપર—અમદાવાદ.

આવૃતી ૧ લી   પ્રત ૫૦૦

અમદાવાદ માણેકચોક—રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ ભીખાભાઇ છગનલાલે છાપ્યો.

સને ૧૯૧૧   સંવત ૧૯૬૭

કિમ્મત એક રૂપીઓ.

આનંદના ઉભરા ?

પદ (જિને આપકું જોયા નહિ—એ રાગ.)

આનંદને નમીએ અમે, આનંદમાં રમીએ અમે;
આનંદ અમારૂં ગેહ છે, આનંદ અમારો દેહ છે.
આનંદ અમારો સ્નેહ છે, આનંદ વિણુ કંઈ ના ગમે.—
આનંદ અમારૂં ગાન છે, આનંદ અમારૂં દાન છે;
આનંદ અમારૂં ધ્યાન છે, આનંદ ઘન પ્રભુ જ્યાં રમે;—
આનંદથી સઉ ઉપજે, આનંદથી સઘળું વધે;
આનંદમાં સઘળું ટકે, આનંદમાંહિ સઉ શમે.—
આનંદમય ધન ધામ છે, આનંદમય વિશ્રામ છે,
આનંદ આત્મારામ છે, આનંદમય હું તે, તમે;—
આનંદ કેરા દેશમાં, રહીએ નિરંતર એશમાં;
અતિ ઉચ્ચ સૂક્ષ્મ પ્રદેશમાં, આનંદ અમૃત જ્યાં ઝમે.—
આનંદ આનંદમાં રહે, આનંદ આનંદને કહે;
આનંદ આનંદને લહે, આનંદ આનંદને નમે.—
દીપક વીર વાડી ગુલ છે, દિલસુખ કાન્તિ ફુલ છે;
ભોગી ભ્રમર અમુલ્ય છે, કીશોર મોજ મસગુલ છે.

તમારા ઇચ્છેલા હિતના ચિત્રનેજ નિરંતર તમારી વૃત્તિમાં આરૂડ રાખશો તો નિઃસંશય માનજો કે તમારૂં સમગ્ર જીવત પરમ સુખમાં વ્યતીત થશે, અને અમે ઇચ્છીએ છીએ કે તેમ થાઓ ?

પ્રકાશક.

પ્રસ્તાવના.

આ દેશમાંના જાદા જૂદા વિષયોના સંસ્કૃત, હીંદી, મરાઠી, વીગેરે ભાષાના પ્રાચીન ગ્રંથોમાં મંત્ર, તંત્ર, યંત્ર, રસાયન, ઇંદ્રજાળ ઔષધ, હુન્નર કળા ઇત્યાદિ બાબતોનું જે વિવેચન કરવામાં આવ્યું છે. તે ઉપરથી તથા બીજાઓ પાસેથી મળવલી માહીતીના આધારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. વાસ્તે વાંચનારે આમાંની દરેક બાબત વાંચી તે ઉપર વિચાર કરી ખરૂં શું છે તે તપાસી એમાં જે કાંઇ દોષ હોય તે જણાવવાની કૃપા કરવી.

આ વિદ્યાપર મને બાળપણથી વિશ્વાસ છે અને તેથીજ તેની શોધમાં મારો ઘણો વખત ગાળું છું વાસ્તે જે કોઇ સજ્જન પાસે આવી બાબતોનાં સારાં સાધન હોય તેમણે કૃપા કરી મને જણાવવું. કારણ કે હું તે બાબત પ્રજાવર્ગમાં પ્રસરાવી સૌને તેનો લાભ લેવાની સગવડ કરી આપવા ભાગ્યશાળી થઇશ.

આ અદ્ભૂત વિદ્યા તરફ ગુર્જર સાક્ષરો પોતાનો વખત રોકી સત્ય સાહિત્ય શોધવા મનપર લે તો પ્રજાવર્ગને વધારે લાભ થાય એમાં કશો શક નથી. પરંતુ કોણ જાણે શા કારણથી હજી પણ જાહેર લેખકોનું આ બાબત તરફ લક્ષ ખેંચાતુંજ નથી ? !

દિવસે દિવસે સાયન્સ પણ આ બાબતપર સારૂં અજવાળું નાંખે છે અને ઇંગ્રેજી ભાષામાં એ વિષયનાં ઘણાંક પુસ્તકો બહાર પડ્યાં છે પરંતુ ગુજરાતી ભાષામાં તો સ્હેજસ્હાજ નામની ચોપડીઓ જ બહાર પડી છે તેથી ખરેખર દીલગીરી તથા આશ્ચર્ય ઉત્પન્ન થાયછે.

આવાં પુસ્તકો બહાર પાડતાં મને ઘણુંક વેઠવું પડયું છે. છતાં જ્યાં જ્યાં અડચણો નડે છે ત્યાં ત્યાંથી વધારે સાવધતાથી મારો પ્રયાસ લંબાવતો જઉં છું તેને જો પ્રજાવર્ગ પુરતો આશ્રય આપશે તો મારા ઉત્સાહમાં વધારો થશે. હાલ એજ. **પ્રકાશક.**

અનુક્રમણિકા.

ઇંદ્રજાલ મંત્ર વિદ્યા............૧
વામ માર્ગીની વિદ્યા......... ૧૩
યક્ષ તથા જક્ષના ભેદ.........૧૬
ગુરૂ કરવાનું કારણ......... ૧૭
મંત્ર સાધવાની રીત......... ૧૮
વનસ્પતી સાધન............ ૧૯
ઇંદ્રજાળ મંત્ર............... ૨૦
વીંછી પકડવાનો મંત્ર...... ૨૧
વીંછી ઉતારવાનો મંત્ર...... ૨૧
સાપ નસાડનાર મંત્ર..... „
આદાશીશીનો મંત્ર......... „
તાવના દોરાનો મંત્ર......... ૨૨
નજર ઉતારવાનો મંત્ર...... ૨૨
નજર ઉતારવાનો દોરો...... ૨૩
નજર ઉતારવાનું તાવીજ...... „
પિશાચ યક્ષિણી મંત્ર...... ૨૪
ડાકીણી શાકીની મંત્ર...... „
શાકીની ખેલાવવાનો મંત્ર... ૨૫
સમશાન ગજાવવાનો મંત્ર...... „
ભૂત કાઢવાનો મંત્ર.......... „
મુઠ વાળવાનો મંત્ર......... ૨૭
ભૂતનો મુસલમાની મંત્ર...... ૨૮
વિદ્યા સિદ્ધિ મંત્ર......... ૩૦
વેપાર વર્ધક મંત્ર.......... „
વશીકરણ મંત્ર............. ૩૧
સ્ત્રી પુરૂષ પ્રેમ બંધન મંત્ર... „
સર્વ કાર્ય સિદ્ધિ મંત્ર...... „
દેહ રક્ષક મંત્ર............ ... „
પરદેશ ગમન મંત્ર.......... ૩૨
મન વાંચ્છિત મંત્ર.......... „
વશીકરણ મંત્રો............ ૩૩
સભા મોહીની મંત્ર.......... „
દાઢ દુખતી મટાડવાનો...... ૩૪
આંખ દુખતી „ ...... „
અંગે ધરૂજ ચડે તેનો મંત્ર... ૩૫
સાપ ઉતારવાનો મંત્ર......... ૩૭
રોગ શાંતિનો મંત્ર.......... ૩૮
ઝેર ઉતારવાનો મંત્ર......... „
ભૂત પિશાચ્ચાદિ તંત્ર...... „
ઉલુક વિધિ................. ૪૨
કુકડ કુંભા કલ્પ............ ૪૩
ટીટવી કલ્પ ૪૪
ચાસ કલ્પ................ ૪૪
ખત્રીસ સાધન............. ૪૫

વશીકરણુ વિદ્યા............ ૪૬
જમીનનું ધન જોવાનું......... ૪૭
પથરીનો ઉપાય ૪૮
સાપનો મોહોરો.............. ૪૯
સાપ ઉતારનાર ધાસ........ ,,
સાપના ઝેરના ઉપાય.......... ૫૦
વીંછીની જડી બુટ્ટી......... ૫૧
વીંછીના ઉપાય.............. ,,
સાતપડાનો ઉપાય........... ૫૨
શુકન વિચાર............... ૫૩
સ્વપ્નાનો સાર.............. ૫૮
અભીસિદ્ધિ................. ૬૦
વિચારથી સંદેશા............ ૬૫
સુક્ષ્મ તત્ત્વ જોવું........... ૭૭
વૈરાટ સ્વરૂપ જોવું........... ૭૮
અંતર દ્રષ્ટિ જ્ઞાન............ ૭૯
નાકનો પવન બદલવો ૮૦

ભાગ બીજો.

હંસનો ખેલ ૮૧
જાદુઇ કોઇનનો ખેલ......... ૮૩
રૂપીઆની જુબાની......... ૮૫
શીકારનું છટકી જવું......... ૮૯
પ્યાલાનું ગુમ થવું........... ૯૦
વાઇન ગ્લાસનો ખેલ........ ૯૧
તાબેદાર ગોળાનો ખેલ..... ૯૨
ધારેલું પાનું કહેવાનો ખેલ... ૯૪
પાનાનું બદલાવું.......... ૯૫
શાહીનું ગ્લાસ ૯૬
ભટકતી બાટલીનો ખેલ...... ૯૭
ભુસાની મીઠાઇનો ખેલ.....૧૦૦
ઇંડુ ને રૂમાલનો ખેલ.....૧૦૨
જાદુઈ હારનો ખેલ........૧૦૫
જાદુઇ કબાટનો ખેલ........૧૦૯
બીડીનો ધુમાડો ૧૧૧
જળ પ્રલયનો ખેલ.........૧૧૨
કાગળનું ખાણું ૧૧૪
જાદુઇ ખીલો.. ....૧૧૫
હવાઈ પાંજરાનો ખેલ........૧૧૬
કાચા ચોખા રાંધવા.........૧૧૯
રીંગમાંથી રીટ કાઢવી ૧૨૦
હવામાંથી રૂમાલ કાઢવા......૧૨૧
પાણીનું દુધ કરવું ૧૨૨
કોયલાની મીઠાઇ..........૧૨૩
બે આની ઉરાડવી ૧૨૪
લીંબુમાંથી લોહી...........૧૨૫
પગે પાવડી ચોંટાડવી........૧૨૬
શીશામાં તુમડી ઉતારવી ...૧૨૭

જાદુઈ વાસણ..............૧૨૮

ભાગ ત્રીજો.

ભૂત સાથે વાત ૧૨૯
હાજરાત ભરવાની રીત.....૧૩૭
વાસુદેવ પ્યાલુ કરવું........૧૩૮
ત્રીકાળદર્શી આયનો........૧૪૦
હજરત વીંટી કરવી........૧૪૧
દાગ જોવાની રીત........૧૪૨
તક્ષથી નશીબ જોવું........૧૪૭
પીશાચ દર્શન...............૧૪૯
યમપુરી દર્શન ૧૫૦
ભવિષ્ય કથન...............૧૫૨
વીજળીની વીંટીની રીત.....૧૫૩
પારાનાં પ્યાલાં ૧૫૪
ગંધકનાં પ્યાલાં .... „
કપુરનાં પ્યાલાં .... „
કપુરની માળા...............૧૫૫
રોગ દોષનો મંત્ર...........૧૫૬
ભૂત વશ્ય કરવું.............૧૫૭
વન દેવતાનો મંત્ર...........૧૫૮
વીર સિદ્ધિનો મંત્ર.........૧૫૯
ભૂત બોલાવવાનો મંત્ર......૧૬૦
મનવાંચ્છિત સિદ્ધિ.........૧૬૧
સાપના ઝેરનો મંત્ર.........૧૬૨
આગીઆ વૈતાળનો મંત્ર.....૧૬૩
બાળકને ભૂત બાધા.........૧૬૪
નેત્ર ફરકયાનું ફળ...........૧૬૫
અત્તર બનાવવાની રીત...... „
શનીનું રત્ન બનાવવું.........૧૬૬
પરગામ ગયેલાનો પ્રશ્ન ૧૬૭
મુઠ્ઠીમાંની વસ્તુ કહેવી...... „
છીંકના શુકન................૧૬૮
કાગ પીંડ વિચાર............ „
પુનમ વિચાર................૧૭૦
માહ માસની પુનમ.........૧૭૧
સંક્રાંતી વિચાર ૧૭૨
ગ્રહણ વિચાર............... „
અંગ ફરકયાના શુકન......૧૭૩
ગરોળી પડે તેનું ફળ......૧૭૪
જમીનમાં પાણી શોધવાની રીત „
હિમાલયનીજડી બુટ્ટીઓ......૧૮૦

મંત્ર જંત્રનું કામ તથા દોરા તાવીજ.

ફક્ત ક્રિયા ખરચ લેઇનેજ કરી આપીશું.

મરદો માટે—ધણી ધણીયાણીના કજીયા મટાડનાર, ધંધો રોજગાર કે નોકરી ચાકરીમાં લાભ કરનાર, દુસ્મનોનું દુઃખ ટાળનાર સૌની મહેરબાની વધારનાર, જીન, ખવીસ કે ભૂત પ્રેતનો ભય કાઢનાર તથા નબળા ગ્રહોની નડતર કે નજર લાગેલી શાંત પાડનારા દોરા તાવીજ કરી આપીશું. **સ્રીઓ સારૂ**—સારો વર મેળવનાર, ધણીનો પ્રેમ વધારનાર, દુસ્મનો કે શોકયનું સંકટ ટાળનાર, પારકી સ્રીને વશ થયેલા પતીને ઠેકાણે લાવનાર. સુવાવડમાં સંરક્ષણ કરનાર, વાંઝીયાપણાનું કે છોકરાં ન જીવવાનું કારણ શોધી આપનાર, ભૂત પ્રેત કે નજરના વળગાટ ઉતારનાર, કોઇએ કરેલા જાદુનું જોર તોડનાર વીગેરે દરેક રીતે સારૂં થાય તેવાં રક્ષા કરનાર દોરા તાવીજ મંત્રી આપીશું. **જુવાન બાળકો માટે**—બુદ્ધિ વધારનાર અભ્યાસમાં ઉત્સાહ આપનાર, પરિક્ષાઓમાં પાસ થવાની પ્રમાણીક યુક્તિ સુજાડનાર, દુર્ગુણોથી દૂર રાખનાર તાવીજ કરી આપીશું. **નાનાં બચ્ચાંઓને વાસ્તે**—ઉંઘમાંથી બીહીને ઝબકી ઉઠવું, રડવું નજર કે ચોટ ઝપટ લાગવાથી દીવસે દીવસે શરીરનું તવાઇ જવું, વાધણી કે ગોળાનું ઉપડવું વીગેરે ઉપદ્રવો મટાડી રક્ષણ કરનાર દોરા તાવીજ કરી આપીશું. **ચેતવણી**—આ કામ અમે પરોપકાર બુદ્ધિએ પવિત્ર વિદ્યા વડેજ કરીએ છીએ માટે યાદ રાખજો કે પારકી સ્રી કે પારકા પુરૂષને વશ કરવાની કે કોઇને મુઠ ચોટ મારવાના નુકશાનકારક પાપી કામની માગણી કરવી નહીં.

માસ્તર નાનાલાલ મગનલાલ.

ઠે. રીચીરોડની સડકપર—**અમદાવાદ.**

કામરૂ દેશની જાદુઇ ઇંદ્રજાલ.

ઇંદ્રજાલ મંત્ર વિદ્યા શું ખરી છે?—આ પ્રશ્ન ઘણો વિચારવા જેવો છે, ઇંદ્રજાળ વિદ્યા વિષે હાલના જમાનાના ઘણાક પુરૂષોનો એવો અભિપ્રાય છે કે તે ખોટી છે. પણ તેનું સ્વરૂપ વિચારીએ તો એવા અનુમાનપર આવવાની જરૂર પડે છે કે વિદ્યા તો ખરી છે, પણ તેને અમલમાં મૂકનારા પાત્રની અયોગ્યતાને લીધે તેમજ વિધિ પ્રમાણે મંત્રના જાપ એકાગ્રતાથી નહિ કરવાથી અને તેની વિધિ યથાર્થ રીતે સમજાવનારા નહિ માલુમ પડવાથી આપણને તે વિદ્યા કોઇ કોઇ વાર ખોટી લાગે છે. જો ઉપર જણાવેલાં કારણો દૂર કરવામાં આવે તો અગાઉની માફક મંત્ર તંત્ર ખરા પડે અને તેની ધારેલી અસર થાય, તથા મંત્રના અધિષ્ટાયક દેવો સહાય કરે છે. મંત્ર એ અમુક પ્રકારે ગોઠવેલા શબ્દોનો સમૂહ છે, શબ્દ એ ડુંટીમાંથી ઉત્પન્ન થયેલા અને જૂદા જૂદા ઉચ્ચારના સ્થાન સાથે અથડાયેલા વાયુરૂપ છે. આ શબ્દ સૂક્ષ્મ દુનિયામાં જૂદી જૂદી ધુજરીઓ ઉત્પન્ન કરે છે અને તે ધુજરીઓમાં વસ્તુ નાશ કરવાની તેમજ પેદા કરવાની સત્તા રહેલી છે. આ બાબત સિદ્ધ કરવાને આ ખાકી દુનિયામાંથી કેટલાક દાખલા આ જગ્યાએ આપીએ છીએ. જે લોકોએ સાયન્સનો અભ્યાસ કર્યો છે તેઓ જાણે છે કે અમુક પ્રકારનો અવાજ કરવાથી કાચનું પ્યાલું ફુટી જાય છે અને જૂદી જૂદી જાતના અવાજથી રેતીના પરમાણુઓ ભૂમિતિની વિવિધ આકૃતિઓમાં ગોઠવાઇ જાય છે. આ ઉપરથી સહેજ સાબીત થાય છે કે બ્દ-અવાજમાં નાશ કરવાની તથા ઉત્પન્ન કર-

વાની શક્તિ રહેલી છે. તેનો એક બીજો પણ દાખલો ટાંકી શકાય એક સમયે લશ્કરી સીપાઇઓ અમુક પુલ ઉપર થઇ પસાર થતા હતા. તેઓ એક સરખા પગલાંથી ચાલતા હતા, અને તેમાંથી એક ધારો અવાજ-નાદ નીકળતો હતો. તે બધા સીપાઇઓના એ-કજ ધારા અવાજની એટલી બધી અસર થઇ કે તે પુલ કરરર ભૂસ કરતો કે તુટી પડ્યો જે પુલ હજારો મનુષ્યના જવા આવ-વાથી નાશ ન પામે તે ફક્ત પચાસ મનુષ્યના એકધારા પગલાના અવાજથી તુટી ગયો, કારણ કે તેમાંથી અમુક પ્રકારનો એકધારો ધ્વનિ–અવાજ નીકળતો હતો. આ ઉપરથી એમ તો સિદ્ધ થયું કે અવાજમાં નાશ કરવાની શક્તિ રહેલી છે અને તેથી કરી જ્યારે નબળા પુલ ઉપર થઇ લશ્કરી અમલદાર તેની પલટન સાથે પસાર થતો હોય છે, ત્યારે તમે **"વિખરાઈ જાઓ"** અથવા **"છુટા પડી જાઓ"** એવી આજ્ઞા કરે છે. કારણ કે તેમ કરવાથી તેઓ નિયમિત પગલે ચાલી શકશે નહિ. અને તેથી તે પુલને કોઇ પણ પ્રકારનું નુકશાન થશે નહિ.

આપણે અત્યાર સુધી એમ સાબીત કરી ગયા કે શબ્દમાં–અવાજમાં વસ્તુઓ ઉત્પન્ન કરવાની તથા નાશ કરવાની શક્તિ રહેલી છે. આ નિયમ પ્રમાણે મંત્રોને લગાડીએ, મંત્રો એ પણ અમુક પ્રકારના શબ્દોની ગોઠવણ છે. તે શબ્દોને એકઠા ગોઠવનાર વિદ્વાન અને જાણકાર પુરૂષો હતા. તેઓ શબ્દની શક્તિ સમજતા હતા અને અમુક શબ્દોમાં અમુક કાર્ય કરવાની શક્તિ રહેલી છે તેમ સમજતા હોવાથી જેવા ફળની ઇચ્છા હોય તેવા શબ્દો ગોઠવતા હતા, અને યોગ્ય શિષ્યોને તે શિખવતા હતા. પણ હાલમાં ઘણે

માગે તેવા શિખવનારા રહ્યા નથી અને તેથી કરીનેજ મંત્રો ખરા છતાં તેની યોગ્ય અસર થતી નથી. કેટલાક મંત્રાક્ષરોના શબ્દોમાં પણ ફેરફાર થઇ ગયો છે. અને તે શબ્દોનો શો અર્થ છે તેપર નહિ પણ તે શબ્દોની રચનાપરજ તેના ફળનો આધાર રહેલો છે. **अग्नि इव पुरोहितम्** એ મંત્રમાં **અગ્નિને** બદલે **વન્હિ** મૂકીએ તોપણ અર્થ તો તેનો તેજ થાય છે. પણ શબ્દ ફરવાથી તેની અસર જૂદી થાય છે. અરે એ બાબત બાજુપર રાખી આપણી ગુજરાતી રીતમાંજ જુઓ કે તમે તમારી માતુશ્રી પાસે 'માતાજી પાણી આપો" એમ કહીને પીવા સારૂં પાણી માગો તેનું પરિણામ શું આવે છે તેજ જુઓ. એટલે જણાશે કે માતાજી પાણી આપો' એમ માનપુર્વક માગવાથી તે ખુશીથી થડું હીમાજળ જેવું પાણી લાવીને આપશે પણ 'બાપની બૈયર પાણી પા' કહી પાણી માગવાથી કાં તો તેણી ગણકારશે નહિ યા તો એકાદ બે ગાળો પણ સંભળાવશે માટે કોઇ પણ દિવસ મંત્રની સાધના કરવા વાળાઓએ મંત્રના શબ્દમાં ફેરફાર કરવો નહિ.

મંત્રની અસર શી રીતે થાય છે તે આપણે હવે વિચારીએ. મંત્ર ઉપર જણાવ્યા પ્રમાણે શબ્દોની રચના છે. તેને બોલવાથી જૂદા જૂદા પરમાણુઓ વિખરાય છે, અને સૂક્ષ્મ દુનિયામાં તે શબ્દોને લીધે જૂદી જૂદી આકૃતિઓ ઉત્પન્ન થાય છે. જે દેવનો તે મંત્ર હોય તે આ આકૃતિમાં આવી વસે છે. અથવા આકૃતિમાં પોતાની ચૈતન્ય શક્તિ રેડે છે, અને તેથી તે આકૃતિ ધારેલું કાર્ય કરવા લાગે છે. કદાપિ તે દેવ તેમાં આવી ન વસે તો પણ તે સૂક્ષ્મ આકૃતિ જેમાં આપણા વિચારને લીધે જીવ આવેલો છે તે

ઇચ્છેલું કાર્ય કરવામાં સહાયભૂત થાય છે. મંત્રમાં સત્તા રહેલી છે તે બાબત સહેજ સિદ્ધ થાય તેમ છે. વીંછી કરડવાથી મનુષ્યને અનેક પ્રકારની પીડા થાય છે. તે વખતે તે માણસ એવી ચીસો પાડે છે કે સાંભળનારના હૃદયમાં પણ તેનાથી દયા ઉપજ્યા વિના રહે નહિ. ઘણી ઘણી દવાઓ લગાડવાથી પણ કેટલાક વીંછીનું ઝેર ઉતરતું નથી, અને કદાચ થોડું ઘણું ઉતરે છે તોપણ ડંખમાં ઝેર રહે છે અને ચોવીસ કલાક સુધી તે ડંખ બળ્યા કરે છે. પરંતુ જેને વીંછીના મંત્ર આવડે છે તે તેના સન્મુખ મંત્ર ભણી ઉતારે છે ત્યારે તે મનુષ્યની પીડા થોડીજ વારમાં નાબુદ થાય છે. મંત્ર બોલવાથી મંત્રમાં રહેલી શક્તિના પ્રભાવથી શુદ્ધ પરમાણુઓ ફેલાય છે અને તે પવિત્ર રજકણો ઝેરના મલીન અને પીડાકારી પરમાણુઓને હડસેલી નાંખી તેની જગ્યા લે છે. આ પ્રમાણે વીંછીનું ઝેર ઉતરી જાય છે, વીંછી કરતાં સાપનું ઝેર વધારે તીવ્ર હોય છે. તેને ઉતારવાને વધારે પ્રબળ શક્તિવાળા મંત્રની જરૂર છે. તેમાં સામાન્ય મંત્ર ચાલી શકે નહિ. જેવું ઝેર તેવો મંત્ર સમજવો. મંત્ર આ પ્રમાણે પ્રાણીઓનું ઝેર કાઢી નાંખે છે એટલુંજ નહિ પણ સામા માણસનું ઝેર પણ કાઢી નાંખે છે, એટલે કે સામા માણસને આપણા તરફ દ્વેષ, ક્રોધ, અથવા બીજી કોઈ પણ પ્રકારની ખરાબ લાગણી હોય તે પણ મંત્રના પ્રભાવથી નાશ પામે છે. આ બાબતમાં મંત્રના ઉચ્ચારણથી ઉપજેલી સૂક્ષ્મ ધ્રુજરીઓ સામા મનુષ્યના સૂક્ષ્મ શરીરને અસર કરે છે અને તેમાં રહેલી હલકી લાગણીઓનો નાશ કરે છે. કેવળ આ બાબતમાં લોકોનું લક્ષ ખેંચાયેલું નથી, તેમજ તેના ખરા જાણકારો બ્હાર પડતા નથી. જો તેઓ

ખરા મંત્રો સમજાવે તો ઘણો લાભ થાય.

મંત્રો પણ અનેક પ્રકારના હોય છે. કેટલાક લોકોને લાભકારી છે, અને કેટલાક હાનિકારક છે. જગતના સુભાગ્યે ખરાબ અને નુકશાનકારક મંત્રોનો લોપ થતો જાય છે હાલમાં મારણ-ટુચકા વગેરે સંબંધી વધારે સાંભળવામાં આવતું નથી એમ નથી. કે તે બાબતો જગતમાં હયાત નથી, પણ તેવું દુષ્ટ કાર્ય કરનારાઓનો અંત આવતો જાય છે. મંત્ર એ શક્તિ છે, અને શક્તિનો સદુપયોગ તેમજ દૂરુપયોગ થઇ શકે, માટે આ બાબત તેવા મનુષ્યોને શિખવવા યોગ્ય છે કે જેઓ બીજાનું ભલું કરવામાંજ તે વાપરે. સ્વાર્થી મનુષ્યોને શિખવવામાં ઘણોજ ગેરલાભ છે. કારણ કે સહેજ સ્વાર્થ ખાતર અથવા સહેજ બાબતમાં ક્રોધે ભરાતાં તે શક્તિ બીજાનો નાશ કરવામાં વાપરે, માટે મંત્ર આપનારાઓને-શિખવનારાઓને આ બાબત ચેતવણીના બે બોલ કહેવાની જરૂર જણાય છે.

ઘણા માણસો જણાવે છે કે અમને મંત્ર ફળતા નથી. આ બાબતમાં તેના કારણો શોધવાની જરૂર છે. મંત્ર શાસ્ત્ર ખરૂં છતાં ન ફળે તો તેમાં શા કારણો આડે આવે છે તે તપાસીએ. પ્રથમ મંત્ર શિખવનારા કેટલીકવાર બીજાને ઠગે છે, બીજું શિખનારાઓમાં શુદ્ધ, હૃદય અને એકાગ્રવૃત્તિની જે જરૂર છે તે ગુણો માલમ પડતા નથી, ત્રીજું લોકોમાં શ્રદ્ધા નથી. મંત્ર શાસ્ત્રના શબ્દો સાધારણ રીતે અર્થ વગરના હોય છે, માટે તેવી બાબતમાં જે ગુરૂ મંત્ર શિખવે તેના ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને તે મંત્ર સાધવો જોઇએ કે જેથી તે ફળે. કેટલાક મનુષ્યો અર્ધા મનથી એટલે શંકાશીલ રહીને કાર્ય કરે છે અને તેથી ફળ પણ તેવુંજ. મળે છે.

ચોથું વિધિ પ્રમાણે લોકો કાર્ય કરતા નથી. અને તેથી પણ યોગ્ય લાભ થતો નથી માટે તે ઉપરથી મંત્રશાસ્ત્રને ખોટું કહેવું એ મોટી ભૂલ છે. શ્રદ્ધાથી મંત્ર કેવી રીતે ફળે છે તે બાબત ઉપર એક ટુંકો દાખલો વિચારવા યોગ્ય છે. એક મુસલમાન રસ્તે થઇને જતો હશે તેવામાં રસ્તામાં ભૂલા પડેલા એક જૈન સાધુ તેને મળ્યા. તે મુસલમાનને રસ્તો પુછવાથી તેણે તેમને સિધે માર્ગે કેટલેક દૂરસુધી સાથે જઇને ચઢાવ્યા. તે જૈનસાધુ તેથી ખુશી થયા, અને કુવામાંનું પાણી એકદમ ઉપર આવે તેવો જૈન શાસ્ત્રમાં પવિત્ર મનાતો નવકાર મંત્ર શિખવ્યો. ગુરૂ વચનપર શ્રદ્ધા રાખી તે મંત્રના જાપથી ગમે તેવા ઉંડા કુવાના પાણી છેક ઉપર સુધી લાવી શકતો અને તેથી લોકો ચમત્કાર પામતા; અને તેને બેહદ માન આપતા, તે જૈન સાધુના ઉપદેશ પ્રમાણે તે મંત્ર તે કોઇને કહેતો નહોતો. પણ એક શ્રાવક તેની પાસે પૈસા માગતો હશે તેણે ઘણો આગ્રહ કરી તે મંત્ર જણાવવાને કહ્યું. પેલા મુસલમાને પહેલાં તો ના કહી, પણ જ્યારે પેલાએ પૈસા વાસ્તે ઘણો તગાજો કર્યો, અને જો તું મને મંત્ર જણાવે તો પૈસા મુકી દઉં એવી લાલચ આપી ત્યારે તે મુસલમાને ન છુટકે નવકાર મંત્રનો ઉચ્ચાર કર્યો. તે શ્રાવકે વિચાર કર્યો કે આમાં તો કાંઇ નવાઈ જેવું નથી, તે મંત્ર તો નાના છોકરાઓને પણ આવડે છે, એમ કહી રસ્તે જતા એક જૈન બાળકને બોલાવી તે નવકાર મંત્ર બોલી જવા કહ્યું જે ઉપરથી તે બાળક તો ઝટ ઝટ બોલી ગયો મુસલમાનના મનમાં શંકા પેઠી કે આ મંત્રમાં તો કાંઇ નવાઇ નથી; કારણ કે તે તો સર્વને આવડે છે, અને મને તે સાધુએ છેતર્યો. આ પ્રમાણે તે મંત્રમાં તેને શ્રદ્ધા ખોઇ, અને જ્યારે શ્રદ્ધા ગઇ ત્યારે તેનું પરિણામ પણ તેવુંજ આ-

ચું. બીજે સમયે હજારો મનુષ્યોના દેખાતાં જ્યારે તેણે પાણી ઉંચુ લાવવાનો પ્રયોગ કર્યો, ત્યારે એકને બદલે અનેકવાર મંત્ર ભણવા છતાં પાણી ઉંચું ન ચઢયું. કારણ કે હવે તેનામાં તે મંત્ર વિષે શ્રદ્ધા રહી નહોતી માટે મંત્રની બાબતમાં આકીન અથવા શ્રદ્ધા પણ રાખવી. કારણ કે દૈવ કરતાં પણ આકીન વધારે ફળ આપે છે, અને તેટલા સારૂ કહેવત પડી છે કે, ' આકીન બડા કે દેવ ? ' જવાબ આકીન.

જે જે મનુષ્યોના અંતઃકરણમાં શંકા, સંશય વગેરે હોય છે તે અનેક પ્રસંગે તેમના વિજયની સિદ્ધિમાં વિઘ્નરૂપ થાય છે. જેમ એક મહાનદીપકમાંથી પ્રકટાવેલા અન્ય દીપકો તે મહાન દીપકમાંથી કોઈ પણ અંશે ભિન્ન નથી. તેમ પરમાત્માથી આવિર્ભાવને પામેલું જગત્ પરમાત્મારૂપજ છે. જીવ માત્ર ચેતનમાંથી પ્રકટેલા હોવાથી ચેતનગત સર્વ સામર્થ્ય તેમનામાં છે. તથા તે સર્વ સામર્થ્ય તેમનામાં પ્રકટ થાય એવી અનુકૂળતા છે. આપણે હાથે કરીને શંકા ધારીએ તો આપણા પ્રતિ ચેતનમાંથી આવતા સત્વ પ્રહારના બળને રોકીએ છીએ. આપણે અનેક પ્રસંગોએ મિથ્યા શંકા, ભય, અશ્રદ્ધાનું સેવન કીધું હોય છે અને તેથી આપણે વામનરૂપેજ સ્થિત રહીએ છીએ, વ્યાધિથી અતીત આપણું સ્વરૂપ છે. એ જ્ઞાનને આપણે જેમ બળથી વૃત્તિમાં આરૂઢ રાખીએ છીએ તેમ આપણામાં પ્રકટાવેલા વ્યાધિના હેતુઓને શમવા અવકાશ આપીએ એમ છે. નિર્ધનતાના કષ્ટથી પીડાતા અનેક મનુષ્યો પોતાના અંતકરણના વીચારોની બાંધેલી શ્રેણીઓજ નિર્ધનતાનો કોટ પોતાની આસપાસ જમાવી રાખે છે, આપણી નિર્ધનતા, વ્યાધિ વગેરે અલપાઈ જાય

છે, તેઓ અસ્થિરજ છે, આ ભાવનાનો દરરોજ અડધો કલાક અમુક સમય શાંત ચિતે અમુક આસનથી સેવવાથી તે નિર્ધનતા વ્યાધી વગેરેનું બળ ક્ષીણ થવા માંડે છે. દઢતાથી નિયમિત રીતે એકાદ માસ આ ભાવનાનું અનુષ્ટાન થવાથી અદૃષ્ટ સિદ્ધ કોટીઓ સ્હાય કરે છે. આપણું ઇષ્ટ સિદ્ધ થયેલું જોઇએ છીએ. વિશ્વમાં અદૃષ્ટ સત્તાઓ વિદ્યમાન છે. આપણા અંતઃકરણમાં નિઃશંક નિશ્ચય થાય કે અમુક મારૂં શ્રેય મારે સાધવુંજ. તો તે નિશ્ચયનું બળ જેમ વધતું જાય તેમ આપણામાં તે નિશ્ચયને સફળ કરનાર કારણ સામગ્રી રચાતી ચાલે છે. તથા જે ગુપ્ત દેવી શક્તિઓની આપણને જરૂર છે તેનાં દર્શન થાય છે. આપણા અંતઃકરણમાં કોઇ પણ મનોરથ સિદ્ધ કરવા માટે શુદ્ધ આરૂઢ નિશ્ચયની ખાસ જરૂર છે. તથા તે નિશ્ચય સફળ કરવાને આપણામાં પૂર્ણ સામર્થ્ય છે એ આપણે નિઃશંયપણે માનવું ઘટે છે આમ માનવું અને તેની સાથે કોઇપણ ક્ષુદ્ર અનુકૂળતામાં ભરાઇ કહેવું એ અયુક્ત છે; ઘણા મનુષ્યો કોઇ પણ કાર્ય કરવા માટે પોતાનામાં સામર્થ્યનું ભાન સેવે છે. પણ તેઓ તેમાં પ્રતિત થતાં વિધ્નોથી ડરી જાય છે. આથી તેમનું નિશ્ચય બળ, અને તેમની આત્મ શ્રદ્ધા દોષવાળાં છે. પણ જ્યાં નિશ્ચય બળ દ્રઢ કરવાની ક્રિયાશક્તિને પોતાનામાં ઉપજાવવાને તથા હોય તેને સતેજ કરવાને પુર્વે કહી તેવી ભાવના અર્ધ કલાક રોજ શાંત ચિત્તથી કરવી. હું અમુક ઇષ્ટ મેળવવા સમર્થ છું, મને અમુક ઇષ્ટ મને અમુક ઇષ્ટ પ્રાપ્ત થાય છે વગેરે દ્રઢ મનથી ઉત્તમ ભાવનાઓને સ્થિર ચિત્તથી, નિઃશંકપણે સેવવી. ભાવનાઓના સેવનમાં અંતઃકરણને જાગ્રત્ રહેવાનું છે. સૂક્ષ્મ આહાર લેવો. હજારો નકામા તરંગો તજી દેવા. ધારેલું કામ પાર પડશેજ એવો નિશ્ચય રાખવો.

જે થાય છે તે સારાને માટેજ માનવું. વિઘ્ન આવે તોપણ એમજ માનવું કે આપણી આસ્તા દ્રઢ કરવાને માટે આમ થાય છે આપણું કર્તવ્ય માત્ર સત્કર્મ બળ વધારવું એજ છે. નિરાશા, શંકા, ભય વગેરે જરા પણ ન સેવવાં. શાંત ચિત્તથી દરરોજ અમુક સમયે ઈષ્ટાર્થ સિદ્ધ થાય છે, એવી ભાવના સેવવાથી શ્રદ્ધાનું બળ વધતું ચાલે છે અને જેમ બળ વધે છે તેમ ધારેલો હેતુ જલદી પાર પડવાની કારણ સામગ્રી વધે છે. દિવસે દિવસે ભાવનાઓ વધારવીપણ ઘટાડવી નહીં. અંતઃકરણનો પરિણામ સર્વદા અવિકળ રાખવો. અવિકળતાને સાધનાર પુરૂષોના અંતઃકરણમાં સર્વત્ર વ્યાપક પરમ તત્વમાંથી દિવ્ય જ્ઞાનની રશ્મિઓ પ્રકટે છે તથા કાર્ય સાધક દિવ્ય સામર્થ્યનો આવિર્ભાવ થાય છે. મંત્રનું કામ શીખવનાર અને કરનાર એ બન્નેને આ બાબત ખાસ જરૂરની છે.

આ સ્થળે એક અગત્યની બાબત ઉપર હું તમારૂં ધ્યાન ખેંચવા માગું છું, અને તે બાબત **વિચાર શક્તિ** સંબંધી છે. **વિચારમાં** કેટલું બધું **બળ** રહેલું છે, તેનો ભાગ્યેજ પૂર્ણ ખ્યાલ કોઈને હોય છે. વિચાર બળથી માણસ ધારે તે કામ કરી શકે છે; પણ તેને વાસ્તે **એકાગ્ર વિચાર બળની** જરૂર છે. તમારા શુભ **વિચારો** સાથે યોગ્ય **મંત્રનો** ઉચ્ચાર કરવામાં આવે અને તે મંત્રનો ઉચ્ચાર કરનાર પુરૂષ શુદ્ધ અને પવિત્ર આચરણવાળો હોય તો તેની અસર વધારે થાય છે. **મંત્ર શાસ્ત્ર-સત્તા** પુરવાર કરવાને હવે વધારે પ્રમાણે જોઇતાં નથી. અવાજમાં આકારો નાશ કરવાની તથા ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી છે, એ વાત હવે સાયન્સે પણ ખુલ્લી રીતે સિદ્ધ કરેલા મંત્ર પ્રમાણે **મંત્ર શાસ્ત્ર** સત્ય ઠરે છે.

વાંચનાર સદ્‌ગ્રહસ્થો અને બાનુઓ ! આ પ્રમાણે મંત્ર શાસ્ત્રથી તમે તમારા સ્નેહીઓને મદદ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરો એમ હું અંતઃકરણથી ઇચ્છું છું. જરૂર વખતે તમે "**માસ્તર નાનાલાલ મગનલાલ** રીચીરોડની સડકપર. **અમદાવાદ.**" એ સરનામે વીગતવાર કાગળપત્ર લખી મારી મદદની જરૂર પડે તો સુખેથી બે ધડક લખજો. હું તમને મારા ખરા અંતઃકરણથી એક ભાઈ તરીકે સાચી સલાહને યોગ્ય મદદ આપીશ જી. તમે એક ક્ષણ પણ એમ ન માનશો કે આ તદ્દન નવી શોધ છે. પૂર્વના લોકો તે બાબત નહોતા જાણતા એમ પણ નથી. તે સંબંધી કેટલીક હકીકતો પુરાતન પુસ્તકોમાં વર્ણવેલી માલૂમ પડે છે; પણ જેટલી વિસ્તારથી અને ખુલ્લી રીતે હાલમાં જણાવવામાં આવે છે તેવી રીતે પ્રાચીન કાળમાં આ સંબધીનું જ્ઞાન વિસ્તાર પામેલું નહોતું; ફક્ત **યોગીઓ** કે તેમના વડા **શિષ્યો** જ તે બાબતો જાણતા અને અનુભવતાહતા

થિયોસોફી મંડળીના મહાત્માઓ જણાવે છે કે **વિચારમાં** શક્તિ છે તેમજ **શબ્દમાં** પણ શક્તિ છે, અને તે શક્તિઓનો સારો કે માઠો ઉપયોગ થઇ શકે છે; સારા ઉપયોગથી એટલે દુનિયાના ભલાં સારૂ વાપરવાથી, તે વાપરનારને તેમજ દુનિયાને ફાયદો થાય છે, જ્યારે તે Write Magic (અશોઇ) નાં વર્ગમાં આવે છે; અને માઠો ઉપયોગ કરવાથી દુનિયાને તેમજ તે કરનારને નુકશાન પહોંચે છે તે કામ Black Magic (જાદુમ) નાં હલકા વર્ગમાં ગણાય છે. આ ઉપરથી પણ મંત્ર શાસ્ત્રની સચ્ચાઇ પુરવાર થઇ શકેછે

આ સિવાય આગળ થોડા વખતપર કીમીયાગરનો ધંધો ઠગાઇનો ગણાતો હતો અને લોકો તેને હસી કાઢતા હતા, તેજ વિ-

ધાથી એક અમેરિકન અને બીજા ફ્રેંચ વિદ્વાને પોત પોતાની શો-
ધના આધારે બનાવટી સોનું બનાવવામાં ફતેહ મેળવી છે. તેમજ
વીજળીના તાર અથવા દેખઇતાં સાધન વગર સંદેશા મોકલવાની
નવી શોધ થઇ અને જેનો પહેલો અખતરો મુંબઇના ટાઇમ્સ ઑફ
ઇન્ડીયા જેવા માનવંતા પત્રકારે પ્રકટ કર્યો ત્યારે મુંબઇની પ્રજા કે-
ટલો હર્ષ ને અચંબો પામી હતી! તેમ વિચારવાથી સંદેશા ચલા-
વવાના અખતરા પ્રોફેસર લોજ જેવા વિદ્વાને જાતે અનુભવ્યા છે
ત્યાં હવે શંકાનું સ્થાન રહે છેજ ક્યાં ? ?

મંત્ર યંત્રની વાત હિંદુસ્તાનની જુદી જુદી ન્યાત અને જુદા
જુદા ધર્મના લોકો મોટા ભાવથી માને છે એટલુંજ નહીં પણ યુ-
રોપ, અમેરિકાની સુધરેલી પ્રજા પણ હાલ તેને ઘણા માનથી કબુલ
કરે છે. કોઇ પણ આફત વખતે મંત્ર જાણનાર પાસે અનુષ્ટાન ક-
રાવે છે અથવા યંત્ર કરાવી માદળીયામાં ઘાલી પોતાને હાથે અ-
થવા ગળામાં બાંધે છે. એટલુંજ નહીં પણ નઠારા લોકને વશ કરવા
ચાકરને વશ કરવા, શત્રુને અનુકુળ કરવા, ક્રોધ સમાવવા, પોતાની
સ્ત્રીને વશ કરવા, સ્ત્રીનું સૌભાગ્ય વધારવા, દૂર હોય તેને પાસે આ
ણવા, મિત્રને મેળવવા, શત્રુની વાચા તથા બુદ્ધિને અટકાવવા, નાસી
જતું હોય તેને રોકી રાખવા, સ્ત્રી પુરૂષમાં કલેશ ઉપજાવવા કે સંપ
કરાવવા, શત્રુનો નાશ કરવા, બાળક થાય કે બાળકની રક્ષા કરવા
ઇત્યાદિ બાબતો ઉપર તાંત્રિક ગ્રંથોમાં જુદા જુદા પ્રયોગ લખ્યા છે
તે પ્રમાણે પ્રયોગ કરાવે છે, જેવી જેની શક્તિ હોય તે પ્રમાણે
મંત્ર કરનારને પાકાં સીધાં ઇનામ આપે છે, તેઓ નાહી ધોઇ જાપ કરવા
બેસે છે. જે બાબતનો જાપ કરવાનો હોય તેટલા દીવસ તેનો પ્ર-

માણીકપણે જાપ કરે તો જાપ કરાવનારને કાંઇક પણ લાભ થાય છે. એમાં બન્નેને એક બીજા ઉપર ચોક્કસ શ્રદ્ધા હોવીજ જોઇએ.

કેટલાંક તાંત્રિક ગ્રંથકારો મંત્ર વિષે લખે છે કે માત્રિકાના અક્ષરથી સર્વ મંત્રની ઉત્પતી થાય છે. તેના ત્રણ પ્રકાર કરેલા છે. પુરૂષ સ્ત્રી અને નપુંસક. મંત્રના ભેદ ચાર છે, ૧ સિદ્ધ, ૨ સાધ્ય, ૩ સુસિદ્ધ, ૪ અરી. મંત્રના દોષ પાંચ છે. ૧ ક્ષણુ, ૨ રૂદ્ર, ૩ શક્તિહીન, ૪ પરાંગ મુખ અને બધિર ને મહીન એવા દોષ યુક્ત મંત્રથી ફળ થતું નથી. મંત્રના ૧૦ સંસ્કાર છે. જનન, જીવન, તાડન, બોધન, અભિષેક, વિમલી કરણ આપ્યાયન, તર્પણ, દીપન અને ગુપતી એ રીતે ૧૦ સંસ્કાર થાય છે. માત્રિકાથી મંત્રનો ઉદ્ધાર તે જનન, પ્રણવયુક્ત જપ તે જીવન, મંત્રાક્ષર લખી તે પર તેને ચદનયુક્ત જલ છાંટવું તે તાડન ઇત્યાદિ દશ સંસ્કારથી મંત્ર અવસ્થા સિદ્ધ થાય. પછી કર્મચક્રથી સિદ્ધ અથવા સાધ્યાદિ ભેદનો વિચાર કરવો, મંત્ર જપના સ્થાન તીર્થ, નદી તીર, સમુદ્રતટ પવિત્ર વન, ગુફા, દેવ મદિર આદિ છે. એ પ્રમાણે તાંત્રિક મતવાળા માને છે તથા કરે છે.

જુદી જુદી મતલબસર જુદી જુદી તરેહનાં જે યંત્રો કરાય છે તેના નામ નીચે પ્રમાણે છે:—મહામોહન, બીજ-સંપુટ, વિવાદ વિજય, માયામય પિશુનવસ્યકર, ગાણપત્ય, પૈચાચિક, કંકાખ્ય, જામદગ્ન્ય, લલિતાખ્ય, કામરાજાખ્ય,

વિજય મંત્ર, મણીભદ્ર, મિત્રદર્શન, શત્રુમુખગતિમતિભંજન, માત્રાસ્તંભન, પ્રતિવાદી મુખસ્તંભન, વન્હિસ્તંભન, નરનારી વિદ્વેષણ, સ્વશત્રુદ્વેષણ, વિશ્વદ્વેષણ, શત્રુ મારણ, શત્રુ ઉચ્ચાટ્ટન, સ્ત્રી સચોટ્ટન, શાંતિક પૌષ્ટિક, સર્પવ્યાઘ્ર ચોર ભયનાશન, જવર નાશન, બાળ રક્ષાકર, સર્વ સ્તંભન, ભુતનાશન, ગર્ભરક્ષાકર, સર્વતો ભદ્રાખ્ય, બંધ મોચન, ભય મોચન, દુષ્ટ સત્વાત્વમોચન, વિગેરે એ પ્રમાણે જુદાં જુદાં કારણસર જુદાં જુદાં યંત્રો કલ્પેલાં છે.

વામ માર્ગીની વિદ્યાઓ.

એનાં મૂલ કર્મ ૭ પ્રકારનાં છે. શાન્તિકરણ, વશીકરણ, સ્તંભન, વૈર, ઉચ્ચાટન તથા મારણ, તેમાં શાન્તિકરણ વિદ્યાથી રોગ, જાદુ, ગ્રહો ઇત્યાદિની પીડા મટાડી શકાય છે. **વશીકરણ** વિદ્યાથી મનુષ્ય કિંવા હરેક પ્રાણી કેવળ તાબે કરી શકાય છે, **સ્તંભન** ક્રિયાથી ગતિ રોકાય છે; **વૈરથી** પ્રેમ તથા સ્નેહનો નાશ કરી શકાય છે. **ઉચ્ચાટન** સ્વદેશ ત્યાગ કરાવે છે અને જીવ બેચેનમાં રાખે છે. મારણ વિદ્યાથી મુઠ, ચોટ મારી હરેક જીવ ધારીનો પ્રાણ બંધ કરી શકાય છે. એ દરેક કર્મ કરતી વેળાએ અમુક દિશાએ મુખ રાખવું પડે છે તે દિશાઓ **ઈશાન, ઉત્તર, પૂર્વ, નૈરૂત્ય વાયવ્ય** તથા **અગ્નિ** છે. તથા તે દરેકની જુદી જુદી દેવીઓ હોય છે. અનુક્રમે **રતિ, સરસ્વતી, લક્ષ્મી,** જયેષ્ટા, **દુર્ગા અને ભદ્રકાળી** દેવીઓનું પ્રથમ પુજન કરવું પડે છે. જેઓને શ્વેત, રક્ત, પિંગા, તામ્ર, ધુમ્ર અને શ્યામ રંગો છે. વળી એ કરવામાં ઋતુ વિ-

ચાર **અવશ્ય છે.** પ્રાતઃકાળમાં **હેમંત,** સૂર્યોદય પછી **વસન્ત,** બપોરે **ગ્રીષ્મ,** તે પછી **વર્ષા** સાયંકાળે **શિશિર** અને મધ્યરાત્રી સમયે **શરદ** ઋતુ ભોગવાય છે. હવે હેમંતમાં **શાન્તિ કર્મ,** વસન્તમાં **વશીકરણ,** ગ્રીષ્મમાં **વૈર,** વર્ષામાં, **ઉચ્ચાટન,** શિશિરમાં **સ્તંભન** તથા શરદમાં **મારણ** પ્રયોગ ચલાવાય છે.

આ ક્રિયાઓ કરતી વખતે અને તેને લગતા મંત્રો જપતી વેળાએ બેસવાના આસનોમાં પણ ભેદ છે. શાન્તિકરણમાં **સ્વસ્તિક** વૈરમાં **કુક્કટ,** ઉચ્ચાટનમાં અર્ધ **સ્વસ્તિક,** સ્તંભન તથા મારણમાં **વિકટ,** વશીકરણમાં **ભદ્ર,** એવાં આસનો ઉત્તમ ગણાય છે. મંત્રોમાં પણ પુરૂષ, **સ્ત્રી** તથા નપુંસક એવાં ત્રણ લિંગ છે. જે દરેકને કાર્ય મુજબ વાપરવાં પડે છે. હરેક કાર્ય માટે જૂદાં જૂદાં પદ છે. જે જપતી વખતે ઉપયોગમાં લેવાય છે. બંધન, ઉચ્ચાટન, દ્વેષ, તથા સંકીર્ણ કાર્યોની સિદ્ધિ માટે **હુમ્** છેદનમાં **ફટ,** અરિષ્ટ તથા ગ્રહનિવારણમાં **હુંફટ,** બોધનમાં **વૌષટ,** અગ્નિ કર્મમાં **સ્વાહા** તથા બીજાં સર્વે પુજનોમાં **નમઃ** શબ્દનો ઉપયોગ થાય છે. **હુંફટ** પુરૂષ, **સ્વાહા** સ્ત્રી, તથા **નમઃ** વાળાં મંત્રો નપુંસક ગણાય છે. વશીકરણ તથા શાન્તિ કર્મમાં **પુરૂષ,** ક્ષુદ્ર ક્રિયાઓમાં **સ્ત્રી** તથા બીજાઓમાં **નપુસક** મંત્રો વપરાય છે.

આ શિવાય અમુક વખત મંત્ર જપવા સારૂ જે માળાઓ વપરાય છે તેના દાણાઓમાં પણ ફરક છે. વશીકરણ મંત્રો માટે **મોતી** અથવા **હીરાનીમાળા** જોઇએ. આકર્ષણ માટે **ગજ મુકતાની** માળા, ઉચ્ચાટન તથા વૈર માટે **બેહેડાની** માળા, મારણ સારૂ પોતાના મ્હોતે મુએલા **ગધેડાના દાંતની** માળા, ધર્મ કામાર્થ સિદ્ધિ માટે **શંખમણિની માળા** સર્વ કામાર્થ સિદ્ધિ માટે **પદ્માક્ષની** તથા

તમામ જાતનાં કાર્યો માટે **રૂદ્રાક્ષની** માળાનો ખપ પડે છે. એ દાણાઓ પરોવવાની દોરીમાં પણ જાત જાતની દોરીઓ વપરાય છે. શાન્તિમાં **કમળ તંતુની** દોરી, આકર્ષણ અને ઉચ્ચાટન માટે **ઘોડાના પુછના વાળની** દોરી, મારણમાં **માણસની નસની** દોરી,તથા બહેડા ઇત્યાદિની માળા **સુતરની** દોરીમાં પરોવવામાં આવે છે. મોતિના માળાના **૨૭ દાણા** જોઇએ. બેહેડાના **૧૫ મણકા** અને બીજી બધી માળાઓમાં **૧૦૮ દાણાઓ** જોઇએ, તે ફેરવવાની યુક્તિ અને નિયમ બહુજ ગુપ્ત રાખવામાં આવે છે. શાન્તિકરણ, સ્તંભન અને વશીકરણમાં **અંગુઠો** અને **વચલી આંગળીથી** માળા ફેરવવી, આકર્ષણમાં **અંગુઠો** અને **અનામિકાથી** માળા ફેરવવી,અને વૈર તથા ઉચ્ચાટનમાં **અંગુઠો** તથા **તર્જની** આંગળીથી માળા ફેરવવી, તેમજ મારણના પ્રયોગમાં **અંગુઠો** તથા **કનિષ્ટા** આંગળીએ માળાના દાણા ફેરવવા જોઇએ.

મંત્રોનો જપ ત્રણ પ્રકારનો છે, વાચિક, ઉપાંશુ તથા માનસ, **વાચિક** મંત્ર અન્ય કોઇ સાંભળે તેમ સ્પષ્ટ બોલાય છે. **ઉપાંશુ**માં માત્ર ઓષ્ટ-હોઠ હાલે છે. **માનસ** મંત્રમાં અંતર ઉચ્ચારણજ થાય છે. વળી જુદાં જુદાં કાર્યો માટે જુદી જુદી વસ્તુઓનો હોમ કરવામાં આવે છે અને તે તે પદાર્થોનું અગ્નિમાં હવન થાય છે. શાન્તિકરણમાં દુધ, ઘી, તલ, પિંપલ; પુષ્ટિમાં બીલીપત્ર, ઘી; વશીકરણમાં રાઇ, લવણ–મીઠું; ઉચ્ચાટનમાં કાગડાની પાંખ; મોહનમાં ધંતુરાનાં બીજ; મારણમાં લોહીની મેળવણીવાળું ઝેર એ મુજબ પદાર્થો હોમવામાં આવે છે, એ વસ્તુઓનું હવન કરતી વખતે અમુક મુદ્રાથી કામ થાય છે, અને અજ્ઞાનતાથી ખોટી મુદ્રાનો ઉપયોગ થયે

કરનાર ધણી અને તેનું કામ ભારી નુકશાન પામે છે. વખતે જીવ પણ જાય છે. એવી હોમ મુદ્રા ત્રણ છે જેને **શુકરી. હંસી** અને **મૃગી** કહે છે. આહુતી દેતી વખતે જે હાથને સંકોચી આપવામાં આવે છે તેને શૂકરી, કનિષ્ટિકાને છોડી જે દેવામાં આવે છે તેને હંસી; અને તર્જની તથા કનિષ્ટાના મેળાપથી જે આહુતી આપવામાં આવે છે તેને મૃગી મુદ્રા કહેછે. એ ઉપરાંત પ્રયોગ કરતાં જે આસનો વપરાય છે તે પણ જૂદા જૂદા ચામડાનાં હોય છે. વશીકરણ માટે **મેંઢાના ચામડાનું** આસન જોઇએ, આકર્ષણ સારૂ **વાઘના ચામડાનું**, ઉચ્ચાટન માટે **ઉંટના ચામડાનું**, વિદ્વેષણ સારૂ **ઘોડાના ચામડાનું**, અને મારણ માટે **ભેંસના ચામડાનું** આસન વપરાય છે, એના ઉપર અમલ કરવાને સંખ્યાબંધ મંત્રો. બીજે યંત્રો અને તંત્રો તથા ક્રિયાઓ છે. વળી તેના ઉપયોગમાં બીજી અપ્રસિદ્ધ બારીકીઓ છે જે કોઇ બીજી વખત બતાવીશું આ વિ-દ્યાઓ ગુરૂ વીના સાધ્ય થઇ શકતી નથી. કારણ કે તેમાં જો જરીક પણ ખામી રહી જાય છે તો ધાર્યા કરતાં ઉલટું પરિણામ આવે છે.

યક્ષ તથા જક્ષના ભેદ.

સુલેમાન નામનો પૂર્વે એક મોટો પેગંબર થઇ ગયો હતો. તેણે પોતાના પ્રભાવથી ઇશ્વર સ્તુતિના રસ્તાપર લગાડેલા એક વર્ગને યક્ષ યક્ષણી કહે છે, અને બીજો જે વર્ગ ઇશ્વરેચ્છાની વિરૂદ્ધ વર્તે છે તેને જક્ષ જક્ષણી તરીકે ઓળખાવે છે. યક્ષ યક્ષણી દરેક મનુષ્ય પ્રાણીનું ભલું કરે છે, ત્યારે જક્ષ જક્ષણી મનુષ્ય પ્રાણીને દુઃખજ દેવામાં તત્પર રહે છે. યક્ષ વર્ગ ભલાઇ માટે પ્રખ્યાત છે, અને જક્ષ વર્ગ બુરાઇ કરવામાં જાણીતો છે. આ બંન્ને વર્ગને આકાશમાં ઉ-ડવાને પાંખો તથા માંથે શીંગડાં હોય છે.

ગુરૂ કરવાનું કારણ તથા ગુરૂનો મહિમા.

અજ્ઞાનરૂપી અંધારામાંથી આંધળા થયેલા પુરૂષોને ગુરૂ એજ જ્ઞાનનો ખરો રસ્તો બતાવનાર સૂર્ય છે. માટે જ્યાં સુધી કોઈ માણસ ગુરૂ કરતો નથી ત્યાં સુધી તેને નિર્મળ જ્ઞાન મળતુંજ નથી. દીપક વિના ઘર શોભતું નથી. તેમજ ગુરૂ વિનાની દેહ શોકજનક જણાય છે. માટે અવશ્ય ગુરૂ કરવો જોઇએ. ગુરૂવિના માણસના કોઇ પણ કાર્યની ખરી સિદ્ધિ થતી નથી. તેટલાજ માટે સર્વ મંત્રની સાથે બ્રહ્મજ્ઞાન યુક્ત ગુરૂ કરવાની જરૂર છે. તે ગુરૂ સાક્ષાત બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરે છે, જે મંત્ર છે તે ગુરૂ છે તેજ ઇશ્વર હરી અને બ્રહ્મા છે. તથા તેજ આધશક્તિ પરમ પ્રકૃતિરૂપ છે. એ પ્રમાણે મંત્ર ગુરૂ પ્રયોજનાર છે. તેથીજ ગુરૂ કરવાની આવશ્યકતા છે. પ્રથમ આખા વિશ્વમાં અંધકાર હતો, તે બ્રહ્માએ પોતે ગુરૂરૂપે અવતાર લેઈ દૂર કર્યો.

ગુરૂનાં લક્ષણ—જેણે બહારની અને અંદરની ઇંદ્રિયોને જીતેલી છે; જે ઉત્તમકુળમાં ઉત્પન્ન થયો છે, જે વિનયવાન, સુશિક્ષિત અને હોંશીયાર છે, જેનો આચાર વિચાર ઘણોજ પવિત્ર છે, જે રૂવાબદાર અને પ્રતિષ્ઠાવાળો છે, જેનું અંતઃકરણ બહાર અને અંદરથી પવિત્ર છે; જે ક્રીયા અને કુશળતામાં નિપુણ છે, જે પરમ બુદ્ધિમાન અને સ્વાશ્રયી છે. ઘણો ખરો વખત જે પ્રભુ ભક્તિમાં ગુમાવે છે. તંત્ર અને મંત્રનું જ્ઞાન જેણે ઘણું ઉત્તમ છે, જેને શ્રાપ આપી નાશ કરવાની અને વરદાન આપી વૃદ્ધિ કરવાની શક્તિ છે, તેવા ગુરૂને સદ્‌ગુરૂની પદવી આપવી શોભે છે.

શિષ્યનાં લક્ષણ—પરમ શ્રદ્ધાવાન શ્રેષ્ટકુળમાં ઉત્પન્ન થયેલો

ધૈર્યતાવાળો, ચતુર બુદ્ધિશાળી, જીતેંદ્રિય, ઇશ્વર તથા ગુરૂ પ્રત્યે દ્રઢ ભક્તિવાળો, ધાર્મિક શાસ્ત્રો પ્રમાણે આચાર પાળનારો હોવો જોઇએ પરસ્પર એકત્ર એક વર્ષ પર્યંત વાસ કરવાથી ગુરૂત તથા શિષ્યના ઉત્પન્ન થાય છે. માટે આશ્રિત શિષ્યની પરિક્ષા એક વર્ષ સુધી ગુરૂએ કરવી જોઇએ. મંત્રીનું પાપ રાજાપર, સ્ત્રીનું પાપ સ્વામીપર અને શિષ્યનું પાપ ગુરૂપર લાગે છે માટે બરાબર તપાસ કરીને પછી શિષ્ય કરવા જોઇએ તથા ગુપ્ત વિદ્યા શીખવવી જોઇએ.

મંત્ર સાધવાની રીત.

જે દિવસે અથવા રાત્રિએ ગ્રહણ મધ્ય ભાગે આવે તે વખતે સમુદ્ર, નદી કે તળાવમાં સ્નાન કરી ગળા સુધી પાણીમાં રહી, અથવા કાળી ચૌદશ, રવીવાર, મંગળવાર યા શનીવારને દિવસે સ્મશાન (મશાણ) ભૂમીમાં મધ્ય રાત્રે જઇને મંત્ર સાધવો હોય તે ગોખવાથી સિદ્ધ થશે. જે સ્થાને મંત્ર સાધવા બેસો તે જગ્યા સાફ સુફ કરી ગાયના છાણમાં લાલ માટી મેળવી તેના વડે લીપી શુભ મુહુર્ત્તે ઇંદ્રજાળ મંત્ર બોલતાં બોલતાં બેસવાની જગ્યાની આસપાસ ગોળ પાણીનું કુંડાળું કરવું. જેથી ભૂત પ્રેતાદિક યક્ષો મંત્ર સાધતી વખતે પ્રકટ થઇ ઉપદ્રવ કરી શકે નહીં. ત્યારબાદ ધોયેલા પાટલાપર પલાંઠીવાળી બેસવું ને સામે બાજોઠ ઉપર ઘીનો દીવો મુકી સુગંધીદાર ધુપ કરવો ને મંત્ર સાધવાનું શરૂ કરવું. જેટલા જાપ તે મંત્રના કરવા હોય તેટલા કરી પરવાર્યા પછી પોતાના ઇષ્ટ દેવનું નામ જપતાં જપતાં ઉઠી જવું. સમુદ્રતીરે મંત્ર સાધવા જનારે ઘઉંના આટાની દસ હજાર ગોળીઓ વાળીને લઈ જવી ને તે મંત્ર સાધીને ઉઠયા પછી માંછલાંને નાંખવી. સ્મશાનમાં સાધવા

જનારે પાંચશેર અડદના બાકળા કરીને લેઇ જઇ મંત્ર સાધી ઉઠયા પછી ચારે દિશાએ નાંખવા. મંત્ર સાધવા જનારે સાથે એક માણુસ રાખવો કે તે આપણી સાર સંભાળ રાખે.

વનસ્પતી સાધન.

મંત્રના કામકાજ માટે જે જે વનસ્પતીની જરૂર પડે તે શનીવારે અથવા મંગળવારે સાયંકાળે કે પરોઢીયામાં વ્હેલા ઉઠી નાહી ધોઇ પવિત્ર વસ્ત્ર પહેરી મુગે મોઢે લેઇ આવવી. તે સિવાયની વનસ્પતી કામમાં આવશે નહીં.

મંત્ર તંત્ર સાધવાને ઉત્તમ તિથિવાર—દર મહિનાની શુદ ૧ થી વદ અમાસ સુધી ચંદ્ર હોય છે. તેમાં પહેલા દશ દિવસ મધ્યમ અને છેલ્લા ૧૦ દિવસ કનિષ્ટ જાણવા. તેમાં પણ પહેલા દશ દિવસમાં પહેલો ગુરૂવાર, પહેલો સોમવાર એ દિવસ અતિ ઉત્તમ જાણવા. આ દિવસે કોઇ પણ શુભ કાર્યનો આરંભ કરવાથી જલદીથી કાર્ય સિદ્ધિ થાય છે.

યંત્ર તંત્ર સાધનારે પોતાના દેહનું રક્ષણ કરવાના ઉપાય—તગરી—તગરનું લાકડું પાણીમાં ઘસી તેનું આંખમાં અંજન કરવું, અને તે લાકડાનો ધુમાડો શરીરે લેવો, એટલે યંત્ર મંત્રાદિકથી શરીરને હરકત નથી.

મહામંત્ર—**छुः छुः यह मंतर, देखो यह चंतर; बडा हय धंतर, बाले अखंतर. अछा हय जंतर, उछले समंदर; काबील यह तंतर, फीरे सब बंदर. गेबी हय भणतर, सब-**

हीसे बरतर; रमुजका गणतर, कयसा हय सुंदर. टाले जो दुःख रोग, मंगे बो नही भोग; जगाया महा जोग, देखीये-जी तम लोक. बडा तमासा, मचाया खासा; धुल और घ-मासा, बजता हय तासा. मारु जो यक फाल, बनेगा एसी ताल; बोह आगीया बेताल हे, और खेतरपाल हे. वडाजी हनुमान, कदीम सुलेमान; हकीमजी लुकमान, और, जीन प-रस्तान. जादुका हफतखान, देवो माजीरदान; जंगी कोहे-स्तान, वैसी ओ मस्तान. सब वश हो जाय, सब गम खो जाय; दील सुख हस जाय, सब गम हठ जाय. आवोजी दे-खो, हसो और नाचो; एसो हय साचो, नानो कहे तमासो. सज्जने साध्यो, नजरसे यह पेखो; सुख संपती ने संतती, सौ कोई देखो. गुरुकी शक्ति, मेरी भक्ती; स्फुरो मंत्र इश्वरी वा-चा. सत्य गुरुका मंत्र साचा.

વિધિ—હરરોજ પ્રાતઃકાળે વહેલા ઉઠી-દાતણ પાણી કરી શ-રીરે સ્વચ્છ થઈ એકાગ્રચિત્તે બે હાથ જોડી સૂર્યનારાયણ સામે ઉભા રહી સાતવાર બોલી જાય તેને દરેક કાર્યમાં લાભ મળે.

ઇંદ્રજાળ મંત્ર.

ओम् नमो नारायण बिश्वंभराय इंद्रजालको-तुकाने दर्शद कुरु सिद्ध कुरु स्वाहाः

વિધિ—પવિત્ર થઈ આ મંત્ર કોઇપણ મંત્ર સાધતાં પહેલાં પાણીનું ગોળ કુંડાળું કરતાં કરતાં જપવો કે જેથી મંત્ર સાધન કરતાં કોઇ પણ પ્રકારની ભૂત પ્રેતાદિકની અડચણ ના નડે.

વીંછી પકડવાનો મંત્ર.

खटकर पाया मूछकर बाण, डंख मारे तो हनुमंतनी आण.

વિધિ—જ્યારે વીંછી પકડવો હોય ત્યારે સાત વેળા મનમાં ગોખી તે વીંછી ઉપર ફુંક મારીને ઝડપથી ડખેથી પકડી લેવો.

વીંછી ઉતારવાનો મંત્ર.

काळा वींछु कवडे पाय, उतर वींछु पातालकु जाय,
गुरुकी शक्ती मेरी भक्ती, चलो मंत्र इश्वरी वाचा;
सत्य गुरुका मंत्र साचा.

વિધિ—આ મંત્ર ભણી જ્યાં વીંછી કરડ્યો હોય ત્યાં હાથે કરીને ઝાપટતાં જવું ને ફુંક મારી તે ભાગ જમીનપર ખંખેરવો એટલે વીંછી ઉતરી જશે.

સાપ નસાડનાર મંત્ર.

ओम् अंठी अमार लटि स्वाहाः

વિધિ—આ મંત્રનો નિત્ય જપ કરે તો ઘરમાંથી સાપ જતા રહે અને કોઇ પ્રકારનો ભય રહે નહીં.

આધાશીશીનો મંત્ર.

ओम् नमः दिश गुरुकी कलो चला कर कर ठेली,
चली हनुमानकी हाक वागे अर्धशीशी सत्वर नासे.

વિધિ—આ મંત્ર ભણી એક ચપટીમાં રાખ લઈ તે ચપટીથી જે બાજુ આદ્યાશીશી ચડી હોય તે બાજુની ભમ્મર પકડી ફુંક મારવી. એમ સાત ફુંકો મારી ભમ્મરની ચપટી મુકી દેવાથી આદ્યાશીશી ઉતરી જશે. ઉતારવાનો વખત—મંગળ, ગુરૂ, શની ને રવીવારે સૂર્ય ઉગ્યા પહેલાં અથવા સંધ્યાકાળે ઉતારવી.

તાવના દોરાનો મંત્ર.

बजरी बज कुमार बजरे वांधु दशे द्वार,
जो वजरी मांथे घाले घात हाक हनुमत मारे.
विसा हरमत मार वीर मने एकांतरा अने;
दाडिया मने तरीया तावज आवे तो राजा,
वीरकी पींड काचा शब्द साचा ॥ आ गोरी
पार्वतीकी आण; स्फुरो मंत्र इश्वरी वाचा,
सत्य गुरुका मंत्र साचा.

વિધિ—કુંવારી કન્યાનું કાંતેલું સુતર હોય તેનો દોરો કરીને ૨૧ ગાંઠો વાળવી પછી ગુગળનો ધુપ કરીને તે દોરાને એકવીસ વાર મંત્રીને જમણા હાથે બાંધવાથી ગમે તેવો મંત્ર ઉતરી જાયછે.

નજર ઉતારવાનો મંત્ર—શનીવારે સવારે સ્નાન કરી પવિત્ર થઈ કપાસનાં ફુલ ૧૦૮ અને ખડી સાકરના ગાંગડા ૧૦૮ લેઈ મારૂતી-હનુમાનની પૂજા અર્ચા કરી હનુમાનને તેલ મિશ્રિત સિંદુર ચડાવીને પછી " बांधु बांधु नजर बांधु दुस्मनकी आंख आंख बांधु आंखकी कमान बांधुं; जावेजा उतरजा लगी

नजर सो निकलजा, वाचा चुके तो वीर हनुमानकी, राम लक्षमण गुरु गोरखनाथकी आण, स्फुरो पुरा मंत्र इश्वरी वाचा ॥१॥ એ મંત્રનો એક ચિતે જપ કરવા માંડવો. એકવાર મંત્ર બોલ્યા એટલે તરત એક ફુલ હનુમાન ઉપર ચડાવવું અને સાકરનો એક કાંકરો મારૂતીની આગળ મેલવો એ પ્રમાણે એકંદર ૧૦૮ વાર મંત્ર જપવો અને દર ખેપે એક ફુલ અને સાકરનો એક ગાંગડો ચઢાવવો; એમ કરવાથી મંત્ર સિદ્ધ થશે. એ પ્રમાણે મંત્ર સિદ્ધ કરી લેવો, અને પછી કોઇને નજર લાગી હોય તે ઉતારવી હોય; તો મંત્ર સિદ્ધ કરનાર સખ્સે સ્નાન કરી ચપટી રાખ-ભસ્મ ઉપરના મંત્રથી ૧૧ વાર મંત્રીને તે નજર લાગી હોય, તે મનુષ્યને અથવા બાળકને લગાડવી. એમ ત્રણ દીવસ કરવાથી દુષ્ટ બાધા મટી જશે.

નજર ઉતારવાનો દોરો—નજર લાગેલા માણસની નજર ઉતારવા સારૂ દોરો બાંધવો હોય, તો ઉપલો મંત્ર ઉપર લખ્યા પ્રમાણે સિદ્ધ કર્યો હોય તેણે શનીવારે સવારે સ્નાન કરી કાળા સુતરનો અથવા પચરંગી રેશમનો દોરો લેઇ તેને ગુગળનો ધુપ કરી ઉપરનો મંત્ર ૧૧ વાર બોલી દોરાને ગાંઠ વાળવી; એ પ્રમાણે તે દોરાને ૭ ગાંઠો દેઈ તે દોરો નજર લાગી હોય તેની કોટે અથવા હાથે બાંધવો તેથી દુષ્ટ બાધા મટી જશે.

નજર ઉતારવા માટે તાવીજ——ઉપલો મંત્ર ઉપર પ્રમાણે સિદ્ધ કર્યો હોય, તેણે ગ્રહણને દહાડે અથવા નર્કચતુર્દશી–કાળી ચૌદશને દિવસે ઉપર લખ્યા પ્રમાણે ધુપ કરી મંત્ર બોલી ગાંઠો વાળી દોરો તૈયાર કરવો. પછી થોડા ચોખા મંત્રીને તે તાવીજમાં ભરવા અને તે તાવીજ ૧૦૮ વાર ઉપલા મંત્રથી ધુપ કરીને મંત-

રવું; અને પછી તે તાવીજ તે તૈયાર કરેલા દોરામાં ઘાલી નજર લાગી હોય તેની કોટે અથવા હાથે બાંધવાની દૃષ્ટ બાધા મટી જાય છે-નજર ઉતરી જાય છે.

પિશાચ યક્ષિણી ષડાક્ષરી મંત્ર—"ओं ह्रीं श्रीं क्लीं नमः" વિધી-પીપળા નીચે બેસી બાવીસહજાર જપ કરવા. ઘી વાળું નૈવેધ, આપણે તેનો આહાર કરવો, દશાંશેન હવન, તેમ પંચઆધ ખીર એમ કરવાથી દેવતા પ્રસન્ન થાય, ભૂત પ્રેત, પિશાચ્ચ, ઝેટિંગ-ઝોડ રાક્ષસ વગેરે સેવા કરશે; જ્યાં મોકલીશું ત્યાં જશે.

ડાકિની શાકિની સાધન મંત્ર—"ओम् नमो आदेस गुरुकु । प्रथम नारसिंह देवा पश्चात देवीकी शक्ति । आभीया पारश्व भ्राता । श्री राम लक्ष्मण शाकिणी मार, डाकिनी मारमार । हनुमंत बीर । गुरुकी शक्ति मेरी भक्ति स्फुरो मंत्र इश्वरी वाचा ॥ १ ॥" વિધિ આ મંત્ર કાગળ પર લખીને ઢોલને મોઢે લગાડીને ૧૦૮ વાર જપવો. ડાકિની શાકિનીના માથે ચપટીઓ વાગશે, હાક મારતાં દોડી આવશે.

ડાકિની શાકિની આકર્ષણ મંત્ર—"ओम् नमो महा योगिन योगनाथाय । शाकिनी फल वृक्षाय ॥ अष्ट योगीनी संधी सकळ दंडन साधय ॥ बंधयं बंधय ॥ मारय मारय ॥चुरय चुरय ॥ ओंम् ह्रां ह्रीं ह्रौं लीहमय फट् स्वाहाः॥१॥ વિધિઃ—ગુગળનો ગાંગડો લેઇ આ મંત્ર કરીને ૧૦૮ વાર મંતરવો, એ રીતે ૧૦૮ વાર મંત્ર બોલી મંતર્યા પછી તેને ખાંડણીઆમાં

ઘાલી ખાંડવાથી ડાકણુને માથે ઘા લાગશે તેથી દોડતી આવશે. અસ્ત્રો લેઇ તેના ઉપર મંતરવો અને આપણા ખોળાપર બાર દેવો, શાકિનીનું માથું મુંડાશે.

શાકિનીને ખેલાવવાનો મંત્ર—"ओम् नमो हनमंत बीर लंकाथी आयो बावन मणकी शीला लायो ॥ खिलहो हनमंत बीर राजा खील प्रजा खील डाकनी खील; बाल भूत प्रेत मसानें चढो चव्राटे हाटे वाटे रुखे वृक्ष खिलहो हणमंत बीर न खिले तो श्री रामचंद्रकी आज्ञा फिरे ॥१"

વિધિ:—હનુમાન સામે ૨૧ દિવસ સુધી દરરોજ ૧૦૮ વાર મંત્રનો જપ કરવો, ધુપ દીપ નૈવેદ્ય સમર્પણ કરવું; તેથી ઉપલો મંત્ર સિદ્ધ થશે ત્યાર પછી કોઇના શરીરમાંની શાકિની ખેલવવી હોય, ત્યારે ચોખાના દાણા ઉપલો મંત્ર ૨૧ વાર જપીને મારવાથી શરીર ઉપરની શંખિની બોલવા ખેલવા લાગશે.

સમશાન ગજાવવાને મંત્ર—ओम नमो आठ कटकी लकडी मुज बनी कुरबान मुवा मुर्दा बोले नही तो माया महावीरकी आण ॥ शब्द साचा पिंड काचा स्फुरो मंत्र इश्वरी वाचा १ ॥ પીવાનો દારૂ એક શેર, ચંબેલીનું ફુલ એક અગરબતી ધુપ કપુરકાચલી, લવીંગ અને ઇતર સુગંધી દ્રવ્યો લેઇ સ્મશાનમાં જઇ બેસવું પછી સ્મશાનમાંના મુડદાપર દારૂની ધાર કરી તેને ધુપ દેખાડી ફુલ વગેરે પદાર્થો તેના પર ચઢાવવા પછી આ-

પણે થોડેક દુર જઇ ઉપલા મંત્રનો જપ કરવા માંડવો અને દારૂની ધાર કરવી. એટલે સ્મશાન ગાજી જઇ સર્વ પિસાચ્ચ હાહાકાર કરી ઉઠશે.

નજર ઉતારવાનો બીજો મંત્ર—डाबे हाती रण शिल्ला भिल्ला ।! वीर दृष्ट बांधु नदी बांधु । नाला बांधु । साती अस्त्रा बांधु । महिषासुर बांधु । दोदंडी दुश्मनकी नजर बांधु । भुत प्रेतकी नजर बांधु । मेरी भक्ती गुरुकी शक्ती स्फुरो मंत्र इश्वरी वाचा सत्य गुरुका मंत्र साचा ॥ १ ॥—વિધિ—આ મંત્રથી રાખ ભસ્મ સાત વાર મંત્રી કપાળે લગાડવાથી નજર ઉતરશે અથવા કાળા દોરાને ધુપ કરી સાતવાર મંત્ર બોલીને સાત ગાંઠ દેઇ તે દોરો પુરૂષને જમણે હાથે અને સ્ત્રીને ડાબે હાથે બાંધવાથી નજર નહીં લાગે અને લાગી હશે તે ઉતરી જશે.

ભુતાદિક કાઢવાનો મંત્ર—ओम् नमो उं ह्रां ह्रीं -हुं नंमो भूतनायक समस्त भुवन भूतानि साधय साधय हूं हूं हूं ॥ १ ॥" વિધિ—શનીવારથી સાત દિવસ સુધી દરરોજ દીવો કરી ફુલ પતાસાંનું નૈવેદ કરી ગુગળનો ધુપ કરીને ૧૪૪ વાર ઉપરનો મંત્ર જપ કરવાથી સિદ્ધ થશે. પછી ઉપલો મંત્ર બોલી મોર પીછની પીછીથી ભૂતગ્રસ્ત રોગીની ઝાડણી કરવાથી ભૂતાદિક જતાંરહેશે.

ભુતાદિકને મારવાનો મંત્ર—ओम् नमो आदेस गुरुको हनुमंत वीर बज्ररंगी वज्रधार डाकिनी शाकिनी भूत प्रेत जिन्द खवीसको ठोक ठोक मार मार । नहि मारे तो निरं

जन निराकारकी दुहाइ ॥१॥" વિધિ—શનિવારથી એકવીસ દિવસ સુધી વિધિયુક્ત હનુમાનની પૂજા કરવી. દરરોજ ૧૨૧ વાર ઉપલા મંત્રનો જપ કરવાથી સિદ્ધ થશે પછી ચાર રસ્તા ઉપરના કાંકરા અથવા અડદ ઉપલા મંત્રથી મંત્રીને ભૂતપીડિત રોગીપર મારવાથી ભૂતને વાગશે.

ભુતાદિક કેદ કરવાનો મંત્ર—"बंध बंध शिव बंध शिव" વિધિ—ઉપલા મંત્રથી અડદ મંત્રીને ભૂત પીડિતપર મારવા.

મુઠ વાળવાનો મંત્ર—"औम् नमो आदेस गुरुकों चंडी चंडी तो ऊपर चंडी आवते मुठ करे नवखंडी चक्कर ऊपर चकर धरुं चार चकर ले कहा करुं अग्यारी मोंकोचा चिमेरे साथका कोंचा चितो मुट फिराऊं तीनसौ साठ मेरी भक्ति गुरुकी शक्ति स्फुरो मंत्र ईश्वरी वाचा॥" વિધિ—મૂઠ આવી હોય તો માંસનો ભોગ આપીને ઉપલો મંત્ર જપીને કહેવું કે:—'જેણે આ મૂઠ મોકલી તેની પાસે પાછી જઇ માર માર માર.

ભુતાદિક દોષ નિવારણ મંત્ર—"ओम् नमो आदेस गुरुको हरिबांये हरि दाहिमे हरि हावो विस्तार आगे पीछे हरि खडे राखे सिरजन हार चमकत बिधुरी गाजत श्री नृसिंह कटंत खंभ जावता काम राखि रच्यार चकली श्री नृसिंहके आगे मेलु ज्ञानसुं दुरिजाय पडे परातकाल कंटक छछिद्र.खेचरी भूचरी भूतदाना नाटक चेटक मारि मारि

लंडीका तीनसे साठ उलटंत नृसिंह पलटंत काया भक्ति हत श्री नृसिंहजी आया कपिल केस उदर रूप श्री नृसिंह बली सदा सदाय श्री गुरु गोविंदके चरणारविंद नमस्त मेरी भक्ति गुरुकी शक्ति स्फुरो मंत्र ईश्वरी वाचा ॥ " વિધિ- ઉપરોક્ત મંત્ર જપીને મોર પીંછાથી સાતવાર રોગીની ઝાડણી કરવી, તો ભૂતાદિક દોષ મટી જશે.

ભુત ઉતારવાનો મુસલમાની મંત્ર.

भिसमिल्ला रेहेमान रहीम एकुलत दो फरमान उठो मह मद लीयो कवान साह सुलतान पुरा बांध एक लाख एसी हजार पेगंबरी दवाइ फलाणे के घट पींडमें पीडा करे, तोड, तोड, मार, मार, दमे सैयद एमद कबार सारसे वला एक कुंलावे जंजीर बांध बावा हेदर, भूत बलो, नवसो डांकणी शांकणी बांध के लाईला महमद रसुल ल्लीला ॥ १ ॥

વિધિઃ—આ મંત્ર ૪૧ દિવસ સુધી દરરોજ ૧૨૧ વાર જપવો. મંત્ર જપતી વખતે ઘીનો દીવો કરવો ધુપ દીપ નૈવેદ્ય યુક્ત મંત્ર જપવો. છેલ્લે એટલે ૪૧ મે દહાડે નદીપર જઇ ૨ll શેર ચોખા ૨ll શેર દુધ અને ૨ll સાકરનો મલિદો રંધાવવો અને મુસલમાન પાસે ફાતાનો મંત્ર પઢાવી તેમને તે મલિદો વહેંચી દેવો. એમ કરવાથી મંત્ર સિદ્ધ થશે પછી ભુત પ્રેત ઝોડ ઝપટ કોઇને પીડા થઇ હોય તો, સાં જઇ ચંબેલીના સાત ફુલ લેઇ દરેક ફુલને

ધુપ કરીને ઉપર પ્રમાણે સિદ્ધ કરેલા મંત્રથી સાતવાર મંત્રીને તે ફુલ ભૂત બાધા થઇ હોય તે આસામીને સુંઘવા આપવાં, અને છેવટે મોર પીછની પીછીથી ઉપલા મંત્રવડે સાતવાર ઝાડવું; એટલે ભૂત પિશાચ દૂર થશે.

ભુત પિશાચ વશ કરવાનો મંત્ર.

आर बांधु धार बांधु तुंबा बांधु ताईत बांधु सबी देधकी देव बांधु हनुमंत बलिवंत डाबा पायपर बांधु गुरुको संगत मेरी भगत चलो मंत्र ईश्वरी वाचा गुरुचा शब्द साचा ॥ १ ॥

વિધિઃ—ઉપલા મંત્રથી સાતવાર ઝાડી કાઢીને ભસ્મ મંત્રાવી. તથા પાણી પણ મંત્રીને પીવા આપવું એટલે ભૂત બધા દૂર થશે.

ભુત પિશાચ વશ કરવાનો મંત્ર.

ओम् नमो बीर, हनुमान बीर, इवा बांध, लोखंड बांध तरवारो धार बांध, पलतेके पांव बांध, पावके तळवे बांध, जांघे बांध, छाती बांध, पोटरी बांध, कंबर बांध, कंबरके बंध बांध, नवनाडी बांध, बहोतेर कोठ बांध बोलतेकी जीभ बांध, मारतेके हाथ बांध, पिंपळका मुंज्या बांध, न बांधे तो राम लक्ष्मण सीता हनुमानकी आण, न चले तेरे गुरुकी आण, चलो मंत्र ईश्वरी वाचा सत्य गुरुका शब्द साचा ॥

વિધિઃ—ઉપલા મંત્રથી સાતવાર ઝાડીને રાખ-ભસ્મ મંત્રી લાવવી, અને પાણી પણ મંતરીને પીવા આપવું; એટલે ભૂતનો વળગાટ દૂર થશે.

ભુત કાઢવાનો મંત્ર. ओम् ब्रह्मरकुं दिनी स्वाहा ॥

વિધિ—ઇંટના ઉપર એકવીસવાર લખી ઇંટને સુકવીને સાંબેલાથી કુટવી એટલે શાકણી ડાકણી કે ભૂત બુમ પાડીને નાશી જશે.

વિદ્યા સિદ્ધિ મંત્ર. ओम् ह्रिं वेद मातेभ्यो नमः—

વિધિ—સવા લાખ વેળાં જપ કરવો, દસાસેન હવન ખીર પચ આદે કરવાથી મંત્ર સિદ્ધ થાય એટલે વિદ્યા વધતી જાય. ગોખેલું મગજમાં ઠસી જાય.

વેપાર વર્ધક મંત્ર.

काली कंकाली महाकाली सकल सुंदरी जीव्हा व्हाली,
चार विर भैरव चोरासी, तबतो पुजुं पान मीलाइ;
अब बोलो कालीकी दुहाइ ॥

વિધિ—દરરોજ પ્રાતઃકાળે વ્હેલા ઉઠી ન્હાઇ ધોઇ સ્વચ્છ કપડું પહેરી ઘીનો દીવો અને અગરબત્તીનો ધુપ કરી આ મંત્ર ૪૯ વખત જપવાથી ધંધો રોજગાર સારો ચાલે ને લક્ષ્મીની લીલા લ્હેર થાય. વેપારીની કોથળીઓ, ત્રીજોરીઓ કે પેટીમાં મુકવાનું મંતરેલું સીંઘુ અમે સવા રૂપીઓ લેઈ દીવાળીપર મંતરી આપીએ છીએ કે જે કોથળીમાં રાખ્યાથી ઇશ્વર પ્રતાપે ઘરાકીપાણી સારાં થાય છે, આ સવા રૂપીઓ અમે સારા કામમાંજ વાપરીએ છીએ.

વશીકરણ મંત્ર. ओम एँ र्हिं श्री स्वाहाः ॥

વિધી—બહોતેર હજાર વખત જપ કરી દસાસેન હવન કરવો ને જેને વશ કરવું હોય તેનું નામ દેવું. એટલે તે વશ થશે, ને જ્યાં સુધી આપણને દેખશે નહીં ત્યાં સુધી તેને ચેન પડશે નહી.

સ્ત્રી પુરૂષ પ્રેમબંધન મંત્ર.

ओम् पती प्रीयाय पद्मावती स्वाहाः

વિધી—નિત્ય એકસોને આઠવાર જપ કરવો. એમ જયારે લાખ જપ પુરા થાય ત્યારે દસાસેન હવન કરવો એટલે ૧૦૮ દીવસે ફળ પ્રાપ્તી અવશ્ય થાય.

સર્વ કાર્ય સિદ્ધિ મંત્ર.

नमो सिद्धी विनायकाय सज कायाणी सर्य,
विन्घ प्रसमनायं सर्व राज्य वश्य करणाय;
श्री ओम् स्वाहाः

વિધી—આ મંત્રના એકસોને આઠ વખત જપ કરવા અને ગામ જતી વખતેજ જપવાથી સર્વ વિઘ્ન દુર થાય તથા જે કામ મનમાં ચીંતવ્યું હોય તે પણ શુભ થાય ને સર્વે પ્રકારે આનંદ મળે.

દેહ રક્ષક મંત્ર.

ओम् परब्रह्म परमात्माने मम शरीरे; पाही पाही कुरु स्वाहाः ॥

વિધી—આપણા કોઇ પણ દુશ્મન તરફથી મુઠ ચોટ મારવાનો શક હોય તો તેના પહેલાં આ મંત્રનો ૧૦૮ વાર જપ કરવો કે જેથી આપણને કાંઇ પણ નુકશાન થશે નહીં અને શરીરનું રક્ષણ થશે.

પરદેશ ગમન મંત્ર.

ओम् नमो अमृतो द्रवे अमृते श्रावय श्रावय,
मम मान सन्मान लाभ देइ स्वाहाः ॥

વિધી—જ્યારે પરદેશ જઈએ ત્યારે ગામમાં પ્રવેશ કરતાં પહેલાં જમણા હાથની મુઠીમાં સાત કાંકરા રાખી આ મંત્ર સાત વખત ભણુવો ને સાત ફુંકો મારવી પછી તે કાંકરા તે ગામના પાદરે જે ઝાડ હોય તેને મારવાથી આપણુને તે ગામમાં અતીશય લાભ થાય.

મનવાંચ્છિત ફળનો મંત્ર.

ओम् नमो सूर्याय सहस्त्र किरणाय,
सिद्ध सिद्ध कराय मन वांच्छित पुरय;
कष्ट चूरयं चूरयं ओम् हिं श्रीं सूर्यायनमः

વિધી—દરરોજ પ્રાતઃકાળે ઉઠી આ મંત્ર ૧૦૮ વાર જપવાથી મન વાંચ્છિત ફળની પ્રાપ્ત થાય.

સર્વ સિદ્ધિ મંત્ર.

ओम् नमो भगवती पद्मावतीः हृषवादिनी,
सर्व जन क्षोभणी ओम् क्रीं हिँ हं स्वाहाः

વિધી—દરેક કામ કરતી વેળાએ એકવીસ વખત આ મંત્ર જપવાથી કાર્ય થાય. તેમજ દરરોજ સવારે દાતણુ કરી મુખ ધોઈ આ મંત્ર ભણી પાણીનું આચમન કરવું ને પદ્માવતી દેવીની સેવા કરવી (પદ્માવતીની છબી અમારે ત્યાં દસ આનાની કીંમતે મળે

છે તે જોઇએ તો મંગાવી લેવી) જેથી ભાગ્યોદય થાય શત્રુ નીર્બળ બને, લક્ષ્મી પ્રાપ્ત થાય અને સર્વે સ્થળે માન સન્માન મળે.

વશીકરણ મંત્રો.

ओम् नमो भगवतने वासुदेवाय त्रिलोचनाय. त्रिपुरवाहनाय........मम वश्य कुरु कुरु स्वाहा ॥

વિધી– આ મંત્રને સિદ્ધિ યોગમાં ૧૦૮ વાર જપી સિદ્ધ કરી પછી એક સોપારી તેનાથી મંત્રીને જેને તે ખવરાવે તે વશ થાય.

ओम् चामुंडे जय जय वश्यं करी जय जय सर्व सत्वा ममः

વિધી—ગ્રહણના દીવસે આ મંત્રનો દશ હજાર વખત જપ કરી સિદ્ધ કરે અને પછી તે મંત્રથી કોઇ પણ જાતનું ફુલ મંત્રીને જેને તે ખવરાવે અથવા જેના માથાપર નાંખે તે વશ થાય.

ओम नमो भगवति मातंगेश्वर सर्व मुखरंजना सर्वेषा महा माये मातंगे कुमारिके नन्द नन्द जीव्हे सर्व लोकवश्य करि स्वाहा ॥

વિધી—ગ્રહણના દિવસે ધોળી ચણોઠીનું મુળ લાવી મંત્રીને પાનના બીડામાં જેને ખવરાવે તે વશ થાય. આસન અને શયન વખતે પણ પૂર્ણાંગે બેસાડેલી સ્ત્રી પોતાને વશ થાય છે અને જીવ જતાં પણ જૂદી પડતી નથી.

સભા મોહીની મંત્ર.

राइ सीर सीमं सामाहुला धौली दुब गंगा बैरे वांही

कुटी अंग मरदन कीजे ताते पाणी न्हावैरे मस्तक तीलक करै कैसरीको राज दवारे जावैरे देखी सभा सबको मन मोहे मोही वेमावैरे ॥

વિધિ—આ પ્રમાણે કરવાથી સભાજનમાં ઘણું માન મળે, વેરી પણ વશ થાય અને કીર્તિ વધે, તથા ઇચ્છીત કાર્ય થાય.

દાઢ દુખતી મટાડવાનો મંત્ર.

ओम् नमो कामरुदेव कमलादेवी ज्यां बसे इस्मायल इस्मायल योगी पाली गाय, नीत उठी बनमे चरवा जाय, वनसे चरै सुको धुमड जगायने, गौबर कीयो जामै नीपज्या कीडा सात, सुत सनाला पुंछ पुंछाला धड पीला मुह काला, दाड दांत गालै मसुदा मालै सुसुरै पीडा करे तो गुरु गोरखनाथको दुवाइ फीरे ॥

ક્રિયા—આ પ્રમાણે મંત્ર ત્રણવાર બોલી લોઢાના ખીલાને ફુંકો મારી મંતરવો પછી તે ખીલાને પીપળાના ઝાડે જડી દેવો. આ પ્રમાણે સાત વખત કરવાથી થોડા વખતમાં દાઢ દુખતી મટીજશે.

આંખ દુખતી મટાડવાનો મંત્ર.

ओम नमो झम मल जहर । मरीतलाइ अस्तायल पर्वा। आइ फुटैन पाकै करै न पीडा । यली हनुमत रौखं हीडा ॥

વિધિ—આ મંત્રને સાતવાર ભણી લીંબુના ઝાડનાં પાંદડાંવતી ઝાડકવાથી આંખ દુઃખતી મટીને શાંતી થાય છે.

અંગે ધરૂજ ચડતી ઉતારવાનો મંત્ર.

ओम् नमो साटकी छुरी धारका वान ।
हुक नजतेहे मु रसद जवानकी आण ॥

ક્રિયા—આ મંત્રને સાત બખત જપી છરીવતી ઉતારવું. બાદ તે છરીને જમીનપર અફાળવી તેથી ધરૂજ ચડતી ઉતરી જાય.

સાપ ઉતારવાનો મંત્ર.

ओम् नम गुरू महेश्वर । सिसि अब कायाकी पाणी ॥ पियाली अवकोइ होउनी वीष । न होउ बोलीका हार ॥ आज्ञा गुरू गोविंदकार । कोटी आज्ञाहय गुरुकी शक्त मेरा भक्त ॥ चलो मंत्र इश्वरी वाचा । सत्य गुरूको मंत्रम साचा॥

વિધિ—આ મંત્રને સાતવાર ભણીને પાણી મંતરી જે શખસને સાપ કરડયો હોય તેને તે પાણી કરડેલી જગ્યાએ લગાડવું તથા થોડું પાવું તેથી ઝેર ઉતરશે. પણ જે સખસે આ મંત્ર સાધ્યો હોય તેણે મોગરી, વંતાક, દુધ, મગ વીગેરે ખાવું નહીં તેમ પાણીનો રેલો, લાકડું તથા કીડી કે મંકોડાની હાર ઓળંગી જવી નહીં. નહીં તો મંત્ર જુઠો થઇ જશે માટે સાવધ રહેવું.

નજર ઉતારવાનો મંત્ર.

ओम् नमो गुरु आदेश । तुज्या नामे भूत पळे प्रेत पळे ॥ खवीस पळे, सब पळे अरीष्ट पळे । न पळे तर गुरू गोररखनाथकी बींद ॥ माही चले गुरुकी संगन मेरी भगत चले

मंत्र इश्वरी वाचा सत्य गुरुका मंत्र साचा ॥

વિધિ—આ મંત્ર સાતવાર ભણી વીભુતી મંતરી લગાડવાથી લાગેલી નજર તરત ઉતરી જાય છે,

આદાશીશીનો મંત્ર.

ओम नमो दुघटा तो वनमे । बसै तिपटा वस कवाय ॥ शशीं परडी कही चालीमें । आदाशीशी उतर जाय ॥

વિધિ—રવીવારે અથવા મંગળવારે પાણી લેઇ આ મંત્ર આ ૬ વખત જપવો બાદ તે પાણી આંખ્યે છાંટવાથી આદાશીશી ઉતરી જાય કદાપી પાણીને બદલે વીભુતી (રખ્યા) ની ચપટી ભરીને પણ જો દુખતી જગ્યાએ આંકો કર્યો હોય તો આદાશીશી મટે.

વીંછી ઉતારવાનો મંત્ર.

भिस णिल्ला रहीमान रहीम, पीर पेगंबर रसुलके माला दर; इश्वर हाणजे उतराव, विंछु उतारो राजा रामकी दुवाइ. गुरु संगन मेरा भगत, स्फुरो मंत्र इश्वरी वाचा ॥

વિધિ—આ મંત્ર ગ્રહણને દીવસે ગળાસુધીના પાણીમાં રહી એકવીશ વખત જપી સાધી લેવો પછી જેને કરડ્યો હોય તેને રાખવતી ઝાડકતા જવું કે તેથી આરામ થશે.

વીંછીનો મંત્ર બીજો.

ओम नमो सुरह गाय, परवतपर चरवा जाय; सुर चरे सुको घुमड सुरहगायने गोबर कीयो. जामे उपजा विंछु सात

फो लौके फल वाळ्यो; सांप सरपनो घोल्यै उवी छै पीळो उतरे ताडु तारू नही वो गरूड मोरको हंकारू ॥

વિધિ—આ મંત્ર સાત વખત જપી પાણીના ભરેલા લોટા-પર સાત ફુંકો મારી પાણી મંત્રી જેને કરડ્યો હોય તેને પાણી પાવાથી વીંછી ઉતરી જશે.

વીંછીનો મંત્ર ત્રીજો.

अरे अरे वींछु होता कोठे घारुली होता होता लइचे। खुरी कुटा तिडक जोर न जाय न उतरे तर· तुला गुरुकी आंण मंगळाची आण स्फुरो मंत्र इश्वरी वाचा सत्य गुरूका मंत्र साचा.

વિધિ—આ મંત્ર જપી લુગડાને વળ ચડાવી તે જમીનપર પછાડવું એમ સાત વખત કર્યાથી વીંછી ઉતરી જશે.

તાવનો મંત્ર.

आसमानका तारा पवनका मारा, दुश्मन तापका शीर मारा; सवा घडी तीन पहोरमां नहीं मारे, पीछे फीरे तो नुनी कुंड चरारकुंडमां पडे; कुंवारी कन्याको विटाळनो पडे, स्फुरो मंत्र इश्वरी वाचा सत्यगुरूका मंत्र साचा ॥

વિધિ—આ મંત્રને સાતવાર ભણી દોરાને સાત ગાંઠો વાળી તાવ આવ્યો હોય તેના ગળે બાંધવાથી તાવ ઉતરી જાય.

રોગ શાંતિને મંત્ર.

ओम् नमो आदेश गुरूकु । बाल रखे बालकी कपाळ रखे जोगनी ॥ मुख रखे कुंभकर्ण पीठ रखे बीभीषण ॥ नख रखे नरसींह कलेजी रखे काली भवानी ॥ कंबर रखे कंबरका देव, पींड रखे गोरखनाथ ॥ पडा प्राण सात रखे गुरू के पास ॥ गुरूकी शक्ती मेरी भक्ती चलो मंत्र इश्वरी वाचा।

વિધિ—આ મંત્ર સિદ્ધકરી સાતવાર વીભુતીમંત્રી કપાળેલગાવવી.

ઝેર ઉતારવાને મંત્ર.

गंगा गौरी दोउ राणी, ठाकण मारो करी बीष पाणी; गंगा बीटे गौरी खाय, अढारा भीर विष नीविष हो जाय, गुरूकी शक्ती मेरी भक्ति चलो मंत्र इश्वरी बाचा ॥

વિધિ—પાણી મંત્રી જેને ઝેર ચડયું હોય તેને તે પાણી પાવાથી આરામ થાય ને ઝેર ઉતરી જાય છે.

ભૂત પિશાચ્ચાદિ તંત્ર ક્રિયા ઉપાય.

ભુતાદિક ઉતારવાના ઉપાય—(૧) લસણના રસમાં હીંગ કાલવીને જેને ભૂત આવ્યું હોય તે માણુસની આંખમાં અંજન કરવાથી તેજ વખતે ભૂત ભાગી જશે. (૨) તુલસીનાં પાંદડાં આઠ અને મરીના દાણા આઠ. તેમજ સહદેવીનાં મૂળ શનીવારે આમંત્રણ કરી રવિવારે કાઢી લાવી; સર્વેની પુડી ગળામાં બાંધવાથી ભૂત વગેરે સર્વ ભાગી જાય છે.

બ્રહ્મ રાક્ષસાદિ પીડા દૂર કરવાનો ઉપાય—શંખાવલીના ઝાડને શનીવારે આમંત્રણ કરી રવિવારને દહાડે વિધિ પૂર્વક તેનાં મૂળ કાઢી લાવી, પછી તે મૂળ ઘીમાં ઘસીને બે ચાર ટીપાં નાકમાં નાંખવાથી ભૂતાદિક સર્વ દોષ દુર થાય છે.

ઘરમાંથી ભુત વીગેરેની પીડા ટાળવાનો ઉપાય—જેના ઘરમાં ધોળો કુકડો—મરઘો હોય છે, તેના ઘરમાં ભૂત વગેરે રહેતાં નથી.

ડાકીની ભુતાદીક પીડા હારક ધુપ—લીબડાનાં પાંદડાં, વછનાગ, હીંગ, સાપની કાંચળી શિરસ એ ભેગાં કરી તેનો ધુમાડો દીધાથી ભુત ડાકીની વગેરેનું નડતર દુર થાય છે.

બ્રહ્મરાક્ષસાદિક દુર કરવાને નસ્ય વિધિ—ગોરખમુંડી, ગોખરૂ, કપાસ એ ચીજો ગોમુત્રમાં વાટીને તેનો નસ્ય કરવાથી નાસ આપવાથી ભુત રાક્ષસાદિક સર્વ દોષ મટી જશે.

ભુત પ્રેતાદિકની પીડા હરનાર ધુપ—ધુવડનું માંસ અને કાળજું એ બે સુકવીને જુદાં જુદાં બારીક ખાંડીને શનીવારે અથવા રવીવારે એકઠાં કરવાં. અને જે સ્થળે ભુત પ્રેતની પીડા હોય, ત્યાં એ ચુર્ણનો ધુમાડો આપવો; એટલે ભુત પ્રેતાદિકની પીડા દુર થઇ જશે એમ કહેવાય છે.

ભુતાદીક દોષ દુર કરવાનો ઉતાર—શનીવારે સંધ્યાકાળે કુંભારને ઘેર જઇ અવળો ચાક ફેરવી માટીનાં ૬૪ **કોડીઆં** તૈયાર કરાવી લાવવાં. પછી જો કોઇને ભુત પિશાચ્ચાદિકનું નડતર થયું હોય તો તે ઉંલટો ચાક ફેરવાવી કરાવેલા કોડીયામાં તેલ અને

દીવેટ મેલીને દીવો કરવો અને એક કોડીયામાં દુધ ભાત અને સાકર એકઠાં મેળવી તેનો સંધ્યાકાળે ઉતાર કરવો; એટલે રોગ દોષ મટી જઇ ભુતપ્રેત ડાકિનીની રોગપીડા વગેરે સર્વેનાં દોષ દુર થશે.

ભુત પ્રેતાદીક દોષ હારક કડું—નદી કાંઠે વહાણુ નજરે પડતાં તેનો એક ખીલો લાવવો અને ઘોડાના પગનો નિકળી પડેલો એક નાળ પેદા કરવો; પછી તે ખીલા અને નાળને ભેગાં ગળાવી તેનું કડું કરાવવું, અને તે કડાને ધુપ દીપ દેખાડીને તે હાથના કાંડે પહેરવું એટલે ભુત પ્રેત ડાકિનીની રોગપીડા વગેરે સર્વ દોષ ટળી જશે.

સર્વ ભુતાદિકની પીડા દુર કરનાર તંત્ર—રવિવારે ગધેડાનું ચામડું મેળવીને તેને હળદર અને શિરસનું ચુર્ણ લગાડીને સુકવવું, એ ચામડું શરીરે ઓઢી જે જે ઠેકાણે ભુત પિશાચ્ચ વગેરેની પીડા થતી હોય ત્યાં જવું, એટલે તેના દર્શનથી સર્વ ભુત-વૈતાળ,ખવીસ, બ્રહ્મરાક્ષસ અથવા અનિષ્ટ ગ્રહ એ સર્વ નાશી જાયછે.

શરીરમાં ભુત પ્રેત બોલાવવાની રીત—પોષ વદ ૧૩ અને વિશાખા નક્ષત્રનો યોગ સાધીને રાત્રે બાર વાગે પારસ પીપળાને આમંત્રણ કરવું પછી ચોદસને દહાડે મધ્યરાતે કોઇને નહિ જણાવતાં સ્નાન કરી તે પીપળા પાસે જઇ તેની પુજા કરી તેને ધુપ દીપ નૈવેદ્ય ગંધ અક્ષત આપી તેની યથા વિધિ પુજા 'કરવી. પછી તે પીપળાનાં મુળ કાઢી આણવાં અને તે સારી જગાએ રાખવાં અને તેનો ઉપયોગ જેના અંગમાં ભુત બાધા હોય તેની આંખમાં આ મુળનું અંજન કરવું એટલે તે ભુત બોલવા માંડશે, એટલે પછી તેનો સારી પેઠે બંદોબસ્ત કરવાથી સર્વ નડતર મટી જશે.

પિશાચ સિદ્ધદર્શન તંત્ર—વનવાગોળ પકડી લાવી તેને પારો ખવરાવવો, પછી તે પારો મળદ્વારાથી બહાર આવશે, તે લેઈ તેના જેટલા વજનનું સીસું મેળવવું અને તે બેની બાળીને કાજળ કરી શીશીમાં ભરી રાખવી અને એ અંજન આંખમાં આંજ્યું હોય તો સર્વ ભુતપ્રેત પિશાચ નજરે પડી આપણે વશ થશે, અને આપણી કાર્ય સિદ્ધિ કરશે અને દુરના ખબર ક્ષણુમાં જણાવશે.

ભુત ભગાડવાનો ધુપ—બકરીનાં મુત્રમાં હીંગ વાટીને તેનો ધુમાડો આપવાથી ગ્રહબાધા અને ભુતની પીડા મટી જાય છે.

ભુત નસાડવાનું અંજન—શિરસનાં ફુલ, લસણ, પીપર, શિરસ હળદર, મજીઠ અને સુંઠ એ સર્વ ચીજો બકરીના મુત્રમાં વાટીને તેની નાની વાટ કરી છાંયડે સુકવવી; અને પછી તેનું કાજળ પાડી તે આંખમાં આંજવાથી અપસ્માર ઉન્માદ અને ભુતબાધા મટી જાય છે.

ભુત પીડાહારક કડુ—મંગળવારે સંધ્યાકાળે સ્મશાનમાં જઈ ભોંયમાં એક લોઢાનો ખીલો ઠોકી આવવો તે આઠે દિવસે મંગળવારે સંધ્યાકાળે કાઢી લાવવો પછી તે ખીલાનું કડું કરાવવું અને તે કાળીચૌદશને દહાડે અથવા ગ્રહણને દીવસે એકદા માંત્રિક પાસે મંત્રાવીને સોના રૂપાથી મઢાવીને અથવા એમને એમ હાથે પહેરવું એટલે ભુતબાધા નજર વગેરે પીડા થશે નહીં.

તાવ જવાનો દોરો—રવિવારે અથવા મંગળવારે રાતે જે ઠેકાણે ઘુવડની વસ્તી હોય ત્યાં જઈ સુતરના દોરાને સાત ગાંઠો દેવી. તે એવી રીતે કે, ઘુવડ એક શબ્દ કરે કે એક ગાંઠ દેવી એ રીતે ૭ શબ્દથી ૭ ગાંઠો દીધા પછી તે દોરો લાવી રાખવો અને જેને તાવ આવતો હોય તેને એ દોરો બાંધવાથી તાવ જાય છે.

ઉલુક વિધિ—**ओम् नमो महायक्षणी अमृत कुरु स्वाहा ॥ विशयका संभय तिसानंद कराहा स्वाहा ॥ जो जपे मंत्र फट स्वाहा ॥** એ મંત્ર વડે મંતરવું. અને પછી તેના કાન કાપીને મંત્રે કરીને અગ્નિમાં હોમવા. વદ ૧૪ અથવા રવિવારી આઠમ હોય ત્યારે તેના પેટના આંતરડાં કાઢવાં. પાતળ યંત્રે તેલ કાઢી ખોપરીપર મેશ પાડી આંખમાં અંજન કરવાથી અદશ્ય થાય, અને ગોમૂત્રથી આંખ ધુવે ત્યારે પ્રકટ થાય. ઉપલી ગોળી બકરીના દુધમાં આંજે તો પાતાળનિધિ નજરે પડશે. તેના શરીરનું તેલ પાતાળ યંત્રથી કાઢવું; સવાટાંક પારો નાંખી ચાર પહોર ખલ કરવું. તે ગોળી જન્મમાં એકવાર ખાવી જેથી દૈત્ય દેવ નજરે પડશે, ત્રિલોકમાં ગમન કરાશે, ભૂત પ્રેત તેની સાથે ખેલશે; હાડકાં ઘસી તિલક કરશે તો ધન પ્રાપ્ત થશે ગોરોચન અને હાડકાનું તિલક કરશે તો વનમાંના પશુ પક્ષી પ.સે આવશે બે પગના નખ અને હડતાલ સમભાગ કરી ખાય તો એક માસ સુધી ભૂખ લાગે નહિ, પાંખોનો ધુમાડો કરવાથી ભૂત પ્રેત પાસે આવે નહિ.

ઘુવડ કલ્પ—રવિવારે વદ ૧૪ હોય તે દહાડે એક ઘુવડ પકડી લાવવું, અને તેને તેજ રાતે ખૂબ દારૂ પીવા આપવો; અને આપણે જાગતા રહી તે ઘુવડ બોલે તે લખી લેવું. દારૂના ઘેનથી તે કેટલીક વારે તે ઘુવડ બોલવા લાગશે કેઃ—"મારી જીભ ભક્ષણ કરશે તે મૂર્ખ થશે, મારા પગના નળા પાણીમાં ઘસી તે પાણી પ્રાશન કરનાર ક્ષણમાં ૧૦૦ એકસો યોજન ગમન કરશે." આ પ્રમાણે તે ઘુવડ પગથી માંડીને માથા સુધીનાં પોતાના દરેક અવયવનો ઉપયોગ અને ગુણ કહેશે, દર ફેરા રહી રહીને કંઇકવાર

વચમાં બોલતું રહેશે; સર્વ શબ્દો બરોબર સાંભળી લેઇ લખી રાખવા સર્વ અવયવના ગુણ બોલ્યા પછી છેવટે તે ઘુવડ " મારા આ બોલ જે કોઇ સાંભળશે " એવું વાક્ય બોલવા લાગશે, તે વખતે તેનું આખુ વાક્ય પૂરૂં થતા પહેલાંજ એટલે " મારા આ બોલ જે કોઇ " એટલા શબ્દ બોલતા વાતજ સાંભળનારાએ તે ઘુંવડને ઠાર મારી નાંખવું; નહિ મારવાથી અનર્થ થશે માર્યા પછી તે ઘુવડનાં બધાં અવયવો જુદા કરી સાચવી રાખવાં, અને ઘુવડે કહ્યા પ્રમાણે તેનો ઉપયોગ કરવો.

કુકકડ કુંભા કલ્પઃ—ઘણી ઝાડીમાં અથવા પુષ્કળ રેતીના બેટમાં કુક્કડકુંભા નામે પક્ષી રહે છે તેના માળાનો શોધ કરવો. ત્યાં જતી વખત ચોરને હાથે પગે ઘાલે છે તેવી બેડીઓ અને કડીઓ બારીક નાની નાની સાંકળી પાસે રાખવી માળા પાસે ગયા પછી તેમાંનું મુખ્ય પક્ષી બહાર જાય તેની તજવીજ રાખવી મુખ્ય પક્ષી બહાર નીકળી જતાંજ આપણે માળા પાસે જઇ તેમાં નાનાં નાનાં બચ્ચાં હોય, તેના પગમાં અને ગળામાં તે લોખંડની બેડીઓ અને સાંકળ એકદમ નિકળે નહિ તેવી રીતે બેસાડી દેવી અને આપણે બીજા ઝાડ પાછળ સંતાઇ જઇ આગળ જે બને તેનું બરોબર અવલોકન કરવું. મુખ્ય પક્ષી ચારો લઇ માળામાં આવ્યા પછી બચ્ચાંના પગમાં અને ગળામાં કંઈ ઘાલેલું છ અને તે નીકળતું નથી, એ જોઇ ફરી બહાર નીકળી જશે અને કહીંથી એક સળી લેઇ માળામાં આવશે; અને તે સળી લોઢાની પેલી બેડી અને સાંકળને લગાડતાંજ તે આપોઆપ ગળી જશે. પછી તે સળી ફેંકી દેઇ બચ્ચાંને ચારો ખવરાવશે. તજવીજ રાખનારે તે ઝાડની આ-

સપાસની બધી સળીઓ ભેગી કરી નદી પર જઇ એકેક સળી પાણી પર નાંખવી જે સળી પાણી ઉપર સાપની પેઠે જલદી દોડવા લાગે તે સળીને નહી બીતાં ઝડપથી પકડવી અને બરોબર રાખી મેલવી. એ સળી લોઢું ગાળી દેશે અને બીજા બહુ ઉપયોગમાં આવશે—ઘણાં કામમાં લાગશે.

ટીટવી કલ્પ—ખેતરમાં ટિટવી–તીતોડી નામે પક્ષીના માળા હોય છે, તે પક્ષીને ઇંડાં મેલવાના વખતની તજવીજ રાખી તે માળાનો શોધ કરવો. તીતોડી માળામાંથી બહાર જતાંજ આપણે માળામાંના ઈંડાં કાઢી લઇ તે ઉકળતા પાણીમાં ડુબાવીને પાછાં માળામાં હોય, તે જગાએ મુકી દેવાં અને આગળ બને તેની તપાસ રાખવી. તીતોડી આવી ઇડાં ફોડવા લાગશે, પણ તે ઉકળતા પાણીમાં બોળી કાઢેલાં હોવાથી ફુટશે નહિ; એ જોઇ તીતોડી ઉડી જશે અને કેટલીક વારે એક કાંકરો લેઈ આવશે; તે ઈંડાંને લગાડતાં તેમાંથી બચ્ચાં નિકળશે. તપાસ રાખનારે તે કાંકરો શોધી લેવો બહુ કામ લાગશે કોઇ કહે છે કે તે પારસ છે અને કોઇ ગ્રંથોમાં કહે છે કે તે અદશ્ય કરશે વગેરે,

ચાષકલ્પ—ચકલી જેવડું નાનું કાળા રંગનું પક્ષી હોય છે, તેને કોઈ ચાષ અથવા ભારદ્વાજ પક્ષી કહે છે, અથવા ખંજરીટ અને કલગિરાષ પણ કહે છે; તે પક્ષીને પકડી લાવીને પાળવું. કંઇક દિવસે તેની ડોક પર નાનાં સરખાં પીછાંની કલગી ફુટે તે કાઢી લેવી. આ કલગી તાવીજમાં અથવા ત્રિલોહમાં ધારણ કરનાર માણુસ અદશ્ય થાય એમ કહેવાય છે.

જીની બાધા નહિ થવાનો ઉપાય—આ પ્રસૂત થયા

પછી પાંચમે દહાડે વેખંડ અને હીંગ દહીંમાં કાલવીને ઘરમાં ખી-જાં જે નાનાં નાનાં છોકરાં હોય તેમને મસ્તકે તિલક કરવા; એટલે તેમને છઠ્ઠીની બાધા નડતર થશે નહિ.

બાળક ઝપાટામાં આવ્યું હોય તેના ઉપાય—નાનાં છોકરાંની આંખો ઘેરાઇ જઇ તાવ આવવા માંડે છે, ત્યારે છોકરૂં કોઇના પણ ઝપાટામાં આવ્યું છે; એમ કહે છે. એમ થયું હોય તો નીચેના તંત્ર ઉપાય કરવા. (૧) સાયંકાળે દીવા વખતે પત્રાળા પર દહીં ભાત એક ઠેકાણે કરીને તેના ઉપર થોડો ગુલાલ નાંખવો અને એક કાકડો સળગાવી તેના પર મેલવો, અને તે ઝપટમાં આ-વેલા બાળકના શરીર ઉપરથી ત્રણ અથવા સાતવાર ઉતારીને તે ઉતાર ત્રણ રસ્તા ઉપર લેઇ જઇ મુકવો; મરજી હોય તો તેના ઉપર પૈસો મેલવો.

ખવીસ સાધવાની ક્રિયા.

જે દીવસે આકાશમાં ખુબ ચાંદણીઓ ઉગી હોય તે રાત્રે અગાશીમાં સાત કાંકરીઓ લઇ બેસવું. પછી જેમ જેમ ચાંદણી ખરતી જાય તેમ તેમ એક એક કાંકરી ઉપાડી લેવી એવી રીતે સાતે કાંકરીઓ ઉપાડી લઈ સવારે પાણીના કુવા ઉપર જઇ પાણી ભરીને જે બૈરી જતી હોય તે બૈરીના ઘડાપર મારવી એથી તેનો ઘડો ફુટી જશે. તમારે તે બાઇને તેના ઘડાના પૈસા આપી સંતો-ષવી પછી તે ફુટેલા ઘડાનો કાંઠલો લઈ સાંજની વખતે જે બાજુથી ઢોરાં ચરીને ગામમાં આવતાં હોય તે ઠેકાણે જઈ બેસવું. પણ તેટલામાં નજીક મંદીર કમાડ બંધ હોય તેવું જોવું પછી જે વખતે ઢોરો ગામમાં પેસવા માંડે તે વખતે તે કાંઠલો દુરબીનની માફક-

મોં આગળ ધરવો તો તમને ઢોરના ટોળામાં જે ઢોર છેલ્લું દર-વાજામાં પેસે તેને માથે ખવીસ બેઠેલો જણાશે, તમારે તે વખતે હુશીઆરીથી તેના માથાપરનો ટોપ ખેંચી લઇ પાસેના મંદીરમાં પેસી જઇ દ્વાર બંધ કરી દેવાં. જ્યારે તે ખવીસ ઇષ્ટદેવના સો-ગન ખાઇ તમને વશ થવાનું કબુલ કરે ત્યારે દ્વાર ઉઘાડી તેને ટોપ પાછો આપવો. પછી તમે તેને જે વખતે બોલાવશો તે વખતે હાજર થઇ તમારૂં બતાવેલું કામ કરશે. પણ તેને સાધવામાં સાવચેતી એ રાખવાની છે કે ટોપ લઇ નાસી જતાં તેના હાથમાં સપડાઇ જવું નહીં, નહી તો હેરાન થવું પડશે.

વશીકરણ વિદ્યા.

નીલકમળ, ગુગળ તથા કાળો અગર સરખા વજને લેઇ પો-તાના શરીરે ધુપ કરવાથી મોટા લોક અને રાજવંશીને મોહ પમા ડી શકાય છે. તુળસીના બીયાંનું ચુરણ કરી તેને સહદેવીના રસમાં મેળવીને આદિત્યવાર એટલે રવીવારે તેનું તિલક કરવાથી સર્વને મોહ પમાડાય છે. હરતાળ, આસગંધ.અને ગોરોચનને કેળના રસમાં કાલવી તીલક કરવાથી સર્વ કોઇ મોહ પામે છે. સીંદુર, કેસર, ગોરોચનને આંબલીના રસમાં મેળવી તીલક કરવાથી સર્વ લોક વશ થાય છે. ધોળી ચણોઠીના રસમાં બ્રહ્મદંડીના મુળને ઘશીને લેપ કરવાથી સર્વ કોઇ મોહ પામે છે. બ્રહ્મદંડી, વજ કઠનું ચૂર્ણ કરી તેને મંત્રની ભાવના દેઇ રવીવારે તાંબુલ–પાનમાં નાંખી જેને આ-પવામાં ખવરાવવામાં આવે તે સદાકાળ આપણા વશ રહે છે. વડનું મુળ પાણી સાથે ઘસી મંત્રેલી વિભૂતિ સાથે મેળવી તિલક કરવાથી લોક વશ થાય છે. પુષ્પ નક્ષત્રમાં સફેદ સાટોડીનું મુળ લાવી

મંત્રીને હાથે બાંધવાથી જ્યાં જઇએ ત્યાં માન સન્માન મળે. રવીવારના દિવસે વિધિ પૂર્વક ધંતુરાનાં ફુલ, શાખા-લતા, પત્ર અને તેનાં મુળ લાવી તેમાં કપુર મેળવી ચુરણ કરી કેસર અને ગેરોચન મેળવી તીલક કરવાથી જે તે તીલક જુએ તે વશ થાય.

જમીનમાં દાટેલું ધન જોવાની કળા.

જે જગ્યાએ શ્યેન, કાગડા, બગલાં વિગેરે વિવિધ પક્ષીઓ હમેશાં ઘણાં બેસતાં હોય ત્યાં આગળ પૈસા હોય.

શરદ, હેમંત, વર્ષા અને ગ્રીષ્મઋતુમાં જે સ્થળની વનસ્પતિ વસન્તઋતુના જેવી ખીલેલી રહેતી હોય ત્યાં પણ ધન હોય.

તાડ વીગેરે ઝાડોને એકજ થડ હોય છતાં તેને થોડેક ઉપર જતાં બે શાખાઓ થઇ ગઇ હોય તે જમીનમાં ધન હોય.

જે વડના ઝાડને હાથીની સુંઢના આકારની વડવાઇઓ હોય ને તેમાંથી લાલ રસ ટપકયા કરતો હોય ત્યાં આગળ ધન અથવા કાચબાના આકારવાળી, કળશના આકારવાળી, બળદના આકારવાળી, કમળના ફુલના આકારની કે સફેદ વડવાઇ હોય, કાં તો ધ્વજા કે માંછલાના આકારની હોય તે જગ્યામાં પણ પુષ્કળ દ્રવ્ય દટાયેલું હોય.

ગ્રીષ્મ ઋતુના પ્રચંડ તાપથી પણ જે જમીન ગરમ થતી નથી, તેમ જેને પાણીનો સ્પર્શ થતો કે દાવાનળથી બળતી નથી તે જમીનમાં સાપોથી રક્ષિત ધન જાણવું.

જ્યાંનું ઘાસ હમેશાં કોમળનું કોમળ રહેતું હોય, તથા જે જગ્યાનું ઘાસ ગાયો હોંસથી ખાઇ જતી હોય છતાં બીજે દીવસે તેવું ને તેવું નજર આવતું હોય તે જમીનમાં પણ ધન હોય છે.

જે ઝાડને વડવાઇ ન ફુટવી જોઇએ તે ઝાડને જ્યાં આગળ વડવાઇ ફુટેલી જણાય તે જમીનમાં ધન હોય.

જ્યાં પુષ્કળ ઝાડ હોય છતાં પણ દરરોજ એકજ ઝાડપર પક્ષીઓ બેસતાં હોય ત્યાં પણ દ્રવ્ય હોય.

માટીના કોરા ઘડામાં ગૌમુત્ર ભરી ઢાંકણું ઢાંકી જે જમીનમાં ધન હોવાની શંકા હોય ત્યાં દાટવો ને સાત દિવસ પછી પાછો બહાર કાઢી જોતાં ઘડો એમને એમ સંપૂર્ણ ભરેલો જણાય તો તે જગ્યાએ અવશ્ય ધન છે એમ જાણવું.

કબુતરની અઘાર.

પથરીનું દરદ મહાજબુન છે. તેની વેદના એવી સખત છે કે, કોઇવાર દરદી જીવપર આવીને આપઘાત કરવાને તૈયાર થાય છે. પણ એ જાલમ દરદનો એક સાદો પણ અકસીર ઇલાજ નીચે મુજબ છે:—કબુતરની છેર યાને અઘાર વાલ ૧) તથા સફેદ મરી વાલ ૫) એ બંનેને બારીક વાટી, તેમાં થોડુંક મધ નાખીને ત્રણ ગોળી બનાવવી. તેમાંથી એકેક ગોળી દરદીને દિવસમાં ત્રણ વખત ગળાવવી. બીજે દહાડે એજ મુજબ નવી ગોળી કરીને ગળાવવી. આ ઇલાજ અજમાવેલો છે. ગીરગામના ચા કોફીના એક પારસી વેપારી એ દરદથી ઘણા હેરાન થતા હતા. દવા કરીને થાકયા પણ કંઇ વળ્યું નહીં. એક દહાડો દુ:ખનું જોર ઘણુંજ વધી ગયું, અને વેદના ખમાઇ નહિ, ત્યારે જીવપર આવીને પહેલી નજરે બેવકુફ જેવો દેખાતો આ ઇલાજ અજમાવ્યો. પરીણામમાં પથરી પીગળીને નીકળી ગઇ, અને એ પારસી ગ્રહસ્થ તદન સાજા તાજા તનદુરસ્ત થયા.

સાપનો મોહોરો બનાવવાની રીત.

આ જાદુઇ હુન્નર મેળવવા માટે મદારી લોકોને સેંકડો રૂપીઆ ખવરાવવા પડે છે. કારણ કે તે ચીજમાં ઘણોજ ઉત્તમ ગુણ રહેલો છે. તે સાપનો મોહરો બનાવવાની રીત એ છે કે સાબરશિંગાનો કકડો લેઇ તેની આસપાસ ઘાસ લપેટવું અને તેના ઉપર ત્રાંબાનું પતરૂ મઢી લેવું. ત્યારબાદ તેને દેવતામાં મુકી દેવું. જ્યારે તપીને લાલચોળ થાય અને અંદરનો સાબરશિંગાનો કડકો કાળો ભ્રમર જેવો રંગ પકડે ત્યારે તેને કાઢી લેઇ રાખી મુકવો. તે જ્યારે પણ કોઇને સાપ કરડયો હોય ત્યારે એ મોહોરાને ડંખ ઉપર મુકવાથી ચોંટી જશે અને જ્યારે ડંખેથી છુટી પડે ત્યારે પાણીમાં નાંખી દેવો પછી થોડી વારે પાણીમાંથી બહાર કાઢી દબાવવાથી કોરો થાય કે તરત ફરી ડંખ ઉપર ચોટાડવો. એમ બે ત્રણ કે ચાર વખત કરવાથી ઝેર ઉતરી જશે. અને જ્યારે તે મોહોરો ડંખે ચોટે નહીં ત્યારે જાણવું કે ઝેર ઉતરી ગયું છે.

સાપનું ઝેર ઉતારનારૂં ઘાસ.

સાપના મોહોરા સિવાય સાપનું ઝેર ઉતારનાર એક જાતનું ઘાસ ચોમાસામાં થાય છે. તેના વિષે ખરી ખબર હોંશીયાર મદારી લોકો અને નોળીયો નામનું સાપની સાથે લડનારૂં જાનવર એ બે જણાજ જાણે છે. આ બાબત પુષ્કળ ખંતથી તપાસ કરતાં નીચે મુજબ હકીકત મહા મુશ્કેલીએ હાથ આવી છે કે—ચોમાસાના દહાડામાં કુતરી—કુકડી કે ધોતરી નામે એક જાતનું ઘાસ થાય છે અને તેને કાંગાના જેવાં લોંળીયાં આવે છે તે ઘાસનો રસ ભરી રાખ્યો

હોય અને જ્યારે કોઇને સાપ કરડે ત્યારે તે રસ આંખમાં આંજ-વાથી નાકે સુંઘાડવાથી, ડંખે ચોપડવાથી તથા પાણી સાથે પાવાથી જલ્દીથી ઝેર ઉતરી જાય છે. આ વનસ્પતી ફક્ત ચોમાસામાંજ થાય છે. તેટલા સારૂ જો તેનો રસ કાઢી રાખીને શીશીમાં ભરી રાખ્યો હોય તો શીયાળામાં કે ઉનાળામાં પણ કામ આવે. જો કદાપી રસ સુકઇ જાય તો તેની સુકાયેલી પત્રીઓ પણ પાણી સાથે ઓગાળીને પાવાથી ફાયદો થાય છે. આ ઘાસ વગડામાં ફરનારા પાસેથી મંગાવી રાખી રસ કાઢી રાખવો એ પુન્યનું કામ છે. કારણ કે આવી જડી બુટી જે ગુણ કરે છે તે હજારો રૂપીયાના ખર્ચે તૈયાર કરેલાં ઔષધો કરતાં પણ ઉત્તમ હોય છે.

સાપના ડંખ ઉપર તરતના ઉપાય.

પહેલો—જે માણુસને સર્પે ડંખ દીધો હોય તેનો હોઠ જીભ વીગેરેમાંના ભાગ ફાટેલા અગર ચીરા પડેલા ના હોય અથવા કોઇ પણ દાંત હાલતો ન હોય તો પોતે અથવા પોતાને કંઇ હરકત હોય તો પોતાના રોગ વિનાના બીજા માણુસ પાસે તે ડંખવાળી જગ્યા કેટલીકવાર ચુસાવવી પણ ધ્યાનમાં રાખવું કે ચુસતાં થુંક બીલકુલ ગળવું નહીં. પછી ચુસનારાએ બ્રાન્ડી અગર કોઇપણ જાત-તનો જલદ દારૂ અથવા કોલનવોટર એ ત્રણમાંથી જે હાજર હોય તેના ચાર પાંચ કોગળા કરવા,

બીજો—કરડેલી જગ્યાના ચાર પાંચ આંગળ દુરની ઉપરનો ભાગ દોરીથી અગર ગમે તે કપડાથી ઘણો મજબુત બાંધી લેવો તે એવી રીતે કે તે દોરી અગર કપડું માંસની અંદર પેસી જાય.

બણી તેના ઉપર ચાર પાંચ આંગળ દુર બીજીવાર એમ ત્રણ ચાર ઠેકાણે મજબુત બાંધવાથી ઝેર શરીરના બીજા ભાગમાં ફેલાશે નહીં પછી ડંખવાળી જગ્યા ઉપરથી ચપુવડે લોહી કાઢવું એટલે ઝેર લોહીના સાથે બહાર નીકળી જશે પછી લોઢાના ખીલાનું માથુ આગમાં ઘાલીને અથવા બળતો કોયલો લઇને બે મીનીટ સુધી દાબી રાખવો.

વીંછીના ઝેરની જડીબુટી.

કાચબાનાં હાડકાં, મનસિલ, હરતાળ, કૌચનાં બીજ. એ બધી ચીજો સરખા વજને લેઇ તેને મધ સાથે ખરલ કરી બોરના લાકડાના દંડપર ચોપડી છાંયડે સુકવી રાખવી—જ્યારે સુકાઇ રહે ત્યાર પછી કામ પડે તે વખતે લાકડી જ્યાં સુધી વીંછી ચઢયો હોય ત્યાંથી ડંખ તરફ લાવવાથી ધીમે ધીમે ઝેર નીચે ઉતરી જશે અને જ્યારે ડંખમાં આવે ત્યારે ડંખ ઉપર તે લાકડી થોડીવાર રાખવાથી ડંખમાંથી પણ ઝેર જતું રહેશે. આ લાકડી ડંખ ઉપરથી ઉંચે ફેરવવામાં આવે તો વીંછીનું ઝેર ચઢવા માંડે છે, વાસ્તે ચડયો હોય ત્યાંથી ફેરવનાં ડંખ ઉપર લાવવી કે વીંછીનું ઝેર નીચે ઉતરે.

વીંછીની વેદના વીસરાવનાર ઇલાજો.

ડંખવાળા બાગ ઉપર ગ્યાસલેટ તેલ (કેરોસાઇન) સારી પેઠે ઘસવું. મોટી ડુંગળીના કાંદાનો છુંદો કરી ચટકાવાળા બાગ ઉપર તે છુંદાને ખુબ ઘસવો. કપાસનાં પાંદડાં અને ચા એકઠા વાટી ડંખ ઉપર લેપકરવો ધોળા સાટોડી અગર કપાસના મુળ ચાવવાથી ઝેર ઉતરી જશે. નેપાળાને પાણીમાં વાટી ડખ ઉપર ચોપડવું. દીવાસળી ઉપરનું ફાસફરસવાળું લાલ ટપકું પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડવું.

વછનાગ વાટીને ડંખ ઉપર ચોપડવું. નવસાર અને હરતાળ પાણીમાં વાટી ડંખ ઉપર લગાડવી. વીંછી ડંખે કે તરત આકડાના પાનને હથેળીમાં મસળી જરા રસ કાઢી તે રસ સુંઘવાથી છીંક આવશે ને ઝેરનું જોર જતું રહેશે. ડંખે કે તરત બગલ અગર પોતાના શરીરના ગમે તે ભાગનો પરશેવો સુંઘવાથી ઝેર ચડશે નહીં. કોળાના ડીંટડાને પાણીમાં ઘસીને ચોપડવું. વેગણના મુળીઆને પાણીમાં ઘસી ચોપડવું. પાણીમાં નિમક (મીઠું) મેળવી આંખમાં છાંટવું. બાળવાના લાકડાની રાખ પાણીમાં મેળવી ચોપડવી. આલમસાર ગંધકને બચ્ચાંના પેસાબમાં મેળવી ડંખપર લગાડવો. ખાટા લીંબુનો રસ ચોપડવો. અરીઠાંનું ફીણ કાઢી ડંખ ઉપર ચોપડવું. આકડાના કુમળાં પાંદડાં છુંદી બાંધવાં. ખુબ દોડવા માંડવું.

સાતપુડાનો ઉપાય.

સાતપડો પગનાં તળીઆં અગર હથેળીમાં થાય છે તેમાં ઘણી અગન થાય છે તે જલદી પાકતો નથી તેમ સારો પણ થતો નથી.

એરંડીઆના વાસણમાં દીવેલના ઠરા નામથી ઓળખાતો કચરો નીચે ઠરી રહે છે તેને ગરમ કરી સાતપડા ઉપર બાંધવો.

જખવાર, મનસીળ, હરતાળ, સીંદુર, ગંધક તથા કસીસને સરખે વજને લઇ મીઠા તેલમાં ઘસી તે દિવસમાં બેવાર દરદ મટે ત્યાં સુધી લગાડવું.

સુકાં મરચાં, મીઠું અને સુકી હળધરને સરખે વજને લઇ બારીક વાટી સાતપડા ઉપર બાંધવું.

શુકન વિચાર.

મુસાફરી વિગેરે કોઇપણ કામમાં સારા શુકન થવાથી સારૂં અને નરસા શુકન થવાથી નરસું ફળ પ્રાપ્ત થાય છે, શુકન બે પ્રકારના, એક દ્રષ્ટ અને બીજા શબ્દ દ્રષ્ટ. શુકન એને જાણવા જે મુંસાફરીની શરૂઆતમાં જોવામાં આવે અને શબ્દ તે જાણવા કે જે સાંભળવામાં આવે. ચાલતી વખતે જૈનમુનિ, તેજ ગામનો રાજા, હાથી, ઘોડા મોર, બળ, રાજહંસ, સ્ત્રીપુરૂષનું ઘેર આવતું જોડલું, પદ્મની સ્ત્રી, જિનમૂર્તિ સહિત કોઇ પુરૂષ. દાગીના, ધ્વજ, છત્ર, ચામર, સોનાચાંદી, રથ, પાલખી, વિણા, સારંગી, તબલા વિગેરે વાદ્ય, કુંવારી કન્યા, પાકી રસોઇનો થાળ, વગર ધુમાડાની આગ, ગાયન ગાતીસ્ત્રી આરસો, ભરેલો ઘડો લઇને આવતો પુરૂષ કે સ્ત્રી, મલયાગિરિ ચંદન દુધ, દહીં, ઘી, ગોરોચન, મધ, સુરમો, કમળ, ઝારી, હથિયાર. પંખો, સિંહાસન, ઝવેરાત, અંકુશ, ત્રાંબુ, ચોખા, સરસવ, છોકરાને ગોદમાં લઇ આવતી સ્ત્રી, પાન બીડી, વનસ્પતિ, મીઠાઇ, ધોએલાં કપડા લઇ આવતો ધોબી, અત્તર વિગેરે ગંધ, રસ, સ્પર્શવાળી કોઇ ચીજો જો જોવામાં આવે તો સમજવું કે મુસાફરી વિગેરેમાં ધારેલું કામ પાર પાડશે. કોઈ, કોઇનું ભલું બુરૂં કરી શકતા નથી, થવું ન થવું નશીબની વાત છે, પણ સારા શુકન થવાથી સરૂં, અને નરસા શુકન થવાથી નરસું થશે એમ સૂચવાય છે.

ચાલતી વખતે ગર્ભવતી, રજસ્વલા, અથવા વિધુરાવસ્થાવાળી સ્ત્રીઓ મળે તો જાણવું કે લાભ થશે નહીં. પણ જો પોતાની માતા વિધુર રાંડેલી હોય તો કાંઇ અડચણ નહીં, કારણ માતા હમેશાં પુત્રનું કુશલજ ચાહે છે. ઘેરથી અથવા તો ગામથી સ્હેજ ચાલ્યા પછીજ

મળે તે જાણવા. આ માટે આપો રસ્તોજ કાંઈ જોવાની જરૂર નથી જો ઉંટ, ગધેડું, અથવા ભેંસપર બેઠેલો કોઇ માણુસ, રડતો પુરૂષ મળે તો અવશ્ય ખરાબજ છે. ગામમાં દાખલ થતી વખતે પોતાએ હસવું અગર ગાવું તે પણ અશુભજ છે પણ તેડવા આવેલામાંથી કોઇ હશે અથવા ગાય તો અડચણ નથી. નીકળતી વખતે જો પો-તાની પછાડી ખાલી ઘડો લઇ સ્ત્રી અગર પુરૂષ આવતો હોય તો સમજવું કે શુભ ફળ થશે, કારણ કે જેમ ખાલી પાત્ર લઇ ચાલ-નાર પોતાને ઘેર જેમ પાત્રને ભરીને આવશે, તેમ મુસાફીરે પણ સમજવું કે તે પ્રાપ્ત કરીનેજ આવશે, ખાલી આવશે નહીં. સર્પ, ગીલોડી, ગોહ, (સર્પની એક જાત) જો મુસાફરી કરનારને મળે તો ખરાબ જાણવું. ડાબી તરફ ભમરો આવીને ગુંજારવ કરે; અગર પુષ્પને રસ લેતો જોવામાં આવે, મરઘાનો અવાજ સંભળાય અગર દેખાય તો સારૂં સમજવું. ચાલતી સમયે જે પગ પહેલો ઉઠાવવામાં આવે, તેને જો ઠોકર લાગે અગર અટકી જાય, કપડું ફસાઇ જાય તો બુરૂ સમજવું. લુલા, લંગડા, કાણા, આંધળા, ભારો લઇને ક-ઠિઆરો, વિસાદ કરતી બિલાડી, અને ખરાબ વાસવાળી વસ્તુઓ, કોલસા, રાખ, હાડકા, વિષ્ટા, તેલ ગોળ, ચામડું, ચરબી, ખાલી, અથવા ફુટેલું વાસણ, મીઠું, સુકું ઘાસ, છાશ, કપાસ, અનાજના ફોતરાં, વાળ, કાળા રંગની ચીજો, લોઢું ઝાડની છાલો, દવા, બાર-ણા બંધ કરવાનો આગલો, (જે ભીંતમાં હોય છે તે ભૂંગળ) લોઢાની સાંકળ, ખરલ અને ખરાબ ગંધ, રસ, સ્પર્શવાળી ચીજો મળે, અ-થવા અકાળે વૃષ્ટિ થાય તો જરૂર માઠું પરીણામજ આવે. હાથમાં પક્ષ લઇને આવતાં સ્ત્રી, પુરૂષ અગર તંબોળ ચાવતો કોઇ સખ્સ

અથવા છત્રી લીધેલો કોઇ માણુસ મળે, સારસ પંખીનું જોડું જોવામાં આવે, (એકલો સારસ દેખાય તે સારૂં નહીં) અથવા બોલતાં સંભળાય તો અવશ્ય ફળદાયક જાણુવું. રડતા સ્મશાનીઆ સાથે જો મડદું મળે તો ખરાબ, પણુ સારંગી તબલા સહિત ગાતા સ્મશાની આઓ શબ લઇને મળે તો સારા શુકન જાણુવા.

જો નીકળતી વખતે પછાડીની અગર જમણી બાજુની હવા હોય તો શુભ, અને સામેની અથવા ડાબી બાજુની હોય તો અ-શુભ થાય છે. ઘેર આવતી વખતે પણુ આ મુજબજ સમજવું. જો નોળીઆનો અવાજ સાંભળવામાં આવે, અગર સામે જોવામાં આવે તેતર અથવા મરઘું જમણી બાજુ અગર સામે જોવામાં આવે,અને ગધેડું ડાબી તરફ ભૂકતું સાંભળવામાં આવે તો શુભ થાય.

ચંદ્રસ્વર–ડાબી બાજુના નસકોરામાંથી શ્વાસ ચાલે તો તે વખતે દક્ષિણુ અને પશ્ચિમ દિશા તરફ અને સૂર્યસ્વર–જમણી બાજુના નસકોરામાં શ્વાસ ચાલે તો તે વખતે પૂર્વ અને ઉત્તર તરફ જવું યોગ્ય ગણુાય છે. લડાઈ ટંટાના વખતમાં અથવા કોર્ટમાં જવાને વાસ્તે સૂર્યસ્વર સારો છે, અને બાકીને વાસ્તે ચંદ્રસ્વર સારો છે. કેમકે ચંદ્રસ્વર એ અમૃત નાડી છે. ચંદ્રસ્વર ચાલતો હોય તે વખતે ડાબી તરફના શુકન થાય તે પૂર્ણુ ફળ આપવાવાળાં હોય છે અને સૂર્યસ્વરમાં જમણી તરફના શુકનો સારા ફળ આપવાવાળા હોય છે રિક્તસ્વરમાં સારા શુકન કમજોર અને પૂર્ણુસ્વરમાં કરજોર શુકન તાકાતવાળા હોય છે. ઘેરથી ચાલતાં જો તરતજ સારા શુકન થાય તો સમજવું કે તુરતજ ફળ પ્રાપ્તિ થશે. અને ગાઉ બે ગાઉ ગયા પછી થાય તો જાણુવું કે ફળ પ્રાપ્તિ મોડી થશે. શુકન શાસ્ત્રનું ફર-

માન છે કે ઘર અગર ગામની નજદીકમાં સારા શુકન થાય તે ઉત્તમ સમજવા. મુસાફરી વિગેરે કાર્યો જતાં ખરાબ શુકન થાય તો તે કામ કરતાં અટકવું. ત્રીજી વખત પણ જો તે કામ કરતાં ખરાબજ શુકન થાય, તો તો અવશ્ય તે કરતાં અટકવુંજ. સજ્જનોએ નિમિત્ત અને શુકનશાસ્ત્ર ના કહે તે વખતે તે કામ ન કરવું.

શબ્દ શુકન એને કહે છે કે જે શબ્દ દ્વારા સંભળાઈ આવે. દાખલા તરીકે જતી વખતે કોઇ પુરૂષ બોલે કે "ફતેહ કરો" "ફતેહ થશે" તો સમજવું કે શુકન સારા થયા. અગર કોઇ બોલે કે "તમારૂં નસીબ ફુટેલું છે." "ખત્તા ખાશો" "પસ્તાશો" વિગેરે બોલે તો સમજવું કે શબ્દ શુકન નઠારા થયા. વારના કરતાં તીથી તીથીથી નક્ષત્ર, નક્ષત્રથી કર્ણુ, કર્ણુથી લગ્ન, લગ્નથી નિમિત્ત અને નિમિત્ત કરતાં સ્વરોદય જ્ઞાન બળવાન્ છે. જે દેશ જવાનો અગર જે કામ કરવાનો તમારો વિચાર ન હોય તો તે કરવું નહીં. કેમકે આપણું મન પણ એક જાતનું શુભાશુભ:જણાવી દેવાને મજબુત છે. મુસાફરી કરનારે અવશ્ય દેવગુરૂને નમસ્કાર કરિનેજ નીકળવું જોઇએ. કે જેથી અશુભ કર્મો નાશ પામે. મુસાફરીના પહેલાં જો જિનેશ્વરની મૂર્તિ, નિર્ગ્રન્થ મુનિ અને તીર્થભૂમિ જોવામાં આવે તો નિશ્ચય જાણવું કે તીર્થ યાત્રા જરૂર થશેજ.

મુસાફરીના વખતમાં મરદનું જમણું અને સ્ત્રીઓનું ડાબું અંગ ફરકવું ઉત્તમ જાણવું. તથા ષડજ, રિષભ, ગાંધાર, મધ્યમ અને પંચમ સ્વરનો અવાજ સંભળાય તો તે પણ શુભ જાણવો. પણ સ્વરનું જ્ઞાન સમજવું એ અકલમંદનું કામ છે. દરેક પુરૂષોએ પોતાનો સ્વાભાવિક અવાજ કયા સ્વરમાં નીકળે છે, તે પણ શિખવું

જોઇએ. જતી વખતે પોપટનો અવાજ ડાબી તરફ સંભળાય અને ફેર આવતી વખતે જમણી બાજુ સંભળાય તો ઉત્તમ જાણવું, પ્રમાણ વખતે જો પોપટ ઉડીને સામે આવે તોપણ શુભ સમજવું, પણ રડતો સામે પડે તો અશુભજ જાણવું. નીકળતી વખતે જેનો ઘોડો હણહણાટ કરે અને જમણા પગેથી ધરતી ખણે તો જરૂર ફતેહ થશે માનવું. જો મોરનો અવાજ, ચકોર પક્ષીનો અવાજ અને ભારદ્વાજ (જેને લોકો રૂપારેલ કહે છે) પક્ષીનો અવાજ સંભળાય, અગર મોર, ચકોર, અને ભારદ્વાજ પંખી નજરે દેખાય તો અવશ્ય શુભ સમજવું.

જે દેશમાં ભૂમિકંપ થાય ત્યાં સમજવું કે કોઈ પ્રકારનો ઉપદ્રવ થશે. જે શહેરના દરવાજાપર, અગર દેવમંદિરપર વિજળી પડે ત્યાં જાણવું કે ઝગડો ટંટો ફેલાશે. જ્યાં દેવ મૂર્તિ હસતા ચહેરાની દેખાય ત્યાં પ્રજાને કાંઇ દુઃખ થશે, એમ જાણવું. જ્યાં દિવાલપરની ચિતરેલી પુતળીઓ હસતા વદનની, ભ્રકુટી ચઢાવી ગુસ્સાવાળી અને રડતી હોય ત્યાં સમજવું કે, ઉજ્જડ થશે અને લોકોને ઘર છોડી ભાગવું પડશે. જ્યાં દેવમંદિર અગર રાજ્યગૃહમાં વિના અગ્નિથી આગના અંગારા ઝરવા લાગે ત્યાં દંગા ફીસાદ થઇને લોકો કંઇક તરેહની મુસ્કેલીમાં પડશે, જે દેશમા ધુમ્રકેતુ દેખાય ત્યાં લોકોને હરેક વાતની તકલીફ પડશે એમ જાણવું. સારા લક્ષણ અને ખુબસુરત પુરૂષ અગર સ્ત્રી હમેશાં દોલતમંદ હોય છે દુનિયામાં રૂપ છે તે એક જાતનું વશીકરણ છે. જે પુરૂષ હિમત બહાદુર હોય છે. તે અવશ્ય ખુશ નશિબજ હોય. કહ્યું છે કે **"सर्वे सत्ये प्रतिष्ठितम्"** જ્યાં સત્ય છે ત્યાં બધુંજ છે. **इतिशुभम्.**

સ્વપ્નાનો સાર.

જે પુરૂષે પાંચ ઈંદ્રી વશ કરી હોય તેવા પુરૂષને સ્વપ્ન ફળે. સ્વપ્ન આવવાનો વખત, ને તેનું ફળ ક્યારે પ્રાપ્ત થશે તેની વિગત.

રાત્રે પહેલે પોહોરે સ્વપ્ન આવ્યું હોય તો ૧ વરસે ફળ આપે. રાત્રે બીજે પોહોરે સ્વપ્ન આવ્યું હોય તો ૬ માસે ફળ આપે. રાત્રે ત્રીજે પોહોરે સ્વપ્ન આવ્યું હોય તો ૩ માસે ફળ આપે. રાત્રે ચોથે પોહોરે સ્વપ્ન આવ્યું હોય તો ૧ માસે ફળ આપે.

સવારે બે ઘડી રાત રહે ત્યારે સ્વપ્ન આવ્યું હોય તો ૧૦ દીવસમાં ફળ આપે. દિવસમાં સુર્ય ઉગતી વખતે સ્વપ્ન આવ્યું હોય તો તત્કાળ ફળ પામે. માઠું સ્વપ્ન આવ્યું હોર તો પાછા સુઇ રહેવું અને કોઇને કહેવું નહીં. સારૂં સ્વપ્નુ આવે તો ગુરૂ પાસે કહેવું, ગુરૂ ના હોય તો ગાયના કાનમાં કહેવું. સારૂ સ્વપ્નુ દેખ્યા પછી સુવે તો ફળ પ્રાપ્ત ન થાય, કોઇ સ્વપ્નુ મુરખ પાસે કહેવું નહીં.

સ્વપ્ન દેખ્યાની વીગત.

સિંહરથ, ઘોડારથ, બળદરથ, તેમાં બેઠા એવું દેખે તો રાજા થાય. ઘોડા, વાહન, વસ્ત્ર, ઘર કોઇ લઇ જાય છે એવું દેખે તો, રાજ્ય ભય, શોકબંધ વિરોધ અર્થ હાણી વિગેરે થાય. સૂર્ય, ચંદ્ર ગળ્યું પીધું એવું દેખે તો પૃથ્વીનો ધણી થાય. સફેદ હાથી ઉપર બેઠો, નદી કાંઠે સાલનું કરૂંભું એવું દેખે તો સમસ્ત દેશપતિ થાય. પોતાની સ્ત્રીનું હરણ એવું દેખે તો ધનનો નાશ થાય. ધોળા સરપે જમણી બાજુએ ડંખ દીધો એવું દેખે તો રાત્રે સહસ્ત્ર સોનૈયા પામે. માણસનું મસ્તક, ચરણ, ભુજ ખાઉંછું એવું દેખે તો

રાજ્ય પામે. કાળી ગાય, ઘોડો, હાથી પ્રતીમા દેખે તો સારૂં થાય. તે શિવાય બીજી કોઇ કાળી ચીજ દેખે તો માઠી જાણવી. માઠું સ્વપ્નું દેખી દેવની પુજા દેખે તો સારી વસ્તુ પામે. ધ્રો, અક્ષત, ચંદન દેખે તો મંગળિક થાય. રાજા, હાથી, ઘોડા, સુવર્ણ, બળદ. ગાય દેખે તો કુટુંબ વૃદ્ધિ થાય. રથે બેઠો જાય એવું દેખે તો રાજા થાય. તાંબુળ, દધિ, વસ્ત્ર, ચંદન, જાઇ, બકુલ, કંદ, મચકુંદ, ફુલ, વૃક્ષ દેખે તો લક્ષ્મી પામે. દીપ, પાના, ફળ, પદમ, કન્યા, છત્ર, ધ્વજા, હારાદિક આભરણ દેખે તો લક્ષ્મી મળે. પૈસો ટકો મળે. હરણ, પ્રહરણ, ભૂષણ, મણી, મોતી, કનક, રૂપા, કાંસાનું વાસણ વીગેરે લઇ જતું દેખે તો તેને ધનની હાની થાય. બારણા, ભાગોળ, હીંડોળો, પાવડી, ઘર ભાગ્યાં દેખે તો તેની સ્ત્રી મરણ પામે. પગરખાં છત્ર લાધ્યાં દેખે અથવા તીક્ષણ તરવાર દેખે તો પરદેશે ચાલવાનું થાય. જે વાહાણમાં ચઢયો તે વાહાણ ભાગ્યું, ને પોતે તરીને નિકળ્યો તો પરદેશે જાય ત્યાં લક્ષ્મી પામે. આંજવાથી નેત્ર રોગ રામછેદ દેખે તો ધનનો નાશ થાય. ભેંસ, ઉંટ ઉપર ચઢી દક્ષિણ દિશાએ જાય તો તે નક્કી મરણ પામે. કમળાકર, રત્નાકર, જળે પૂર્ણ નદી, તથા મિત્રનું મરણ દેખે તો ઘણું દ્રવ્ય પામે. કાથ પીઉં છું દેખે તો અતિસારના રોગે મરણ પામે. જાત્રાએ જાય, પુજા કરે એવું દેખે તો ફળ વૃદ્ધિ થાય. ૨૭ સરોવરે કમળ ઉગ્યો દેખે તો કોડ રોગે મરણ પામે. હાથી, ઘોડો, ગાડલું, સિંહાસન તથા ઘરનાં વસ્ત્ર એ ચીજો ગઇ દેખે તો રાજાનો ભય થાય, હથિઆર, આભરણ, મણિ, મોતી, સોનું અને રૂપું એટલા વાનાનો નાશ થતો દેખે તો તેનું ધન અને માન સ્ત્રી

બે વાનાં જાય. પોતાની સ્ત્રીને કોઇ લઇ જાય છે એવું દેખે તો સંપદાનો નાશ થાય. પોતાની સ્ત્રીને કોઇ દુઃખ દે છે એવું દેખે તો ક્લેશ ઉપજે. ગોત્ર માંહેની સ્ત્રી કોઇ લઈ જાય છે એવું દેખે તો તેના ભાઈ પ્રમુખ બંધીખાને પડે. પોતાનો ઢોલીયો, પલંગ, ખાટલો, ધોળુ વસ્ત્ર દેખે તો પોતાને પીડા ઉપજે. માણુસના પગનું માંસ ખાઉ છું દેખે તો રાજા થાય. પદમ સરોવર, સમુદ્ર અને નદી ઉતરતો દેખે તો ઘણું દ્રવ્ય પામે. ઉનું પાણી, ગાયનું છાણુ ગોળમાં ભેળવેલું દેખે તો અતિસારનો રોગ થાય ને મરણુ પામે. દેવ મુર્તીની પુજા કરૂં છું જાત્રા કરૂં છું દેખે તો સર્વ પ્રકારે વૃદ્ધિ થાય. હૃદય ઉપર કમળ ઉગ્યું દેખે તો તેનું શરીર કોડરોગે વિનાશ પામે.

અભીસિદ્ધિ અથવા અમૃતસિદ્ધિ તંત્ર.

કોઈપણુ જાતના ઝાડના થડ કે મુળીયામાંથી બીજી જાતનું ઝાડ કે બેલો ઉગી નીકળે તેને જે ઝાડમાંથી તે ઉગ્યો હોય તે ઝાડનો વાંદો કહેવામાં આવે છે. જેમકે વડના ઝાડના થડમાંથી આંબલીનું ઝાડ ઉગી નીકળ્યું હોય તો તે આંબલીનું ઝાડ વડનાં ઝાડનો વાંદો કહેવાય છે.

પ્રયોગ ૧ લો—જે દીવસે અશ્વીની નક્ષત્રને અભાસિદ્ધી યોગ હોય તે વખતે પીપળાના ઝાડનો વાંદો લાવી તેનો રસ વાંઝણી સ્ત્રીને પાઇયે તો તેને પુત્ર અથવા પુત્રી થાય; અને તે રસ જો પુત્ર અથવા પુત્રીને પાઇયે તો તે બુદ્ધિમાન અને બલવાન થાય તેમજ ઘરડાને પાઇયે તો જવાન જેવો થાય.

પ્રયોગ ૨ જો—જ્યાંરે ભરણી નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે વખતે દરભનો વાંધો લાવીને જે પેટી–કોથળી કે તીજોરી-મુકીએ તે અખુટ થાય, તથા જો તેને માદળીયામાં ઘાલી હાથે બાંધીએ તો કોઈ જુએ નહિ એટલે અદ્રશ્ય થવાય.

પ્રયોગ ૩ જો—કૃતિકા નક્ષત્રને અમૃત સિદ્ધિનો યોગ હોય ત્યારે સર્વ ઝાડનો એટલે કોઈપણ જાતના ઝાડનો વાંદો લઈ તેને હાથમાં રાખી અગ્નિ સામે જુએ તો અગ્નિ ઓલાઇ જાય તથા કસુદરી ઝાડનો વાંદો લાવી પોતાના હાથે બાંધે તો જેના સામે જો ઇએ તે વશ થાય. જો પશુ પક્ષી સામે જુએ તો તે પણ વશથાય.

પ્રયોગ ૪ થો—રોહિણી નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય ત્યારે આંબાના ઝાડનો વાંદો લાવી જેના હાથે બાંધીયે તેનાપર સર્વનો સ્નેહ વધે.

પ્રયોગ ૫ મો—મૃગસીર નક્ષત્રનેઅમૃત સિદ્ધિનો યોગ હોય તે વખતે કબલા ઝાડનો વાંદો લેઇને હાથે બાંધીયે તો જુગટામાં હારે નહિ.

પ્રયોગ ૬ ઠો—આદ્રા નક્ષત્રને અમૃતસિદ્ધિનો હોય તે વેળાએ આંબલીના ઝાડનો વાંદો હાથમાં રાખીયે તો મ્હોટા મનુષ્યોમાં માનપાન મળે.

પ્રયોગ ૭ મો—પુનર્વસુ નક્ષત્રને દીવસે વડનો વાંદો લાવીને દુધ સંગાથે ઘસીને પ્રસવ પીડાથી ગર્ભવંતીને પાઇયે તો તરત ત્રણ દીવસમાં પ્રસવ થઇ જાય.

પ્રયોગ ૮ મો—પુષ્ય નક્ષત્રને અમૃતસિધિનો યોગ હોય તે

વખતે મહુડાના ઝાડનો વાંદો લાવી જે ખેતરમાં મુકીએ તે ખેતરમાં તે વર્ષે પુષ્કળ અનાજ પાકે.

પ્રયોગ ૯ મો—અશ્લેષા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે વખતે મહુડાના ઝાડનો વાંદો લાવી સોનામાં રાખ્યાથી અવશ્ય અર્થ લાભ થાય.

પ્રયોગ ૧૦ મો—મઘા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે દીવસે વડના ઝાડનો વાંદો લાવી અનાજના કોઠારમાં મુકીયે તો અખુટ થાય અને તે દીવસે સીમલાના ઝાડનો વાંદો લાવી જે જણુસમાં મુકીયે. તે પણ અખુટ થાય.

પ્રયોગ ૧૧ મો—પુર્વા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે વખતે કાળા સરસવા વડના ઝાડનો વાંદો લાવી તે અન્નમાં મુકીયે તો અખુટ અન્ન થાય,

પ્રયોગ ૧૨ મો—ઉતરા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તેવામાં રાણુના ઝાડનો વાંદો લાવી હાથે બાંધે તે સર્વે લોકને વહાલો હેમ લાગે,

પ્રયોગ ૧૩ મો—હસ્તી નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે દહાડે કાળા સરસનો વાંદો લાવી વાટીને માથે ચોપડવાથી રોગ જાયછે.

પ્રયોગ ૧૪ મો—ચિત્રા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય સારે આંબલીના ઝાડનો વાંદો લાવી પોતાના શરીરના મેલ સંગાથે જેને ખવરાવીયે તે આપણો વશ થાય તથા ખેરના ઝાડનો વાંદો હાથે બાંધે તે લડાઇમાં જીત મેળવે.

પ્રયોગ ૧૫ મો—સ્વાતિ નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે વેળાયે લીંબડાના ઝાડનો વાંદો લાવી હાથે બાંધે તે પછી જેને અડે તે વશ થાય. તે દીવસે કણેરના ઝાડનો વાંદો જનાવર કરડયું તેને ઘસીને પાઇયે તો ઝેર ઉતરે.

પ્રયોગ ૧૬ મો—વિશાખા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય ત્યારે બોરડીના ઝાડનો વાંદો લાવી હાથે બાંધી જેને અડીયે તે વશ થાય.

પ્રયોગ ૧૭ મો—અનુરાધા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગહોય ને બીલીના ઝાડનો વાદો લાવી હાથે બાંધીયે તો સર્વે લોક વશથાય.

પ્રયોગ ૧૮ મો—જ્યેષ્ટા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય કણેરસલીનો વાંદો લાવી હાથે બાંધે તો સર્વે લોકમાં જય થાય, તથા તેજ વખતે જો સીસમના ઝાડનો વાંદો લાવી તેને સુખડ સાથે ઘસીને તેનું કપાળમાં તીલક કરવાથી સર્વે વશ થાય.

પ્રયોગ ૧૯ મો—મૂળ નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે દીવસે બોરડીના ઝાડનો વાંદો લાવી તેને દુધ સંગાથે ઘસીને પીધો હોય તો કોઢનો રોગ મટી જાય.

પ્રયોગ ૨૦ મો—પૂર્વાષાઢા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે દીવસે આંબલીના ઝાડનો વાંદો લાવી તેને માથે રાખીયે તો રાજ્ય દરબારમાં માન મળે, વહેવાર વધે અને હારે નહીં. તેજ વ-ખતે જો કણેરના ઝાડનો વાંદો લાવી ખાખરાના તેલમાં મેળવી

અંજન કરે. સગાં વ્હાલાંમાં સ્નેહ વધે.

પ્રયોગ ૨૧ મો—ઉત્તરાષાઢા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય ત્યારે બલ ઝાડનો વાંદો તેલમાં મુકીયે તો તેલ અખુટ થાય.

પ્રયોગ ૨૨ મો—શ્રવણુ નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તેવા વખતે લીંબડાના ઝાડનો વાંદો લાવી તેનું ઝીણું ચુરણુ કરવું અને લીંબડાની લીંબોળીનું તેલ તેની અંદર નાંખી લુગદી કરવી. તે તાંબાના પતરાને ઘાલીને તપાવવાથી બનાવટી સોનું થાય.

પ્રયોગ ૨૩ મો—ધનિષ્ટા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે દહાડે નવા આસો પાલવનો વાંદો લાવી બકરીના દુધમાં પીવાથી શરીર સંપૂર્ણ નીરોગી થાય.

પ્રયોગ ૨૪ મો—અભિજીતા નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય ત્યારે આંબળાના ઝાડનો વાંદો લાવી બકરી અથવા ભેંસના દુધમાં ઘસીને માથે ચોપડવાથી માથાના સર્વે રોગ મટી જાય.

પ્રયોગ ૨૫ મો—પૂર્વા ભાદ્રપદ નક્ષત્રને અમૃતસિદ્ધિનો યોગ હોય તે દિવસે ખટસલીના ઝાડનો વાંદો લાવી તે હાથે બાંધવાથી હરસનો રોગ જાય.

ઇતિ તંત્ર ચમત્કાર સમાપ્ત.

વિચારથી સંદેશા મોકલવાની વિદ્યા.

માનસિક સંદેશા એક નવી શોધ છે. અસલના પવિત્ર ઋષી મુનીઓ ધર્મ ગુરૂઓ અને પેગંબરો તે વાત સારી રીતે જાણતા હતા, પણ વચમાં એવો સમય આવ્યો કે તે બાબતોને લોકો વ્હેમ તથા ઇંદ્રજાળ તરીકે માની બેઠા. અને કેટલાક તો તેને ખસી ગયેલા મગજની કલ્પના તરીકે ગણવા લાગ્યા. પણ હમણાં તે બાબતો ચોક્કસ રીતે પુરવાર થઇ ચુકી છે, અને જે તેમ કરવાને મહેનત કરે તે પોતાને માટે તેવું કરી પણ શકે. મોઢેથી બોલ્યા અથવા કાગળ લખ્યા સિવાય પોતાનાથી ઘણે દૂર રહેલા મિત્ર કે સ્વજન સાથે વાત કરી શકાય છે. તે ટેલેપથી વિદ્યાથી સિદ્ધ થઈ શકે છે. આ વાત કેવળ મનથી થઇ શકે છે. અને આવા સંદેશાને **માનસિક સંદેશા** કહેવામાં આવે છે. આ વાત માનનારા તથા કહેનારા તરફ લોકો અત્યાર લગણુ તિરસ્કારની નજરથી જોતા હતા, પણ **કલકત્તામાં** સાયન્સ **પ્રોફેસર** મી. **જગદીશચંદ્ર** બોસે અને મી. **મારકોનીએ** અખ્તરા કરી લોકોને ચોક્કસ રીતે સિદ્ધ કરી આપ્યું છે કે જેમ તારના દોરડાની મદદ સિવાય એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંદેશા મોકલી શકાય છે. અને તેની લોકોને ખાત્રી થઇ છે. તેજ રીતે એક માણસનું મગજ પોતાનો વિચાર બીજા માણસના મગજને, ગમે તેટલું અંતર છતાં, પ્હોચાડી શકે તો તેમાં કાંઇ નવાઇ પામવા જેવું નથી. મી. **મારકોનીના** વીજળીના યંત્રો જેડા જડ પદાર્થો **ઇથરની** મારફતે બીજે સ્થળે દુર આવેલા વીજળીક યંત્રમાં અવાજો મોકલી શકે તો પછી **મન** જે અનંત શક્તિવાળું છે. તે પોતાના વિચાર બીજા મનને ઇથરની મારફતે કેમ ન મોકલી શકે ? અર્થાત મોકલીજ શકે. આ બાબતમાં કોઇપણ જાતના

સાંચાની કે સાધનની જરૂર પડતી નથી.

હાલના સમયમાં દરેક માણુસ ચહાય તો તે પુરૂષ હોય કે સ્ત્રી હોય પણુ વિચારથી સંદેશા મોકલવાનું કામ કરવા ચહાય છે. અને તાર અથવા ટપાલની મદદ સિવાય પોતાનાથી દુર વસતા સ્નેહી સાથે મનથી વાતચિત કરી આનંદ લેવાને તત્પર થાય છે. ઘણા માણુસો ધારે છે કે તે કામ તેઓ સહેલાઇથી કરી શકશે. અને જ્યારે તેઓ તે પ્રયત્નમાં નિષ્ફળ નીવડે છે. ત્યારે તેઓ બેહદ ઉદાસીન થાય છે. પણુ માણુસ બીજાને વિચાર મોકલી શકે તે પ્હેલા તેને વિચાર કરતાં શીખવું જોઇએ. અને આકાશ અથવા ઇથર મારફતે એક જગ્યાએ વિચારો મોકલી શકાય તે પ્હેલાં થોડી ઘણી પણુ એકાગ્રતાથી વિચાર કરવાની શક્તિ કેળવવી જોઇએ. ઘણા માણુસો નિરાશ થાય છે. અથવા નિષ્ફળ થાય છે. તેનું કારણુ એજ કે સામાન્ય રીતે દુનીયાના ઘણાખરા માણુસોના વિચાર નિર્બળ હોય છે, થોડી મીનીટ સુધી પણુ એકજ પ્રકારનો વિચાર તેઓ કરી શકતા નથી. પરિણામ એ આવે છે કે તે વિચારની ધ્રુજારીઓ એક ક્ષણે ઉત્પન્ન—જાગૃત થાય છે, અને બીજી ક્ષણે—પળે નાશ પામે છે, અને તેથી વિચારની અમુક ચોક્કસ આકૃતિ બંધાતી—થતી નથી, કે જે રસ્તામાં મળતી બીજા વિચારોની આકૃતિઓની વચ્ચે થઇને પોતાને જવાને ઠેકાણે જઇ પહોંચે. તેટલા સારૂ આવા પ્રયોગો કરવા ચ્હાનારાઓએ **મનને સ્થિર કરતાં શીખવું, અને પોતાના વિચારો ચોક્કસ સ્થાયી અને મજબુત રાખવા જોઇએ.** વિચાર ચોક્કસ હોવાથી તેને જે દીશામાં જે પુરૂષ અથવા સ્ત્રી તરફ મોકલવા હશે, ત્યાં ત્વરાથી જઇ પહોંચશે. **સ્થાયી** હોવાથી તેની આકૃતિ બદલાશે નહિ. અને **મજબુત** હોવાથી રસ્તામાં આવતા—અથડાતા બીજા વિચારોને હડસેલી મુકી-

યાને વીંધી નાંખી તેની આરપાર થઇ ધારેલા ઠેકાણે પહોંચી સામા મનુષ્યના મગજમાં દાખલ થઈ શકશે.

માનસિક સંદેશાની બાબતમાં ત્યારે પ્રથમ આ બાબત યાદ રાખવી જોઇએ કે જ્યારે કોઇ પણ માણસ બીજા કોઈ વિચારની હરકત વગર એકજ વિચારમાં મશગુલ થાય છે. ત્યારે તે વિચારની ધ્રુજરીઓ ઘણીજ ચમત્કારીક અસર કરે છે. આ ધ્રુજરીઓ ગમે તે જગ્યાએ પહોંચે છે એટલુંજ નહિ પણ ધારેલી અસર ઉત્પન્ન કરવામાં આબાદ સફળતા આપે છે. એટલે કે બીજાના દુર્ગુણ છોડાવી શકાય છે. તેનો પ્રેમ જીતી શકાય છે. તથા આપણા હિતનાં કામ બીજાઓ પાસેથી કરાવી શકાય છે, જે કામ કરવાને તેની નામરજી હોય તો પણ આપણે આ વિદ્યાની ગુપ્ત ચાવી વડે તે કામ તેની પાસેથી અજબ રીતે કરાવી શકીએ છીએ. એ બાબતમાં મારો કેટલોક જાતી અનુભવ છે, અને કદાપી તમારે પણ કામ પડે તો ખુશીથી તે બાબત મારી મદદ માગજો.

તમને તમારા કોઇ મિત્રને મળવાની ખાસ ઇચ્છા અત્યંત જરૂરના કાર્ય પ્રસંગે થઇ હોય. અને તમે મનને તીવ્રેચ્છાથી એજ વિચારમાં જોડી રાખોતો તમારો મિત્ર ગમે તેવા કાર્યમાં ગુંચાયેલો હશે તોપણ તેના મનમાં તમને મળવાની ઇચ્છા થશે, અને તે પોતાનું કામ પડતું મુકીને પણ તમને આવીને મળી જશે.

પ્રથમ તો વિચારનો સંદેશો કેવી રીતે જાય છે. તે વિચારીયે અને આપણે સંદેશો મોકલવાને શું શું કરવું જોઇએ તે પછીથી તપાસીશું.

વિચાર બે રીતે જઇ શકે છે. પ્રથમ રીતમાં મન અને મગજ બન્ને કામ કરે છે અને બીજી રીતમાં એકલું મન કામ કરે છે.

પ્રથમ રીતમાં પહેલો વહેલો **મનમાં** વિચાર ઉત્પન્ન થાય છે તે **વિચાર** આપણા **સુક્ષ્મ શરીરને** અસર કરે છે, અને સુક્ષ્મ શરીર આપણા સ્થુળ **મગજને** અસર કરે છે. પછી આપણા મગજમાંથી વિચાર પ્રમાણે ચોક્કસ ધ્રુજરીઓ ઉત્પન્ન થઇ ઇથર મારફતે સામા મનુષ્યના સ્થુળ મગજ અને સુક્ષ્મ શરીરને અસર કરે છે, અને સ્થુળ શરીર મારફતે સામાના મનમાં આપણે જે વિચાર કર્યો હોય તે જાગૃત ને ઉત્પન્ન થાય છે. આ બહુજ લાંબો રસ્તો છે પણ હાલના સમયમાં સામાન્ય મનુષ્યજાતિને વાસ્તે આ સિવાય બીજો માર્ગ નથી. કારણકે જે લોકો માનસિક ભુમિકામાંથી વિચાર સામા માણુસના માનસિક શરીરને મોકલી શકે, તે કાર્ય હાલના સમયમાં ઘણાજ થોડા કરી શકે તેમ છે. માટે તે બીજા માર્ગ સંબંધી અત્રે અમે વધુ લખતા નથી.

જેવી રીતે સમુદ્રમાં ફેંકેલા પત્થરમાંથી ઉત્પન્ન થયેલું મોજું બીજા મોજાને ગતિ આપે છે તેમ મનુષ્યના મગજમાં રહેલા ઇથરમાં થયેલી ધ્રુજરીઓ આસપાસની ઇથરમાંની ધ્રુજરીઓની ચારે બાજુ ફેલાય છે. અને ત્યાંથી ચાલી ચાલી સામા મનુષ્યના મગજની ઇથરમાં ધ્રુજરીઓ ઉત્પન્ન કરે છે. પણ જો સામો મનુષ્ય બીજા વિચારમાં બહુજ ગુંથાઇ ગયો હોય તો આ વિચારની ધ્રુજરીઓ તેને કોઇપણ પ્રકારની અસર કરી શકતી નથી. જેમ માણુસ આંધળો હોય તે પ્રકાશની ધ્રુજરીઓ ગ્રહી શકે નહીં, તેમ જે માણુસ પોતાના વિચારોમાં બહુજ ગુંથાઇ ગયેલો હોય છે. તે વિચારોની ધ્રુજરીઓ ગ્રહણ કરી શકતો નથી. માટે આ ઉપરથી એક નિશ્ચય એ સિદ્ધ થાય છે કે **વિચાર ગ્રહણ કરનાર માણસ યા સ્ત્રીએ શાન્ત અવસ્થામાં બેસવું. પોતાના મનથી વિચાર કરવા**

નહીં પણ બહારથી વિચારની જે ધ્રુજરીઓ આવે તે ગ્રહણ કરવાને તત્પર થઇ રહેવું.

જ્યારે તાઉસ, સારંગી અથવા સતારના તાર મેળવેલા હોય છે ત્યારે તેઓ એક બીજાના સુર પુરે છે. એકજ ધાતુના સરખા પ્રમાણવાળા પાંચ સાત ચીપીઆ સાથે મુકેલા હોય અને જ્યારે એક ચીપીયાને ઠોકવામાં આવે છે ત્યારે તે પાંચ સાત ચીપીયામાં પણ એક સરખી ધ્રુજરી ઉત્પન્ન થાય છે. તેવી રીતે જે મનુષ્યે સંદેશો મોકલવો હોય અને જે મનુષ્યે ગ્રહણ કરવો હોય તે બન્ને જણા એકજ પ્રકારના આંદોલનની (ધ્રુજરીની) સ્થીતિમાં હોવા જોઇએ. અને આવી સ્થીતિ ઘણા ભાગે સરખા વિચારવાળા મિત્રોમાં પતીપત્નીમાં અને એકજ કુટુંબના માણસોમાં માલુમ પડે છે. માટે પ્રથમ આવા પ્રયોગો સરખી લાગણી, દિલસોજી અને વિચારવાળા સ્રીપુરૂષોએ કરવા જોઇએ. બન્નેની વચ્ચે વિશુદ્ધ પ્રેમ હોવો જોઇએ. આમ હશે તોજ આ કામ સહેલાઇથી થઇ શકશે, અને પછી બીજા ગમે તેવા માણસને વિચારથી સંદેશા મોકલવાની હીમ્મત ધરી શકાશે. પણ જો પ્રથમ પ્રયાસ નિષ્ફળ જાય તો કેટલાક લોકો હીમ્મત હારી જાય છે તેમ કદાપી હીમ્મત હારી જવી નહીં. એવી રીતે પ્રથમ આરંભ કરવો કે જેમાં સિદ્ધિ થાય અને આ વિદ્યામાં વિશ્વાસ આવે. અમે તો ખાત્રીથી કહીએ છીએ કે આ બાબત ખરી છે, કારણકે અમને તે બાબતનો કાંઇક જાતિ અનુભવ છે, પણ જે લોકોને તે બાબતનો અનુભવ ન હોય તેમણે મનને એકાગ્ર કરવાની ટેવ પાડવી, અને ધીમે ધીમે આ બાબતના પ્રયોગ કરી ખાત્રી કરવી.

પહેલાં કેટલીકવાર નિષ્ફળ જાઓ તો હીમ્મત હારશો નહિ

પણ ધૈર્ય અને ખંતીલાપણાથી પ્રયત્ન જારી રાખશો તો આગળ વધશો આ સંબંધીમાં સેન્ફ્રાન્સીસકોમાં આવેલા એક ડૉકટરે પોતાની સ્ત્રી જે સો માઇલ ઉપર દુર હતી અને તેની સ્ત્રીએ તે ડૉકટરને ફક્ત મનદ્વારા જે સંદેશા મોકલ્યા હતા, તેના કેટલાક દાખલા વાચક વર્ગની જાણ માટે અમે અત્રે ખાસ રજુ કરીએ છીએ.

મોકલનાર—ડાકટરની સ્ત્રી. ૧૨—મે—૧૯૦૨

સહીસલામત આવી પહોંચી, મારી મુસાફરી સુખકારક હતી જોસફ બીમન ખુશીમાં છે જુના ઘરમાં મને સુંદર જગ્યા મળી છે.

ગ્રહણ કરનાર—ડાકટર ૧૨—મે—૧૯૦૨.

મુસાફરી સારી હતી બીમનને સારી રીતે ઉંઘ આવી હતી ઘર ચોરસ બાંધેલું. આગળ સારાં વૃક્ષો આવેલાં. ઓરડામાં સુર્યનો પ્રકાશ આવે છે ઇશાનખુણામાં લ્હાય લાગી.

(તે સ્ત્રીએ સુંદર જગ્યા મળી છે એમ સંદેશો મોકલ્યો હતો પણ તેના મનમાં જે સુંદર જગ્યાનો ચિતાર હતો તે પણ તેના ધણીના જાણવામાં આવ્યું, અને લ્હાય લાગી એ પાછળથી તપાસતાં ખરી વાત માલમ પડી.)

મોકલનાર—ડાકટર ૧૩—મે—૧૯૦૨

થેરેસા બીમન અને તેની મા ગઇ કાલે અહીંયાં હતાં, વ્યાપાર બરાબર ચાલતો નથી.

ગ્રહણ કરનાર—ડાકટરની સ્ત્રી ૧૩—મે—૧૯૦૨

હું ધારૂં છું કે થેરેસા બીમન ત્યાં હતી કે આવશે, કાંઇક

વ્યાપાર સંબંધી છે. પણ હુ તે બરાબર સમજી શકતી નથી, હું ધારૂં છું કે તે બરાબર ચાલતો નથી.

આ ઉપરાંત અમારા અનુભવમાં નીચે મુજબ બન્યું હતું જે લોકોનાં નામ આપવામાં એ હાલ કઢંગુ છે. કારણ કે તેઓ હયાત છે તોપણ બનાવ નીચે મુજબ બન્યા હતા.

એક પારસી બાનુ કેટલાક વખતથી એક ભાટીના પ્યારમાં પડી હતી, સારી સ્થિતિમાં બન્ને સુખ ચેનમાં રહ્યા, પણ પાછળથી ભાટીઓ સટ્ટાના વ્યાપારમાં નુકશાનીમાં આવી પડવાથી પારસી બાનુની પાસેથી કેટલાક રૂપીઆ લીધા હતા. તે પાછા આપવા જેવી સ્થિતિમાં તે ગ્રહસ્થ નહોતો છતાં પાછા લેવાની ઈચ્છાએ મને મુંબઈ બોલાવવામાં આવ્યો હતો ત્યાં ગયા બાદ તે બાઈને મળ્યો, તે વખતે બાઈને પૈસા સંબંધી લોભ હતો પણ તેના સ્નેહિને તેની આ રીત પસંદ નહોતી. એટલે છેવટે એમ ઠર્યું કે બંનેનો સંબંધ છોડાવી છુટાં પાડવા. આ માટે પ્રથમ મેં ભાટીયા તરફ આંદોલનો પ્રેરી તેને મારા મુકામે આકર્ષ્યો અને તેને યુક્તિસર તેમજ આંદોલનોથી બહારગામ જવા ઉશ્કેર્યો. ને તેમજ બન્યું. આ માણસનું ઠામ ઠેકાણું હું જાણતો ન હોવાથી ફક્ત તેડાવનાર બાઈ પાસેથી તેનો ફોટો મેળવી તેના ઉપરજ મારાં આંદોલનો સચોટ બેસાડી તેને મારા તરફ આકર્ષવાનું કાર્ય મ્હેં કર્યું હતું.

બીજો દાખલો—એક ગ્રહસ્થ કેટલાક વખતથી એક બાઈ સાથે વિશુદ્ધ પ્રેમમાં જોડાયો હતો, પાછળથી તે પ્રેમ માયીક થઈ પડ્યો. તે છોડાવવાને માટે મને ત્યાં બોલાવવામાં આવ્યો. મ્હેં પ્રથમ તે ગ્રહસ્થને તે બાઈ પ્રત્યે અભાવ ઉપજે તેવાં આંદોલનો પ્રેરવા

માંડ્યા પણ તેનું મગજ બહુજ મજબુત હોવાથી પેલી બાઈના મગજ તરફ આંદોલનો મોકલ્યાં. તેનું પરિણામ એ આવ્યું કે તે બાઇનો તેના ઉપર અભાવ થયો, અને બન્ને છુડાં થયાં.

ત્રીજો દાખલો—ધણી ધણીયાણીમાં દરરોજ હદબહાર કંકાશ થતો હતો; જો કે વર સારો કમાઉ તેમજ બૈરી સારી ચાલની હતી, છતાં બે જણના સ્વભાવ નરમ ગરમ—નહિ પણ બન્નેના ગરમ હોવાથી સ્હેજ વાતમાં એક બીજા સાથે છેડાઇ પડતાં ને તેમાંથી બન્ને કેટલાંક વર્ષથી એક બીજાથી જુદાં પડ્યાં હતાં. આ કામ માટે સ્ત્રી તરફથી મને તેડાવવામાં આવ્યો. મ્હેં એક મહીના સુધી ત્યાં રહી એવાં આંદોલનો પ્રેર્યાં કે બંને જણા એક બીજા માટે દર્શનાતુર થઈ ગયાં અને છેવટે અજબ જેવી રીતે એક થયાં!

ચોથો દાખલો—રૂસ્તમજી નામના એક ગ્રહસ્થને કોઇએ મેલી વિધાનો જાદુ કરેલો એવો વ્હેમ હતો. જેના લીધે તેઓ સદા તન મનથી દુઃખી રહેતા હતા. તેમણે ઘણાક બ્રાહ્મણો જોષીઓ ફકીરો અને ડાકટરોની મદદ લીધી, તેમજ દેવ દેવીઓ અને પીર પેગંબરો તથા ઓલીયાઓની બાધા-માનતાઓ રાખી. કેટલાંએ દોરા તાવીજ અને કડાં પહેર્યાં છતાં આરામ થયો નહિ. છેવટે તેઓએ મારી મદદ માગી. મુંબઇ જવા આવવાના ગાડી ભાડાના તથા ખાધા ખરચના મળી રૂ. ૨૦) મનીઓરડરથી મોકલી આપી મને ત્યાં તેડાવી રૂબરૂમાં દરેક હકીકત ખુલ્લા મનથી જણાવી. પછી મેં જે કાંઇ કરી આપ્યું તેનાથી તેઓ સુખી થયા અને સુળીનું વીઘન સોયથી ટળી ગયું.

પાંચમો દાખલો—એક વિધવા બાઇને પહેલાના ધણીના પેટની એક છોકરી હતી એટલે પોતાની અને બેનની છોકરીનું ભલું

થાય એવી નેક આશાથી એ બાઇની ઇચ્છા પોતાના રાંડેલા બનેવીની સાથે ફરી લગ્ન કરવાની મરજી હતી, છતાં બાઇ ગરીબ હોવાથી અને તેનો બનેવી તવંગર હોવાથી મોઢે હા હા કરીને હાથ તાળી આપતો હતો, એટલા સારૂ મને તે બાઇએ ગાડી ભાડા સારૂ રૂ. ૨૦) મનીઆરડરથી મોકલી આપી મુંબઇ તેડાવ્યો. અને તેથી હું મુંબઇ જઇ અમારા હીંદુ મીત્રને ત્યાં ઉતર્યો અને પછી તે બાઇએ બતાવેલા ટાઇમે તેમના ત્યાં જઈ મળ્યો. તેણીની ખરી બીના જાણી તેના ભવિષ્યમાં કેમ બનશે તે સુચવનારૂં પવિત્ર ધ્રુજરીઓનું તાવીજ આપ્યું. જેના પ્રતાપે એકજ અઠવાડીઆમાં લગ્ન થઇ ગયાનું તથા સાસુ તરફથી અતીષય હરખ ભર્યો આવકાર આપવાનું ખુશનુંમાં સ્વપ્ન જોવા પામી હતી.

આ ઉપરાંત બીજાં કેટલાક કામ મ્હેં કર્યા છે અને હજીપણ જે કોઇ જવા આવવાનું ગાડી ભાડું ને ખાધા ખરચ મોકલી આપે છે તે લોકોના માટે તેમના ગામ જઇ બની શકે તો કામ કરીએ છીએ અને પાછળથી તેઓ ઇનામ તરીકે કાંઇ આપે તો લઇએ છીએ. બાકી કોઇની પાસેથી કાંઇ પણ ખાસ ફી લેતા નથી. કારણ કે એક માણુસ જાત તરીકે બીજા કોઇને પણ મદદ કરવી એમાં અમે મહા પુન્યનું કામ સમજીએ છીએ. બાકી અમે કાંઇ ઇશ્વર નથી.

મુંબઇ, પુના, સુરત, વડોદરા વીગેરે મોટાં શહેરોમાં અમારા ઘણા સ્નેહીઓ હોવાથી અમને ત્યાં તેડાવનાર માણુસને અમારા સારૂ ખાવાની કે ઉતારાની ગોઠવણ કરવી પડતી નથી કારણ કે અમારા હીંદુ ભાઇઓને ત્યાંજ અમે ઉતરીયે છીએ, અને તેડાવનાર ગ્રહસ્થને તેના મકાને કે અમારા ઉતારે જ્યાં તેને મળવાની ઇચ્છા હોય ત્યાં રૂબરૂમાં મળી તેના કામનો બંદોબસ્ત કરીયે છીયે. તેમ બીજા મંત્ર-

વાદીના જેવા ધુપ ધુમાડા કે તીલાં ટપકા અમે કરતા નથી, પણ એક વેપારી ગ્રહસ્થ તરીકે ફક્ત પરોપકાર ખાતરજ આ કામ કરીએ છીએ તેથી વાંચનાર ગ્રહસ્થ કે બાનુઓને નમ્રતા પુર્વક અરજ કરીએ છીએ કે પોતાનું કે પોતાના સ્નેહીનું ખાસ જરૂરનું કામ હોય તોજ અમને વીગતવાર લખવું અને મદદ માગવી. બાકી નજીવા કામ સારૂ અમને નાહક તેડાવવાની તસ્દી લેવી નહી.

સંદેશા મોકલવાની રીત.

હવે મનથી વિચારનો સંદેશો મોકલનારે તથા ગ્રહણ કરનારે શું શું કરવું જોઇએ તે જણાવીએ છીએ. જે વખતે સંદેશો મોકલવો હોય તે વખતે મોકલનાર માણસે લેનાર માણસમાં વૃત્તિ જોડવી તથા મજબુત અને દૃઢ ઇચ્છાથી તે મોકલવો જોઇએ.

ઉપર જણાવ્યા મુજબ વીચારો ચોક્કસ, સ્થાયી અને મજબુત રાખવા જોઇએ. લેનાર માણસે પોતાના મનને સંકલ્પ અને ક્રીયા રહિત કરવું, અને જેમ કોરી સ્લેટમાં અક્ષર શુદ્ધ લખાય, તેમ શાંત મનમાં સામેથી આવતા શબ્દો યા વિચારોની ધ્રુજારીઓ સમજ પડે તેવી ચોખ્ખી અસર કરે છે.

ક્રીયા કરવાનો સમય.

ક્રીયા કરવાનો સમય, અમે તે સ્થળમાં હોય, તો પણ એકજ રાખવો જોઇએ, આજે જે સમય રાખ્યો હોય તે સમયજ આવતી કાલે રાખવો. પ્રાતઃકાળનો બ્રહ્મ મુહુર્તનો સમય તેમજ રાત્રે ઉંઘતાં

પહેલાનો સમય, જ્યારે સર્વ શાંત હોય અને મન પણ સ્થિર અને ઉદ્વેગ વગરનું હોય તે વખતે આ ક્રિયા કરવાથી બહુજ સ્હેલાઇથી તે થઈ શકે છે. જેમ મન વધારે શાંત, અને એકાગ્ર તેમ આ પ્રયોગની સિદ્ધી વધારે એ નક્કી સમજવું.

મોકલનાર માણુસે એક શાંત ઓરડામાં જઈ, આરામ ખુરસી અથવા બીજા કોઇ સુખાસને બેસી વિચાર લેનારની માનસિક છબી મનથી ખડી કરવી, અને પછી તે માણુસને આપણે કાંઇ કહેતા હોઇએ તે પ્રમાણે આપણા વિચારનો સંદેશો જણાવવો, અને ગ્રહણ કરનારે પણ શાંત અને સંકલ્પ રહિત થઇ રહેવું, અને બહારથી જે શબ્દો સંભળાય તે નોંધી લેવા. આ સ્થિતિમાં શબ્દો સંભળાતા જશે તેમ કોઇ કોઇ વેળાએ મનમાં તેવા શબ્દો ઉત્પન્ન પણ થતા જશે. માટે જેમ જેમ અભ્યાસ વધતો જશે તેમ તેમ તે સંબંધી વધારે સારી સમજ પડતી જશે.

આ ક્રિયા જ્યારે સિદ્ધ થાય ત્યારે સંદેશો મોકલનાર માણુસે લેનાર થવું, અને લેનાર માણુસે વિચાર મોકલવાનો પ્રયોગ કરવો. આથી તે બન્નેના મન એક સુર વાળાં થઇ જશે. અને તેથી પછી લેનાર ધણી ગમે તેવા કામમાં ગુંથાયેલો હશે તોપણ મોકલનાર માણુસે મોકલેલા વિચારો અને શબ્દોની ધ્રુજરીઓ ઝટ તેને અસર કરશે જેથી તે સંદેશો ઝટ ગ્રહણ કરી શકશે. કારણકે મોકલનાર માણુસના વિચારની ધ્રુજરીઓ લેનારના મગજના જ્ઞાનતંતુમાં વિજળી જેવા પ્રવાહનું ભાન કરાવે છે સંદેશો આવતાં તારની સોય હાલે તેમ જ્ઞાન તંતુમાં ભણકારો થાય છે. આમ થતાંજ લેનાર ધણી મનને શાંત અને સંકલ્પ રહિત બનાવે છે અને સંદેશો સાંભળવા તૈયાર થાય છે.

બીજી રીત.

પ્રથમ એક સાદો સફેદ કાગળ લેઇ તે ઉપર જે સંદેશો મોકલવો હોય તે લખવો અને ટેબલ ઉપર દરેક શબ્દ દેખી શકાય તેમ મુકવો. બાદ તમારી નજર આડી અવળી જાય નહીં માટે બે ફીટ લાંબુ અને ૪ ઇંચ ડાયામેટર વ્યાસવાળુ કાગળનું ગોળ ભુંગળું બનાવી તેમાં સ્થિર દ્રષ્ટી કરી કાગળ ઉપર લખેલા સંદેશાના શબ્દો જોવા માંડો અને જ્યારે અક્ષરો ઝાંખા ઝાંખા થઇ દેખાતા બંધ થવા માંડે ત્યારે ફરી આંખ્યો હીલાવી તેને શુદ્ધ રીતે જોતા રહેજો. આ પ્રમાણે કરવાથી પણ તમે અજબ જેવા ચમત્કાર જોવા પામશો અને તમારા સંદેશા મોકલવાને સમર્થવાન થશો.

દરેક બાબતની માફક વિચાર મોકલવાની બાબતમાં પણ નાના પાયાથી શરૂઆત કરવી જોઇએ, દાખલા તરીકે પ્રથમ તમારે એક શબ્દ મોકલવો. તે એક શબ્દ બરાબર સામો માણસ ગ્રહણ કરી શકે છે એમ જણાયા પછી બે શબ્દો, પછી ધીમે ધીમે નાનું નાનું વાક્ય, અને પછી મોટું વાક્ય, આ રીતે ક્રમે ક્રમે વધ્યા જવું આમ કરતાં કરતાં તમે એવી સ્થિતિ પ્રાપ્ત કરી શકશો કે જે જોઇને તમને પણ આનંદ અને આશ્ચર્ય થશે, અને તેથી હીંમત અને આત્માની શક્તિમાં દ્રઢ વિશ્વાસ દીન પ્રતિદીન વધતો જશે.

આ વિદ્યાથી ધણી ધણીયાણીના કજીયા મટાડી પ્રેમ વધારી શકાય છે, સગાં સ્નેહીઓ અને શેઠની મહેરબાની વધારી શકાય છે વ્યાપાર, ઉદ્યોગ અને અભ્યાસમાં ઉત્સાહ વધારી શકાય છે, ધારેલું કામ પાર પાડવા, અમુક માણસનો પ્રેમ પ્રાપ્ત કરી શકાય છે. અને દુર્ગુણીઓ તથા ખરાબ સ્વભાવવાળાઓને પણ ઠેકાણે લાવી શકાય

છે. માટે આવી વિદ્યા આ દેશના દરેક લોકો શીખે અને તેનાં મીઠાં ફળ ચાખે એવી શુભ આશાથી આ વિદ્યા જાતિઅનુભવથી મેં પરોપકાર સારૂ પ્રગટ કરીછે તેને સૌ કોઇ લાભ લેશે એવી આશા છે.

સુક્ષ્મ તત્વ જોવાની રીત.

ત્રણ અથવા ચાર હાથ પહોળો અને છ કે સાત હાથ ઉંચો પૂર્ણ કાળા રંગનો પડદો તૈયાર કરાવજો. તે પડદાને સંધ્યાકાળે મળશુગળુ અજવાળુ રહે ત્યારે એક ભીંત સાથે ટાંગજો, અને તે પડદાની આગળ ત્રણ અથવા ચાર હાથને છેટે એક નીરોગ સુદૃઢ શરીરના માણસને ઉભો રાખજો. તે માણુસને પડદાના મધ્ય ભાગે એવી રીતે ઉભો રાખવો કે જેથી ત્હેની બધી બાજુએ એક અથવા દોઢ હાથ જેટલી પડદાની કાળી ભોંય, જોનારને દેખાતી રહે. ત્હમારે તે માણુસથી પંદર અથવા વીશ પચ્ચીસ હાથને છેટે એવી રીતે ઉભા રહેવું કે ત્હેની આકૃતી પડદાની કાળી ભોંયપર ચીત્રેલા જેવી દેખાય. પછી થોડીવાર સુધી તમારી આંખ્યોને મીંટ માર્યા વિના ખુલ્લી રાખી જોયા કરજો એટલે ધીમે ધીમે ત્હેના શરીરમાંથી વહેતાં પ્રકાશનાં કીરણો દેખાશે ને તે વધતાં વધતાં એટલાં બધાં દેખાશે કે પડદાની કાળી બાજુ તો ત્હમે બીલકુલ દેખશો નહીં પણ તે માણુસ તમામ ચળકતાં કીરણોથી વીંટાઇ ગયેલો જોશો. આ તે સુક્ષ્મ તત્વ છે કે જેને **એનિમલ મેગ્નેટીઝમ** કહે છે એજ ત્હેનું જીવનતત્વ છે અને માણુસ જ્યારે કોઇપણ પ્રકારના કામમાં મચ્યો રહે છે ત્યારે ત્હેની મહેનતના પ્રમાણમાં આ દ્રવ્ય વહેતુંજ રહે છે પરંતુ સમાધિ. નિંદ્રા કે ધ્યાનમાં તે બહાર વહી જતું નથી પણ

બહાર નિકળી પાછું અંદરજ સમાઇ જાય છે અને તેથી આપણે એવી અવસ્થાઓમાંથી જ્યારે ઉઠીએ છીએ ત્યારે શરીર નવા બળવાળું લાગે છે.

વૈરાટ સ્વરૂપ જોવાની રીત.

દરેક માસની શુદ ૧૨ થી માંડીને વદી ૬ સુધીમાં જ્યારે ચંદ્રમા સ્વચ્છ પ્રકાશતો હોય અને આકાશ વાદળાં રહિત હોય ત્યારે વૈરાટ સ્વરૂપનો ચમત્કાર જોવાની ઇચ્છા રાખનારે ઝાડી અને ટેકરા વગરના મેદાનમાં જવું. ત્યાં ઉભા રહી પોતાના પડછાયાના શિરોબિંદુ ઉપર ચંચળ વૃતિનો ત્યાગ કરીને એકાગ્ર ચિત્તથી આસપાસની દિશાઓમાં ન જોતાં આંખોની મીંટ માર્યા વગર સ્થિર દ્રષ્ટિથી જોયાં કરવું. આવી રીતે કેટલીક વેળા સુધી જોઇ રહેતાં જ્યારે તમને આસપાસ પ્રકાશનાં કુંડાળાં જણાય, ત્યારે તમારે પોતાના પડછાયાને આંખની મીંટ માર્યા વગર એકદમ લંબાવી આકાશ સામું જોવું. આહા ! કેવો વિલક્ષણ ચમત્કાર ! ! જોનાર આ વખત સ્વચ્છ આકાશમાં પોતાનો મ્હોટો ને ભયંકર શરીરના આકારનો પડછાયો જોશે અને તે પડછાયામાં ચળક ચળક થતા તારાઓના સમુહને જોઈ ખચીત્ત તે સાનંદાશ્ચર્ય પામ્યા વગર રહેશે નહીં.

હાથ પાતળો દેખાશે—કોઈપણ ન્હાના અથવા મ્હોટા માણસને દીવાની સામે બેસાડીને તેના હાથના પંજાને કપાળના ઉપલા ભાગને અડાડી દીવા સામે બંન્ને આંખોની નજર બરાબર ઠરાવી કાંડાને એકી નજરે થોડી મીનીટ જોવાનું કહો એટલે તરત તેનું કાંડું ઘણુંજ પાતળું લગભગ આંગળી જેવું જોઇને અજબ થશે કે આ તે કેવો ચમત્કાર !

સુતેલાને જગાડવો—કોઇપણ સુતેલા આદમીને ભર ઉંઘમાંથી જગાડવો હોય તો તેની પથારી આગળ બેસી આપણે જો થોડી મીનીટ તેની આંખ્યો સ્હામે એકી નજરે જોઈ રાખ્યું હોય તો પેલો માણુસ તરત જાગી ઉઠશે, અને આપણા તરફ સાનંદાશ્ચર્યથી જોશે.

કાનમાં કૌતક—બંન્ને કાનમાં આંગળીઓ ઘોચી રાખી બહારના પવનને કાનમાં જતો અટકાવ્યો હોય તો નાના પ્રકારના નાદ—અવાજ સાંભળવામાં આવે છે. અને તેથી રમુજ ઉપજે છે.

અજબ ગમ્મત—બંન્ને હાથની વચલી આંગળીઓ બંન્ને કાનના વેહમાં મજબુત રીતે ખાલીને બંન્ને હાથના અંગુઠા વડે આંખ્યો મીંચી તેના ડોળા દબાવ્યા હોય તો વર્ષાદના જેવી ગર્જના સાંભળવામાં આવશે, તેની સાથે ઘણો સુંદર પ્રકાશ પણ જોવામાં આવશે. આ પ્રયોગ ઝાઝો વખત કરવો નહિ.

ભયંકર અવાજ—એકાંત જગ્યા કે જ્યાં સઘળું ચુપાચુપ છે, અને તેને લીધે આસપાસ સર્વત્ર શાન્તપણું પ્રસરી રહ્યું છે. એવા સ્થાનમાં સ્થિર ચિત્તથી બેસશો તો તમારા સાંભળવામાં એક જાતનો ઝીણો અને ભયંકર અવાજ આવ્યા કરશે.

અંતર દ્રષ્ટી જ્ઞાન—શાન્ત સ્થળના એક ઓરડામાં સ્થિર ચિત્તે (બીજા વિચારો અન્તકરણમાંથી દૂર કરીને) બેસી આંખને અર્ધ ઉઘાડી રાખી એકાદ દેવની છબીને થોડી મીનીટ એકી ટશે જોઈ રહેશો એટલે આંખ્યો મિંચાવાની તૈયારી થશે અને આખો ઓરડો અંધકારથી છવાઇ ગયેલો જણાશે. તે વખતે પેલી દેવની છબી બરાબર દેખાય નહિં કે તરત એકદમ આંખ્યો મીંચી જવી,

આમ કરવાથી તે દેવની છબી અંતરદ્રષ્ટીથી જોવીને તેવીજ પાછી દેખાશે, આ ક્રિયાના અભ્યાસમાં વધારો થવાથી આગળ જોયેલી ચીજને અંતરદ્રષ્ટીથી વર્ત્તમાન સમયે તે કેવી સ્થિતિમાં છે, તે પણ યથાર્થ રીતે જોઇ શકાશે. કેટલાકને આ ક્રિયા સાધતાં અતિંદ્રીય જ્ઞાન પણ થાય છે.

નાકનો પવન બદલવાની રીત—નાકના જમણા છિદ્ર વાટે પવન નીકળતો હોય તેને બંધ કરીને જો ડાબે માર્ગે વહન કરવો હોય તો જમણા પગનો ઢીંચણ જમણા હાથની કાખલીમાં દબાવીને બેસવું એટલે કુદરતી રીતે તેમ થશે. ડાબા છિદ્રમાંથી જમણા છિદ્ર વાટે પવન વેહેવરાવવો હોય તો ડાબો ઢીંચણ ડાબી બાજુની હાથની કાખલીમાં દબાવીને બેસવું.

આ બધા પ્રયોગો મ્હારા અજમાવેલા છે અને તે સાવચેતીથી કરવાથી કોઇ પણ પ્રકારનું નુકશાન નથી. પરંતુ તે ઉપર જો ખંત પુર્વક વિચાર કરવામાં આવે તો સારો લાભ થાય તેમ છે.

કાર્યે સિદ્ધિનો ઉપાય—કોઇ પણ માણસ સાથે આપણા લાભની વાત કરવી હોય તો આપણા નાકના બે છીદ્રોમાંથી જે બાજુના નસકોરામાં પવન વહેતો હોય તે બાજુ તેમને બેસાડી વાત કરવાથી આપના બોલ્યાની તેને ઘણી સારી અસર થાય છે ને ધારેલું કામ પાર પડે છે.

ધારેલો લાભ થાય—કોઇ પણ કામે જતાં જે બાજુના નસકોરામાંથી પવન વહેતો હોય તે બાજુનો પગ પહેલો ઉપાડી બહાર જવું અને જેના ઘરમાં મકાનંમાં કે ઓફીસમાં જઇ કામ કરવું હોય તે મકાનમાં જે નસકોરામાંથી પવન વહેતો હોય તે બાજુનો પગ પહેલાં મુકીને અંદર પ્રવેશ કરવાથી સારો લાભ થાય છે.

ઇન્ડીઅન સ્વૉન-હંસ

જાદુગર ખેલ કરે છે તે બે જાતના હોય છે. (૧) સ્ટેઇજપર કરવા જેવા (૨) ખાનગી મિજલસોમાં કરવા જેવા. જે જે પ્રયોગો મિજલસોમાં કરવા જેવા છે, તે સ્ટેઇજપર થઇ શકે છે, પણ સ્ટેઇજ પર કરવાના ખેલ મિજલસમાં થઈ શકતા નથી. અને કદાચ કરે છે તો જગ્યાની અગવડને લીધે, અને પુરતાં સાધનો નહિ મળવાને લીધે નિષ્ફળ થાય છે, અને કદાચ થાય તો ધારેલી અસર કરી શકતા નથી.

ઉપર લખેલો 'ઇડીયન સ્વૉનહંસ' નો ખેલ સ્ટેઇજ તેમજ મિ-જલસ બન્નેમાં સહેલાઇથી કરી શકાય છે, એમાં આસીસ્ટન્ટ અગર હાથની સફાઈની બહુ જરૂર નથી. એટલે કોઈ સાધારણ માણસ પણ એ ખેલ કરી શકે છે,

પ્રયોગ—ટેબલપર કાચના પ્યાલા ગોઠવેલા હોય છે, તેમાંથી એક પ્યાલું લઇ, એક વાસણમાંથી દુધ અને બીજામાંથી પાણી લઇ તે પ્યાલામાં એકઠા કરે છે. કાચેનો પ્યાલો પહેલેથી ખાલી બતા-વવામાં આવે છે; ત્યાર પછી બીજા બે પ્યાલા લઇ, ઓડીયન્સને

બતાવવા આપે છે અને કહે છે કે એની અંદર કાંઇ પણ યુક્તિ નથી, તેમજ તદ્દન સાદા છે. તેને પાછા લઇ ફરીથી ટેબલપર મુકે છે. અને એકેકથી દુર ગણે છે.

ત્યાર પછી ટેબલપર મુકેલાં ઢાંકણાં તે કાચના પવાલા ઉપર ઢાંકે છે. લાકડી લગાડી ઉઘાડતાં વચલા ગ્લાસમાંથી લોકોની પુર અજાયેબી વચ્ચે એકઠાં કરેલા દુધ પાણી જતાં રહેલાં હોય છે, અને ગ્લાસ તદ્દન ખાલી નજરે પડે છે. એટલું થયા પછી પેલા બે ગ્લાસ એક પછી એક ઉઘાડે છે, ને ઓડીયન્સના હાથમાં બતાવવા આપે છે, તો તેમાંથી દુધ અને પાણી જુદાં પડેલાં દેખાય છે; અને તે ખરાજ દુધ અને પાણી છે, એમ સાબીત કરવા પ્રોફેસર લોકોની અજાયબી અને હસાહસ વચ્ચે ગટગટાવી જાય છે.

હંસનો જાતી સ્વભાવ છે કે દુધ અને પાણી એકઠાં મુકીએ તો પણ દુધ પી જાય અને પાણી જુદુ રહે છે, આ ખેલમાં પણ દુધ અને પાણી એકઠાં કરી તેમાંથી દુધ પાણી જુદાં થાય છે, તેથી તેનું નામ "ઇન્ડીયન સ્વૅાનહંસ" આપ્યું છે.

ખુલાસો—પ્રોફેસર જે ગ્લાસમાં દુધ અને પાણી ભરે છે, તેને પતરાંની નીચેથી બેસતી આવતી ખોલી જેવી બેઠકમાં મુકે છે એવીજ બેઠક પેલા બીજા બે ગ્લાસની પણ હોય છે. હવે જ્યારે પહેલું ગ્લાસ (દુધને પાણી ભેગા કરેલું) બેઠક ઉપર મુકવા જાય છે ત્યારે તેનાં કાણાંમાંથી ચોંટાડેલું મીણ હાથેથી ખેરવી નાંખે છે, ત્યાર પછી તેના ઉપર ખાલી બનાવેલું ઢાંકે છે. આટલું કર્યા પછી બીજું ગ્લાસ લઇ, બીજી ટેબલપર મુકે છે અને તેજ પ્રમાણે કવર ઢાંકે છે. તેજ પ્રમાણે ત્રીજા ગ્લાસને ત્રીજા ટેબલપર મુકે છે. ત્યાર

પછી લાકડી ફેરવી પહેલાં વચલું ગ્લાસ ઉઘાડે છે. તો તે ખાલી માલમ પડે છે, કારણ કે એ ગ્લાસની નીચેનું મીણુ કાઢી નાંખેલું તેથી દુધ અને પાણી પેલી બેઠકમાં ઉતરી જાય છે. તેથી ગ્લાસ ખાલી દેખાય છે. જેવી રીતે આ પહેલા ગ્લાસમાં નિચે યુક્તિ છે તેવી રીતે બીજા ગ્લાસનાં ઢાંકણામાં તેવીજ રીતની યુક્તિ હોય છે. એ ઢાંકણાંને ઉપરથી એક પડ હોય છે, અને તેમાં કાણું હોય છે, તે પડમાં આગળથી દુધ ભરી કાણાંને મીંણથી બંધ કરી છે, ને જ્યારે ગ્લાસપર ઢાંકવા જાય છે, ત્યારે પેલું મીંણુ ખસેડી નાંખે છે જેથી પેલા કાણાંમાંથી દુધ ટપકવા માડે છે. તેવીજ રીતે ત્રીજામાં હોય છે ને તેમાં પણ પાણી પહેલેથી ભરી રાખેલું હોય છે, તે ટપકે છે. પ્રોફેસર ત્રણે ગ્લાસને સાથે રાખતો નથી, ને જુદા જુદા ટેબલપર મુકે છે તેના બે કારણો છે. એક તો એ કે વખત રોકાય અને તેથી દુધને પાણી ટપકવાનું હોય તે એટલીવારમાં ટપકી રહે અને બીજું એકે એમ કરવાનો પોતાનો હેતુ ઓડીયન્સ સમજે નહીં આ પ્રયોગમાં રંગીન પદાર્થો નહીં વાપરવા મારી ખાસ ભલામણ છે, કારણ કે રંગીન પદાર્થો વાપરવાથી પહેલું ગ્લાસ ખાલી બરાબર નહીં જણાય, અને એની બેઠક ઉપરથી ઉપાડતાં ફેરતો થઇ જાય.

જાદુઈ કોઇન.

મેજીશીયન ઓડીયન્સ પાસેથી એક રૂપીયાની માગણી કરે છે ને તેને નીશાની કરાવે છે. પછી ઓડીયન્સ પાસેથી એક રૂમાલ માગી લે છે, પછી કોઇને પણ તે સ્ટેઇજ ઉપર આવવા ફરમાવે છે તે માણસના સ્ટેઇજપર આવ્યા પછી જે રૂપીયા ઉપર નીશાની કરાવેલી હોય છે તે રૂપીઓ બતાવે છે ને રૂમાલની મધ્ય ભાગમાં

મુકીને પણ ખાત્રી કરાવે છે કે તે નીશાની કરાવેલોજ રૂપીઓ છે. પછી તે રૂપીઓ તે ગ્રહસ્થ પાસે પકડાવે છે. પછી એક નાનું મીનીમ ગ્લાસ પણ ઓડીયન્સને ખાત્રી કરવા આપે છે, ને કહે છે કે તેનું તળીયું સાબીત છે. તે બતાવ્યા પછી ગ્લાસમાં પાણી નાંખવામાં આવે છે. પછી પાણી નાંખેલું ગ્લાસ જે ગ્રહસ્થે રૂપીઓ પકડેલો છે તેના ડાબા હાથમાં આપે છે. (અગર મેજીશીયન પોતાના હાથમાં રાખે છે) પછી જે ગ્રહસ્થના હાથમાં રૂપીઓ છે તે ગ્રહસ્થને કહે છે કે હું એક, બે, ત્રણ, બોલું એટલે તમો રૂમાલમાં પકડેલો રૂપીઓ ગ્લાસમાં છોડી દેજો. તે પ્રમાણે રૂપિયો છોડી દે છે એટલે રૂપીયો પ્યાલામાં પડે છે, એવો અવાજ થાય છે ને ઓડીયન્સને પણ અવાજ સંભળાય છે. પછી ગ્લાસ તે ગ્રહસ્થને બતાવે છે કે રૂપીયો ગ્લાસમાં છે? તો તેને જવાબ મળે છે કે નહિ. પછી સ્ટેઇજ ઉપરથી નીચે ઉતરી દરેક જણની ખાત્રી કરાવે છે કે રૂપીઓ ગ્લાસમાં નથી, ફરી જે ગ્રહસ્થને સ્ટેઇજ ઉપર બોલાવેલો છે તેમની ખાત્રી કરાવે છે કે રૂપીયો નથી. પછી તે રૂપીઓ તે ગ્રહસ્થની પીઠ પાછળથી લોકોની અજાયબી વચ્ચે કાઢવામાં આવે છે.

ખુલાસો—આ રમતનું રહસ્ય સહેલું છે. ઓડીયન્સ પાસે રૂપીયાને નીશાની કરાવીને સ્ટેઇજ ઉપર પ્રોફેસર આવે છે. તે વખતે તેની પાસે ડાબા હાથમાં એક રૂપીયાની સાઇઝનો કાચનો ગોળ કડકો તેના હાથમાં હોય છે, તે કટકો પેલા નિશાની દર્શાવેલા રૂપીયાની પાછળ રાખે છે. ને રૂપીઓ ઉપર રાખે છે, ને ડાબા હાથના અંગુઠા તથા બે આંગળાની વચ્ચે પકડીને બતાવે છે કે નીશાની દેખાય છે તો 'હા' નો જવાબ મળે છે. પછી રૂમાલની વચમાં લઇને પકડાવે છે એટલે રૂપીઓ જાદુગરના હાથમાં રહે છે ને કાચનો કટકો તે ગ્રહ

સ્થના હાથમાં રહે છે તે રૂપીયાની સાઇઝનો હોવાથી માલમ પડતું નથી. ને એમ લાગે છે કે રૂપીઓજ પકડેલો છે. પછી એક, બે, ત્રણ, કહેતાંની સાથે કાચનો કટકો ગ્લાસની અંદર પડે છે ને અવાજ થાય છે એટલે ઓડીયન્સ સમજે છે કે ગ્લાસમાં પડયો પણ રૂપીયાને બદલે કાચનો ટુકડો પડયો. પછી ઓડીયન્સને બતાવે છે તો રૂપીયો દેખાતો નથી. ખાત્રી કરાવ્યા પછી ગ્લાસને ટેબલ ઉપર મુકે છે પછી પેલા ગ્રહસ્થને કહે છે કે હું ધારૂં છું કે રૂપીયો તમોએ સંતાડેલો છે ને મારા ધારવા પ્રમાણે તમારા કોટના ખીસ્સામાંછે

એમ કહી આગમચથી તૈયાર રાખેલો પેલો રૂપીઓ કે જેની પાછલી સાઇડ ઉપર વાળીને પીન મારેલી છે તે રૂપીયો જ્યારે ગ્ર; હસ્થ પોતાના ખીસ્સા તપાસવા મંડે છે ત્યારે જાદુગર તેના કોટ પછવાડે પેલો રૂપીયો વળગાડી દે છે. પછી તે ગ્રહસ્થ પોતાના ખીસ્સાં તપાસીને કહે છે કે મારી પાસે નથી. પછી તે પ્રોફેસર થોડે દુર ઉભો રહીને કહે છે કે નાહી રૂપીયો તમેજ સંતાડેલો છે. હવે મારે મારી શક્તિથી કાઢી આપવાની જરૂર પડે છે. માટે મહેરબાની કરીને મારી સામા ઉભા રહેશો. ને તે પ્રમાણે ઉભો રહે છે એટલે રૂપીયો પીઠ ઉપર ઓડીયન્સને દેખાય છે એટલે હસાહસ થાય છે.

રૂપીઆની જુબાની.

રૂપીયાની જુબાની? એટલે શું રૂપીઓ બોલશે? એમ વાંચક ખ્યાલ કરશે? નહિ, તેમ નહિ, જડ વસ્તુને વાચા હોતી નથી એટલે બોલી તો શકેજ કયાંથી, અને જ્યારે બોલી શકે નહિ તો જુબાની કેમ આપી શકે? આ સવાલનું સમાધાન કરવાને એટલું જ કહેવું અગત્યનું છે કે જાદુગર ગપ્પા તો ખેલાડીના સવાલનો

જવાબ માત્ર એક વસ્તુ કે જેમાં તેને મુકવામાં આવી હોય, તેવી ચીજમાં ઉછળે છે, અને ઉછળતા જે અવાજ થાય છે તે તેનો જવાબ કહેવાય છે. દાખલા તરીકે, ખેલાડી ઓડીયન્સમાં પાંચ પાના ધરાવે છે, જેવા કે, લાલનો દશો, કાળીનો બાદશાહ, ચોકડીનો એકો ફુલેવરનો પંચો, કાળીનો સતો, આ પ્રમાણે ધરાવ્યા બાદ ખેલાડી એક રૂપીઓ ઓડીયન્સમાં બેસી જોનાર ગ્રહસ્થ પાસે થોડાક વખત માટે માગી લે છે અને તે રૂપીયાને સ્ટોઇજપર પોતાના ખેલમાં ઉપયોગ આવે એવા એક કાચના ગ્લાસમાં નાંખે છે, અને કોર્ટમાં જેમ માજીસ્ટ્રેટ એક સાહેદીને જુબાની લેતાં પુછે છે કે તું ખરેખરી જુબાની આપશે અને તેનો જવાબ આપવા ફરમાવે છે કે તરતજ રૂપીયો ગ્લાસમાં ઉછળે છે. અને તે અવાજ ખેલાડી તેમજ પ્રેક્ષકો સાંભળે છે ને તે અવાજ રૂપીયાએ ભણેલી હા, નો છે. હવે ખેલાડી તને પોતાના સવાલો પુછવા શરૂ કરે છે, શું પહેલા શખસે ધારેલું પાનું કાળીનું છે (જવાબ મળતો નથી કારણ પાનાનો રંગ ઉપર કહી ગયા તેમ લાલનો છે) પણ જ્યારે ખેલાડી ખરા રંગપર આવી જાય છે ત્યારે રૂપીયો ગ્લાસમાં ઉછળે છે. તે પરથી ખેલાડી પહેલા સખસે ધારેલું પાનું લાલનું છે એમ સમજી જાય છે, પછી પુતળું છે અથવા દાણા છે એમ સવાલ પુછતાં દાણા હોય તે વખતે રૂપીયો ફરીથી ગલાસમાં ઉછળે છે. અને જેટલા દાણા હોય તો તે પ્રમાણે ઉછળી દાણા બતાવે છે, અને એવી રીતે જાદુગરના ધારેલા પાનાનો ભેદ જાહેર કરે છે,

વાંચક તું જો જાદુગર અથવા તો જાદુઈ વિદ્યાના પુરા પરીચયમાં આવ્યો ન હોય તો રૂપીયો કેમ જવાબ આપી શકતો હશે તે સમજવું તારે માટે ઘણુંજ મુસ્કેલ છે, કદાચ તું એમ કહેશે કે,

જાદુગર રૂપીયાપર મેસમેરીઝમ ચઢાવતો હશે, કારણ તે ઘણાક જાદુગરોને એમ કહેતાં સાંભળ્યા હશે, પ્રીય વાંચક એમ જો જડ વસ્તુપર મેસમેરીઝમ ચડતું હોય તો તો જે ખેલાડીને એમ કહેતા સાંભળ્યા હોય તેને તું એટલુંજ પુછ કે મેસમેરીઝમ શું છે તે પણ તે લોકો તને સમજાવી શકશે નહીં, કારણ કે તે લોકોને તેનું જ્ઞાનજ નથી, વળી તું અહિં એમ કહેશે કે મેસમેરીઝમથી નહિ પણ તેઓની જાદુઇ લાકડી કે જે તેઓને હિમાલયમાં વસતા મહાત્માઓએ આપેલી છે તેની મદદ વડે રૂપીયાને ખેલાવે છે, એ સવાલના જવાબમાં મારે માત્ર એટલું પુછવાનું જે હિન્દમાં વસતા દરેક જાદુગરો પાસે જે લાકડીઓ તારા જોવામાં આવી છે તે લાકડીઓવડે કેટલા મહાભારત કામ થયાં છે? એક પણ નહિ, લાકડીપર જે વિવેચન ખેલાડીઓ કરે છે તે માત્ર તેઓની ખાલી ડફાંસ છે, એ લાકડી તો માત્ર ખેલાડીને કેટલીક વખતે પોતાની સફાઇમાં મદદ કરનારી વસ્તુ છે એ શિવાય એમાં બીજો કશો ગુણ નથી. ને ઉપર બતાવેલા ખુલાસાથી રૂપીયા કેમ ઉછળે છે એ ખુલ્લે ખુલ્લું તારી સમજમાં નહિ આવે માટે સ્પષ્ટ રીતે નીચેનું લખાણ વાંચી જો.

ખુલાસો—ખેલાડી જે પાનાઓ ઓડીયન્સમાં ધરાવે છે તે પાનાંઓ અગાડીથી ગોઠવી રાખેલાં હોય છે. (૧) લાલનો દસ્સો, (૨) કાળીનો બાદશાહ, (૩) ચોકટનો એકો, (૪) ફુલવરનો પંચો, (૫) કાળીનો સતો, આ પાંચ પાનાઓ પ્રમાણે એકજ સટની ૧૦ પાના ની જોડ વસાવે છે અને દરેક પાનાની જોડમાંથી એક જાતના ઉપર બતાવેલા પાનાઓ કહાડી લે છે. જેમકે ૧૦, લાલના દસ્સા, ૧૦. કાળીના બાદશાહ, ૧૦, ચોકટનાં દસ્સા, ૧૦, ફુલેવરના પંચા, ૧૦, કાળીના સતા, આ પ્રમાણે પાંચ જાતના દસ દસ પાનાઓ મળી,

એક પાનાની થોકડી લઇ ઓડીયન્સમાં આવે છે, અને દસ દસ પાનાઓમાંથી એક એક ધરાવે છે, જેથી પોતે જાણેલાંજ પાનાં જોનાર ગ્રહસ્થોના હાથમાં આપે છે, આ પાનાઓ ખેલાડીના સ્ટેઇજપર છુપાએલા તેના મદદગાર એસીસ્ટન્ટને પણ ખબર હોય છે કે જે એસીસ્ટન્ટ હવે પછી શું કરનાર છે તે આપણે આગળ જોઇશું.

ખેલ કરતાં પહેલાં ખેલાડી પોતાનું સ્ટેઇજ ગોઠવીજ રાખે છે, અને જ્યારે તે આ ખેલ કરવાનો હોય છે ત્યારે એક લાંબો કાળો રેશમનો પાતળો દોરો લે છે જેને એક છેડેથી મીણની ગોળી વળગાવેલી હોય છે. અને તે છેડાને જે ગલાસમાં પોતે રૂપીઓ નાંખે છે તે ગલાસના કાંઠાપર વળગાડી તૈયાર રાખે છે. અને બીજો છેડો પોતાના એસીસ્ટન્ટના હાથમાં આપી મુકે છે. આટલું કર્યાં બાદ ખેલાડી ખેલ શરૂ કરવા પોતાનો પડદો ઉઘાડે છે અને પાનાને ધરાવ્યા બાદ રૂપીયો જોનાર ગ્રહસ્થમાંથી માંગી લઇ તે પર નીશાન કરાવી સ્ટેઇજપર જઈ બીજે હાથે ગલાસ પોતાના હાથમાં લે છે, જે નીતરા કાચનું હોવાથી લોકો જોઇ શકે છે કે તેમાં કંઇપણ કરામત નથી. ગલાસને તેની જગાપર પાછું મુકતી વખતે ખેલાડી મીણની ગોળી ઉખેડી પોતાના બીજા હાથમાંના રૂપીયાને આ હાથમાંથી બીજા હાથમાં મુકતી વખતે ચોંટાડી દે છે. જેથી રૂપીયા સાથે એસીસ્ટન્ટે પકડેલો કાળો દોરો ચોંટી જાય છે તેથી તે જરાક આંચકો લાગવાથી રૂપીયો ગલાસમાં ઉછળતો દેખાય છે અને દોરો ઢીલી પડતાં રૂપીયો ગલાસ તળીએ જઇ અથડાય છે જે ઉપરથી લોકો સમજે છે કે જુબાની આપે છે. આ ખેલમાં જાદુગરની ખરી ચાલાકી નવી પણ તેના ચાલાક એસીસ્ટન્ટની ઘણીજ બાહોશી છે અને તેની જરાક ભુલ થઇ જતાંજ ખેલાડીની મહેનત પાણીમાં મળી જાય છે, અને તેનો ફજેતો થાય છે,

શીકારનું છટકી જવું.

જાદુગર ઓડીયન્સ પાસે એક પીસ્તોલ તથા ગજ લેઇને આવે છે ને તેની એકઝામીન પરીક્ષા કરાવે છે. અને કહે છે કે તેમાં કોઇ પણ જાતની બનાવટ નથી, પછી થોડો દારૂ તેમજ બે નાના છરા પણ બતાવે છે. તે પછી કોઇ હોંશીયાર નશાનીબાજ માણસને પીસ્તોલ, દારૂ તથા છરા આપે છે. પીસ્તોલમાં દારૂ તથા છરા નંખાવીને ભરાવે છે ને પોતે સ્ટેઇજ ઉપર ઉભો રહે છે ને કહે છે કે જ્યારે હું એક, બે, ત્રણ, બોલુ તે વખતે મારા મોં ઉપર નીશાન મારવું. તે પ્રમાણે પીસ્તોલ ફોડવા ઓરડર કરે છે ને પીસ્તોલનો અવાજ થાય છે તે વખતે જાદુગર પોતાના દાંત વચ્ચેથી ગોળી કહાડી ઓડીયન્સને હાથમાં આપે છે તે વખતે તે ગોળી ગરમ હોય છે.

ખુલાસો—પરચુરણ ઠીનપાટીઆ જાદુગરો પીસ્તોલના ગજ પોલો રખાવે છે, ને તેના ઉપર ગજના માપની ગોળાઇની પતરી બેસાડેલી હોય છે, તેવો ગજ રાખે છે. પીસ્તોલમાં દારૂ નંખાવે છે ને તેમાં ગોળી નંખાવે છે ને ગજવડે ઠંસાવે છે, એટલે તે ગોળી ગજના મોંઢામાં આવી જાય છે ને ડુચા નંખાવી પીસ્તોલ ફોડાવે છે એટલે આગમચથી રાખેલી મોંઢામાંની ગોળી ઓડીયન્સને બતાવે છે. ગોળી ગરમ થવાનુ કારણ એટલુંજ કે મોંની અંદર પાંચ સાત મીનીટ રહે છે તો તે ગરમ થાય છે. આ રમતની અંદર જોખમ સમાયલું છે, વખતે ગજની અંદર છરા કદાચ ન આવી જાય તો તેનું મોત થવાનો અગર ઘાયલ થવાનો સંભવ છે.

ખુલાસો બીજો—હાલના મહાન પ્રોફેસરો બનાવટી પીસ્તોલ વાપરે છે. એ પીસ્તોલ એવી રીતની બનાવેલી હોય છે કે જે ના-

ળમાં તે આપણી પાસે દારૂ તથા ગોળી ભરાવે છે તેનો સંબંધ પીસ્તોલના ઘોડા સાથે રહેતો નથી. એટલે તેની અંદર ભરેલો દારૂ તથા ગોળીઓ અનામત નાળમાંજ રહે છે. અને ગજમાં કુવો મુકવાને માટે નાળના નીચે જે જગા રહે છે તેની અંદર પહેલેથી એક બાર ભરી રાખેલો હોય છે તે જે ઘોડા સાથે લેવીંગ દેખાય છે, તેનો સંબંધ નીચે ગજ મુકવાના નાળચા સાથે રહેલો છે એ ઓડીયન્સના ધ્યાનમાં આવતું નથી અને ગજ તદ્દન સ્ટીલનો હોય છે એટલે કોઇ પણ જાતનો વહેમ રહેતો નથી, પછી ઉપર પ્રમાણે બાર કરાવે છે ને ગોળી મોંહામાંથી કાઢી બતાવે છે.

પ્યાલાનું ગુમ થવું.

પ્રોફેસર પોતાનું શરૂઆતનું ભાપણ પુરૂ કર્યા પછી ઓડીયન્સને એક રૂમાલ બતાવે છે, તેમજ ખાત્રી કરાવે છે કે એની અંદર કોઇ પણ વસ્તુ સંતાડેલી નથી. ખાત્રી કરાવ્યા પછી રૂમાલ એક ટેબલ-પર મુકે છે. પછી બાજન ટેબલ ઉપરથી એક કાચનો ગ્લાસ લઇને તેની પણ ખાત્રી કરાવે છે, તે કહે છે કે તેમાં પણ કોઇ પણ જાતની કરામત નથી, ને તે ગ્લાસ પણ ટેબલ ઉપર મુકે છે. ને તેના ઉપર પેલો રૂમાલ ઢાંકે છે. ઢાંકયા પછી રૂમાલ સાથે ગ્લાસ પકડી ઓડીયન્સ તરફ ફરી કહે છે કે તમારે શું ઇચ્છા છે? કોઈ કાંઇ કહે છે ને કોઇ કાંઇ કહે છે. એમ પુછયા પછી મેજીકવાન્ડ તેના તરફ ફેરવે છે. ને કહે છે કે દરેક વસ્તુંથી ગ્લાસ ભરાઇ ગયો છે, ને તે ગ્લાસ તમારી તરફ નાંખું છું માટે પકડી લેજો, એમ કહી એક

બે, ત્રણ બોલી ગ્લાસ નાંખી દે છે તો ગેબ થયેલો માલમ પડે છે ને રૂમાલ ખાલી બતાવે છે. પછી ખાલી રૂમાલ હાથમાં લઈ ઓડી યન્સમાંના અમુકની પાસે જાય છે. ને તેની પાસેથી કાઢે છેઃ—

ખુલાસો—જે રૂમાલ તપાસવા આપે છે તેમાં કાંઇ કરામત હોતી નથી. પણ ટેબલ ઉપર જ્યારે મુકે છે, ત્યારે વળી બાજુમાં બાજો રૂમાલ તે જાતનો ડબલ સીવેલો ને તેની અંદર જાડા પુઠાના કાગળની રીંગ પ્યાલાના મથાળાના ભાગ જેટલી કાપીને રૂમાલની વચ્ચે રાખેલી હોય છે. પ્યાલાને જે ટેબલ ઉપર મુકયો છે તે ટેબલ આગળ ઉભા રહીને રૂમાલ ઝાટકીને લોકોની ખાત્રી કરાવે છે કે અંદર કાંઇ નથી. એમ કહીને તે રૂમાલ પ્યાલા ઉપર ઢાંકે છે. હવે ટેબલની બાજુમાં એક પ્યાલો અંદર ઉતરી જાય એટલું કાણું પાડેલું હોય છે. ગ્લાસ ઉપર રૂમાલ ઢાંકે છે ને ઉપર બે ત્રણ વખત લાકડી ફેરવે છે, ફેરવ્યા પછી રૂમાલ સાથે ગ્લાસને ખસતો ઉપાડે છે. એટલે ગ્લાસ ચોરખાનામાં સરી જાય છે. છતાં ઓડીયન્સ એમ ધારે છે કે ગ્લાસ રૂમાલ સાથે પકડેલો છે. પછી ઉપર કહ્યા પ્રમાણે પુછે છે ને લોકો ઉપર નાંખી દે છે, પછી ઓડીયન્સમાંના કોઇપણ માણસ પાસેથી કાઢે છે, તે ફક્ત પેલી રીંગ પકડીને આવે છે એટલે જાણે કે રૂમાલની અંદર ગ્લાસ પકડેલો છે એમ દેખાય છે.

વાઈન ગ્લાસ.

પ્રોફેસર એક વાઇન ગ્લાસમાં પાણી ભરીને ઓડીયન્સની ખાત્રી કરાવે છે, તેમજ પોતાના બન્ને હાથ ખાલી બતાવે છે. પછી ઓડીયન્સ સમક્ષ ભાષણ આપે છે કે ફક્ત મારો હાથ આ વાઇનથી ભરેલા ગ્લાસ ઉપર મુકું છું. તે મારી શકતીથી અંદરનો વાઇન બંધાઇ

જશે ને ગ્લાસ હું ઉંધો વાળીશ તો પણ અંદરનો વાઇન નીચે નહીં પડે તે પ્રમાણે ગ્લાસ ઉંધો વાળે છે, છતાં અંદરનું પાણી પડતું નથી.

ખુલ્લાસો—વાઇન ગ્લાસના ઉપરના મોઢા જેટલા અબરખનો ટુકડો ગોળ કાપીને આગમચથી ગ્લાસના તળીએ પાણીવાળો કરીને ચોંટાડેલો હોય છે. પછી જમણા હાથની હથેળીમાં પકડે છે ને હાથ ખાલી બતાવે છે. કે હાથમાં કાંઇ પણ સંતાડેલું નથી, પછી જમણા હાથમાંથી ધીરેથી ગ્લાસ ફેરવીને ડાબા હાથથી પકડે છે એટલે જે તળીએ અબરખનો ગોળ ટુકડો ચોંટેલો હતો તે જમણા હાથમાં આવે છે. પછી ડાબા હાથમાં પકડેલા ગ્લાસ ઉપર જમણો હાથ મુકે એટલે અબરખનો કડકો ગ્લાસના ઘેરાવા સાથે ચોંટી જાય છે ને ઉંધો કરવાથી અંદરનું પાણી પડતું નથી. આ રમત દીવસ કરતાં રાત્રે ઘણીજ સારી દેખાય છે. લાઇટ પાસે રાખવાથી એમ જણાય કે પાણી હમણાં જમીન ઉપર પડશે. પણ પડતું નથી.

તાબેદાર ગોળો.

પ્રોફેસર સ્ટેઇજપર ખેલ કરતાં કરતાં એક નારંગી જેવડો ભારે વજનનો દોરીમાં પરોવેલો ગોળો લે છે ને ઓડીયન્સને કહે છે કે:—

સાહેબો, આ એક સાધારણ ગોળો સાધારણ દોરીમાં પરોવેલો છે. એમાં કોઇ તરેહની કરામત કરી નથી- જુઓ હું તમારી ખાત્રી કરી આપું છું. આટલું કહી દોરીનો એક છેડો પગ તળે દબાવી બીજો છેડો એક હાથમાં પકડે છે એટલે ગોળો સ્વભાવિક રીતે નિચે ઉતરી પડે છે. એમ બે ચ્યાર વાર ઉપરથી ગોળાને નિચે ઉતારી બતાવે છે. પછી પાછો કહે છે કે—

સાહેબો તમારી ખાત્રી થઇ હશે કે આમાં કાંઇજ રીતની કરામત નથી. તમારી વધુ ખાત્રી કરવા હું તમને જાતે આવીને દેખડાવીશ કે તે એક સાધારણ ગોળો છે. આટલું બોલી સ્ટેઇજપરથી નિચે આવી લોકોને દોરીમાં પરોવેલો ગોળો બતાવી જાય છે. પછી સ્ટેઇન્જપર પાછો જઇ કહે છે કે સાહેબો, આ ગોળો નિરજીવ છે, છતાં મારા એકે એક હુકમને માન આપે છે. જુઓ સાહેબો આ ગોળો હું ફરીથી ઉપર ચઢાવું છું. (એમ કહી જે દોરી પગ તળે દાબી હોય છે ત્યાં આગળથી બીજે હાથે ગોળો ઉપર લાવે છે.) હવે આ ગોળાને જેમ હું હુકમ કરીશ તેમ તે દોરીપરથી એકદમ નહિ સરી જતાં કહ્યા સરજ ઉતરશે. જુઓ—ઉતરે છે. જરા વધારે એથી વધારે—બસ—કેમ સાહેબો ગોળો અટક્યો કેની? દોરી હલાવતાં પણ ઉતરશે નહીં. બોલો સાહેબો કેટલા આંગળ ઉતારૂં? (ઓડીયન્સમાંથી જવાબ મળે છે કે દસ આંગળ) દસ આંગળ! વારૂ. ચાલો ચલાવ. ધીમે એથી ધીમે બસ—બરોબર દસ આંગળ. આ પ્રમાણે ઓડીયન્સના કહેવા પ્રમાણે તે ગોળો નીચે પ્રોફેસર ઉતારે છે.

ખુલાસો—જે ગોળો ઓડીયન્સને બતાવવામાં આવે છે તે માટીનો ઘેર બનાવી રંગેલો હોય છે. ગોળો બનાવતી વખતે એમાં કાણું પાડી એક ખીલી આડી મુકેલી હોય છે. અને તે ખીલી વચ્ચે હોવાથી દેખાઇ શકાતી નથી. ગોળો સુકાયા પછી એમાં દોરો પરોવવામાં આવે છે. અને તે દોરાનો ખીલીની આસપાસ એક આંટો લીધેલો હોય છે. હવે જ્યારે પહેલો ગોળો બતાવે છે ત્યારે દોરી ઉપલો હાથ નીચે રાખવાથી ઢીલી પડે. એટલે ગોળો તરત સરકી જાય છે અને જ્યારે અટકાવવો હોય છે ત્યારે દોરો ટાઇટ કરવાથી સરી શકતો

તથી- તેથી ઓડીયન્સમાંથી દસનો ઓર્ડર મળતાંજ ઢીલી કરેલી દોરી પ્રોફેસર તાણી રાખે છે એટલે સરકતો ગોળો તુરત અટકી રહે છે. આ ખેલ સ્ટેઇજ ઉપર તેમજ ડ્રાઇંગ રૂમમાં અથવા તો બધાની વચ્ચે પકડાવવાની કાંઇ પણ ધાસ્તી વિના કરી શકાય છે.

ધારેલું પાનું કહેવડાવવું.

ચાર પાંચ મીત્રોએ ભેગા મળી ગોળાકારમાં ખુરસીપર બેસવું ને વચ્ચો વચ્ચ એક સ્ટુલ અગર ટેબલ મુકવું ને તેના ઉપર એક પાનાની જોડ ચીપીને મુકવી.

હવે તમારામાંથી જે કોઇ 'નરવસ' (Nervous) હોય તેને આરામ ખુરસીપર સુવાડી દેવો. ને તેની આંખે રૂમાલ અગર બીજા કોઇ કપડાનો પાટો બાંધવો. ને ને આદમીને તદન નરમ થઇ જવા કહેવું ? અને કહેવું કે તારૂં ચીત્ત કોઇપણ વિષય અગર ચીજમાં રાખીશ નહી. ને પાટો બાંધ્યા પછી તમારામાંથી એકાદ જણે પેલા પાનામાંથી એક પાનું (દાણાવાળુ હોય તો વધારે સારૂ) ખેંચી કાઢવું ને તેને પેલા બાકીના પાનાપર ચતુ મુકવું. તમે બધા એકેકનો હાથ પકડીને તમારી નજર તે પાનાપર ગોઠવજો. ને તે પાનું તમારા મનમાં બરાબર ધારી, આંખ મીંચીને તે વીચાર પેલા સુતેલા માણસ તરફ પ્રેરજો. તે માણસને પહેલેથી કહી રાખવું કે હમે પાનું ધારીએ તે વખતે તારા મનમાં જે પાનું પહેલાં આવે તેનું નામ દેજે. તમારી અજાયબી વચ્ચે તે માણસ તમારૂ ધારેલુંજ પાનું કહેશે.

આ એક ખરો વિચાર શકિતનો એટલે મેન્ટલ ટેલેપથીનો

પ્રયોગ છે. તમે પહેલ વહેલા તો કદાચ આમાં નિષ્ફળ નીવડશો પણ ખંત રાખી હીમ્મતથી ફરી ફરી પ્રયત્ન કરશો તો મારી ખાત્રી છેકે અમારી માફક તમે પણ નિશ્ચય ફત્તેહમંદ નિવડશો.

પાનાનું બદલાઈ જવું.

કેટલીક વખત પ્રોફેસર સ્ટેઇજપર ખેલ કરતાં એક પાનાની કેટ લઇને ચીપી નાખીને તેનું સૌથી આગળનું પાનુ ઓડીયન્સને દેખાડે છે ને તે પર હાથ ફેરવતાંજ તે પાનું બદલાઈ જાય છે. તેવી રીતે બે ચાર પાના બદલી નાંખે છે. પાનાનું બદલાવવું એટલી ઝડપથી થાય છે કે જોનાર વર્ગ સ્હેજ પણ સમજી શકતા નથી કે ક્યારે અને શી રીતે પાનું બદલાયું. ધારો કે પહેલું પાનું ચોકડીનો ગુલામ છે તો તેપર હાથ ફરતાં તરતજ કાળીનો બાદશાહ થઇ જાય છે.

ખુલાસો—આ ખેલ જ્યારે કરવો હોય તે વખતે જે પાનાં બદલવા હોય તે પાનાં ખાસ કરીને તૈયાર કરવાં પડે છે, પાના બનાવવાની રીત એવી છે કે જે પાનું બદલવું હોય તે પાનું, ધારો કે ચોકડીના ગુલામ ને કાળીના બાદશાહમાં ફેરવી નાંખવો છે તો તેને માટે ચોકડીનો ગુલામ અને કાળીનો બાદશાહ એ બે પાના લેવાં, એ બન્ને પાનાને અધવચથી બરોબર કાપી નાખવાં પછી અડધું પાનું ચોકડીનું ને અડધું પાનું કાળીનું લઇ બન્નેને બરોબર ગોઠવી સાંધી લેવાં. હવે બીજા જે બે કટકા રહ્યા તે બન્ને કટકાને એકેકની પછાડી સાથે સાથે ચોંટાડી દઇને તે એકઠો થયેલો કટકો પહેલાં તૈયાર કરેલાં પાનાની અધવચમાં ઉભો મુકીને રબરની પટી મુકી સાંધી લેવો.

આવી રીતે તૈયાર કરેલા ચાર પાંચ પાનાં શીવાય બાકી જે બધાં પાનાં રહ્યાં તે બધાં પાના લઇને તે ઉપલી કોરણથી કે બાજુની કોરણથી અડધા દોરાપુર કાપી નાંખવા હેવે એ કાપી નાંખેલી કેટ માં તૈયાર કરેલાં પાનાં મુકીને શેળભેળ કરી નાખવાં.

પછી જ્યારે ખેલ કરવો હોય તે વેળા જાણે પાના ચીપી નાં ખતાં હોઇએ તેમ ચીપીને પેલામાંનું પાનું કે જે સ્વભાવિક રીતે બધાં પાનાં કરતાં મ્હોટું હોય છે તે પાનું સૌથી આગાડી લાવવું પછી તે પાનાને હળવેથી જાણે હાથ ફેરવતાં હોઇએ તેમ હાથ ફે- રવી અડધું પાનું બદલી નાંખવું એટલે પાનું એની મેળેજ બદલાઇ જશે. આવી તરેહથી જેટલાં પાનાં બદલવાં હોય તેટલાં બદલવાં.

જાદુઇ શાહીનું ગ્લાસ.

મહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો ? આ મારા હાથમાં જે ગ્લાસ જુઓ છો તે તદ્દન શાહીનું ભરેલું છે જો કે તમે મારૂં કહેવું કદાચ ન માનો તો પણ દરેકનો સંશય ટાળવાને મારે ખાત્રી કરી આપવી જોઇએ કે એ તદ્દન શાહીનું ભરેલુંજ છે. જુઓ હું આ ટે- બલપરથી એક આ! કોરૂં પાનું લઉં છું ને તમારી સમક્ષ આ ગ્લા- સમાં બોળું છું. કેમ સાહેબો, હવે તમારી ખાત્રી થઇ? હવે તમારૂં ધ્યાન આ એક સાદા રૂમાલ તરફ ખેંચું છું એ જોશો કે એમાં પણ કાંઈ કરામત નથી. જુઓ હું આગળ તથા પાછળ બન્ને બાજુ બતાવું છું. હવે એ રૂમાલને આ ગ્લાસપર ઢાંકું છું. એક બે ત્રણ— રૂમાલ ઉચકીને ગ્લાસ પ્રોફેસર ઓડીયન્સને બતાવે છે. લોકોની ભારી અજાયબી વચ્ચે પ્રો. ડોકુ નમાવી પીપરમીટ ઓડીયન્સમાં બે

તેનાં ભુસકીઓને પ્હોંચી આપે છે.

ખુલાસો—પ્રોફેસર ગ્લાસમાં જે શાહી બનાવે છે તે ખરી રીતે જોતાં શાહી નથી પણ કાળી બનાતનો કટકો ગ્લાસની અંદર આસપાસ માઇ રહે છે એવો ગોળ શીવી લીધેલો હોય છે ને તેની ઉપર ગ્લાસ જેટલો એક બરાબર ગોળ કટકો મથાળાપર શીવી લીધેલો છે. હવે ગ્લાસમાં આવું કવરીંગ મુકી તેની અંદર આગળથી પીપરમીટ ભરી રાખેલી હોય છે. જે પાનું ગ્લાસમાં બોળી બતાવે છે તે પાનું આગળથી તૈયાર કરી રાખેલું હોય છે તે એવી રીતે કે એક પાનાની પછાડી તેવુંજ પાનું ચોટાડી દીધેલું હોય છે ને તે પાનાને અડધું શાહીમાં બોળી રાખેલું હોય છે તે રૂમાલ ઢાંકીને ઉપાડી લેતીવખતે પેલું કવરીંગ રૂમાલ સાથે ઉચકી લે છે એટલે પીપરમીટ ગ્લાસમાં રહી જાય છે.

ભટકતી બાટલી, તાબેદાર ગ્લાસ.

પ્રોફેસર સ્ટેજ ઉપર આવી બાનુઓ અને ગૃહસ્થો એ પ્રમાણે ભાષણ આપે છે, ને ટેબલ ઉપરથી એક કાચની બાટલી લેઇને ઓડીયન્સને કહે છે કે આ તદન ખાલી બાટલી છે, જેની અંદર કોઇ પણ જાતની બનાવટ નથી. એમ કહીને એક ટેબલ ઉપર મુકે છે, પછી એક કાચનો ગ્લાસ લેઇને તેની પણ ઓડીયન્સ પાસે ખાતરી કરાવે છે, ને ખાતરી કરાવ્યા પછી તે ગ્લાસને બીજા ટેબલ ઉપર મુકે છે પછી બે ખાલી ટીનનાં કવરો એકએકમાં જાય તેવાં ઓડીયન્સને ખાતરી કરવા આપે છે. અને કહે છે તેની અંદર કોઇ પણ વસ્તુ સંતાડેલી નથી. ખાતરી કરાવ્યા પછી જે ટેબલ ઉપર ગ્લાસ મુકયો છે તેના ઉપર બીજું કવર ઢાંકે છે, પછી પોતાના હાથમાં એક કાળી

લાકડી કે જેને મેજીકવોન્ડર કહે છે. તે લેઇને જે ટેબલ ઉપર બાટલી મુંકી છે અને કવર પણ ઢાંકેલું છે. તે કવર ઉચકીને ખાતરી કરાવે છે કે ટેબલ ઉપર બાટલી છે. પછી મેજીકવોન્ડર તેના ઉપર ફેરવે છે. તેમજ જે ટેબલ ઉપર ગ્લાસ મુકેલો છે તેના ઉપર પણ ફેરવે છે. એમ બે ત્રણ વખત કરે છે પછી બાટલી ઉપરનું કવર ઉંચકે છે તો બાટલીની જગા ઉપર ગ્લાસ દેખાય છે તેમજ ગ્લાસ ઉપરનું ઉંચકે છે તો ગ્લાસને બદલે બાટલી હોય છે. ફરીને બાટલી ઉપરનું કવર ગ્લાસ ઉપર ઢાંકે છે અને ગ્લાસવાળું કવર બાટલી ઉપર ઢાંકે છે. ઢાંકયા પછી ઓડીયન્સને પુછે છે. અહીંયાં ટેબલ ઉપર શું ઢાંકયું છે? તો જવાબમાં ગ્લાસ કહેવામાં આવે છે. કે તરતજ કવર ઉપાડે છે તો ગ્લાસને બદલે બાટલી હોય છે તેમજ બીજા ટેબલ ઉપર પણ ઉપર પ્રમાણે પ્રશ્ન કરે છે તો તે ટેબલ ઉપર બાટલી ઢાંકેલી હોય છે, તેમજ કવર ઉંચકે છે તો બાટલીને બદલે ગ્લાસ હોય છે. પછીથી જે ટેબલ ઉપર બાટલી છે તે બાટલી લેઇને પ્રોફેસર ઓડીયન્સ સમક્ષ એક પેટીમાં મુકે છે, ને પેટી બંધ કરે છે. પછી ખાલી કવર ટેબલ ઉપર મુકે છે. ને તેના ઉપર જાદુની લાકડી ફેરવ્યા પછી કવર ઉચકી લે છે. તો તે ટેબલ ઉપર બાટલી દેખાય છે. પછી તે રમત બંધ કરવામાં આવે છે.

હવે બાટલી તથા ગ્લાસ અદલ બદલ કેમ થયા, તેનું રહસ્ય તમારે જાણવાની જરૂર છે.

ખુલાસો—જે બાટલીઓ કાચની કહીને ટેબલ ઉપર મુકવામાં આવે છે તે ખરૂ જોતાં કાચની નથી હોતી, પણ ટીનના પતરાંની એક એકમાં જાય તેવી નીચેના તળીયા વગરની બે બાટલી બનાવેલી હોય છે. અને તેને બ્લેક જાપાનીઝથી રંગેલી હોય છે કે જે કાળી

બાટલી જેવી દેખાય છે, તેમજ તેના ઉપર બે કવર થી ઢાંકવામાં આવે છે. તે પણ ટીનનાં પતરાંના બનાવેલાં હોય છે. બે બાટલી એક એકમાં ગયેલી, એટલે એકજ બાટલી દેખાય છે. તેને તલીયે આગમચથી એક ગ્લાસ મુકેલો હોય છે. તેથી ફક્ત ટેબલ ઉપર બાટલી મુકેલી છે એમ દેખાય છે કારણ કે ગ્લાસ તો બાટલીના તળીઆ નીચે છુપાવેલો છે; બીજા ટેબલ ઉપર ગ્લાસ મુકેલો છે. પછી બે ટીનનાં કવર કોઈપણ બનાવટ વગરનાં ઉપરથી મોઢું બંધ ને તેની વચમાં એક કાંણુ પાડેલું એવાં બનાવેલા હોય છે. કવર ઢાંકવાનું કારણ ફક્ત એટલુંજ છે કે બાટલી ઉપર એક કવર ઢાંકયાં પછી, ઓડીયન્સને બતાવવું પડે છે કે આ ટેબલ ઉપર શું છે? એમ કહેવાનું કારણ એટલુંજ છે કે કવર બાટલી ઉપરથી ઉપાડવામાં આવે છે તેની સાથેજ બાજી બાટલી કવરમાં ઉચકાઇ આવે છે. એટલે એક બાટલી અને તેની તળીએ ગ્લાસ રહે છે. પછી તે કવર લેઇ ને પ્રોફેસર જે ટેબલ ઉપર ગ્લાસ મુકેલો છે તે ટેબલ ઉપર બાટલી ઉપરથી ઉપાડેલું કવર મુકે છે. પછી ગ્લાસ ઉપરનું ઉપાડીને ખાતરી કરાવે છે કે ગ્લાસ છે. હવે ગ્લાસ ઉપરથી ઉપાડેલું કવર બાટલી ઉપર ઢાંકે છે. ને બાટલી ઉપરથી ઉપાડેલું ગ્લાસ ઉપર ઢાંકે છે. આમ કરવાનું કારણ એટલુંજ છે કે બાટલી ઉપર ઢાંકેલા કવર સાથે નીચેની બાટલી ઉપરના કાંણા મારફત કવર સાથે ઉપાડી લે છે. ને તે કવર ગ્લાસ ઉપર ઢાંકવાનું કારણ એટલુંજ કે ગ્લાસ બાટલી નીચે ઢંકાઈ જાય છે. એટલે જે ટેબલ ઉપર ગ્લાસ હતો ત્યાં બાટલી આવે છે બાટલી ઉપર જે કવર ઢાંકયું છે તે ઉપાડતાં તેની સાથે બાટલી લેઇ લેવામાં આવે છે, એટલે ફક્ત ગ્લાસ નજરે પડે છે. પછી જે ટેબલ ઉપર બાટલી મુકેલી હોય છે તેને નીચેથી પકડીને

તે બાટલી એક પેટીમાં બધ કરે છે. તે વખતે બાટલી નીચેના ગ્લાસ સાથે તે બાટલી એવી સફાઈથી ઉંચકવામાં આવે છે તે જાણે એકલી બાટલી છે. પછી જે ટેબલ તદન ખાલી છે તે ટેબલ ઉપર ફકત કવર મુકવામાં આવે છે. જે કવરમાં બાટલી છે તે કવર ઉપર મેજીક વોન્ડર ફેરવવામાં આવે છે. ને કવર ઉંચકે છે કે બાટલી દેખાય છે.

ભુસાની મીઠાઈ તથા ચાહ.

શરૂઆતમાં બે ચીનાઇ ટમ્બલર ઓડીયન્સને બતાવવામાં આવે છે, કે જે તદ્દન ખાલી હોય છે, એવી ખાતરી કરાવ્યા પછી તેમાં ઓડીયન્સની સમક્ષ ભૂસુ તે (ઘઉંનું ચળામણ) અગર વેહેર ભરવામાં આવે છે. બે ટમ્બલરમાં ભર્યા પછી બન્નેને જુદા જુદા ટેબલ ઉપર મુકવામાં આવે છે અને પછી એક બ્રાઉન પેપરના બે કટકાની પણ ખાતરી કરાવે છે. તે કટકા જેવી રીતે છીંકણીને માટે ઉભું કોરવાળીને વાળે છે તેવાં તેવાં વાળીને તેની બાજુએ એક ટાંકણી ખોશે છે. કારણ કે વાળેલો ભાગ ઉઘડી જાય નહીં. એવી રીતે તૈયાર કર્યા પછી ઓડીયન્સને ખાતરી કરવા આપવામાં આવે છે. ખાતરી કરાવ્યા પછી બન્ને કવરો બે ભુસુ ભરેલા પ્યાલા ઉપર ઢાંકવામાં આવે છે, ઢાંકયા પછી જાદુગર તેના ઉપર મેજીકવોંડ ફેરવે છે અને તરતજ કવરો ઉંચકી લેવામાં આવે છે તો, પ્યાલામાં ભુસાને બદલે મિઠાઇ તેમજ ચા તૈયાર થયેલી હોય છે. તે આ ઓડીયન્સમાંથી કોઇ સદ્‌ગૃહસ્થને પીવા આપવામાં આવે છે. પીનાર માણસ ચાહ પીએ છે તો તેને મોળી લાગે છે. પછી ઓડીયન્સને કહે છે કે આમાં ઓછામાં ઓછી અધોળ ખાંડ નાંખીએ તો મીઠું થાય. એમ કહીને પોતાના બંને હાથ ખાલી બતાવે છે ને એક હાથ પ્યાલા

ઉપર ઢાંકે છે. ને ઉપર જાદુઈ લાકડી ફેરવે છે પછી પોતાનો હાથ ઉપાડી લે છે. ને ચાહ પીવાની સલામણુ કરે છે. સદગૃહસ્થ ચાહ પીએ છે તો મીઠી છે, એમ કહે છે.

ખુલાસો—શરૂઆતમાં પ્રોફેસરે એક પેટીમાં ભુસુ ભરી મુકેલું હોય છે અને તે પેટીમાં આગમચથી બે ટમ્બલરમાં મિઠાઇ ભરી તૈયાર રાખી મુકેલા હોય છે. એ બે ટમ્લર ઉપર ટીનના પતરાનાં બે કવર (દીવેલનો દીવો કરવાના કોડીયા જેવાં) તેના ઉપર અંદર ઉતરતાં ઢાંકીને તેમાં ભુસુ ભરીને તૈયાર એક બાજુ ઉપર (પેટીમાં) રાખી મુકે છે. ઓડીયન્સને જે બે ટમ્લરો બતાવવામાં આવે છે તેમાં કોઇ પણ જાતની કારીગીરી હોતી નથી. પ્રોફેસર ઓડીયન્સને બે ટમ્લરોની ખાતરી કરાવી સ્ટેજ ઉપર જ્યાં પેટી મુકી છે તેની એક બાજુ ઉભો રહીને ટમ્બલર પેટીમાં નાંખીને ભુસુ ભરે છે તેમજ પાછું કાઢી નાંખે છે એમ બે ત્રણવાર કરીને બાજુ ઉપરનું ટમ્લર ઉચકી લે છે. ને તેના ઉપર એક હાથથી થોડું ભુસું નાંખે છે ને ઓડીયન્સને કહે છે કે આ ગ્લાસ ભુસાથી તદ્દન ભરેલો છે. એમ કહીને એક ટેબલ મુકે છે. ને તેજ પ્રમાણે બીજો પણ ભરીને મુકી છે, આ પ્રમાણે બંને ટમ્બલર અદલબદલ કરી નાંખેલાં હોય છે. હવે કાગળના કવરો ઢાંકવાનું કારણુ એટલુંજ છે કે, તે કવરો ઢાંકવાથી ટમ્બલર ઉપર જે ટીનના પતરાના કવરો ભુસાથી ભરેલાં હોય છે તે તે કવર ઉચકતાની સાથે ઉંચકાઇ આવે છે એટલે ભુસુ ઉડી જાય છે ને મીઠાઇ તથા ચાહ માલમ પડે છે. હવે ચા ગરમ રહેવાનું કારણુ એટલુંજ છે કે પેટીની અંદરના ભાગમાં એક ચોરખાનું હોય છે તેની અંદર આગમચથી એક બાજુ ઉપર ચુનો મુકેલો હોય છે. અને જ્યારે શરૂ કરવાનો વખત થાય છે ને ભુસુ ભરવા માંડે છે તે

વખતે ચોરખાના પાસે ઝીણું કાણું હોય છે તેમાં થોડું પાણી નાં-ખવાથી અંદરનો ચુનો ફુટે છે ને તેથી ગરમ ચાહ રહે છે. ચાહ મેળી બતાવ્યા પછી મીઠી શાથી થાય તે? તો તેનું કારણ એટલુંજ છે કે તેમાં ખાંડ નાંખવામાં નથી આવતી પણ સેક્યુબલ સેકરીન એટલે ખાંડના સત્વની એક ગોળી નખમાં સંતાડેલી હોય છે. બન્ને હાથ ખાલી દેખાડવાથી તે ગોળી માલમ પડતી નથી પણ પોતાનો હાથ ચાહના પ્યાલા ઉપર ઢાંકવાની સાથેજ તે ગોળી અંદર પડે છે, આ પ્રમાણે ઉપરની રમતનું રહસ્ય છે.

ઈંડુ યાને રૂમાલ.

પ્રોફેસર પોતાનું ભાષણ કરી રહ્યા પછી ઓડીયન્સને એક મરઘીનું ઈંડુ એકઝામીન કરવા આપે છે ને કહે છે કે આ રીઅલ મરઘીનું ઈંડુ છે; બીજા કેટલાક જાદુગરો બનાવટી ઈંડાં વાપરે છે તેવું નથી. એમ ખાતરી કરાવ્યા પછી એક રૂમાલ પણ ઓડીયન્સને જોવા આપે છે ને તેમાં કાંઇ પણ ચીજ સંતાડેલી નથી એવી ખાતરી કરાવ્યા પછી ઈંડુ લેઇને એક કાચના ગ્લાસમાં મુકે છે ને તે ઉપર બતાવેલો રૂમાલ ઢાંકે છે. પછી એક રેશમી રૂમાલ લેઇને તેની પણ ખાતરી કરાવે છે કે એની અંદર કોઇ પણ વસ્તુ સંતાડેલી નથી. એમ કહીને રૂમાલ હાથમાં લેઇને ચાળવણી કરે છે. પછી હાથમાંનો રૂમાલ હવાની માફક ઉડી જાય છે. ને જે ગ્લાસમાં ઈંડુ મુકયું હતું તેમાં જતો રહે છે ને ગ્લાસમાંનું મુકેલું ઈંડુ પોતાના હાથમાં આવેલું બતાવે છે.

ખુલાસો—પ્રોફેસર શરૂઆતમાં મરઘીનું ઈંડું ખરૂ બતાવે છે તે એકઝામીન કરાવીને ટેબલ ઉપર મુકે છે. પછી રૂમાલની પણ એ-

કઝ્ઝામીન કરાવે છે. તેની શરૂઆતમાં આગમચથી બે મરઘીના ઈંડાં તેમાં એકને કાણુ પાડી અંદરનો ભાગ તદન કાઢી નાંખીને તેના ઉપર એક કાગળનો ગોળ ટુકડો ઝીણું કાણું પાડીને તેમાં દોરો પરોવીને રૂમાલની વચમાં દોરો ટાંકીને રાખી મુકેલું હોય છે, અને બીજુ પણ ઉપરની માફક એક અંગુઠાપુર કાંણું પાડીને ટેબલની બાજુ ઉંપર રાખી મુકેલું હોય છે. બતાવેલી ચીજો ટેબલ ઉપર રહે છે પછી રેશમી રૂમાલ બતાવવામાં આવે છે, તેમાં પણ કાંઈ કારીગરી કરેલી હોતી નથી, એમ કહીને પહેલેથી જે અંગુઠાપુર કાણું પાડીને રાખેલા ઈંડા ઉપર મુકે છે. ત્યારપછી ઓડીયન્સને ગ્લાસની ખાતરી કરાવે છે ને તે ગ્લાસ ટેબલ ઉંપર મુકે છે. પછી પેલો તૈયાર કરેલો રૂમાલ એક હાથમાં પકડીને બીજા હાથમાં દોરી બાંધેલું ઈંડું પકડે છે કે જેની દોરી લાઇટને લીધે માલમ પડતી નથી. તેમજ પહેલા જે રેશમી રૂમાલ પકડેલો હોય છે. ગ્લાસમાં ઇંડું મુકે છે ને ઉંપર રૂમાલ ઢાંકે છે તેની સાથેજ પહેલો રેશમી રૂમાલ ગ્લાસમાં પડે છે. પછી બન્ને હાથ ખાલી બતાવીને પેલો રેશમી રૂમાલ ઇંડા સાથે ઉપાડે છે કે જેની બાજુની કોરમાં ઇંડું છુપાયેલું રહે છે ને બીજા હાથ સાથે રાખીને હાથની ચાળવણી કરે છે કે જેથી હાથમાં રૂમાલ ઈંડાની અંદર જાય છે પછી રૂમાલ હાથની મુઠીમાં છે એવી રીતે મુઠી વાળીને હાથના પાસ આપે છે કે ઇંડું ઉડી જાય. પાસ આપી રહ્યા પછી ફરીને બીજો હાથ ઢાંકે છે ને તરતજ હાથ ખોલે છે એટલે હાથમાંનો રૂમાલ હાથમાં નથી એમ માલમ પડે છે ને તેને બદલે ઇંડું દેખાય છે. ઈંડું એ આંગળી અને અંગુઠાની વચમાં પકડીને દેખાડે છે ને પછી ટેબલ ઉપર મુકે છે. પછી પ્રોફેસર ઓડીયન્સને કહે છે કે મારી જાદુઇ શકતીથી મારા હાથમાંનો રૂમાલ

જે સામે ગ્લાસ દેખાય છે તેની અંદર ગયો છે ને જે ઈંડું ગ્લાસમાં મુકયું હતું તે મારા હાથમાં આવ્યું છે એમ કહીને ગ્લાસ ઉપરથી રૂમાલ ઉપાડે છે ત્યારે ઈંડું રૂમાલ સાથે ઉચકાઇ જાય છે. ને હાથમાં જેવો રૂમાલ હતો તેવો ગ્લાસમાં દેખાય છે.

રૂપીઆની જુબાની.

પ્રો. સ્ટેઈજપર આવે છે ને થોડા ઘણા ખેલ કર્યા પછી ઓ. ડીયન્સ પાસે એક રૂપીઓ માગી લે છે, ને તેના પર ચોકસ નીસાની કરાવે છે, ને રૂપીઆપર નીશાની કરાવ્યા પછી તે રૂપીઆને હાથમાં લઇને કહે છે કે હવે તમારૂં ધ્યાન પેલા ટેબલ ઉપર મુકેલા કાચના ટમ્બલર પર ખેંચુ છું, તમે જોશો કે તે ખાલી છે ને તેમાં કોઈ પણ જાતની કરામત કરેલી નથી. તે ફક્ત ખાલી ગ્લાસ છે. હવે આ તમારો લીધેલો રૂપીઓ હું એની અંદર તમો બધા જુઓ તેવી રીતે ઉચ્ચેથી મુકીશ. આહા ! અવાજ કેવો મધુર લાગે છે પણ સાહેબો ! એટલું ધ્યાનમાં રાખજો કે આ રૂપીઓ જે તમારા દેખતાં એની અંદર મુકયો છે, તે તદન મારે વશ થઇ ગયો છે. તે તમારે જોવું છે. એમ કહી એક પાનાની જોડ લઇ ઓડીયન્સમાં બેચાર જણને જુદા જુદા પાના લેવાનું કહે છે ને પછી કહે છે, કે સાહેબો ? તમને તમારા પાના તો યાદ હશેજ, ચાલો, હવે જોઇએ, રૂપીઆ, હું જે તને સવાલ પુછું તેનો જવાબ દઇશ, એટલે ગ્લાસમાં રૂપીઓ ઉછળીને હાનો જવાબ આપે છે. (અવાજ થાય છે.) જોયું સાહેબો, કેવો જવાબ મળ્યો. આજ પ્રમાણે તમારા ધારેલાં પાનાંનો જવાબ પણ હું તેની પાસે અપાવીશ. આવી રીતે રૂપીઓ એક પછી એક ધારેલાં પાનાં કહી આપે છે તે પછી તે રૂપીઓ ગ્લાસમાંથી

લઈ પ્રો. જે ધણીનો રૂપીઓ હોય છે તેને પાછો આપે છે.

ખુલાસો—ખેલમાં કાંઈ ભારે કરામત નથી જે ગ્લાસ ટેબલ ઉપર મુકેલું હોય છે, તે ગ્લાસને વચ્ચેથી દાંડી સુદ્ધાં એક વેહ પાડેલો હોય છે, ને તેમાંથી એક સળી ઉપર નીચે થતા હોય છે. અંદરનો આસીસ્ટંટ તે સળી ઉપર ખોસે છે કે રૂપીઓ તેના જોરથી ઉછળે છે, એટલે સ્વભાવીક રીતે ગ્લાસમાં રૂપીઓ ખખડે છે ને પાછો તેજ જગ્યાએ આવીને પડે છે, આ રીતે એક પછી એક પાના રૂપીઓ કહી આપે છે.

જાદુઈ હાર.

પ્રોફેસર સ્ટેઈજપર આવે છે, તે વખતે તે પોતાના બે હાથમાં ત્રણ ગોળા બે દોરીમાં પરોવેલા હોય છે તેવો હાર પકડીને લાવે છે. હાથ ઉંચા નીચા કરવાથી ગોળાઓ આ છેડેથી બીજે છેડે જાય છે ને કહે છે કે;—સાહેબો ! આ જે હાર આપ મારા હાથમાં જુઓ છો, તે મને તમારા જેવા સાહેબ તરફથી ભેટ મળેલો છે. તમો હસો છો કેમ ? આવો વીચીત્ર હાર છે. માટે કેમ તમારી ભુલ છે. જે ચીજ દેખાવમાં સુંદર હોય છે તે ગુણમાં સુંદર હોતી નથી. કદરૂપી ચીજમાં સારા ગુણ રહેલા છે તે પણ યાદ રાખજો. આ ગોળાઓમાં પણ એક અજાયબ ગુણ રહેલો છે. દાખલા તરીકે ચાલો, તમારામાંથી બે સખત સ્ટેઈજપર આવો. એમ કહી એને ગાંઠ બાંધી કહે છે કે જો જો છટકી ન જાય એમ કહી એકેક દોરીનો છેડો લઈ એક ગાંઠ વાળે છે. હવે સ્ટેઈજપર આવેલા માણસને તે દોરીના બે છેડા પકડવા આપે છે. ને કહે છે કે મજબુત પકડજો. જુઓ તે-

પાસજો, હાથમાંથી દોરી છુટી જાય નહીં એમ કહી, એક, બે, ત્રણ. ને ત્રણ કહેતાંજ, પ્રો૦ પોતાના હાથમાં જે જાદુઈ લાકડી હોય છે તે મારે છે કે ત્રણુ ગોળા દોરીમાંથી આપોઆપ જમીનપર પડી જાય છે, ને દોરી તદ્દન આખી પેલા બેના હાથમાં રહી જાય છે.

ખુલાસો—જે ગોળા એ દોરીમાં પરોવેલા હોય છે, તે પરોવવાનીજ ખુબી છે, એક દોરી લ્યો, તેને અધવચથી વાળો, પછી બીજી એક દોરી લ્યો, ને તેને પણુ અધવચથી વાળો, હવે અધવચથી વાળેલા બે છેડાને એક સુતરના સ્હેજ મજબુત દોરાથી બાંધીને તેમાં ગોળા પરોવી દો, પછી ખેલ કરતી વખતે ઉપર કહી તેમ એક ગાંઠ જરૂર વાળજો ત્યાર પછી બે જણુ પાસે પકડાવી વચ્ચે લાકડી મારશો કે પેલો સુતરનો દોરો તુટી જશે, ને તેમાંથી ગોળાઓ જમીનપર પડશે.

પંદર રૂપીઆંની જુબાની.

શરૂઆતમાં પ્રોફેસર સ્ટેજ ઉપર આવી મહેરબાન સાહેબોને સદગૃહસ્થોનું ભાષણ કર્યા પછી ઓડીયન્સ પાસે રૂપીયા પંદરની લાગણી કરે છે. ઓડીયન્સમાંથી રૂપીઆ ભેગા કરવાનું કહે છે. પ્રોફેસર એક ખાલી રકાબી આગળથી તેમજ પાછળથી બતાવે છે અને ખાતરી કરી આપે છે કે આ ચીનાઈ રકાબીમાં કાંઈપણુ ચીજ સંતાડેલી નથી. એમ બતાવ્યા પછી ભેગા થયેલા રૂપીઆ લેવા માટે ઓડીયન્સ પાસે જાય છે. રૂપીઆ લેઈ સ્ટેજ ઉપર આવે છે. પછી કોઈ સદગૃહસ્થને પોતાની પાસે બોલાવે છે ને રકાબીમાં જે રૂપીઆ ઓડીયન્સ પાસેથી લીધા છે તે ગણાવે છે, તો રૂપીઆં બરોબર પંદરજ હોય છે હવે જે સદગૃહસ્થને ઉપર બતાવ્યા છે તેમના હાથમાં તે રકાબી ઝાલવા

આપે છે ને પ્રોફેસર ટેબલ ઉપરથી એક ઈંગ્લીશ કેપ લાવીને ઓડીયન્સ પાસે ખાતરી કરાવે છે કે એની અંદર કાંઇપણ કવર અગર કાણું નથી એમ ખાતરી કરાવ્યા પછી ટોપી જે ગૃહસ્થના હાથમાં રકાબી ઝાલવા આપી છે તેમના હાથમાં આપવામાં આવે છે, પ્રોફેસર રકાબી પોતાના હાથમાં લઇ ફરી ઓડીયન્સની ખાતરી કરાવે છે કે રૂપીઆ પંદર રકાબીમાં છે ખાતરી કરાવ્યા પછી પ્રોફેસર સ્ટેજ ઉપર આવે છે, ને ટેબલ ઉપરથી એક કાળી લાકડી (કે જે જેકબ નોરસી લાકડાની છે) લે છે ને તે જાદુની લાકડી (ગંજીકવેન્ડ) એવું કહેવરાવે છે તે લાકડી રકાબી ઉપર ફેરવે છે ફેરવ્યા પછી પણ કેટલાક સદગૃહસ્થની પાસે ખાતરી કરાવે છે કે રૂપીઆ પંદર રકાબીમાં છે. પ્રોફેસર પોતાના ખીશામાંથી રૂમાલ કાઢી ને, જે ગૃહસ્થને ટોપી ઝાલવા આપી છે તેમના હાથમાં આપે છે ને રકાબી પોતાના હાથમાં લેઇને ટોપી તથા રૂમાલ બરોબર ઝાલવા કહે છે અને બરોબર ઝલાવ્યા પછી પોતે રકાબીમાં જે રૂપીઆ છે તે હું ટોપીમાં નાંખુ કે તરતજ તમારે ટોપી ઉપર રૂમાલ ઢાંકી દેવા કહે છે ને તે પ્રમાણે રૂપીઆ ટોપીમાં નાખી દે છે ને રૂમાલ ઢંકાવે છે ને રકાબી પોતાની સાથે લેઇ ટેબલ ઉપર મુકે છે. ટેબલ ઉપર રકાબી મુકયા પછી ઓડીયન્સ પાસે એક ખાલી કાચનું ગ્લાસ લાવી ખાતરી કરાવે છે કે તેની નીચે કોઇ પણ જાતનું કાણું નથી. તે ગ્લાસની ખાતરી કરાવી રહ્યા પછી તે ગ્લાસ એક ટેબલ ઉપર મુકવામાં આવે છે ને પોતે જે ગૃહસ્થની પાસે ટોપી ઝાલવા આપી છે તેની પાસે ઉભો રહી બન્ને હાથ ખાલી બતાવે છે તેમજ ઓડીયન્સને પણ બતાવે છે. પછી ટોપીને તળીએથી એક રૂપીઓ લઉ છું તે પ્રમાણે

એક રૂપીઓ તેના હાથમાં આવે છે તેને જે ટેબલ ઉપર પ્યાલો મુકયો છે તે ટેબલ ઉપર ફેંકે છે કે અવાજ સાથે રૂપીઓ પ્યાલામાં પડે છે એવી રીતે પાંચ વખત કરવામાં આવે છે, પ્રોફેસર ગ્લાસ ઉપરથી લેઇને ઓડીયન્સની ખાતરી કરાવે છે કે રૂપીઆ પાંચ પ્યાલામાં હોય છે. પછી ટોપી ઉપરનો રૂમાલ ઉપાડે છે ત્યારે ટોપીમાંથી રૂપીઆ પંદરને બદલે રૂપીઆ દશ નીકળે છે.

ખુલાસો—પ્રોફેસર પહેલાં જે રકાબી બતાવે જાય છે તેમાં કાંઈ પણ કરામત હોતી નથી પણ જ્યારે રૂપીઆ ભેગા થયા તેની તપાસ માટે પુછવા જાય છે ત્યારે રકાબી ટેબલ ઉપર મુકીને જાય ત્યાંથી પંદર રૂપીઆ લાવે છે ત્યારે સ્ટેજ ઉપરથી એટલે ટેબલ ઉપર રૂપીઆ ગણી જુએ છે. તે વખતે ટેબલ ઉપર બીજી રકાબી પેલી રકાબી જેવી પડેલી હોય છે, તેની અંદર આગમચથી પાંચ રૂપીઆ શરેસથી રકાબીમાં ચોઢી રાખેલા હોય છે તે રકાબી હાથમાં લેઈ ઓડીયન્સ પાસે જાય છે ને ખાતરી કરાવે છે કે પાંચ પછી દશ નાંખે છે એટલે પંદર રૂપીઆ દરેકની નજરે પડે છે. ટોપી તથા રૂમાલ જે સદગૃહસ્થના હાથમાં ઝાલવા આપે છે, તેમાં રૂમાલ આપવાનું કારણ એટલુંજ કે રૂપીઆ ટોપીમાં નાંખે તો દસ અંદર છે એમ માલમ ન પડે માટેજ રૂમાલ ઢાંકવા આપવો પડે છે. જો ન આપે તો ટોપીમાં રૂપીઆ દસ છે એમ માલમ પડી જાય. હવે પ્યાલામાંથી રૂપીઆ કેમ નીકળયા તેના ખુલાસાની જરૂર છે. જે રૂપીઆ પાંચ પ્રોફેસરે ટેબલ ઉપરના પ્યાલામાં મુકાયા છે. તેની બાજુમાં બીજો પ્યાલો છે તેની ઓડીયન્સ પાસે ખાત્રી કરાવે છે ને જ્યારે ટેબલ ઉપર મુકે છે ત્યારે પ્યાલો ટેબલની મધ્ય ભાગમાં ગ્લાસપુર

ખાનું રાખેલું હોય છે તેમાં સમાઈ જાય છે. ને બાજુ ઉપર રાખેલો બીજો પ્યાલો નજરે પડે છે. જ્યારે ટોપી પાસે આવી ટોપીને તળીએની જાણે રૂપીઆ લેતો હોય તે પ્રમાણે નકલ કરે છે, ને આગમચથી બાંથમાં રાખેલો એક રૂપીઓ હાથમાં શેરવી દે છે ને એક બે ત્રણ કહીને પ્યાલા તરફ ફેંકે છે. રૂપીઓ પ્યાલામાં પડ્યો એવો અવાજ નીકળે છે તેને ખુલાસો એ છે જે અંદરના ભાગમાં એક માણુસ છે તે પ્રોફેસર જેવો એક બે ત્રણ કહે છે કે તે અંદર અવાજ કરે છે. પણ એ પબ્લીકના જાણુવામાં આવતું નથી આ રમતનું રહસ્ય છે.

મેજીક કેબીનેટ (જાદુઈ કબાટ.)

બે ખુરશીઓની ઉપર કાચની એક પ્લેટ ૧૬ ઈંચ પોહોળી અને ૬૦ ઈંચ લાંબી મુકવામાં આવે છે. અને તેના ઉપર એક નાની કેબીનેટ કે જેના ચાર કકડા કરેલા હોય છે, તે મુકવામાં આવે છે કે જે કકડાઓની પછવાડેની બાજુ મજબુત રીતે બાંધી લીધેલી હોય છે. પરંતુ આગળનો ભાગ સ્ટેજ ઉપર મુકેલી ખુરશી ઉપર છે એમ માલમ પડે છે, જ્યારે કેબીનેટને ઉભી કરવામાં આવે છે ત્યારે બેતાળીશ ઇંચ ઉંચી, છત્રીસ ઇંચ પોહોળી, અને ૧૪ ઇંચ ઉંડી એમ માલમ પડે છે, કેબીનેટની અંદર ખંજરી, ઘંટડીઓ મુકીને બારણા બંધ કરવામાં આવે છે કે તરતજ ઉપર જણાવેલાં વાજીંત્રો વાગવા માંડે છે. અને પછી કેબીનેટને ઉપરથી બહાર ફેંકી દેવામાં આવે છે, કેબીનેટ ઉઘાડીને જોવાથી તે ખાલી માલમ પડે છે. કેબીનેટની અંદર એક સ્લેટ મુકેલી હોય છે, જેમાં કાંઇપણ સંદેશો લખેલો નીકળી આવે છે. ખરી રીતે જોતાં આ કેબીનેટની અંદર જેટલી જો-

ટકી રમતો, ફ.સી હોય તેટલા આમાં થઈ શકે છે. છતાં પણ આ કેબીનેટ એક માણસને સમાઈ શકે તેટલી મોટી હોતી નથી, ઓડીયન્સ પણ એ પ્રમાણેજ કહે છે કે સમાવી શકતી નથી.

ખુલાસો—ખરી રીતે જોતાં બધું રહસ્ય એક નાના દસ અગર બાર વર્ષની ઉમરના ચાલાક છોકરાની અંદર સમાયલું છે કે જે છોકરો અદ્રસ્ય તારથી કેબીનેટની પછવાડે (બાંધેલો) લગાડેલો હોય છે કે જ્યાં આગળ એક નાનું ખોખુ મુકી તેના ઉપર આ છુપો મદદગાર (ટરકીશ) ફેશન (ઢુંટીઆ વાળીને બેસવું તે) થી બેઠેલો હોય છે. આ બંધ કરેલી કેબીનેટ એ તારથી બાંધેલી હોય છે, કે જે તારો અંદર તોલ સાથે લટકેલા છે અને જ્યારે ખરેખરા તાર પૂર્ણ લાઇટ સાથે રાખવામાં આવે છે ત્યારે પણ દેખાતા નથી અને કાચની પ્લેટ તેના ઉપર મુકયા પછી પ્રોફેસર કેબનેટનો વાળેલો ભાગ ઉપાડી લેછે ત્યારે પણ દેખાતા નથી એ કાચની પ્લેટ તેના ઉપર મુકયા પછી પ્રોફેસર કેબીનેટનો વાળેલો ભાગ ઉપાડી લેછે. અને તે કાચ ઉપર મુકે છે. જેથી છુપા મદદગારનું વજન પણ ખેંચાય છે.

શાહીનું ગ્લાસ.

એક કાચનું આઇગ્લાસ શાહીથી ભરેલું બતાવે છે પણ તેમાં કાળી બનાત અગર કાલા કાગળનો કટકો ગ્લાસ જેટલો ગોળ ભાગ કાપીને અંદર રાખવામાં આવે છે, પણ તેમ નથી તે ગ્લાસની બહારની બાજુએ ગ્યાસલેટના ખડીયાની મેશ ઉપર લગાડવામાં આવે છે અને તેની અંદર ફુલો અગર પીપરમીટ ભરવામાં આવે છે (આ રમત ચીનાઇ કપ અગર સિંદીફલાવર તરીકે ઓળખાય છે) એક ચમચો

કે જેની અંદર આગળથી શાહી ભરી મુકી હોય છે તે ચમચો જમણા હાથમાં રાખવામાં આવે છે તે શાહીનું ગ્લાસ ડાબા હાથમાં રાખે છે. પછી ચમચો ગ્લાસની અંદર ઘાલે છે જાણે શાહી લેતા હોઇએ તે પ્રમાણે ફક્ત નાટક કરવામાં આવે છે. ચમચાની અંદરની શાહી ઓડીયન્સને તેના હાથમાં તપાસવા આપે છે ને કહેવામાં આવે છે કે, શાહીથીજ ભરેલો ગ્લાસ છે. પછી એક કાળો રૂમાલ લોકોને દેખાડવામાં આવે છે કે જેની અંદર કાંઈ પણ સંતાડેલું નથી એવી ખાતરી કર્યા પછી રૂમાલની વચ્ચે પ્યાલો મુકી હાથની ચાળવણી કરે છે એટલે પ્યાલાને ચોંટેલી મેશ રૂમાલ સાથે ચોંટી જાય છે ને ગ્લાસ ફુલોથી અગર પીપરમીટથી ભરેલો દેખાય છે, છેવટે પ્યાલો, રૂમાલ, તથા ચમચો પણ દેખાડવામાં આવે છે.

બંધ વાસણમાં બીડીનો ધુમાડો.

પ્રોફેસર સ્ટેજ ઉપર આવી લેકચર આપે છે—મે. સાહેબ ને બાનુઓ. હાલના જમાનાના કેટલાક સુધરેલાઓ એમ કહી શકે છે કે બંધ કરેલા વાસણમાં બીડીનો ધુમાડો પ્રવેશ કરી શકતો નથી છતાં હું મારી શક્તીથી તેમ કરવાને શકતીવાન છું. એમ કહીને બે સદ્-ગૃહસ્થોને સ્ટેજ ઉપર બોલાવે છે. અને એક ગૃહસ્થના હાથમાં રકાબી આપે છે. ને બીજાના હાથમાં ગ્લાસ આપીને કહે છે કે બંનેમાં કોઇ પણ ચીજ નાંખેલી નથી, પછી પોતે એક સીગારેટ સળગાવે છે. જ્યારે સીગારેટ અડધી રહે છે એટલે ગ્લાસ ઉપર રકાબી ઢંકાવે છે કે તુરતજ ગ્લાસમાં ધુમાડો ભરાવા માંડે છે. પછી રકાબી ઉપરથી કાઢી લે છે એટલે ખુલ્લા દેખાવમાં ધુમાડો ગ્લાસમાંથી બાહાર નીકળે છે. અને જોનારાઓ યકીન થાય છે.

ખુલાસો—પ્રોફેસર [illegible] એક રકાબીનાં લાઇકર એમોની-યાના થોડાં ટીપાં નાંખી તે રકાબી જુદી મુકી છાંડે છે અને બીજા ગ્લાસમાં હાઇડ્રોક્લોરીક એસીડના બે ટીપાં નાંખીને ગ્લાસ પણ તૈયાર રાખેલો હોય છે. આ પછી બને ચીજો એક ઉપર એક ઢાંકવામાં આવે છે કે તરતજ ધુમાડો નીકળવા માંડે છે. આની અંદર કાંઇ જાદુ નથી પણ આ બે દવામાંજ એવા ગુણ છે.

જળપ્રલય અથવા પાણી પછીની દુનીયા.

સ્ટેજ ઉપર "નાહાની પેટીની અંદર જે કરેર આવે છે તે દેખાડે છે. એક ચોખુણ પેટી જેની બન્ને બાજુઓનો છેડા સાંધેલા હોય છે, તે ઉપરની બાજું ફેરવતાં એક હોડીના જેવો દેખાવ આપે છે. એ પેટી બે ઘોડા અથવા પાય ઉપર ઉભી રાખવામાં આવે છે. પેટીને પૂર્ણ રીતે પ્રોફેસર દેખાડે છે. પ્રોફેસર દરેક બાજુથી ઉઘાડી નાંખીને આગળની તેમજ પાછળની બાજુના છેડાઓ દેખાડે છે. ઓ-ડીયન્સ જોઈ શકે માટે પછવાડેનું ઢાંકણું પેહેલું પાડી નાંખેલું હોય છે. અને તેની અંદરથી જે મદદ પહોંચે છે તેનું કારણ આગળ બ-તાવવામાં આવશે. હાડપીંજર અથવા ફ્રેમ આ વખતે બંધ કરવામાં આવેલા હોય છે અને પેટી પૂર્ણ રીતે ખાલી માલુમ પડે છે. પછી પેટી બંધ કરવામાં આવે છે. ઢાંકણું છેવટની જગાએ આમ તેમ ફરે છે અને જળપ્રલયને માટે બંધુ તૈયાર રહે છે. ઉપરના ખુણામાં નાળચું મુકીને તેમાં ડોલથી પાણી રેડવામાં આવે છે. ઓડીયન્સ જાણે છે કે પેટી પાણીથી ભરેલી છે. પણ ખરી રીતે જોતાં તો માત્ર નળની મારફતે પાણી નળમાંથી પાસ થાય છે જે નળ ઘોડીના પાયામાંથી લેવામાં આવેલો છે. અને આ જળપ્રલયની વ્યવસ્થા દે-

ખાડવામાં આવે છે.

આ જળપ્રલય થઇ રહ્યા પછી જાનવરોનો દેખાવ આપવામાં આવે છે. પેટીની આગળની બારી ઉઘાડતાંજ જાનવરો તથા પક્ષીઓ જથાબંધ ખેંચી કાઢવામાં આવે છે. જેવાં કે બતકો, કબુતર, બીલાડાં તે આમ તેમ સ્ટેજ ઉપર ફરે છે, અને ઉડે છે. અને લોકો અજાયબ થાય છે કે માત્ર આટલી નાની પેટીમાં કેવી રીતે સમાવી શકે છે? વળી એટલું ધ્યાનમાં રાખવાનું છે કે, એક પણ જાનવર ભીજાયલું હોતું નથી. કારણ કે પાણી તેના સુધી પહોંચતું નથી.

વળી વધારે જોવાનું કે ખેલ કરનાર આગળનું ઢાંકણું છોડી દે છે, એટલે એક ખુબસુરત સ્ત્રી પેટીની અંદર મધ્ય ભાગમાં દેખાય છે કે જેમાં પોતેજ સમાઈ શકે એટલી જગા હોય છે. જાનવરો ક્યાંથી આવ્યા, અને લેડી પેટીમાંથી કેવી રીતે દેખાઇ તે ઓડીયન્સ આગળ ખુલ્લું કરવામાં આવ્યા પછી, પેટી પુર્ણ રીતે ખાલી દેખાડવી પડે છે અને તે કેવી રીતે પાણીમાંથી નાશી ગયાં તેજ માત્ર આ રમતનું રહસ્ય છે કે જેનું નીરાકરણ કરવાનું છે.

ખુલાસો—પેટીની શરૂવાતના પ્રયોગમાં જે છેડા આમ તેમ અગર ઉપર નીચે હલાવવામાં આવે છે. તે જગ્યાએ પક્ષીઓ, અને પ્રાણીઓને રાખવામાં આવે છે અને છેડાઓ આમ તેમ હલાવવામાં આવે છે અને તેના આગલા છીદ્રમાંથી બહાર ખેંચી કાઢવામાં આવે છે, આ ખેલનું બીજું સાધન સ્ત્રી પહેલેથીજ પછવાડેના ઢાંકણાને બાંધી રાખવામાં આવે છે. અને જે વખતે પેટી દેખાડવા માટે ઉઘાડવામાં આવે છે તે વખતે પાછલું ઢાંકણું નીચે નાંખી દેવામાં આવેલું હોય છે. જેથી ઓડીયન્સ પૂર્ણ રીતે પેટીની આરપાર જોઇ

શકે છે. ખરી રીતે ઓડીયન્સને જે મઝા દેખાડવાની છે તેમાંથી અ-
ટકાવવામાં આવે છે કારણ કે ટ્રંકમાંથી પાછલું ડોર એટલે બારણું
નાખી દીધેલું હોય છે:

ઉપર કહી ગયા પ્રમાણે આગળનું ઢાંકણું ઉઘાડવામાં આવે છે તેની પહેલાં પછવાડેનું ઢાંકણું નીચે પાડી નાંખવામાં આવે છે. અને અને જેવું તે ઢાંકણું નીચે જાય છે તેજ વખતે તેની સાથે સ્ત્રી નીચે જાય છે અને તે ઢાંકણાને વળગી રહે છે અને તે વખતે ઓડીયન્સ આગળનો જે ભાગ જુએ છે જે વખતે પેટી ઉઘાડી હોય છે તે વખતે તેનો આગલો ભાગ દેખાડે છે. તેમાં આગળના ઢાંકણા ઉપર સ્ત્રી છે. અને જાનવરો બંન્ને બાજુના છેડા ઉપર માલમ પડે છે, આ દેખાવ ઘણોજ અસરકારક છે.

કાગળનું ખાણું.

જાદુગર પોતાના કેટલાક ખેલ કરી રહ્યા પછી એક રકાબીમાં કાગળના ટુકડા ભરેલા સાથે રકાબી ઓડીયન્સને આવી બતાવે છે ને કહે છે કે ઘણાં વખતથી રમતો કરતાં હવે મને ભુખ લાગી છે માટે મારે ખાવું જોઇએ. એમ કહ્યા પછી કાગળમાંથી કાગળના ટુકડા ખાવા માંડે છે, ખાતાં ખાતાં વચમાં પાણી પીતો જાય છે અને છેવટે પોતાના મોંમાંથી દશ પંદર વાર લાંબી કાગળની પટી કાઢે છે.

ખુલાસો—જે રકાબીમાં ટુકડા ભરેલા છે તેની અંદર આગમચથી દશ પંદરવાર લાંબી પટી વીંટીને તેનું બંડલ કરી તેની અંદર છુપાવેલું હોય છે ને રકાબીમાંથી કાગળના ટુકડા ખાતી વખતે પેલી પટી મોંમાં ઘાલી દે છે. ને પછી મોંમાંથી પેલી પટીનો

છેડો પકડી ખેંચે છે. એટલે જેટલી પટ્ટી લાંબી હોય છે ત્યાંથી નીકળે છે.

જાદુઈ ખીલો.

એક જાદુઈ ખીલો લઇ પ્રોફેસર ઓડીયન્સને બતાવવા આવે છે ને કહે છે કે તેમાં કોઇ પણ જાતની કરામત નથી. એમ કહી ઓડીયન્સની ખાત્રી કરાવે છે પછી તેજ ખીલાને પોતાની આંગળીની અંદર અગર હાથેલીની વચમાં મુકી પથ્થર મારે છે તો તે ખીલો હાથેળીની અંદર આરપાર ગયેલો માલુમ પડે છે; છતાં પણ લોહી નીકળતું નથી ને ફરી પાછો જોરથી બહાર ખેંચી કાઢી ઓડીયન્સની ખાત્રી કરાવે છે.

ખુલાસો—જાદુગર આ રમતની અંદર બે ખીલા રાખે છે તેમાંનો એક ખરો અને બીજો કરામતી હોય છે. ખરો ખીલો ઓડીયન્સને બતાવે છે ને તે વખતે પેલો કરામતી ખીલો ટેબલપર પથ્થરની બાજુમાં મુકેલો હોય છે. તે ખીલો નીચે પ્રમાણે તૈયાર કરેલો હોય છે. એ ખીલાને બરોબર વચમાંથી બે કટકા કરેલા હોય છે. તેની વચમાં એક લોઢાની રીંગ હોય છે કે જે રીંગનાં દરેક છેડે પેલો એકેક કકડો રેણુ દઇને સાંધેલો હોય છે. ખરો ખીલો તપાસવા આપ્યા પછી પ્રોફેસર ટેબલપરથી પથ્થર ડાબે હાથે લે છે ને તેને પણ તપાસવા આપે છે, ને પહેલાં પથ્થર લઇ ટેબલપર પેલા ખીલાની બાજુમાં મુકે છે, ને પછી પેલો ખરો ખીલો લઇ ટેબલપરથી પથ્થર ઉપાડવાને બહાને મુકી દઇને પેલો કરામતી ખીલો લઇ લે છે ને હાથેલીપર મુકી આસ્થો ઠોકે છે એટલે લોકોને એક છેડો ઉપર ને એક નીચે દેખાય છે ને લોકો ઘણાં અજાયબ થાય છે, હજુ પણ

આવી ઘણી રમતો છે જેવી કે તરવાર, જમૈયા, કટાર વિગેરેની ર-
મતો મુસલમાન લોકો તાજીઆના દિવસમાં કરે છે તે પણ રીંગ
કમાનના આધારેજ થાય છે.

હવાઈ પાંજરૂ

સ્ટેઇજ ઉપર ગોઠવેલા એક ટેબલ ઉપર ચીનાઇ પતરાના સ-
ળીઆનું એક પાંજરૂં ગોઠવેલું હોય છે. પ્રોફેસર આવી આ પાંજરૂં
ઓડીયન્સને બતાવે છે. ત્યારબાદ એ પાંજરાને ફરીથી ટેબલપર
મુકી એક રૂમાલ તરફ ઓડીયન્સનું ધ્યાન ખેંચે છે ને તે રૂમાલ
તદન સાદો છે એમ ખાત્રી કરવા બે ચાર ઝાટકા–માર્યા પછી પેલા
પાંજરા ઉપર ઢાંકે છે. આટલું કરી પ્રોફેસર હમેશના સાથી મેજીક
વોન્ડની મદદ લે છે અને તેને આમ તેમ ફેરવ્યા પછી વન, ટુ, થ્રી
બોલી રૂમાલ ઉપાડી લે છે તો પાંજરૂં ત્યાંથી ગુમ થયેલું માલુમ પડે છે.

ખુલાસો—આ ખેલ રૂપીયાની જુબાનીના ખેલની પેઠે બે
રીતે થાય છે. આ બે રીતમાં એક જુની અને બીજી નવી છે. જુની
રીત કરતાં નવી રીત વધારે ઇફેકટ કરી લોકોને વધારે અજાયબ
કરે તેવી છે. પણ નવી કરતાં જુની રીતમાં સલામતી વધારે છે.
આશરે દસેક વરસ ઉપર આ નવીજ રીતમાં એક ભાઇબંધ પ્રોફે-
સરનો ફેસ્તો થયો હતો, ને સ્ટેઇજ ઉપરથી ચાલી જવું પડયું હતું.

રીત ૧ (જુની) જે પાંજરૂં આવે છે તેને એક પાસે કડી
જડી લીધેલી હોય છે. ટેબલને પણ પાછલી બાજુમાં એક ખીલી
મારેલી હોય છે. જે રૂમાલને તદન સાદા રૂમાલ તરીકે બતાવવામાં
આવે છે તેમાં ખરૂં જોતાં બે રૂમાલ છે, ને તે બે રૂમાલોની વચ્ચે

પાંજરાના ઉપર આકારનો તારનો સળીઓ સીવી લેવામાં આવેલો હોય છે આટલી ગોઠવણુ કરેલી હોય તોજ આ ખેલ આ રીત પ્રમાણે થાય. જ્યારે પ્રોફેસર પાંજરાને ટેબલપર મુકીને ઉપર રૂમાલ ઢાંકે છે ત્યારે રૂમાલ એવી રીતે ગોઠવે છે કે પેલું તારનું ચોકઠું બરોબર પાંજરાના ઉપલા ભાગ ઉપર બેસે છે ને પછી મેજીકવોન્ડ લઇ આમતેમ હલાવી એ પાંજરાને ઓડીયન્સમાં લાવવામાં આવે છે. ટેબલપરથી પાંજરાને ઉપાડતી વખતે પ્રોફેસર ટેબલની સામી બાજુ તરફ ઉભો રહે છે, એટલે ટેબલની પછાડી ઉભો રહે છે. આમ ઉભા રહી ડાબા હાથે રૂમાલની અંદરનું ચોકઠુ પકડે છે ને જાણે એ પાંજરાને ટેબલપરથી ઉઠાવતો હોય એમ બતાવે છે ત્યારે ખરૂં જોતાં તો એ જમણે હાથે પેલું પાંજરૂં સરકાવી લઇ ટેબલની પાછળ જે ખીલી જડવામા આવેલી હોય છે તેમાં ભેરવી દે છે ને પછી ટેબલ સાથે પ્રોફેસરને કાંઇ કામ પડતું નથી એટલે આગળ આવે છે અને ડાબો હાથ ઉંચો રાખી પેલું તારનું ખોખું પકડી રાખે છે. જેથી લોકો તો એમજ સમજે છે કે હજી પાંજરૂં સાંજ છે. પણ ખરૂં પાંજરૂં તો તે વખતે ટેબલ પાછળ હવામાં હીંચકા ખાતું હોય છે. આ પ્રમાણે આગળ આવ્યા પછી જમણે હાથે એક છેડો પ્રોફેસર પકડી વન, ટુ. થ્રીનો અવાજ કરે છે રૂમાલ ખેંચી લે છે ને ઝાટકે છે ને બતાવે છે કે રૂમાલમાં કાંઇ નથી, આ રીતે એ ખેલ થાય છે. તે રીત જુની છે. આમાં કેટલાક એકવડા રૂમાલથી કરે છે પણ તે બંને બાજુએ બતાવી શકાતો નથી અને પડવાળો રૂમાલ ફેરવીને તદ્દન સારો છે એમ ખાત્રી કરાવી શકાયછે.

(૨) **નવી રીત**—આ રીતમાં રૂમાલ કે ટેબલની જરૂર નથી. પ્રોફેસર બે હાથમાં પકડેલું સળીઆવાળું પાંજરૂં લાવે છે અને

'મ્હારા હાથમાં આ એક સાદું પાંજરૂં છે' એમ કહી ઓડીયન્સ સામું ધરે છે. એ પાંજરાનું શું કરવું તે અગાડીથી કહેવામાં આવતું નથી પછી આ પાંજરાને હું એક બે ત્રણ કહેતાં ઉડાવી દઇશ એમ કહી એક, બે, ત્રણ, બોલતાં હાથ પોહોળા કરે છે એટલે પાંજરૂં હાથમાંથી જતું રહેલું દેખાય છે.

ખુલાસો—હાથમાં આણેલું પાંજરૂં જે સળીઆવાળું હોયછે. અને જેથી એ બહુ સુંદર દેખાય છે તે ચારે તરફ સળીઆ સુદ્ધાંત ખીલીથી જડેલું એટલે જડ મારેલું હોય છે. ઉપરનાં અને નીચેનાં મળી એના આઠ ખુણે મોટી જડ મારેલી હોય છે. અને સળીયાઓ સાધારણ જડેલા હોય છે. આ બધી જડો ઢીલી હોય છે. અને તેથી કરીને આડું અવળું હલાવવું હોય છે તો તે પ્રમાણે વાંકુ ચુકું આ પાંજરૂં થઇ શકે છે. આ પાંજરાને એક છેડે એક કડી બાંધેલી હોય છે જે કડી દોરી બાંધવાના ખપમાં આવે છે, જે દોરી પ્રોફેસરના ડગલાની બાંહે બાંધી બહાર આવેલી હોય છે. સાધારણ રીતે ધારવામાં આવે તેમ આ દોરી સ્ટેઇજની અંદર ફેંકેલા આસીસ્ટંટને માટે નથી પરંતુ પ્રોફેસરને માટે છે, દોરી ખેંચવા માટે પ્રોફેસર ડગલાની અંદરથી બીજા હાથ સાથે બાંધી રાખે છે. કેટલાક કમરે બાંધે છે. દોરી ખેંચતાં તુટી ન જાય માટે એક નાની ગરેડી (Pully) ચામડાના પટા સાથે સીવી લીધેલી કમરે પટા સાથે બાંધે છે અને તેની અંદરથી આ દોરી પરોવવામાં આવેલી હોય છે અને તેનો એક છેડો પેલા પાંજરા સાથે બાંધેલો હોય છે. આટલા માટે આ ખેલ કરતાં પહેલાં પ્રોફેસર હમેશાં સ્ટેઇજમાં જાય છે. અને અંદરથી ઉપર પ્રમાણે બાંધી તૈયાર કરી પાંજરૂં બરાબર

ગોઠવી હાથમાં પકડી બહાર લાવે છે. એટલું યાદ રાખવું કે આ વખત હાથ વાંકા રાખવા. આ પછી પ્રોફેસર બતાવે છે અને ઓર્ડર આપે છે. ઓરડરનો "ત્રણ" આવે છે ત્યારે હાથે વતી હાથમાં પકડેલા પાંજરાને દાબે છે એટલે એક સળીઆ જેવી લાંબી ચીપ થઈ જાય છે અને હાથ મહોળા કરતાં દોરી ખેંચાય છે એટલે તે પાંજરૂં—ચીપ બાંયની અંદર ઉતરી પડે છે.

આ ખેલમાં સાવચેતી ઘણી જરૂરની છે કારણ કે સહેજ ભુલ થતાં ખેલ રદ જાય છે. ઉપર કહ્યું તેમ એક વખતે એક પ્રોફેસરની બાંય વચ્ચે આવવાથી આ ખેલ ખુલ્લો કરવો પડયો હતો પણ તે જુદી રીતે ખુલ્લો કરવામાં આવ્યો હતો. આની વધારે સમજણ પાંજરૂં જોવાથી તુરત આવી જાય છે. લખવાથી સમજાય તેમ નથી.

કાચા ચોખા બતાવી રાંધેલા કરવાની રીતઃ—

પ્રોફેસર શરૂઆતનું ભાષણ કર્યા પછી એક કાચની રકાબીમાં થોડાક ચોખા ઓડીયન્સમાં બતાવવાને માટે આપે છે ને સદરહુ ચોખા કાચા છે એમ ખાત્રી કરાવ્યા પછી તેને એક ડબ્બામાં ભરે છે ને તે ઢાંકી દઇ તે ડબ્બો એક ખુરશી ઉપર મુકી તેના ઉપર રૂમાલ ઢાંકી તેમાંથી રાંધેલા ચોખા બતાવે છે.

ખુલાસો—પ્રો. આ ખેલ બે રીતે કરે છે. તેમાંની એક રીત સાદી તથા ઘણી સહેલી છે ને તેનો ડબ્બો ઓડીયન્સને ઢાંકણા સાથે બતાવી શકાય છે, જ્યારે બીજીમાં તેમ કરી શકાતું નથી પણ ફક્ત ડબ્બોજ દેખાડાય છે—(૧) આ ખેલમાં ચોખા તથા ડબ્બો બતાવ્યા પછી ચોખા ડબામાં ભરે છે ને તેનું ઢાંકણું બંધ કરે છે. પછી તે ડબ્બો એક ખુરશી ઉપર મુકે છે. સદરહુ ખુરસીની ઉપર

પહેલેથી એ રૂમાલ તેના પાછલા ડાંડા ઉપર બતાવીને મુકેલો હોય છે. ને તે પાછલા ડાંડાની બાજુમાં એક ચુંક મારી તેના ઉપર બીજો ડબો તૈયાર રાંધેલા ચોખાનો ભેરવી રાખેલો હોય છે. પ્રો. ખુરશી ઉપર ડબો મુકયા પછી ખુરશીના બાજુ ઉભો રહે છે ને પેલો ડબો ખુરશી ઉપરથી લઇ એક હાથમાં ઝાલી રાખે છે, ને પછી પેલો રૂમાલ ખુરશી ઉપરથી ડબા ઢાંકવાને બ્હાને લે છે ને યુક્તિથી પેલો ડબો તેની જગ્યાપર ભેરવી દે છે ને પછી રૂમાલ ઢાંકી તેના ઉપર પાસ (Pass) આપે છે, એટલે ચોખા રાંધેલા તૈયાર માલમ પડે છે

(૨) બીજી રીત—સદરહુ રીતમાં ડબો બતાવ્યા પછી તેના ઉપર કવર ઢાંકવામાં આવે છે. સદરહુ કવર ઢાંકયા પછી પાછું ઉઘાડી તેની અંદર પાણી નાંખવામાં આવે છે ને પાછું બંધ કરી ફરી કવર ઉઘાડી ફરી પાણી નાંખે છે પહેલા પાણી નાંખ્યું તે કવરમાં ચુનો ભરી રાખેલો હોય છે તેની અંદર નાંખ્યું છે ને પાછું તરત પેલા ચોખામાં નાંખે છે, જેથી ચુનાની ગરમીને લીધે તે ચોખા રંધાઇને તૈયાર થાય છે ને પછી ઓડીયન્સને બતાવે છે.

બે રીંગ તથા કાગળમાંથી ફીટ કાઢવાની રીત—

પ્રોફેસર પોતાનું શરૂઆતનું ભાષણ કર્યા પછી ઓડીયન્સને પતરાની ૩ ઇંચ ઉંચી ને ગોળ રીંગ બે બતાવે છે ને એક ફુલીસકેપ કાગળ બતાવે છે અને ઓડીયન્સની ખાત્રી કરાવે છે કે તેમાં કાંઇ નથી ને પછી પેલો કાગળ એક રીંગ ઉપર મુકી તેના ઉપર બીજી રીંગ ઢાંકે છે. જેથી નગારા અગર પડઘમના આકારનું થઇ રહે છે ને પછી તેને થોડા પાસીસ (passes) આપે છે તેને વચ્ચે કાણું પાડી તેમાંથી ફીટ ૧૦૦–૧૨૫ વાર કાઢે છે ને ઓડીયન્સને અજા-

મળ કરે છે:—

ખુલાસો—સદરહુ બને રીંગ આરપાર પોલી તથા એક ઉપર એક આવે તેવી હોય છે. હવે પ્રોફેસર રીંગ તથા કાગળ બતાવ્યા પછી ૧ રીંગ ટેબલ ઉપર મુકે છે ને તેના ઉપર કાગળ મુકી બીજી રીંગ ઢાંકે છે ને નગારાંના આકારમાં બતાવે છે. હવે તે રીંગો ઉપાડતી વખતે તે ટેબલની ઉપર ૧ ફીટ વીટેલી (સો દોઢસો વાર હોય છે તે તે રીંગની સાથેજ ઉચકી લે છે ને પછી ઓડીયન્સને પુછે કે શું વગાડું નગારૂં, ઢોલ પડઘમ કે તાંસાં ત્યારે ઓડીયન્સમાંથી જવાબ આવે છે કે તરત એક હાથે વગાડીને તેમાં કાણુ પાડે છે ને પછી પેલી ફીટનો એક છેડો મહીંથી ખેંચી કાઢે છે ને પછી બધી ફીટ નીકળે છે આવી ફીટ મુંબઇમાં તૈયાર વેચાતી મળે છે.

હવામાંથી ત્રણ રૂમાલનું પેદા થવું--પ્રો, શરૂઆતનું ભાષણ આપ્યા પછી ઓડીયન્સને પોતાના બંને હાથ બંને બાજુથી ખાલી બતાવે છે, પછી હવામાં થોડા પાસ આપી ત્રણ રૂમાલ પેદા કરે છે, ને લોકોને અજાયબ કરી નાખે છે.

ખુલાસો—પ્રોફેસર પોતાની પાસે પહેલેથી એક રબ્બરનો નાનો બોલ રાખે છે ને પછી તેની અંદર ત્રણ રેશમી રૂમાલ મુકી છાંડે છે. ને તે બોલ પોતાના કોટના પાછલા ભાગના આગળ પડતા ખીસામાં રાખી મુકેલો હોય છે, હવે પોતે શરૂઆતનું ભાષણ કરી રહી હાંથને પાસ આપતી વખતે તે બોલ લઇ લે છે ને તેમાંથી ત્રણ રૂમાલ કાઢે છે ને બોલને અંદર (સ્ટેઇજ)ની બાજુમાં ફેંકી દે છે.

સીગારેટ તથા રૂમાલનું હવામાંથી પેદા થવું—

પ્રોફેસર પોતાનું શરૂઆતનું ભાષણ કર્યા પછી ઓડીય-

ન્સને પોતાના હાથ બતાવે છે ને પછી ઓડીયન્સમાં પુછે છે કે સાહેબ "તમારે શું પીવાની મરજી છે, સીગાર કે સીગારેટ" એમ પુછયા પછી ઓડીયન્સમાંથી જે કાંઈ કહે છે તે હાથને પાસ આપી કહાડી આપે છે ને લોકો તેને માનથી વધાવી લે છે.

ખુલાસો—પ્રોફેસર આ ખેલમાં પણ એક રબરનો પોલો બોલ રાખે છે ને તેને કાપીને મોટું મોં બનાવી રાખે છે તે તેમાં થોડી સીગારેટ, ૧ સીગાર, તથા ૧ રૂમાલ રાખી મુકે છે ને તે તેના કોટના ખીસામાં રાખી મુકે છે ને પાસ આપતી વખતે સફાઇથી બોલ લેઇ લઇ ઓડીયન્સમાંથી જે ચીજની માગણી થાય છે તે આપે છે ને લોકો અજાયબ થઈ જાય છે.

કાગળ ઉપર લખેલા અક્ષર ઉડાવવા—નૌશાગર સુહાગો અને સીંદુર એ ત્રણ ચીજને સરખે ભાગે લઇ વાટી તેની સાથે લખેલા અક્ષરનો કાગળ તડકે મુકવાથી અક્ષર ઉડી જશે અને કાગળ કોરો થઇ જશે.

લીંબુનો રસ શીશીમાંથી ઉડાવવો—એક શીશીમાં લીંબુનો રસ ભરી તેમાં થોડી કોલેની ભસ્મ નાખવી અને આંગળીથી શીશીનું મો બંધ કરવું એટલે શીશી માંહેલો રસ ઉડી જશે.

પાણીનું દુધ બનાવવું—સારો કોરો ઝીણી મલમલનો કકડો ગજ એકનો લેવો અને તેને ભેંસના દુધમાં બોળી સુકવવો એવી રીતે એકવીસ વાર દુધમાં બોળીને સુકવવો અને જ્યારે ખેલ કરવો હોય ત્યારે પાણીમાં તે કકડો ધોવો એટલે પાણીનું દુધ થઇ જશે અને લોકો આશ્ચર્ય પામશે.

કાચના શીસામાં અંગાર દેખાય—સારા ઉંચા બ્રાન્ડીની

શીશામાં થોડો ગંધક નાખીને તે શીસાને અંધારામાં મુકવો. એટલે શીશો દેવતાથી ભરેલો જણાશે અને હાથમાં લેશો તો દાજશો પણ નહિ.

લીંબુ એની મેળે ઉછળે—પારો તથા નવસાદર એ બંને સરખે વજને લઇ એક લીંબુમાં ભરવું અને તેને સખત તડકામાં મુકવું એટલે એની મેલે ઉછળવા લાગશે.

વગર દેવતાએ ધાણી શેકવી—જુવારને થુરેરના સાત પટ આપી સીજે સુકવી રાખવી. જ્યારે ખેલ કરવાનો હોય ત્યારે થોડીવાર આગમજ તે જુવારને પોટલી બાંધીને રાખવી પછી થોડીવાર તડકે મુકવી પછી કપડામાં કે સુપડામાં ઉછાલશો એટલે ધાણી ફુટશે

એક ઘડીમાં મેથીની ભાજી ઉગે—પ્રથમ મેથીને ચણાના ખારમાં ભીંજવી રીલે સુકવવી એવી રીતે પંદરવાર પટ દઇને છાયડામાં સુકવી રાખવી જ્યારે ખેલ કરવો હોય ત્યારે થોડું મટોડું તથા છાણ પાથરી પાણી છાંટી તેમાં મેથી વાવી ઉપર ટોપલો ઢાંકવો એટલે એક ઘડીમાં મેથીની ભાજી તૈયાર થશે.

પાણીમાંથી કોરી રેતી કાઢવી—જુની ઇટને ખાંડીને તેને દીવેલનું મોણ દવું અને તેને અગ્ની ઉપર કલેડામાં નાંખીને સેકવુ અને ડબો ભરી મુકવો. જ્યારે ખેલ કરવો હોય ત્યારે મુઠી ભરી પાણીમાં નાંખવું તો તેને પાણી બીલકુલ લાગશે નહીં અને રેતી કોરીને કોરી રહેશે.

કોયલા બતાવી મીઠાઇ ખવાડવી—પ્રથમ ખેલ કરનાર જ્યારે એ ખેલ કરવા માંડે છે ત્યારે એક થાળીમાં કોલસા ભરીને લાવે છે અને સભાને બતાવે છે પણ તે કોયલાની નીચે રેવડી, સાકરીઆ ચણા, પીપરમીટ, એવી એવી મીઠાઇ થોડી થોડી મુકી રાખે છે કોયલાંના વાસણ ઉપર કપડું ઢાંકીને પછી બીજા માણસને મો-

લાઇ દેખાડી ખવાડે છે.

દોરો બળે પણ વીંટી પડે નહિ—મીઠાના પાણીમાં દોરાને દસ બારવાર પટ દેવા અને તે દોરો ટાંગીને સાથે વીંટી ટાંગવી પછી દોરાને સળગાવી મુકવો તો દોરો બળી જશે અને વીંટી લટકી રહેશે

વીંછી ઉપજાવવાની રીત—ગધેડાનું મુતર શેર પાંચ તથા ભેંસનું છાણુ તથા બાજરીનો લોટ તથા ખજુરીના જાળાં અને પીળી મટોડી એ બધાને એક ઠીકરાના વાસણુમાં ભરવું અને લુગડે થી મોં બાંધી મુકવું ત્રણ દહાડામાં સેંકડો વીંછુ પાકી ઉઠશે.

પાણીનું લોહી કરવું—એક કાચના વાસણમાં પાણી ભરવું અને પછી બધા લોકોને બતાવવું કે જુઓ આ પાણી છે એમ કહી તેના ઉપર તે વાસણ ઢંકાઇ રહે એવો રૂમાલ ઢાંકતી વખતેજ વીલાતી રંગની ગોળી બનાવી મુકેલી હોય તે ચાલાકીથી નાખી દેવી એટલે પાણી લોહીના જેવું દેખાશે.

બે આની ઉડાડવી—પ્રથમ બેઆની હથેળીમાં લઇ લોકોને બતાવવી કે જુઓ આ બેઆની છે તેને હું ઉરાડી મુકુ છું, પછી મુઠી વાળવી પણ મુઠી વાળતાં પહેલાં વચલી આંગળીને પાછળથી નાખ ઉપર મીણ ચોટી રાખવું. જેવી મુઠી વાળવી તે જરા ચાંપીને વાળવી કે પેલી બેઆની મીણ સાથે વળગી જાય પછી મુઠી ઉઘાડી નાખવી. એટલે બેઆની ગેબ થયેલી દેખાશે.

પથર છાતી ઉપર ભાંગવો—એક પથર આસરે દસશેરના વજનનો લઈ તેને કોયલાની ભઠીમાં લાવી ખુબ તપાવવો અને પછી પાણીમાં મુકી દેવો તેને આવી રીતે તૈયાર કરેલા પથર માણસની છાતી ઉપર સેતરંજીની ઘડી કરી તે ઉપર પથર મુકી પછી હથોડો

મારશો એટલે પથરના કકડે કકડા થઈ જશે અને માણસને કંઇ ઈજા થશે નહી.

વગર દેવતાએ અગની ઉપજાવવો—એક લોઢાના પત્રાં ઉપર થોડો સુરોખાર નાંખીને તે ઉપર ગંધકના ફુલ છાંટશો તો પણ પોતાની મેજે બળતું થશે, પણ એ કરતી વખતે ગંધકનો ધુમાડો મોંમાં જાય નહિ તે યાદ રાખવું.

કાગળ બળે નહિ એવો કરવો—એક લોઢાનો સળીઓ દોઢ ઇંચ જાડો લેવો અને તેના ઉપર કાગળ વીંટાળી સ્પીરીટના દીવા ઉપર ધરવો જેથી કાગળ બીલકુલ બળશે નહીં.

લીંબુમાંથી લોહી કાઢવું—એક લોઢાના ચપ્પુ ઉપર કપાસનો રસ ચોપડી સુકવવું એવા ત્રણ ચાર પટ દઈ સુકવો પછી તે ચપ્પુથી લીંબુ કાપશો તો અંદરથી લોહીના જેવો પદાર્થ નીકળશે. જેમ ચપ્પુને વધારે પટ દેશો તેમ એકથી વધારે લીંબુ કાપવાને શકતીવાન થશે.

રૂપાનું ઝાડ ઉગાડવું—એક શીશીમાં આશરે ચાર ડ્રામ નાઇટ્રેડ ઓફ સીલવર નાખી તેમાં થોડું વરસાદનું પાણી ભરી અને તેમાં એક ઔંસ પારો નાખો, શીશાને એકાંત જગાએ મુકી રાખો જેથી શીશો હાલે નહીં એટલે તુરત થોડા વખતમાં એક સુંદર ઝાડ તે શીસામાં દેખાવ આપશે અને તે ઘણુંજ સરસ દેખાશે,

થાળીમાં સોયો નચાવવી—એક થાલીમાં સોયો નાંખી પછી તે થાળીની નીચે લોહ સુંબક ફેરવશો તો થાલીમાં સોયો આમ તેમ દોડાદોડ કરશે.

જાદુઇ પાનાં બનાવવાં—એક તરફ મોઢાંવાલાં પુતલાંના

પાના લેવાં અને તેને એક બાજુએથી એક દોરાવાર કાપી નાખવાં પછી જેવી જાતના ખેલ કરવા હોય તે તે પ્રમણે પોતાની બુદ્ધી પ્રમાણે ઉપયોગ કરવો જેથી ઘણી પ્રકારના ખેલ બની શકે છે.

પગે પાવડી ચોંટાડવી—પ્રથમ પાવડીને બાવલના ગુંદરનું જાડુ પાણી કરી ઉપલા ભાગમાં પીછી વતી ચોપડી સુકવી મુકવું. પછી જ્યારે ખેલ કરવો હોય ત્યારે પગ ધોઇને પાવડી ઉપર જોર મુકીને ઉભા રહેવું એટલે પાવડી પગે ચોંટી જશે.

પાણીમાં ભડકા કરવા—પોટીસીયમ નામનો ધાતુ પાણીમાં નાખે તો પાણીમાં ભુતના જેવા ભડકા થાય.

ઝાડ ઉપર દીવા કરવા—ફોશફરશ, વીથ, ઈથર નામની અંગ્રેજી દવા આવે છે તેને લાવીને પીચકારીમાં ભરી ઝાડ ઉપર છાંટે તો ઝાડ ઉપર દીવા થાય.

મોઢામાંથી ભડકા કાઢવા—થોડો ફોશફરશ લઇ તેને આંબાની ગોટલીમાં કાણુ પાડી તેમાં ભરવો અને પાછળથી શોય વતી વે પાડવા આવી રીતની બનાવેલી ગોટલી મોમાં રાખી બાહારની ફુંક મારવી. એટલે ભડકા થશે પણ એટલું યાદ રાખવું કે ગોટલીમાં પ્રથમ ભીનું કપડું બીછાવી તેમાં ફોશફરશ મુકવો.

કાચના શીશામાં ઝાડ ઉગાડવું—સ્યુગરસેટ એક ચૌંશ લઈ તેને બાટલીમાં નાખવું પછી પાણી ભરી એક જશતના કકડાને દોરાએ વતી તે પાણીમાં ડુબતો ટાંકવો અને એક દાહાડો રેહવા દેવું એટલે સીસામાં ઝાડ ઉગી નીકળશે.

શીશામાં ઇંડુ ઉતારવું પહેલાંથી મરઘીના ઈંડાને દરાખના સરકામાં બોલી મુકવું અને તે નરમ થાય એટલે સીસામાં ઉતારી સીસામાં પાણી ભરવું

શીશામાં દુધીની તુમડી ઉતારવી—પ્રથમ એક પોહોલા મોહોડાની બાટલી લઇ દુધીના તુમડાનું આરૂં તે બાટલીના મોંમાંથી અંદર ઉતારી મુકવું જ્યારે મોટું થાય એટલે ડીંટું તોડી નાંખવું.

પીળા રંગનો લીલો કરવો—પીળા રંગનાં પાણીમાં થોડું ગળીનું પાણી નાખશો એટલે લીલા રંગનું પાણી થશે.

પૃથ્વી ફરે છે તે જાણવાની એક યુક્તિ.

પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે એ વાર્તા ખગોળવિદ્યાથી ઘણા સમયથી નિર્ણીત થઇ ચુકી છે. પરંતુ તે ફરે છે કે કેમ તેની બરોબર ખાત્રી કરવાને માટે **જ્યોર્જ રૉ** નામનો એક પાશ્ચાત્ય વિદ્વાન નીચે પ્રમાણેનો અખતરો અજમાવી જોવા જણાવે છે.

'એક સાધારણ મોટા કદનું પ્યાલું લેવું, તેને પૂરેપુરૂ પાણીથી ભરી ઘરના એવા ઓરડામાં મૂકવું કે જ્યાં બહારની અથવા કોઇપણ પ્રકારની હીલચાલથી તે જરા પણ હાલે નહિ. તે પાણી ઉપર 'લાઇકોપોડીયમ' નામનો સફેદ પાઉડર, જે અંગ્રેજી દવાઓ વેચનારને ત્યાં મળી શકે છે, તેને છાંટવો. તેનું પાણી ઉપર બરોબર પડ બંધાય તેટલા પ્રમાણમાં છાંટવો. આ છાંટેલા પાઉડર ઉપર કાળા કોલસાના બારીક ભૂકાથી ઉતરૂથી દક્ષિણમાં એક સીધી લીટી પાડવી. પ્યાલાની અંદર આ કાળી લીટી પાડ્યા પછી એક લાકડી અથવા એવીજ કોઇ બીજી વસ્તુ પેલી કાળી લીટીની બાજુમાં તેને સમાંતર બાજુએ રહે તેવી રીતે ગોઠવવી. જો કોઇ જમીનમાં પડેલી એવી સીધી તડ વગેરે હોય તો તે પણ ચાલી શકેછે પરંતુ તે પેલી કાળી લીટીની સમાંતર બાજુએ હોવી જોઇએ. ત્યાર પછી કેટલાંએક કલાક તે પ્યાલાને હલાવ્યા વિના રહેવા દેવો અને ત્યાર પછી જે વસ્તુ કાળી લીટીની સમાંતર બાજુએ રાખવામાં આવી

હતી તે વસ્તુ કરતાં કાળી લીટી કેટલી ખસી છે તે જોવું જોઇએ. જો આ અખતરો બનોબર થયો હશે તો જણાશે કે કાળી લીટીની દિસા બદલાઈ હશે અને તે પુર્વથી પશ્ચિમ તરફ ખસી હશે એવું પણ જણાશે. પુર્વથી પશ્ચિમ તરફ ખસેલી જણાવાનું કારણ એજ કે પૃથ્વીએ ફરવામાં ખાલું અને તેની અંદરની વસ્તુઓને પોતાની સાથે ફેરવ્યાં છે પરંતુ તેની સપાટી ઉપરના પાઉડરને જરાક પાછળ રાખ્યો છે એમ સ્પષ્ટ થશે. કાળી લાઇન પૂર્વથી પશ્ચિમ તરફ ખસેલી જણાવાથી સિદ્ધ થાય છે કે બાજી વસ્તુઓ ફરી છે.

હઠીલો હજામ બનાવવાની કળા.

એક કાગળનું ગોળ પુતરૂ કરવું, પછી તેની નિચે કોઠનો અડધો છાલ મુકી તે પર કાગળ લગાડી એક અજાયબી હજામનું ચિત્ર કરવું બાદ તેને ગમે તેટલી વખત નિચે નમાવશો તોપણ તે હઠીલો હજામ મોતીયા કુતરાની માફક અક્કડ રહ્યા કરશે.

જાદુઈ વાસણ.

એક ટીનના પતરાનો બે અથવા ત્રણ ઇંચ પોહોળો અને પાંચ છ ઇંચ ઉભો ડબો બનાવવો અને તે ડબાનું મોઢું ત્રણ ઇંચ પહોળુ રાખવું અને તે ડબાના તળીએ સોય જેવા ઝીણાં ઝીણાં કાણાં ચાળણી માફક પાડવા બાદ તે વાસણનું મોઢું ઉઘાડું રાખી એક પાણીથી ભરેલા વાસણમાં તે મુકવું, પછી તેમાં પાણી રેડી મજબુત બુચ મારી ગમે તે શખસને આપી તેની પાસેથી તેનું ઢાંકણું ઉઘડાવવું જેવો તે ઢાંકણું ઉઘાડશે તેવોજ તે પાણીથી ભીંજાઇ જશે.

જાદુઇ ખેલો સમાપ્ત.

ભુત સાથે વાત કરવાની વિદ્યા.

કેટલાંક વર્ષ થયાં મરણ પામેલાં માણુસના આત્માને આ પણી રૂબરૂમાં બોલાવી તેમની સાથે વાતચિત કરવાની વિદ્યા યુરોપ અમેરીકા વગેરે ખંડોમાં ઘણી ધામધુમથી ચાલે છે; તેમજ આપણા દેશમાં પણ કેટલાક સ્થળે થિઓસોફીકલ નામની સોસાઇટીની શાખાઓ સ્થાપન થએલી છે, તેમાં એ વિદ્યાનો પ્રચાર ચાલતો કહેવામાં આવે છે; પરંતુ ગુર્જર બંધુઓમાં તે વિષેની જોઇએ તેવી માહીતી ન હોવાથી; કોઈ પણ મરણ પામેલા માણુસના આત્માને કેવી રીતથી બોલાવવો, તથા તેના આવ્યા બાદ કેમ વર્તણુંક ચલાવવી, ઇત્યાદિ જાણુવા યોગ્ય માહીતી સંક્ષેપમાં લખું છું.

૧—આ વિદ્યા ચક્કર માંડીને (ગોળ રીતે કેટલાક માણુસોએ બેસવાથી સિદ્ધ થાય છે, ૨—ચક્કર માંડવાની રીત એવી છે કે એક સ્વચ્છ હવાવાળા એકાંત મકાનમાં એક ગોળ ટેબલ મુકી તેની ચારે બાજુએ ગોળાકાર રીતે ખુરસીઓ ગોઠવવી. જો ખુરશીઓમાં કપડા અગર ચામડાની ગાદીને બદલે નેતર ભરીને અથવા લાકડાનાં પાટીઆં જડીને બેઠકો કરેલી હશે તો વધારે સારૂં. ૩—ચક્કર દીવસે માંડવા કરતાં રાત્રીએ માંડવું એ વધારે સારૂં છે, માટે ઘણું કરી રાત્રીના નવ વાગ્યાના સુમારે માંડવું. ૪—ત્રણુથી ઓછાં અને દસથી વધારે માણુસોએ કદી પણ ચક્કરમાં બેસવું નહીં. ૫—ચક્કરમાં બેસનાર સઘળાં માણુસોએ ટેબલની આસપાસ ગોઠવેલી ખુરસીઓપર બેસી ટેબલપર પોતાના બન્ને હાથ રાખી ચક્કર બનાવવું, એવી રીતે કે એક માણુસનો જમણો હાથ તો બીજાનો ડાબો હાથ એમ દરેક માણુસના હાથ એક બીજા સાથે જોડીને ટેબલપર મુ-

કવા. તેથી ટેબલપર સઘળા માણુસોના હાથો મળીને એક ગોળ ચક્કર (કુંડાળું) બની જશે. ૬—જો કદાપી ચક્કર માંડવાને પુરતી ખુરશીઓની સગવડ ન હોય તો સઘળા માણુસોએ જમીનપર ગોળાકાર રીતે બેસી, સઘળાંની વચમાં થોડી ઉંચાઈવાળો એક બાજઠ (ચોકી) રાખી તેપર દરેકના હાથ મુકી ઉપલી રીતે જોડી ચક્કર બનાવવું. ધારો કે જાણે ચાર માણુસો ચક્કરમાં બેઠેલા છે, તો તમારો ડાબો હાથ તમારી ડાબી બાજુએ બેઠલા માણુસના જમણા હાથપર મુકવો, જેથી એનો ડાબો હાથ એની ડાબી બાજુએ બેઠેલા માણુસના જમણા હાથપર રહેશે, અને તેનો ડાબો હાથ તમારી જમણી બાજુએ બેઠેલા માણુસના જમણા હાથપર રહેશે, તેની જમણી બાજુએ બેઠેલા માણુસનો ડાબો હાથ તમારા જમણા હાથપર આવી ચક્કર બંધાઇ જશે. આ જેમ ચાર માણસના ચક્કરની વાત કહી તેમ સઘળાં માણુસોનું ચક્કર બનાવવું. ૭—ચક્કરમાં બેસતાં પહેલાં મકાનમાંથી કચરો, પુંજો વગેરે કાઢી સુવાસિક ધુપ વગેરે કરી સ્વચ્છ બનાવવું. ૮—પુરૂષ અને સ્ત્રી, કાળા અને ગોરા, બળવાન અને નિર્બળ, બુદ્ધિહીન અને બુદ્ધિવાન, આળસુ અને ઉદ્યોગી, જુવાન અને બુઢા વગેરે એક બીજાથી ઉલટા ગુણવાળા દર બબ્બે માણુસોએ ચક્કરમાં જોડાજોડ બેસવું. ૯—જે જે માણુસો ચક્કરમાં (ગોળાકારમાં) બેસે તેઓમાં એક બીજાને માટે શત્રુતા, ધર્મ, દ્વેષ, દેહાભિમાન કિંવા ધન, ધાન્ય, નીચ ઉંચ વગેરે બાબતનો અભિમાન ન હોવો જોઇએ. ૧૦—વાદળ, વરસાદની વૃષ્ટી, આકાશમાં વિજળી કિંવા ગર્જના થતી હોય, ઘણી થંડી, ઘણી ગરમી પડતી હોય એવા વખતે બરાબર ફળ મળતું નથી માટે સાધારણ ઠંડી અગર સાધારણ ગરમીની વખતે અંધકાર અથવા

મતી ઉજાસવાળા ઘરમાં ચક્કર માંડવું. ૧૧—ચક્કરમાં બેઠેલા સઘળા માણસોએ મનમાંથી ચિંતા, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે સર્વે ઉપાધિઓ દૂર કરી એક બીજા સાથે મધુર ભાષણ કરવાં, અગર એક મનુષ્યે મધુર સુરથી ગાયન ગાવું. અગર કંઇ રસીક વાંચવું, અને બીજાઓએ તે એક ચિતથી સાંભળવું. મતલબ કે ગમે તે પ્રકારે ચક્કરમાં બેઠેલાં સઘળાં માણસોનું શાંતતાથી એક ચિત્ત કરવું. ૧૨—જે ઘરમાં ચક્કર માંડયું હોય ત્યાં ઘણું કરીને ચક્કરમાં બેઠેલા માણસો સિવાય બીજા માણસોને રહેવા દેવાં નહીં, વખત પર તમારા કોઇ ખાસ મિત્રો વગેરે ત્યાં આવેલા હોય, તો તેમને પણ તે મકાનની બહાર બોલે ચાલે નહીં તેમ શાન્ત ચિત્તથી બેસાડી રાખવાં, અને જ્યારે તમારા ચક્કરમાં એકાદ આત્મા આવે, ત્યારે તેઓને ઇસારતથી અગર ચક્કર ભંગ ન કરતાં એટલે ચક્કરમાંથી કોઇએ પણ ઉઠયા સિવાય ફક્ત ધીમેથી હાંક મારી બોલાવવા. મકાનમાં બારી બારણાં ઘણું કરીને બંધ રાખવાં કે જેથી બીજા માણસો અંદર આવી ગડબડ કરી શકે નહીં. ૧૩—ચક્કર માંડવાને કાયમ કરેલું ઘર, ટેબલ, દરેક માણસે પોત પોતાને માટે કાયમ કરેલી ખુરશી, બેસવાની જગ્યા, તથા કાયમ થયેલાં માણસો ઘણી જરૂરની બાબત સિવાય કદી પણ બદલવાં નહીં. ૧૪—પાપી દુષ્ટ કામમાં પ્રવૃત થનાર અને નાસ્તિક માણસને તો તે સ્થળે બીલકુલ આવવા પણ દેવો નહીં. ૧૫ ચક્કરમાં બેસતી વખતે તે મકાનમાંના સઘળા દીવા બુજાવી નાંખી ફક્ત એકજ દીવો અને દીવાસળીની પેટી ટેબલની પાસે રાખી ચક્કર માંડવું અને પછી તરતજ તે દીવો પણ બુજવી નાંખવો. અગર તેને ટેબલ નીચે રાખી પ્રકાશ ઘણોજ ઝાંખો રાખવો. ૧૬—સઘળાં માણસોએ એક ચીત

થયા બાદ કોઇપણ મરણ પામેલા માણુસનો આત્મા પોતાના ચક્કરમાં આવે એમ ચિંતવન કરવું એટલે મનમાં વિચાર કરવો યાને ભાવના ભાવવી. ૧૭—ચક્કર માંડવાનો તમને સારો અનુભવ મળ્યા બાદ, એટલે કેટલીક વખત કોઇ કોઈ આત્મા તમારા ચક્કરમાં આવી ગયા બાદ તમે જે માણુસના આત્માને બોલાવવાને ધારશો તેને બોલાવી શકશો; પરંતુ શરૂઆતમાં તમારા અભ્યાસમાં તો કોઇપણ અમુકજ માણુસનો આત્મા અમારા ચક્કરમાં આવે તેમ ન વિચારતાં ગમે તે એકાદ આત્મા આવવા માટે ચિંતવન કરવું, અને જે આત્મા આવે તેનો સારી રીતે આદરસત્કાર કરવો, જેથી તમારા ચકની વાત તે બીજા મુકાત્માઓને પહોંચાડશે, શરૂઆતમાંજ ફલાણો આત્મા આવે એમ ધ્યાન ધરવાથી આવેલો આત્મા નકલી રૂપ લેશે એવો સંભવ છે. ૧૮—જે એકજ માણુસના શરીરમાં દરરોજ આત્મા આવવા લાગે તે મીડિયમ એટલે ભુવો કહેવાય છે. કેટલીક વખત એમ પણ બને છે કે શરૂઆતના દિવસોમાં દરરોજ જુદા જુદા માણુસોના શરીરમાં આત્માઓ આવે છે, માટે જ્યાંસુધી મીડિયમ નક્કી ન થાય ત્યાંસુધી દરરોજ અરસપરસ બેસવાની જગો બદલવી જોઇએ. પરંતુ મીડિયમ નક્કી થયા બાદ કોઇએ બેસવાની જગો બદલવી નહીં. ૧૯—ચક્રમાં બેસનાર માણુસોએ પોતાનામાંથી એક માણુસને પ્રમુખ ઠરાવવો જોઇએ; અને તે પ્રમુખની આજ્ઞાનુસાર વર્ત્તવું જોઇએ. ૨૦—જે માણુસ મીડિયમ તરીકે મુક્રરર થાય તેને હમેશાં ચક્રમાં દક્ષિણુ દીશા તરફ મ્હો રહે તેની જગો આગળ બેસાડવો જોઇએ, અને જેને પ્રમુખ તરીકે ઠરાવેલો હોય તેને મીડિયમની બરાબર સામે એટલે ઉત્તર દીશા તરફ મ્હો રાખીને બેસવું જોઇયે. ૨૧—પ્રમુખે સઘળા માણુસો સાથે માયાળુપણે વ-

ર્તવું જોઇએ. તથા મીડિયમના શરીરમાં આત્મા આવ્યા બાદ જે કાંઇ પુછવું હોય, તે બીજા કોઇએ ન પુછતાં પ્રમુખેજ માન સાથે પુછવું જોઇએ. ૨૨—ઉપર પ્રમાણે યોગ્ય ગોઠવણ રાખી ચક્કર માંડવાથી સઘળા મનુષ્યોના અંગની વીજળી એક બીજા સાથે મેળવી રાખેલા હાથો મારફત એક થઇ જવાથી તે ચક્કરમાં એકાદ આત્મા આવશે. ૨૩—ચક્કરમાં બેઠેલા માણસો જો જુદા જુદા આત્માઓની ભાવના કરશે તો કંઇ પણ કાર્ય સિદ્ધ થશે નહીં. ૨૪—જ્યારે તમારા ચક્કરમાંના કોઇપણ માણસના શરીરમાં કોઇપણ આત્માનો પ્રવેશ થશે કે તુરતજ તેનો હાથ કંપવા લાગશે, શ્વાસ દીર્ઘ થશે અને ગળામાં ઘુર ઘુર અવાજ થશે. ૨૫—જ્યારે એ પ્રમાણે થાય કે તરતજ તમારામાંના પ્રમુખ માણસે, ચક્કરનો ભંગ ન થાય એ રીતે એટલે પોતાની બન્ને બાજુના માણસોના બન્ને હાથ પોતાના ખભા ઉપર મુકી, પોતાના બન્ને હાથ ખાલી કરી દીવાને પ્રકાશીત કરવો. બાદ તાબડતોબ જેનો હાથ કાંપતો હોય તેના હાથમાં પેનસીલ આપી તે હાથ નીચે એક કોરો કાગળ મુકવો અને પ્રશ્ન કરવો કે જો કદાપી આપ કોઇ પરલોક ગત મુક્તાત્મા હો તો કૃપા કરીને આ પત્રમાં ઉત્તર લખશો. ૨૬—કોઇ કોઇ વખત કોઇ મીડિયમ ઉત્તર ન લખતાં "ટપ ટપ" ટંકારા મારવા મંડી જાય છે. ત્યારે જો તે એક ટંકારો મારે તો "હા" અને બે ટંકારા મારે તો "ના" કહે છે એમ મતલબ સમજી તેની જોડે સભ્યતાથી વાતચીત કરવી. ૨૭—વખતપર મીડિયમ આળસ મરડે, નિંદ્રા લે અને કંઇ અસ્પષ્ટ શબ્દો બોલવા લાગે તો જાણવું કે થોડા સમયમાં તેનો ઉચ્ચાર સ્પષ્ટ નિકળશે અને તે લખીત નહીં પરંતુ મ્હોડેથી વાતચીત કરશે. ૨૮—કદી કદી કોઇ મીડિયમ મુક્તાત્માને આવતાં પણ

દેખે છે, તેમજ આકાશમાં અગર ભીંતપર સોનેરી કિંવા રૂપેરી અક્ષરો છે એમ જોઇ તે વચે છે; કદી કદી તે મકાનમાંની ખુરશીઓ, ટેબલ વગેરે હાલવાને પણ લાગે છે, દરવાજો બંધ છતાં બહારની કોઇ ચીજ તે મકાનમાં દાખલ થાય છે, અગર તે મકાનમાંથી કાંઇ ચીજ બહાર જતી રહે છે, ત્યારે સમજવું કે કોઇ આત્મા અદૃશ્ય રૂપે રહીને એમ કર્યા કરે છે. ૨૯—કોઇ પણ આત્મા આવ્યા બાદ તેને શરૂઆતમાં એવા પ્રશ્નો પુછવા કે જેનો જવાબ ઘણોજ ટુંકો એટલે ફક્ત "હા" કિંવા "ના" એટલોજ અથવા બે ત્રણ શબ્દો જેટલોજ હોય, બાદ અનુક્રમે તેને મોટા અને ગુહ્ય પ્રશ્નો પુછી તેની માહીતી મેળવવી. પરંતુ શરૂઆતમાંજ તેને ગુંચવાડામાં નાંખવો નહીં. ૩૦—કદી પણ મુકાત્માની પરીક્ષા જોવાને પ્રશ્ન કરવો નહીં. તેમજ જે પ્રશ્નોના જવાબ આપવાને તે નાખુશી બતાવે તેનો જવાબ મેળવવાને હઠ પણ લેવી નહીં, કારણ તેમ કર્યાથી તે જલદીથી જતો રહેશે અને આપણી એ અસભ્ય ભરેલી વર્તણુકની વાત બીજા મુકાત્માઓને જણાવશે તો તેઓ પણ આવતા બંધ પડશે. માટે તેના તરફથી જે કંઇ આપણને જવાબ મળે તેની તે વખતેજ ખાત્રી ન કરતાં ઇચ્છા હોય તો બીજે દિવસે બનતા પ્રયત્ને કરી લેવી. ૩૧—આવેલા આત્માને પુછવામાં આવતા પ્રશ્નો પરમાર્થ બુદ્ધિનાજ હોવા જોઇએ; પરંતુ "મને ધન ક્યારે મળશે ?" "મારે કેટલાં છોકરાં થશે ?" વગેરે આપ મતલબના પ્રશ્નો કોઇએ કદી પણ પુછવા નહીં. ૩૨—કદી કોઇ વખત ઉત્તર મળતાં વિલંબ થાય તો ચપળતા ન કરી દેવી, કારણ આ કાંઇ બાળકોની રમત નથી પરંતુ એક વિચારણીય દેવતાઈ વિદ્યા છે. ૩૩—કોઇ કોઇ સમયે કેટલાક નિચ આત્માઓ પૈકીનો એકાદ આ

ત્મા ગમ્મત કરવા અગર કાંઇ ઉપદ્રવ કરવા મીડિયમના શરીરમાં આવી તેને દુઃખ દે છે, અગર મકાનમાં અદૃશ્ય રહી તોફાન કરવા માંડે છે. માટે જો તેમ બને તો તે વખતે નહીં ગભરાતાં તેને કાઢી મુકવાનો ઉપાય કરવો. ૩૪—કાઢી મુકવાનો એ ઉપાય છે કે ચક્કર માંડતી વખતે પ્રમુખે અગર મીડિયમે પરમેશ્વરનું ભજન કર્યા બાદ ચક્કર માંડવું, તે છતાં પણ જો કોઇ તેવો દુષ્ટ આત્મા આવ્યો હોય તો પ્રમુખે તે વખત હરીકીર્તન કરવું અને મીડિયમના કાનમાં પરમેશ્વરના નામનો પોકાર કરવો. ૩૫—એકાદ ખાસ માણસના આત્માને બોલાવવો હોય તો સઘળા માણસોએ પ્રથમ હરીકીર્તન કરી અમારા ચક્કરમાં અમુકજ માણસનો આત્મા આવે એમ ઇશ્વર પાસે દુવા માગી ચક્કર માંડવું. તથા તે માણસના આત્માને બોલાવવાને સઘળાઓએ મનમાંજ હાંક મારવી, પરંતુ તે આવશે કે નહીં તેનો કંઇ નિયમ નથી. ૩૬—મીડિયમ કાયમ થયા બાદ મીડિયમ અને પ્રમુખ એ બન્ને હાજર હોઇ તેઓ. ચક્કરમાં દરરોજ નવાં નવાં માણસો બેસાડી ચક્કર માંડશે તોપણ હરકત નથી. ૩૭—કોઈ કોઇ માણસોના શરીરમાંથી રાત દિવસ એક પ્રકારનો તેલ જેવો પસીનો નિકળે છે, તે જાતના મનુષ્યો જો ચક્કરમાં હોય તો વધારે સારૂ. કારણ કે જે દિવસે એવા મનુષ્યો ચક્કરમાં હોય ત્યારે કંઇ અદ્દભુત ચમત્કારો થાય છે. ૩૮— ઘણુંકરી ચક્કર માંડવાની. પ્રથમ દિવસની શરૂઆતથી માંડીને બે ચાર દિવસમાં તે ચક્કરમાં આત્માઓ આવવા લાગે છે. માટે બે ત્રણ દિવસ સુધી ચક્કર માંડતાં પણ જો કોઇ આત્મા ન આવે તો બેડેલા માણસો યોગ્ય ગુણવાળા નથી એમ સમજી દરરોજ માણસો બદલતા રહેવું. ૩૯—જે દિવસે આત્મા આવવાનો હશે તે દિવસે ઘણુંકરીને તે કલાક દોઢ કલાકની

અંદર આવી જશે. માટે દરરોજ બે ત્રણ કલાકથી વધારે વખત સુધી ચક્કર રાખવું નહીં. તેટલા અરસામાં જો કોઇ આત્મા આવે તો ભલે, નહીંતર ચક્કર બંધ કરી ઉઠી જવું. પરંતુ જો તેટલા અરસામાં એકાદ આત્મા આવે તો, તે જેટલીવાર રહે ત્યાંસુધી ચક્કરનો ભંગ કરવો નહીં. ૪૦—જેમ દુષ્ટ આત્માના પ્રવેશથી કોઇ વખત મીડિયમને દુઃખ થાય છે. તેમજ સાધુ આત્માના પ્રવેશથી તેને આનંદ પણ થાય છે. ૪૧—કેટલાક પ્રયોગકારો જલદીથી આત્માને બોલાવવાને માટે ચક્કરની વચમાં મુકવામાં આવતા ટેબલપર એક લોઢાનો તાર ગોળાકારે જડી લે છે. તેમજ હાથ મુકવાની રેખાઓ (હદ) પણ તારનીજ બનાવે છે. ૪૨—મીડિયમના શરીરમાં આવેલો આત્મા નીકળી ગયા બાદ પણ જો તે બેશુદ્ધજ જણાય તો તેને પાસ દેઈ જાગૃત કરવો. ૪૩—એ પાસ દેવાની રીત એમ છે કે પોતાના બન્ને હાથની હથેળીઓ મીડિયમના અંગ તરફ રહે તેવી રીતે પ્રમુખ પોતાના બન્ને હાથ પગના અંગુઠાઓ. આગળથી ધીમેધીમે મીડિયમના મસ્તક સુધી લેઇ જવા, અને ત્યાંથી મીડિયમના તે હાથ પાછા મીડિયમના પગ આગળ લેઈ જતી વખતે પાછા મીડિયમના શરીર ઉપરથી ન લઇ જતાં બંને હાથની મીડિયમના માથા આગળ મુઠીઓ વાળી તે બીજી જગ્યાએ થઇને લઇ જવા. મતલબ એ કે ઉલટો પાસ લાગે નહીં તેની સંભાળ રાખવી. આ પ્રમાણે નીયમો ધ્યાનમાં રાખી પ્રયોગ કરવાથી તમે આ વિદ્યાનો સારો લાભ મેળવશો, અને જુદા જુદા આત્માઓના સહવાસમાં આવ્યાથી કોઇ વખતે નહીં ધારેલો ઉત્તમ ફાયદો મેળવી શકશો.

હાજરાત ભરવાની રીત.

પ્રથમ એક સુંદર સફેદ રંગની પહોળી છાછર જેવી કાચની રકાબી લેવી અને તેની મધ્યમાં કપુરની મેશ (કાજળ) નું ટપકું કરી તે ટપકા ઉપર એરંડીયાના તેલનું ટપકું પાડવું. કપુરની મેશ લેવાનું કારણુ એટલુંજ કે આ પ્રયોગ ત્રાટક મુદ્રાનો એટલે એકી નજરે તેના પ્રત્યે જોઇ રહેવાનો છે. તેથી જો ગરમ પદાર્થ પ્રત્યે આંખને એકી ટસે જોવાનો અભ્યાસ પડે તો આંખની કુમળી નસોને જોર પહોંચે છે ને તે ગરમ વસ્તુના આકર્ષણુથી આંખના સ્નાયુઓને નુકશાન થાય છે. એટલા સારૂ ઠંડી પ્રકૃતિવાળો પદાર્થ તે કામમાં વાપરવાથી ઉલટો આંખના સ્નાયુઓને ફાયદો થાય છે. માટે મારા અનુભવ પ્રમાણે પ્રયોગ કરનારા સ્ત્રી પુરૂષ કે બાળકો માટે આ રસ્તોજ સહીસલામત અને લાભકારક છે.

ઉપર મુજબ કપુરની મેશ લગાડેલી રકાબી પ્રત્યે જેને તે પ્રયોગ કરવાની ઇચ્છા હોય તેને પદ્માસને એટલે પલાંઠીવાળી સ્થિર બેસાડી એકી નજરે જોવા કહેવું અને આપણે જે જે પ્રશ્નો તેને પુછીએ તે તે પ્રશ્નોનો જવાબ તે તે ટપકા તરફ જોતા રહીનેજ બોલે તેવી સુચના કરવી. જોતાં જોતાં તેને ત્યાંથી એટલે ટપકા તરફથી નજર ફેરવવી જોઇએ નહીં. કારણકે તેમ કરવાથી જે કુદરતી શક્તિ ઉત્પન્ન થએલી હશે તે છિન્ન ભિન્ન થઇ જવાથી પ્રયોગ નિષ્ફળ જશે. આ પ્રયોગ વખતે ઝાઝાં માણુસોને ત્યાં બેસવા દેવાં નહિ. ફક્ત જેનું કામ હોય તે, બીજો પ્રયોગ કરનાર અને ત્રીજો પ્રયોગ કરાવનાર મળી ત્રણુ માણુસોજ હોવાં જોઇએ. તેમ આ પ્રયોગ માટે સ્થાન જગ્યા પણુ એકાંત ને શાંત હોવી જોઇએ. ત્યાં

કોઇ પણ પ્રકારની ગરબડ હોવી જોઇએ નહિ તેમ બહુજ અજવાળાવાળી પણ નહિ હોવી જોઇએ.

આ પ્રમાણે સગવડ કરીને જોવાથી પ્રથમ જોનારને પુછવું કે ત્યાં કોઈ ભીસ્તી એટલે પખાલી પાણી છાંટે છે! તે હા કહે તો કહેવું કે હવે શું થાય છે? જ્યારે તે કહે કે ગાલીચા બીછાય છે, ટેબલ ખુરશીઓ ને સિંહાસન ગોઠવાય છે; જ્યારે તે બધું ગોઠવાઇ રહેલું કહે ત્યારે વળી પુછવું કે હવે શું થાય છે? જ્યારે તે કહે કે દરબાર ભરાય છે અને કોઇ પવિત્ર મહાત્મા સિંહાસનપર બેઠેલો દેખાય છે ત્યારે તેને તમારે કહેવું કે તુ તે મહાત્માને અરજ કર કે ફલાણી બાબતનું પરિણામ શું આવશે અથવા મારૂં ફલાણું ચોરાઇ ગયું છે તે ચોર પકડી મંગાવો. આ પ્રમાણે જે જે બાબત પુછવી હોય તે તેમાં દેખાતા મહાત્માને જોનાર પાસે પુછાવવી જેથી ખુલાસો મળશે. પરંતુ આ વખતે પ્રયોગ કરનારે પોતાની બુદ્ધિથી કેટલાક પ્રશ્નો પુછીને પોતે પહેલાં ખાત્રી કરી લેવી કે આ જવાબો ખરા પડે છે કે નહીં? કારણ કે કેટલાક જોનારા જવાબ દઈ શકેછે પણ તે ખરા એટલે સાચા હોતાં નથી અને કેટલાકના ખરા પણ પડે છે. એટલા માટે શરૂઆતથીજ ખરાપણાની ખાત્રી કરી લેવી.

વાસુદેવ પ્યાલુ બનાવવાની કળા.

આ પ્યાલાં મથુરાં તરફના લોકો બનાવી વેચે છે. એની બનાવટ એમ હોય છે કે એક પીતળના પ્યાલામાં વાસુદેવની પીતળની મુર્તિ ઉભી બેસાડેલી હોય છે, જેના બન્ને હાથ કમ્મર આગળ એકઠા કરી ત્યાં આગળ તે હાથો ઉપર શ્રી કૃષ્ણ ભગવાનની મુર્તિ આડી સુવાડી રાખેલી હોય છે. એવી રીતે બનાવેલાં આ

પ્યાલાંઓ વેચનારા એમ દલીલ બતાવે છે કે જ્યારે કંસરાયના ભયને લીધે શ્રીવાસુદેવ તરતનાજ જન્મેલા શ્રીકૃષ્ણુ ભગવાનને મથુરાંમાંથી લેઇને મધ્ય રાત્રીના સમયે ગોકુળમાં શ્રી નંદરાયના ત્યાં મુકવા જતા હતા, ત્યારે ચાલતાં જુમનાજી આગળ આવ્યા તે વખતે શ્રી જુમનાજીમાં ઘણા જોરમાં પાણીનું પુર આવેલું હતું; સામે કીનારે કેમ જવાશે એવા વિચારમાં પડી વાસુદેવ શ્રી જુમનાજીના પાણીનો અડસટો જોવા નીચા નમ્યા, તે વખતે શ્રીકૃષ્ણુ ભગવાનના પગનો અંગુઠો શ્રી જમુનાજીના જળને અડી ગયો, જેથી તરતજ સઘળું પુર ઉતરી જઇ એકદમ ઉતાર થઇ ગયો. તેજ મુજબ આ પ્યાલામાં પણ એવો ચમત્કાર છે કે તેમાં ડબ્બલ પડદો અથવા કોઇ જગ્યાએ કાણું નથી. જેથી તમે તેમાં પાણી ભરવા શરૂ કરશો તો તેમાંથી એક ટપકું પાણી પણ બહાર જશે નહીં. પરંતુ તમે જ્યારે પાણી ભરતાં ભરતાં શ્રી કૃષ્ણુના પગના અંગુડાને અડે ત્યાં સુધી પાણી ભરશો ત્યારે એકદમ તે પ્યાલામાંથી સઘળું પાણી ગુમ થઇ જઇ પ્યાલો તદન કોરો થઇ જઇ એ પાણી ક્યાં ગયું તેની કોઇને ખબર પણ પડશે નહીં એવો એ પ્યાલામાં ચમત્કાર છે.

હવે તેનો ખુલાસો એમ છે કે કંસરાયના વખતમાં તો ગમે તેમ બન્યું હશે, પરંતુ જે લોક ઉપલા પ્યાલાથી એ ચમત્કાર કરી બતાવે છે તે એવી રીતે કે વાસુદેવના બન્ને પગ તથા કમ્મર પોલી હોવાથી તે બન્ને એક ચીમટાના આકારની નળીનું કામ સારે છે. હવે પ્યાલાના તળીએ વાસુદેવના બે પગ જડેલા હોય છે, તે પૈકી એક પગ પ્યાલાના તળીઆ સાથે ન જડતાં તેના અને પ્યાલાના તળીઆ વચ્ચે થોડું અંતર રાખેલું હોય છે. જ્યારે બીજો પગ પ્યાલાના તળીઆ સાથે બરાબર જડી લેઈ તેની નીચે-

ના પ્યાલાના તળીઆમાં આરપાર કાણું પાડેલું હોય છે જેથી આપણે પ્યાલામાં જેમ જેમ પાણી રેડવું શરૂ કરીએ છીએ, તેમ તેમ પ્યાલાથી અલગ રાખેલા પોલા પગમાં પણ પાણી ભરાતું જાય છે. એમ ભરાતાં ભરાતાં જ્યારે છેક વાસુદેવ કમ્મરપુર હુએ એટલું પાણી પ્યાલામાં ભરાય છે, ત્યારે તે પોલો પગ પણ કમ્મર સુધી ભરાઇ ગયેલો હોવાથી તરતજ તેમાંનું પાણી કમ્મરના પોલાણને રસ્તે થઈ બીજા પગવાટે પાછું નિચે ઉતરવાનું શરૂ કરે છે, અને એ રીતે પાણીને વહેવાની ગતિ મળી કે તરતજ ઝપાટાબંધ તે આખા પ્યાલાનું પાણી બીજા પગવાટે થઇ પ્યાલાના તળીએ નિકળી જાય છે, કારણ તે બીજા પગ નીચેથી પ્યાલામાં આરપાર કાણું રાખેલું હોય છે, એવી રીતે આકર્ષણ ગતિના આધારે પાણી નિકળી જાય છે. તે જોઈ લોકો અજાયબ થાય છે.

ત્રીકાળદર્શી આયનો બનાવવાની રીત.

પ્રથમ એક પાંચ ઇંચ પહોળો અને સાત ઇંચ લાંબો કાચ લેઇ તેનાપર જાપાનીશ કાળો રંગ એક ધારો સફાઈથી લગાડવો ને તે સુકાઇ જાય ત્યારે ફરી બીજીવાર તે રંગ લગાડવો અને તે સુકાયા પછી તેને ફ્રેમમાં રંગનો ભાગ અંદર રાખી મઢાવવો એટલે કાચની બાજુ બહાર રહેશે તે ત્રીકાળદર્શી આયનો કે જાદુઇ આરીસો કહેવાય છે. તે વાપરવાની રીત એવી છે કે એ આયના એટલે તકતાને એક ટેબલ કે બાજોઠ ઉપર ઉભો મુકી તેના આગળ એક ઘીનો દીવો કરવો તથા બાજુપર સુગંધીદાર ધુપ સળગાવવો. નાહી ધોઈ સ્વચ્છ વસ્ત્ર પહેરી તેના સામે પલાંઠીવાળી બેસવું. અને સળગતા દીવાની જ્યોતનો જે પડછાયો આરસામાં પડે તેના સામે એક

પણ મીંટ માર્યા વિના સ્થિર આંખે જોઇ રહેવાથી પ્રથમ એક ઝાડુ વાળનાર ભંગીઓ આવી ઝાડુ કાઢી સાફસુફ કરી જતો દેખાશે ને તેના ગયા પછી પખાલી આવી પાણી છાંટી જશે એટલે બીજા માણસો આવી સેતરંજી, ગાલીચા ને ગાદીતકીયા બીછાવશે તથા વચમાં એક સીંહાસન મુકશે એટલે એક દેવી પુરૂષ આવી તેના ઉપર બેસશે તથા બીજા કેટલાક-માણસો તેની આસપાસ ઉભા રહેશે તથા બેઠેલા દેખાશે. તે વખતે આપણે જે સવાલ પુછવા હોય તે તેમને પુછવાથી ઈશારતથી ખુલ્લાસાબંધ જવાબ આપશે. કેટલીક વખતે આપણે જે પુછીશું તેના જવાબ જે ભાષામાં કહીશું તે ભાષામાં લખીને પણ જણાવશે. આ આયનામાં દસ બાર વર્ષની ઉમ્મરનાં બાળકો તથા જુવાન સ્ત્રીઓ ઘણી સારી રીતે જોઇ શકે છે. બાકીના માણસોમાં દરરોજ અભ્યાસ રાખનારને કેટલેક વખતે દેખાય છે. ને એકવાર દેખાયા પછી દરરોજ જ્યારે જોવા ઇચ્છે ત્યારે ઘણી સહેલાઈથી અને તાકીદે જોઇ શકે છે.

હજરતી અંગુઠી બનાવવાની રીત.

સોના રૂપા કે તાંબા પીતળની ગમે તે ધાતુની એક વીંટી કરાવીને તેનાપર નંગ બેસાડવાની જગ્યાએ કપુર ને મીંઢીયાવળની મેસથી કાળી લાખ તૈયાર કરી નંગના આકારે ગોળ બેસાડવી અને પછી જ્યારે તે વીંટીનો ચમત્કાર જોવો હોય ત્યારે તે કાળા ભાગ પર દીવેલનું ટપકું કરી એકાદ છોકરાને તેમાં એકીટસે જોવા કહેવું ને તેને પુછવું કે જો અંદર પાણી પાણી દેખાય છે ? તે હા કહે તો કહેવું કે જો અંદર વહાણ દેખાય છે ? તે હા કહે તો કહેવું કે તે વહાણને કહે કે મારી પાસે આવ વહાણમાં બેસનારી સામે

કાંડે લેઇ જા, અને જ્યારે તે છોકરો કહે સામે કાંઠે હું ગયો છું ત્યારે તેને કહેવું કે ત્યાં બગીચામાં કોઇ માણુસો ઉભાં હોય તો તેને કહે કે મારા સારૂ ઘોડાગાડી લાવો ને તેમાં બેસારી મને ફલાણી જગ્યાએ લેઇ જાઓ. જ્યારે તે જગ્યાએ તે ગયો છે એવું કહે ત્યારે પછી આપણે જે જે તેને પુછવું હોય તે પુછવું તેના જવાબ તે છોકરો આપે છે તે ખરા ખોટાની ખાતરી કરી લેવી ને જેના જવાબ ખરા પડે તેને કહેવા ઉપરજ ભરૂસો રાખી કામ કરવું. આ વીંટીઓ તથા ત્રિકાળદર્શી આયનાની શોધ ત્રાટકમુદ્રાના પ્રયોગ ઉપરથી કરવામાં આવી છે અને તે સંબંધી વધારે ખુલ્લાસો જોઇએ તેણે અમને રૂબરૂમાં મળવું. કારણ કે એ બાબત મુંબઇ ઇલાકામાં પહેલવહેલી અમેજ બહાર પાડી હતી અને ત્યાર પછી કેટલાક લોકો અમને સો સો ને બસો બસો રૂપીઆ આપી અમારી પાસેથી શીખી જઇ તેનાપર પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યા હતા અને જાહેર વર્ત્તમાનપત્રોમાં લાંબી લાંબી જાહેર ખબરો આપી સારૂ કમાઇ ખાતા. નાકે દુધ પીવાના વીગેરે ચમત્કારી હુન્નરો હજી મારી પાસે છે તે જેને શીખવા હોય તેણે રૂબરૂ મળવું. કે ખરચ આપી મળવા બોલાવવા એટલે અમે ત્યાં આવીને પાંચ મીનીટમાં પાશેર દુધ પીતાં શીખવી દઇશું, પાંચસો ને હજાર રૂપીઆની મુડીમાં વર્ષે દહાડે પાંચસો, હજાર પેદા કરવા હોય તો અમારી સલાહ લેવાથી કોઇ ચમત્કારી હુન્નર બતાવીશું. પત્ર વ્યવહાર રાખનારે જવાબ સારૂ ટીકીટ બીડવી.

હાથ જોવાની રીત.

શોભાયુક્ત ગણુપતિને, દેવી સરસ્વતીને અને નવગ્રહોને નમ-

સ્કાર કરી કૃષ્ણુ કાર્તિક આ સામુદ્રિકનો સંગ્રહ કરે છે. તેમાં પ્રથમ હસ્તરેખાનો વિચાર કહું છું તે એજ કે જમણી તરફ પુરૂષનો હાથ અને (પુરૂષની પેઠે) ડાબી તરફ સ્ત્રીનો હાથ 'જોવો' મહાદેવે કહેલાં સામુદ્રિક શાસ્ત્રમાં મનુષ્યોનું શુભ અને અશુભ ફળ કહેલું છે જેના જાણવાથી પુરૂષ કદી શોચ કરેજ નહિ, અર્થાત્ પોતાના નસીબમાં જે થવાનું છે તે જાણી લીધાથી સુખ દુઃખનો શોચ કરેજ નહિ. જે પુરૂષના હાથમાં મત્સ્ય (માછલી) જેવી રેખા (ચિન્હ) હોય તે પોતાનાં કર્મને સિદ્ધ કરનાર, ધનવાળો અને બહુ પૌત્રોવાળો થાય છે, તેમાં સંશય જાણવો નહિ. "આ ચિન્હ હાથના મુળ પાસે મણિબંધથી આગળ હથેળીના છેડા પાસ હોય છે." જે માણસના હાથના તળિઆમાં તરાજુ, ગામ અને વજ્ર (એક જાતનું હથિયાર) જણાય; તે પુરૂષને વ્યાપારમાં સિદ્ધિ થાય એમાં સંશયજ નહિ. કમળ, ધનુષ, તલવાર અને અષ્ટકોણ દેખાય તે સ્ત્રી અથવા પુરૂષ ધનવાળાં સુખી થાય છે. જે પુરૂષના હાથમાં ત્રિશુળનું ચિન્હ દેખાય તે માણુસ યજ્ઞ, ધર્મ અને દાન માટે દેવ અને બ્રાહ્મણોને પૂજનારો રાજા થાય છે. પર્વત, કંકણ, યોની, માણુસનું માથું અને કળશ આદિકનાં ચિન્હો જેના હાથમાં દેખાય તે માણુસ રાજાનો મંત્રી (પ્રધાન) થાય છે. જે માણુસના હાથમાં અંકુશ, કુંડળ અને ચક્રનું ચિન્હ દેખાય તે મહા શ્રેષ્ટ રાજા હોય એમ સામુદ્રિક શાસ્ત્રનું વચન છે. જે માણુસના અંગુઠાના પેટારની વચ્ચે જવનું ચિન્હ શોભે; તે માણુસ પોતે ઉત્પન્ન કરેલા ભોગને ભોગવી શકે અને સુખમાં વધી શકે છે. જે પુરૂષની મધ્યમા (વચલી) અને તર્જની અંગુઠાના જોડની) આંગળીના મુળમાં જવ શોભે તે માણુસ પોતાની સ્ત્રી અને ઘર આદિ પદાર્થોવડે સુખ ભોગવનારો ધનવાન્ થાય છે.

જે પુરૂષની પાંચે આંગળીઓના મથાળે ચક્રનાં ચિન્હ હોય તે પુરૂષ પરમ ઇશ્વરતુલ્ય હોય છે, અને તે અહિં નાના પ્રકારની વસ્તુના ભોગ ભોગવે છે, તેમ પરલોકમાં પણ સુખ ભોગવે છે. જે માણસના અંગુઠામાં ચક્ર હોય અથવા પૂર્ણ જવ દેખાય તે માણસ દાદા આદિકનું અથવા વાણિઆ આદિકનું ધન નિશ્ચે ભોગવે. જે માણસની તર્જની (અંગુઠાની જોડની) આંગળીમાં ચક્રનું ચિન્હ હોય તો તે માણસ મિત્રની સાહ્યતાથી અથવા મિત્ર પાસેથી ધનને પ્રાપ્ત કરે પણ જો તે ચક્રનું ચિન્હ વિપરીત હોય તો મિત્ર તરફથી નુકશાની ભોગવે, જે માણસની મધ્યમા (વચલી) આંગળીમાં ચક્રનું ચિન્હ હોય તે માણસ કોઇપણ દેવતરફથી ધન મેળવે; પણ જો ચક્ર ઉલટું હોય તો દેવતા તરફની ધનની હાની થાય, અને કજીઓ કંકાસ પણ થાય એવીજ રીતે જેના હાથની અનામિકા (વચલી અને છેલ્લીના વચ્ચેની) આંગળીના અગ્રભાગમાં સવળું ગોળ ચક્ર હોય તેને વિના પરિશ્રમે વિદ્યા પ્રાપ્ત થાય, તે દીર્ઘાયુ, ધનવાળો, તેમજ બીજનોને વહાલો, ગુણવાળો, પુત્રોવાળો, ચતુર અને સાહસ કામ કરનાર થાય છે, તેજ અનામિકાનું ચક્ર વિપરીત (ઉલટું) હોય તો તે માણુસ અનીતિથી પૂરો, તેમજ નિર્ધન, મહા લોભવાળો અને તેજથી હીણુ થાય છે. જે માણસની કનિષ્ટિકા (ટચલી અર્થાત્ છેલ્લી) આંગળીમાં ચક્રનું ચિન્હ હોય તે માણુસ વેપારથી ધન મેળવે છે. પણ તે ઉલટું હોય તો વેપારમાં જરૂર ધન ગુમાવે. જેના હાથમાં ઉપર કહ્યા મુજબ એક જ ચક્ર હોય તો તે સુખ ભોગવે છે; બે ચક્ર હોય તો શત્રુંઓની વૃદ્ધિ થાય છે; ત્રણ ચક્ર હોય તો રાજા તરફથી માન મળે છે અને ચાર ચક્ર હોય તો ઉત્તમ ભોગ ભોગવનારો થાય છે. પાંચ ચક્રવાળો રાજા તુલ્ય હોય છે અને દશ ચક્રોવાળો રાજાજ થાય

છે. અને જેના હાથમાં ચક્ર હોતાંજ નથી તે દુઃખી થાય છે. જેના હાથમાં ચંદ્ર, સૂર્ય, દરવાજો અથવા દેવાલયના મુખ આદિકનું ચિન્હ જણાય તે દૈવિક લક્ષણ જાણવું, માટે તે માણસ દૈવિ (દેવતા જેવાં કામ કરવાની) શક્તિ ધરાવે, તેમજ આયુધનું ચિન્હ એ શૂરનું લક્ષણ જાણવું અને તેથી તે માણસ શૂરવીર થાય છે. જે માણસનો હાથ મિશ્રિત વાહનો જેવાકે રથ, ઘોડો, હાથી અને બેલની રેખાઓ (સામર્થ્ય) હોય છે. હાથી, ઘોડો, પાલખી, છત્ર, ચામર, ધજા, વાહન અને સિંહાસનાદિક ચિન્હ માણસોને રાજયોગ કરનારૂં છે. જે માણસના હાથમાં મુશલ (મોરી) અથવા (ઉખલ અર્થાત્ ખાંડણિયું) જોવામાં આવે તે માણસ કોઇ વખત પણ સુખ ભોગવતો નથી, પણ તે ચિન્હ તેને અશુભ (દુઃખ) કરનારૂં છે અને તે માણસ ખેતીના બળવાળો અર્થાત્ ખેતી કરનારો થાય છે. જે માણસને આઠ કોણાવાળા કુંડનું ચિન્હ હોય તે સંતોષને આપનારૂં અને પ્રીતિને રોકનારૂં કહ્યું છે. પણ પુષ્પ અને કાચબાનું ચિન્હ જેને હોય તે પૃથ્વીનો માલેક (રાજા) થાય છે. વૃક્ષ (ઝાડ), તોરણ, શક્તિ (એક જાતનું હથિયાર), મઠ (ઘર), અને દેવમંદિર જેવા આકારનું ચિન્હ જેના હાથમાં હોય તે માણસ પુત્રસંતાનથી રહિત અને ધનવાળો, માણસોનો માલીક (રાજા જેવો) જાણવો. જેના હાથમાં શક્તિ, તોમર (ગુરગુજનામનું ભોંકવાનું ભાલા જેવું હથિયાર) દંડ (લાકડી), ધનુષ્ય ચક્ર અને ગદા જેવી રેખાઓ હોય તેને રાજા કહેવો અર્થાત્ તે રાજા થાય. સ્વસ્તિક (સાથિયો) નું ચિન્હ હોય તે માણસનું સૌભાગ્ય વધારે. મત્સ્ય (માંછલા) નું ચિન્હ હોય તો સર્વ ઠેકાણે માન પૂજા મેળવે, શ્રીવત્સ (જે વિષ્ણુના હૃદયપર હોય છે તે) ચિન્હ હોય તો ઇચ્છેલી લક્ષ્મી (ધન) મળે અને દામક (દોરડા) નું

ચિન્હ હોય તો ગર્વવાળો બનાવે. જેના હાથની મુઠની અંદર તિલ જેવું કાળું ચિન્હ હોય તે માણસ પુત્રોથી પુરો હોય છે. સર્પના ચિન્હથી ક્રોધી અને મહા ધન સમૃદ્ધિવાળો હોય છે. તેમજ મત્સ્ય (માછલા) ના પૂછડાનું ચિન્હ માણસને સુખી કરે છે. જેના હાથમાં મુકુટ જેવી રેખા હોય તે માણસ રાજ્યમાં માન્યવાળો થાય છે, અને કમળની રેખા હોય તે પણ ભોગવાળો હોય છે. પણ સર્પ કે વીંછીનું ચિન્હ હોય તો તે મહા ક્રૂર કર્મ કરનાર અને શઠની ઉપમાને લાયક હોય છે. ખાંડણીઆના ચિન્હ જેવી રેખા યાજ્ઞિક (હમેશ યજ્ઞ કરનાર) ને હોય છે, વેદીના આકારની રેખા અગ્નિહોત્રની હોય છે. વાવના આકારની, દેવમંદિરના આકારની અને ત્રિકોણના આકારની રેખા ધાર્મિકને હોય છે. સૂર્ય, ચન્દ્ર, વેલ, આખા અષ્ટકોણ, ત્રિકોણ, હાથી, ઘોડો અને મંદિરની રેખા હોય તો ધનવાન્, શસ્ત્રવિદ્યા જાણનાર અને સુખ ભોગવનારો માણસ થાય છે, જલપાત્ર (કમંડળ) નું ચિન્હ હોય તો માણસ સુખી થાય. બકરાના માથાનું ચિન્હ હોય તો માંસ ભક્ષણ કરનાર થાય. હળ કે મુસલ આદિ ચિન્હ હોય તો ખેતી કરનાર જાણવો. તેમજ પર્વત કે ગામનું ચિન્હ હોય તો સમર્થ (ઘણાઓપર સત્તા ચલાવનાર) થાય છે. જે માણસના હાથમાં અંકુશનું ચિન્હ હોય તે હજારવાળો થાય તળાવનું ચિન્હ હોય તો જરૂર સોવાળો થાય, નદીનું ચિન્હ હોય તો તે પાંચ હજારવાળો અને સમુદ્રનું ચિન્હ હોય તો કરોડવાળો માણસ થાય છે. કમળ, પીપળાનું ઝાડ, ધજા, હાથી, સૂર્ય સ્તંભ (થાંભલો), કળશ, માળા, દર્પણ, છત્ર, અંકુશ, વજ્ર (ઇંદ્રનું), ઝારી પાણીની, પર્વત, રથ, ઘોડા, શ્રીવત્સ, વીંજણો, યવ અને વિજયદંડ આદિ ચિન્હો હાથમાં શોભતા હોય તે પુરૂષ અથવા સ્ત્રી રાજ્યને

ભોગવે છે. માળા, પુસ્તક, લેખણુ, ગંગા, હાથી, શંખ, કલ્પવૃક્ષનું ચિન્હ, કમળનાળ, કાદંબિની, કૌસ્તુભમણિ, માથાની વેણી, ચંદ્રકલા (અંબોડાનું આભૂષણ) નાગ, યવ, કમળ કે હારનું ચિન્હ પગ અથવા હાથના તળિઆમાં હોય તે માણુસને હમેશ લક્ષ્મી મળે છે.

તલથી નશીબ જોવાની રીત.

આપણા શરીરના જુદાજુદા ભાગ્ર ઉપર જે રાતા કે કાળા રંગના તલ થાય છે તે ઉપરથી શા શા લાભ કે ગેરલાભ થાય છે અને થશે તે જોવાની રીત નીચે મુજબ છે.

જો હૈયા ઉપર તલ હોય તો તે માણુસનો સ્વભાવ ઘાતકી હોવો જોઇએ. પેટ ઉપર હોય તો તે માણુસ અતિશય ખાઉધર હોય. પેટના છેક નીચેના ભાગપર હોય તો તે માણુસ નબળો હોય કે નીવડે. જેના ઘુંટણપર તલ હોય તેની બૈરી ઘણી પૈસાદાર અને ખુબસુરત હોવી જોઇએ.

જે સ્ત્રીના ડાબા ઘુંટણપર તલ હોય તે ઘણાં છોકરાની માતા થાય ને જેના જમણા ઘુંટણપર હોય તે વફાદાર તથા માયાળુ સ્વભાવની નીવડે.

પુરૂષના નાકની એક બાજુએથી બીજી બાજુએ એકાદ તર્ફ પસાર થતો હોય તો મોટો મુસાફર એટલે દેશાવર ફરનારો થાય. અને સ્ત્રીને તે પ્રમાણે તલ હોય તો તે પણ મુસાફરી કરનારી અને પગે ચાલનારી નીકળે. પુરૂષના ગળા ઉપર તલ હોય તો તે તવંગર એટલે પૈસાવાળો થાય.

સ્ત્રીના હેઠલાં જડબાપર તલ હોય તો તે દુઃખી હોય અથવા

તે દુઃખી થવાની નીશાની છે. જેના કપાળની અધવચમાં વાળની આગળ તલ હોય તે અપ્રમાણીક, ધાતકી અને તકરારી ભેજાંની નીશાની જાણવી. તે તલનો રંગ મધ જેવો હોય તો લોકોનો પ્યાર ખેંચી શકશે અને રાતો રંગ હોય તો ઝનુની ને લુચ્ચાઈની નીશાની છે. પણ તદન કાળો રંગ હોય તો તે ધચુપચુ સ્વભાવનો પુરાવો છે. વળી તે તલ મસાની માફક ઉપસેલો હોય તો તે ભાગ્યશાળીપણાની ખાસ નીશાની છે એમ ખાત્રીથી માનવું.

જે માણસના કપાળની જમણી બાજુએ તલ હોય તો તે સારા સારા માણસોના પ્રસંગમાં આવી ઘણા ફાયદા મેળવશે અને તે બીજાઓ ઉપર ઉપરીપણું ભોગવી માન મેળવશે. જેમ તલનો રંગ ફીકો તેમ આબરૂ વધારે સમજવી. રાતા રંગનો તલ હોય તો તે ધાર્મિક આસ્તાવાળો અને ધર્માત્માઓને પ્યારો થઈ પડશે. પણ કાળા રંગનો તલ હોય તો મોટા માણસોની તેની અદેખાઈ કરશે, અને મસાની માફક ઉપસેલો તલ હોય તો તે નશીબવાન નીવડશે. કપાળની ડાબી બાજુએ જરા વચમાંથી તલ હશે તો મોટા માણસો તેના મરણ વખતે સ્મશાને જશે તલ જો મધના રંગ જેવો હશે તો તે પોતાની દોલત ગુમાવનારો નીકળશે. રાતા રંગનો હશે તો ગરીબાઈમાં આવી પડશે. અને કાળા રંગનો હશે તો લોકોની ઇત રાજીમાં આવી પડશે. કપાળની ડાબી બાજુએ કાનની પટીપર રાતા રંગનો તલ હશે તો તે માણસ બુદ્ધિવાન, ડાહ્યો અને પાંચમાં પોતાનો થશે. કાળા રંગનો તલ હશે તો જુઠો તરકટી નીવડવાનો ને તે બાબત ઘટતી શીક્ષા પામવાનો. સ્ત્રીને ઉપર પ્રમાણે રાતો તલ હોય તો તે નીર્દોષ સ્વભાવની હોય ને કાળા રંગનો તલ હોય તો દુર્ગુણી નીવડવાની નીશાની જાણવી.

જેના હોઠના કોઇ પણ ભાગ ઉપર તલ હોય તેને લોકો ઘણો ચાહશે અને પોતે પણ બધાં માણસોને ચાહનારો ને સ્નેહી નીવડવાનો.

દાઢી ઉપર તલ હોય તો પૈસાવાળો થવાની નીશાની છે. કાન ઉપર તલ હોય તો તે પૈસાવાળાનો માનીતો થાય અને ગરદન ઉપર તલ હોય તો તે તવંગર જરૂર થવાનો એમ ગણાય છે.

છાતીની જમણી બાજુએ તલ હોય તો તે ગરીબાઇની ધાસ્તી બતાવે છે, નસકોરાંની નીચે જો એકાદ તલ હશે તો તે ભાગ્યશાળી થશે. પેટની ડાબી બાજુએ તલ હોય તો તે દુઃખ દરદ લાવી નાંખશે એમ જાણવું.

જમણા પગપર તલ હશે તો તે ડાહ્યો માણસ નીવડે. ડાબા પગપર તલ હોય તો તે મુર્ખાઇના કામો કરનારો થાય. આંખના ભવાંપર તલ હોય તો ખુબસુરત બૈરી સાથે જલદી પરણી શકે.

હાથની પોંચી તથા આંગળાં વચ્ચેનો તલ શોધક બુદ્ધિસુચક અને કેળવાએલા મગજનું ચિન્હ છે. હાથની કોણી અને પોંચી વચ્ચે જો ઘણા તલ હોય તો જાણવું કે તેને જુવાનીમાં ઘણી આફતો આવી પડવાની પણ તે સઘળાંમાંથી આશાનીથી પસાર થઇ છેવટે સુખ ભોગવી આબાદીમાં દીવસો કાઢશે.

હડપચી અથવા દાઢીની બાજુમાં જેને તલ હોય તે ઘણાજ ગરીબ સ્વભાવનો, કામ કરનારો ઉદ્યોગી અને દરેક કામમાં સફળતા મેળવનારો સદગુણી થવાનો એમ સમજવું.

પીશાચ દર્શન.

કોઇ માણસના મ્હોડાપર ફેઇસપાઉડર (જે ગોરા લોકોની ઓરતો બહાર જતી વખત લગાડી જાય છે, તથા નાટકશાળા વગે-

રેનાં માણસો સફેદ મ્હોં થવા લગાડે છે તે) લગાવવો, જેથી તેનું મ્હોં ઘણું સુંદર દેખાશે. બાદ એક આરસીપર હાઇડ્રોક્લોરીક એસીડ ચોપડીને તે આરસી તેને મ્હોં જોવાને આપશો, તો પ્રથમ તો તેને પોતાનું મ્હોં સફેદજ દેખાશે, પરંતુ થોડીવારમાં હાઇડ્રોક્લોરીકમાંથી નીકળતો ગ્યાસ તેના મ્હોંપર લાગવાથી એક વાંદરા જેવો કાળો મ્હોંનો રંગ થઇ જશે જેથી આમ અકસ્માત રીતે તેના મ્હોંનો રંગ કેમ બદલાઇ ગયો, તેની મંડળીને માહીતી ન પડવાથી તે ખરે ખરી અજાયબીમાં પડશે.

સજીવ યમપુરી દર્શન.

કેટલાંક માણસોને ભેગાં કરી કહેવું કે હું મારી વિદ્યાના બળે સદેહે યમપુરીનાં દર્શન કરી શકું છું તે વાત જો તમે ન માનતા હો તો તમને પણ યમપુરીનાં દર્શન કરાવું. મંડળીએ હા પાડ્યા પછી તેઓ સઘળાને એક મકાનમાં લઇ જઈ તેનાં સઘળાં બારી બારણાં બંધ કરવાં, અને થોડીએક વાર કઇ મંત્ર તંત્રનો ઢોંગ કર્યા બાદ કેટલીક રકાબીઓમાં મીઠું મેળવેલો ચોખ્ખો સ્પીરીટ (પીવાનો દારૂ) સળગાવવો. બાદ જે તેલના દીવા તે મકાનમાં રાખેલા હોય તે બુજાવી નાંખી ફક્ત આ સ્પીરીટના દીવાઓનોજ પ્રકાશ પડવા દેવો જેથી આખા મકાનની અંદરની વસ્તુઓ, માણસો, અને તેમના પોશાકમાં વીચીત્ર ફેરફાર માલુમ પડશે. કારણ સ્પીરીટમાં મીઠું મેળવી તે સ્પીરીટને સળગાવવાથી તેનો જે ઉજાસ પડે છે તેટલી જગામાં બેઠેલાં માણસો વસ્તુઓ વગેરે ગમે તે રંગના હોય, એટલે તે જગોમાં જો લાલ, કાળી, લીલી, ગુલાબી, આસમાની, સફેદ એવી ગમે તેવા રંગની વસ્તુઓ, પ્રાણીઓ, વગેરે

રાખેલાં હોય અગર ગમે તેટલા જુદા જુદા રંગના પોષાકો પહેરીને માણસો બેઠેલાં હોય તે સઘળાંનો રંગ બદલાઇ જઇ સઘળી ચીજો ફક્ત પીળા રંગની છે એમ માલુમ પડે છે સિવાય બીજો ફેરફાર એ થાય છે કે ત્યાં આગળ બેઠેલાં માણસોમાંથી જો કે કેટલાંક વૃદ્ધ કેટલાંક તરૂણ, કેટલાંક બાળકો અને કેટલાંક અતિ ખુબસુરત અગર બદસીકલનાં, કે દુબળાં અગર પુષ્ટ હોય તોપણ તે સઘળાંના મ્હોનો ચહેરો બદલાઇ જઇ જ્યારે કોઇ માણસ મ્હોતની છેલ્લી ઘડીએ જઇ પહોચેલું હોય છે ત્યારે તેનો ચહેરો જેવો ભયંકર લાગે છે એ રીતે મંડળીના સઘળાં માણસોનો ચહેરો પણ જાણે તેઓ સઘળાં મરવા પડ્યાં હોય એવો ભયંકર તથા દયાજનક લાગે છે તેથી સૌ માણસો એક બીજાનો ચહેરો જોઇ હસવાજ મંડી જાય છે. પરંતુ પોતાની પણ એવી સ્થીતિ થએલી છે એમ ભાગ્યેજ વિચાર કરે છે. આ રીતે દારૂ કે જેને આપણે ધિક્કારી કાઢીએ છીએ, તથા મીઠું કે જેને એક સાધારણ ચીજ ગણીએ છીએ તેઓના સંયોગમાં આવો વીચીત્ર ચમત્કાર રહેલો છે, પરંતુ હતભાગ્ય હીંદુસ્તાન ? તારા તનુજોમાં અજ્ઞાન અને આળસે એવું તો ઘર કરેલું છે કે તે આવા સ્હેલા પ્રયોગો શોધી કાઢવાને પણ શક્તિમાન નથી, તો પછી દેશોન્નતિક કળાઓ શોધી કાઢવાને તો આશાજ શું કામ કરવી. (આ પ્રયોગ) રાત્રીના વખતે કરવો. અને જો ઉપર કહ્યા મુજબ બરોબર અસર ન થાયે તો દારૂમાં થોડુંક વધારે મીઠું ઉમેરવું. તથા રકાબીમાં એકદમ સઘળો સ્પીરીટ ન પુરતાં પ્રથમ થોડો નાંખી તે સળગાવી જેમ જેમ બળતો જાય તેમ તેમ થોડો ઉમેરતાં જવું. કારણ કે એકદમ સઘળો પુરવાથી તે સઘળો એકી વખતે સઘળી છંઠી થોડીવારમાં ખલાસ થશે.

ભવિષ્ય કથન.

આશરે પાંચ છ લાલ જલદ ગંધકના તેજાબમાં એક વાઇન ગ્લાસ (દારૂનું પ્યાલું) પાણી ઉમેરી તેનાથી એક કાગળ ઉપર કાંઈ પણ લખવું, જે સુકાયા બાદ કાગળ કોરો જણાશે, પરંતુ તે કાગળ પર શું લખેલું છે તે બરાબર રીતે યાદ રાખવું. પછી કેટલીક મંડળી આગળ કહો કે તમે વગર પુછે પારકાના મનનો વિચાર જણાવવાને શક્તિવાન છો અને તે વાતની જો મંડળીને ખાત્રી ન થતી હોય તો કોઇ એકાદ માણસ પોતાના મનનો વિચાર કોઇને પણ ન બતાવતાં એક કાગળ ઉપર લખે, મંડળીમાંથી એકાદ માણસ તેમ લખવાને તૈયાર થયો કે તરતજ આપણે કહેવું કે આ માણસે શું લખવા ધાર્યું છે તે મેં મારી વિદ્યાના જોરથી જાણી લીધું. તેથી હું હમણાંજ તેના મનની વાત એક કાગળપર લખી મંડળીને આપું છું એમ કહી પેલા કાગળપર ગંધકના તેજાબથી જે બીના આપણે લખી રાખેલી હોય તે બરાબર અક્ષરે અક્ષર એક કાગળપર પેનસીલથી લખી તે કાગળ બંધ કરી મંડળીને પકડવા આપવો. (કોઇ કાગળ ફોડીને વાંચે નહીં તેની તપાસ રાખવી.) બાદ પેલા લખવા તૈયાર થયેલા માણસના હાથમાં જે કાગળપર આપણે ગંધકના તેજાબથી લખેલું હોય તે કાગળ આપવો, તેને તો એ કાગળ કોરો જ દેખાશે) અને એક શાહી ભરવાના ખડીઆમાં ટીંકચર ઓફ આયોડાઇન (આયોડાઇનનો અરક) ભરી તે ખડીઓ તથા એકકોરી કલમ તેની આગળ મુકી (આપણે પ્રથમ ગંધકના તેજાબથી જેમ લખ્યું હોય તે કરતાં આડી લીટીઓમાં) તેના મનના વિચારો લખવા કહેવું. તેણે લખ્યા બાદ આપણે થોડાએક દેવતાના અંગારા

લાવી તેનાપર ધુપ નાંખી મ્હોડેથી કંઇ મંત્ર બોલવો, અને તેણે લખેલું લખાણ અગ્નિપર પકડી રાખવા કહેવું, થોડીવાર એમ અગ્નિ પર રાખ્યા બાદ મંડળીમાંના એક માણસને ત્યાં આગળ બોલાવીને તેના હાથમાં કાગળ આપી વાંચવાને કહેવું. તેણે તે કાગળ વાંચી રહ્યા બાદ મંડળીના હાથમાં આપણે લખીને આપેલી ચીઠી પણ વાંચવાને કહેવું જે વાંચી જોયાથી બંને કાગળોની એકજ મતલબ સાંભળી મંડળી અતિશય અજાયબીમાં પડશે, તે ઉપરાંત લખનારની અજાયબીનો તો પારજ નહીં રહે, કારણ તેના મનથી તો તેણે બીજી બાબત લખેલી હોવા છતાં તે આમ એકાએક બદલાઇ કેમ ગઇ તેથી તે અજાયબીમાં પડશે. ત્યારે આપણે તેને ગાંડામાં ગણી કાઢીશું.

વીજળીની વીંટીઓ બનાંવવાની રીત.

આપણને પસંદ પડે તેવા નમુનાની વીંટીઓ પીતળનું ઓત કામ કરનારા પાસે બનાવરાવી પછી તે કાનસ તથા પાલીસપેપરથી ઘસી સાફ કરવી બાદ તે દરેક વીંટીના ખડાની જગોએ ચાર બારીક કાંણા પાડી તેમાં જસત તથા ત્રાંબાની ચુકો બેસાડવી અને તેઓની ટોચો કાનસથી સાફ કરવી એટલે વીજળીની વીંટીઓ તૈયાર થઇ, કારણ તાંબા અને જસતના મેળાપમાં કુદરતી રીતે વીજળી ઉત્પન્ન થવાનો ગુણ હોવાથી એ રીતે ઉત્પન્ન થાય છે, જેથી તે વીંટી આપણી આંગળીએ રાખવાથી આપણા શરીરમાં વીજળી દાખલ થઇ લોહીવિકારનાં ઘણાં દરદ સારાં કરે છે, એવીજ રીતે વીજળીના કડા, લેખણો પુતળાં વીગેરે હરેક ચીજ બનાવી શકાય છે. અને તેમાં પુષ્કળ નફો મળે છે.

પારાના પ્યાલાં કરવાની રીત.

લોઢાની કઢાઇને દેવતાપર રાખી તેમાં મોરથુથાનો કપડ છીણ ભુકો નાંખી તેપર પારો નાંખી તેનાપર મીઠું નાંખવું. પછી તેપર એક પ્યાલો ઉંધો ઢાંકી તેની કીનારમાંથી પવન ન જાય માટે ઘઉના ભીના આટાથી તેની સંધિઓ બંધ કરી લેવી બાદ તે કડાઇમાં પાણી રેડી નિચે અગ્નિ સળગાવવો, પારો સીજીને લાલ થાય ત્યારે કડાઇ ઉતારવી. બાદ તેની ઇચ્છાનુસાર વસ્તુઓ બનાવી સુકવવી, સુકાયાબાદ ડોલાયંત્રમાં બકરીનું મુત્ર ભરી તેમાં પારાની ચીજો નાંખી પકવવી; જેથી તે સ્વચ્છ સફેદ રંગની બની રૂપા સરખી દેખાશે.

બીજી રીત—પારા અને કલાઇને ખરલમાં નાંખી દેવચંપાના દુધ સાથે ખરલ કરી તેઓને અગ્નિપર મુકી રસ કરી જેવો આકાર બનાવવો હોય તેવા બીબામાં રેડવાથી રમકડાં તૈયાર થશે. **ત્રીજી રીત**—અળસીના તેલને ઉકાળી તેમાં પારાને જરા ગરમ કરી નાંખવાથી પણ જામી જાય છે. બાદ તેની જોઇએ તે ચીજ બનાવવી. **ચોથી રીત**- પારાને અકોલના તેલ સાથે ખરલ કરવાથી જામી જાય છે. બાદ તેની જોઇએ તે ચીજ બનાવવી. ઉપરની રીતોથી થયેલી ચીજોને વધારે કઠણ કરવી હોય તો કેટલાક દિવસસુધી લીંબુના રસમાં ડુબાવી રાખવી.

ગંધકના પ્યાલાં કરવાની રીત.

પાછળ કપુરનાં પ્યાલાં બનાવવાની જે રીત લખી છે, તેજ રીતથી ગંધકનાં પ્યાલાં પણ બનાવવાં, તફાવત માત્ર એટલોજ કે તેમાં કપુરને બદલે ગંધકનો ઉપયોગ કરવો.

કપુરનાં પ્યાલાં કરવાની રીત.

માટીના બે ગ્લાસો લાવી તેમાંથી એકમાં કપુર ભરવું અને બીજો તેનીપર ઉંધો ઢાંકી તે બેઉની સંધિઓ ઘઉંના લોટની લાહીથી બરાબર રીતે બંધ કરી બાદ તે ગ્લાસોને એક નાના ચુલા ઉપર અગર બે ઈંટો ઉપર મુકી તેઓની નીચે એક કોડીયું મુકી તેમાં કપુરના વજન જેટલું ઘી ભરી દીવો સળગાવવો, જેથી નિચેના પ્યાલામાંથી કપુર ઉડી જઇ ઉપરના પ્યાલામાં તેનું પ્યાલાના આકારે પડ બંધાઇ જશે. માટે જ્યારે દીવો બળી રહે ત્યારે ગ્લાસોને ઉતારી લેઇ ઠંડા થયા બાદ છુટા પાડી ઉપરના માટીના ગ્લાસને આસ્તેથી ફોડી નાંખી તેમાંનો કપુરનો ગ્લાસ લેઇ લેવો.

કપુરની માળા કરવાની રીત.

એક માટીના હાંલ્લામાં કપુર નાંખી તે કપુર ઉપર એક ગ્લાસ ઉંધો ઢાંકી તેના કાંના તથા હાંલ્લાના અંદરના ભાગના તળીઆ વચ્ચે રહેલો સાંધો ઘઉના લોટની લાહીથી બરાબર રીતે બંધ કરી લેઇ હાંલ્લામાં તે ગ્લાસ ડુબે એટલું પણી ભરવું બાદ તે હાંલ્લાને ચુલે ચડાવી નીચે મંદાગ્નિ કરી જ્યારે તે કપુરનો રસ થાય ત્યારે મણુકા પાડવાના સાંચામાં તે રસ રેડી દેવો. હાંલ્લામાંથી જલદી રસ કાઢવાની સરળ રીત એ છે કે હાંલ્લામાં જે ઠેકાણે કપુર મુકી ગ્લાસ ઢાંકેલો હોય તે જગોએ તળીએ કાણું પાડવું જેથી પાણી આવશે નહિ, આ રીતે કરેલા કપુરના રસના પ્યાલાં, મુર્તિઓ, મણુકા અગર જે જાતના બીબામાં રેડીએ તે આકાર બંધાઇ જાય છે.

ભૂત પિશાચ દ્રષ્ટિહારક મંત્ર.

श्रीराम हनुमंत, बलवंता पवन बांध, आकाश बांध, पाणी बांध, पाताल बांध, समुद्रकी धार बांध आगे बांध पीछे वांब मडा बांघ मसान बांध दरबार बांध चावडी बांध चबुतरा बांध इला बांध चिला बांध मेरी भक्ति तेरी शक्ति स्फुरो मंत्र ईश्वरी वाचा ॥

વિધિ—ઉપલો મંત્ર ૨૧ દહાડા સુધી દરરોજ ૧૨૧ વાર જપવો. છેલ્લે દહાડે ૧ નારિયેળ, ૧। શેર તેલ, ૧। મુઠી અડદ, ૧। રોટ. ૧૧ વડાં, ૧। શેર સિંદુર આનું શ્રી હનુમાનને નૈવેધ ધરવું, મંત્ર સિદ્ધ થશે. આ મંત્રવડે ભૂત પિશાચાદિની ઝાડણી કરવાથી વળગાડ દૂર થાય અને મૂઠ ઉતરે.

કરેલી કરણીના રોગ અને દોષ મટાડવાનો મંત્ર.

ओम् नमो आदेस गुरुको उं अपरकेश त्रिकट मेषखम मति प्रहलाद राखे पाताल राखे पांव देवी जंघा राखे कालिका मस्तक राखे महादेवी जो कोई या पिंड प्रानको छोडे छेहे तो देव दानव भूत प्रेत डाकिनी शाकिनी गंड ताप तिजारी जूडी एक पहरूं दोष हरूं सांझको सवारको किराको काराबाको उलट वाहाके पिंडपर पडे इस पिंडकी रक्षा श्री नृसिंहजी करे शब्दको साचा पिंड काचा स्फुरो मंत्र ईश्वरी वाचा

વિધિ—ઉપલા મંત્રથી સાતવાર રોગીની ઝાડણી કરવી અ-

થવા ઉપલા મંત્રથી સાતવાર તાવીજ મંત્રીને રોગીના ગળામાં અગર હાથે બાંધવું એમ કરવાથી ભૂત પ્રેત, ડાકિની, શાકિની, તાવ વગેરે રોગ અને કોઇ કરણી વગેરે કરી હોય તેની બાધા દૂર થશે.

ભુત વશ્ય કરવાનો મંત્ર.

ॐ श्री बं बं भू भूतेश्वरी ममवस्य कुरु कुरु स्वाहा ॥

વિધિ—ઝાડે જઇ આવ્યા પછી રહેલું પાણી મૂળ નક્ષત્રને દિવસે બાવળના ઝાડના મૂળમાં રેડવું અને ઉપલા મંત્રનો ૧૦૮ વાર જપ કરવો એ પ્રમાણે લાગટ ચાલીસ દહાડા સુધી કરવું; ૪૧ મે દિવસે પાણી રેડવું નહિ, એટલે ભૂત પાણી માગવા આવશે, ત્યારે ત્રણ વચન માગી લેવાં, એમ કરવાથી જ્યારે કામ પડશે ત્યારે ભૂત તે કામ કરી આપશે અને હમેશાં સેવામાં હાજર રહેશે.

કરેલી કરણીના દોષ જવાનો મંત્ર.

ओम् नमो आदेस गुरुको नूना चमारी जगतकी बीजुरी मोतीहेल चमके अमुकके पिंडमे ज्यान करे विज्यान करे तो केस लंडिके उपर पारो दुहाई तरुत खुलेमान पेगंबरकी आण फिरे मेरी भक्ति गुरुकी शक्ति स्फुरो मंत्र ईश्वरी वाचा ॥

વિધિ—ઉપલો મંત્ર જપી મોર પીંછની પીંછીથી ૭ વાર અથવા ૨૧ વાર ઝાડણી કરવાથી કરેલી કરણીના દોષ દૂર થઇજશે

જાદુ કાઢવાનો મંત્ર.

ओम् वज्रमें कोठा वज्रमें वज्रमें बंध्या कसोंद्वारा जहांपू

आयो जहा हीं जाय जानेमें जाजाईकुं खाय चडपटती असं-धान सीखंती: तब इस पिंडकी मूठी टोणा टामण वीर बेताल ज्ञानपरी ज्ञानजै इस पिंडकूं करे तो ईश्वर महादेवकी आज्ञा फिरे अनंत सिद्धकी आज्ञा फिरेयी गोरखनाथकी आज्ञा फिरे

વિધિ—૨૧ ઝાડના પાંદડાં, ૨૧ કુવાનાં પાણી, ત્રણ રસ્તા ભેગા થતા હોય ત્યાંની ધુળ, કાચું ઘાણીમાંનું તેલ, કાચા સુતરની આંટી વગેરે લાવીને માટીના કોરા ઘડામાં તે પાંદડાં અને પાણી નાંખીને ઘડાનું મોં બાંધવું અને રાત્રે હવન કરવો સવારે સ્નાન કરી તે ઘડામાં ઉપર જણાવેલ તેલ, ધુળ, સુરા વગેરે ઘાલી તે પાણી ગદમ કરી રોગીના માથાપર છાંટવું અને પાણી છાંટતા જેણે જાદુ કર્યો હોય તેનું નામ દેઇ ઉપલો મંત્ર ૧૦૮ વાર જપવો; એમ કર-વાથી જાદુ વગેરે કરણીના દોષ દૂર થઇ જશે.

વન દેવતા વગેરેની બાધા મટાડવાનો મંત્ર.

ओम् मह कुब कूब मह विमल मह वडी मढीमें चारदेव कैण अहंकार महंकार सुहमदां बीर ताइया सिलार बल जाउं ख्वाजेधु अय्यनुद्दीन तुम्हारी खुशबोइसे चढी कमाण सुलैमान परी लंकापुरीको हुकूम कीजे कौन कौन परास्याह परी स-बजपरी हूरपरी अर्श कुर्शकी लाऊली बीबी फातमाकी लीमी ली आयना पाना फल आयलेना शबशेर शवीतका प्याला आयले आय हाजिर होना मीर मुहीयुद्दीन मखदूम जहानी

या शेख सरफ अहियाटनेही आय हाजिर न हो तो रोज कयामतके दीन मगी रहूंगा ॥

વિધિ—પ્રથમ ઉપલા મંત્રથી રોગીની ૧૫ વાર ઝાડણી કરવી. પછી લોટના દીવડામાં ચારે તરફ ચાર દીવટો સળગાવેલો દીવો, આઠ પાનનું બીડું અને શર્બત ભરેલા માટીના કાચા પ્યાલા એ રોગીના શરીર ઉપરથી ઉતારીને તે ઉતાર ચાર રસ્તા ઉપરના કુવા કાંઠે લેઇ જઇ મુકવો, અને ઉતાર લેઇ જનારે જતાં તથા પાછાં આવતા કોઇની સાથે બોલવું નહિ; એમ કરવાથી વનદેવતા વગેરે તરફથી થયેલી બાધા દૂર થઇ જશે.

વીર સિદ્ધિનો મંત્ર.

ओम् नमो देवलोक दिविरव्यादेवी जहां बसे इस्यायल योगी छप्पन भैरव, हनुमंत वीर भूत प्रेत दैत्योको मारी भगावे पराइ मायात्म्यावे लाडु पेंडा बरफी सेव सिंघाडा पाक बतासा मिश्री घेवर बालूसप लोंगडोडा इलायची दत्ना तल्ले दे कालिका उपर हनुमंत गाजे एती; वस्तुमै चाही वस्तु न लाय तो तेतिस कोडी देवता लाजै मिरची जावित्री जायफल हरडे जंमी हरडे बांदा मछु हारा मुफैर राम वीर बतावै बस्तां लक्ष्मण वीर पुक डाथे हात भूत प्रेतके चलावै हाथे हनुमंत वीरको सबको ऊगावे सौको सांकी बस्ता ल्यावै नकै तो एक लाख अस्सी हजाथ पीर पेगबरं लजावै ॥

વિધિ—ગામની બહાર અવડ કુવો હોય, ત્યાં જઇ હનુમાન-ની મૂર્તિ કરી તેમની આગળ બેસીને ઉપલો મંત્ર ૨૧ વાર જપવો પછી સવાશેરનો ભાખરો કરી ઘી સાકર સહિત મારૂતીને નૈવેદ્ય ધરાવીને આચમન કરવું, પછી આપણે ભોજન કરવું; એકવીસ દિ-વસ કરવાથી આકાશવાણી થઇ જે માગીએ તે મળે.

ભુત પ્રેત બોલાવવા ચલાવવાનો મંત્ર.

ओम् नमो हनुमंत वीर वज्र डांकिनी शांकिनी घेरि मारी गंगा यमुना हमारा बाण बोलै बकुरे नहीं तो राजा राम चंद्र लक्ष्मण कुमार यती हनुमंतकी आण शब्द साचा पिंड काचा स्फुरो मंत्र ईश्वरी वाचा ॥

વિધિ—ચંબેલીનાં ફુલ અને અત્તર ઉપલા મંત્રથી ૨૧ વાર મંત્રીને તે ભૂત પિશાચ્ચ ગ્રસ્ત મનુષ્યને સુંઘાડવાં, એટલે તેના અંગ ઉપર ભૂત પ્રેત, ડાકિની શાકિની વગેરે હશે તે બોલતાં ચાલતાં થશે.

તાવના દોરાનો મંત્ર.

भजरिबजकुमार ॥ बजरे बांधू दशे द्वार ॥ जो बजरी माथे घाले घात ॥ हांके हनमंत मारे बीसा हनमंत वीरः ॥ त्रने एकात्रा त्रणे दाडीया ॥ त्रणे तारीया ॥ तावज आवे तो राजा ॥ वीरकी पिंड काचा शब्द साचा आण गोरा पार्वती की आण पुरो मंत्र ईश्वरी वाचा ॥

વિધિ—કુંવારી કન્યાના હાથે કાંતેલા સુતરનો દોરો કરી તેને

એકવીસ ગાંઠો વાળી પછી તેને અગરબતી અને ગુગળનો ધુપ કરી તે દોરો ઉપલા મંત્રથી ૨૧ વાર મંત્રીને જમણા હાથે બાંધવાથી તાવ જાય.

મનવાંચ્છિત સિદ્ધિનો મંત્ર.

ओम नमो श्री सूर्याय सहस्त्र किरणाय ॥ सिद्धि सिद्धि कराय मनवांच्छित पूरय ॥ कष्टं चूरयं चूरयं ओम् ह्रीं श्री सूर्याय नमः

વિધિ—દરરોજ પ્રાતઃકાળે ઉપલા મંત્રનો જપ ૧૦૮ વાર કરતા જવાથી મનવાંચ્છિત ફળ પ્રાપ્ત થાય.

ઢોર ભુલું પડયું હોય તેનો મંત્ર.

कार्तवीर्यार्जुनो नाम । राजा बानसहस्त्रवान । तस्यस्मरण मत्रिण । गतं नष्टं च लभ्यते ॥ १ ॥

વિધિ—આ મંત્ર પાટીઆપર કોયલાથી લખીને તેને ધુપ દેઈ જે ખીલે બાંધેલું ઢોર ખોવાઇ ગયું હોય ત્યાં લેઇ જઇ તે ખીલે પાટીયું ઉલટું બાંધવું; એટલે ગયેલું જનાવર પાછું આવશે.

પેટમાંના રોગનો મંત્ર.

ॐ नमो सरस्वती । सब निकली चोली चली । अगनमोपरा । चैलो मेरी भक्त गुरुकी संगत । चलो मंत्र ईश्वरी वाचा॥

વિધિ—આ મંત્રથી રાખ–ભસ્મ સાતવાર મંત્રીને પેટે લગાડવાથી પથરી અને બાળકના પેટમાંના રોગ તથા પેટના સર્વ રોગ સારા થાય છે.

આંખ દુખતી હોય તેનો મંત્ર.

ओम मनो झलमल जहर भरी तलाई अस्ताचल पर्वतसे आई फुलैन पाकै करैन पिडा यती हनुमंत राखे हिडा ॥

વિધિ—ઉપલો મંત્ર સાતવાર બોલીને લીંબડાની ડાળથી ત્રણ દિવસ ઝાડવાથી સારૂં થશે.

તરવારની ધાર બંધ કરવાનો મંત્ર.

ओम् नमो धारधार अधर धार धार बांधौ सातवार अनी बांधौ तीन वार कटै रूमन भीजे चीर खांडाकी धाराको ले गया यती हनुमंत बीर ॥

વિધિ—રસ્તામાંની ધુળ લાવીને ઉપલા મંત્રથી મંત્રીને તરવારની ધાર ઉપર મારવાથી ધાર બંધ થશે.

સાપના ઝેરનો મંત્ર.

ओम् धर्मगुरु महेश्वर । सिसि अय कायकी पाणी । पियाले अब कोई होउनि विष । न होउ बोलीका हार । आस गुरुगोविंद कार । कोटी आग्या गुरुकी शक्त मेरा भक्त चले मंत्र ईश्वरी वाचा ॥

વિધિ—આ મંત્ર સાતવાર બોલીને પાણી મંત્રીને સાપ કરડયો હોય તેને શરીરે છાંટવાથી સર્પનું વિષ ઉતરશે.

આધાશીશીનો મંત્ર.

ओम नमो दुघटा तो बनमे बसै तिपटा वसै कवाव की-

स पकडी करी चालीये अधाशिशी जाय ॥

વિધિ—રવિવારે સવારે હાથમાં પાણી લેઇ ઉપલો મંત્ર સાત વાર બોલીને તે પાણી આંખો પર છાંટવું. એ રીતે ત્રણ વાર પાણી મંત્રીને છાંટવાથી આધાશીશી મટી જાય.

આગીઓ વૈતાળ પ્રગટ કરવાનો મંત્ર.

ओम् नमो आगिया वीर वैताल पैठी सातमें पाताल लाव, अग्निकी झाल, बैठी ब्रह्माके कपाल, मछली चिलू कागली गूगुळ हरताल इन बस्ताले चालिन लै चलै तो माता कालिकी आण ॥

વિધિ—ચિલ કાગલી માછલીના માંસમાં ગુગળ અને હડતાળ મેળવી તેનો ધૂપ રસ્તામાંની કાંકરીને દેઇ ૨૧ વાર આ મંત્ર જપવો અને તે કાંકરીઓ જ્યાં નાંખીશું ત્યાં આગીઓ વૈતાળ પ્રકટ થશે.

સભા મોહીની મંત્ર.

राई शिरसीम सारवा हुली घौली दुबमंगा बैरे बांटी कुटि अंग मर्दनकी जै तालें पाणी न्हावैरे मस्तक तिलक करै केसरीको राजदरबारे जावैरे देखी सभा सबको मन मोहे वैरी मोहीं बिगो वैरे ॥

વિધિ—આ મંત્ર સભામાં જતાં પહેલાં ચાર વાર જપવો એટલે સભા મોહીત પડશે.

બાળકને ભુત બાધા થઇ હોય તેનો ઉપાય.

વિધિ—જે બાળકને પિશાચની બાંધા થઇ હોય છે, તે છોકરૂં હમેંશાં સ્તબ્ધ રહી દહાડે દહાડે સુકાતું જાઇ અશક્ત થાય છે. તેની પરીક્ષા એવી કે, કાનની બુટ દબાવવાથી છોકરૂં રડતું નથી. અથવા માંખ ખાધામાં આવે છે તો ન ખાતુ નથી. તેનો ઉપાય કરવો હોય તો નીચે પ્રમાણે કરવો.—પીપળાના અથવા શેવરીના લાકડાની ખાટલી કરાવીને તે કાચા સુતરથી ભરવી, અને પાંચ રંગ લાવીને અદડના લોટનું એક પુતળું કરવું, તેને તે બાળકના શરીરનો મેલ કાઢીને લગાડવો, અને સ્ત્રીઓના કાળા લુગડાનો અથવા ઘાઘરાનો એક ટુકડો લાવીને તે પુતળાને માથે મેલવો. પછી તે પુતળું સાત વાર છોકરાના ઉપર ઉતારીને તે પલંગ પર મુકવું; અને પાંચ રંગ તેના ઉપર મેલવા. અને તે ખાટલી લેઇને પીપળાના ઝાડ ઉપર ચઢાવવી. પછી તે પાંચ રંગનાં પડીકાં છોડીને જુદાં જુદાં ઉડાવી દેવાં. પછી ઉતરીને વહેતી નદીની પેલે પાર જઇને રામ સ્મરણ કરવું, અને તે પુતળું નદીમાં ફેંકી દેવું. નદી ન હોય તો પિપળા ઉપરજ રહેવા દેવું અને હાથ પગ તથા મોંઢું ધોઇને ઘરમાં જવું. આ પ્રમાણે કરવાથી પિશાચા બાધા દૂર થાય છે અને ફરીથી થતી નથી, બાળક સશકત થાય છે.

અગરબત્તી કરવાની યુક્તિ—કૃષ્ણાગર ૧, વાળા ૪, નાગરમોથ ૨, તજ ૪, તગર ૪, કચોરા ૨, ચંદન ૨, દગડફુલ ૧, મઉલા ૨, ગુલાબની કળી ૨, નખલા ૨, લોબાન ૪, ગુગલ ૪, શિલારસ ૨, કસ્તુરી ૧૮, મેદાલકડી ૫ ભાગ; એ પ્રમાણે સર્વ જણસો લઇ કસ્તુરી અને શિલારસ વગરની સર્વ ચીજો ખાંડી કુટીને

ગઆગાળ કરી પછી એ જણુસો કસ્તુરી અને શિલારસમાં કાલવવી; અને કાળાશ આવવા સારૂ એમાં કોયલાનો ભુકો નાંખવો અને ચિકાશ થોડી થાય તો થોડો ગુગળ નાંખવો. પછી તે વાંસની ઝીણી સળીઓને લગાડીને બારીક જેવી કરવી હોય, તેવી અગરબત્તીઓ કરવી

અત્તર કરવાની કૃતિ—જે ફુલનું અત્તર કરવું હોય તે ફુલ એક કાચની બરણીમાં ઘાલી તેમાં ફુલ ભીંજે તેટલું તલનું તેલ નાંખવું, અને તે બરણી આશરે મહિનો દોઢ મહિનો રોજ તડકામાં રાખવી. એમ કીધા પછી તે તેલ બારીક વસ્ત્રથી ગળી લેવું. વધારે સુવાસ જોઇતી હોય તો બીજાં નવાં ફુલ તેમાં ઘાલી પહેલાંની પેઠે ૫–૭ વાર બરણી તડકામાં રાખી એટલે સુવાસિક અત્તર તૈયારથશે.

ભૂત દેખાય—ગંધક, મીઠું તેલ અને પારો એ જણુસો પાસે રાખવાથી વારંવાર પિશાચ્ચ નજરે પડે છે.

નેત્ર સ્ફુરણ શુભ અશુભ ફળ—આંખના પલકારા થાય છે તેનાં ફળ—આંખની ઉપલી પાંપણ ફરકવાથી મનનું દુઃખ જાય, અને તે માણસને દ્રવ્ય લાભ થાય. નાક પાસેની પાંપણ ફરકે તો અકસ્માત થાય, અધર સ્ફુરણ થવાથી અપયશ થાય; એ ડાબી આંખના જાણવાં, જમણી આંખનાં લેવાં નહિ. પણ સ્ત્રીઓનાં જમણી આંખનાં લેવાં, ડાબી આંખનાં નહિ. પુરૂષનાં ડાબી આંખનાં લેવાં.

છેદન કરતાં રહેલી નાળના ગુણ—(૧) કેદી પોતાની પાસે રાખે તો બંધન મુક્ત થાય. (૨) સ્ત્રી પોતાની કેડે બાંધે તો તેને છોકરો થાય.

ઉંદર ઘરમાં આવે નહીં તેનો ઉપાય—ઉંટના ડાબા પગનો નખ લાવીને ઘરમાં બાળવાથી સર્વ ઉંદર નાસી જશે.

ઈંદ્રનીલ કિંવા શની (રત્ન) બનાવવાની રીત—આસમાની રંગની બિલોરી બંગડીનો ટુકડો લેઇ અબરખપર રાખી કોયલાના અંગારાપર રાખવો, અને પાણીના ટીપા પ્રમાણે ઉપરથી ગોળ અને લાલ અગ્નિ જેવો થાય, એટલે ત્યાંજ ઠંડો પડવા દેઇ કાઢી લેવો. રત્ન નવ જાતનાં છે, એ ખરાં રત્ન અલંકારમાં વપરાય છે, જે માળા અથવા પવિત્રામાં નવરત્નો હોય છે; તેમાં એ ઈંદ્રનીલ પણ હોય છે. આની માળા પહેરવાથી વાતપિત્ત નાશક હોઇ તે ચિત્તને આહલાદક અને નેત્રોત્સાહ કરે છે. વીંટીમાં નવરત્નો બેસાડે છે તેમાં એ રત્ની અથવા ચંદ્રનીલ પશ્ચિમે, હીરો પૂર્વે, મૌક્તિક (મોતી) અગ્નિયે, પરવાળુ દક્ષિણે, ગોમેદ નૈઋત્યે, વૈડૂર્ય મણિ વાવ્યે, પુષ્પરાગ ઉત્તરે અને ઇશાને હરિન્મણી અને બાકી રહ્યું તે વચમાં બેસાડવું. આ વીંટી શુભ શુકનની ફળદાયક છે.

કમ તાકાત દૂર કરવાની દવા—રાત્રે મુઠી અડદ પાણીમાં પલાળી સવારે ઉપરના ફોતરાં કાઢી ધોઇ નાંખી અચ્છેર દૂધ લેઇ તેમાં થોડા અડદ બારીક વાટવા અને બાકીના દુધમાં કાલવી જાયફળ, જાવત્રી, લવીંગ, કેસર, એલચી એ પાંચ દરેક ૪ રતી જેટલાં પંજાબી સાલમ મિશ્રીનો ભુકો દોઢ તોલો એ બધું ભેગું કરી દુધમાં નાંખી પાકા કોલસાની સઘડીપર મેલી એક બે ઉભરા આવતા સુધી હલાવતા રહેવું. પછી ઉતારી લેઇ થોડું ગરમ હોય ત્યારે પીવું એ પ્રમાણે ૧૪ દિવસ પીવાથી પહેલવાન જેવી તાકાદ આવશે

સર્પ વિષનો ઉતાર—નાગદવણીનાં મૂળ પાણીમાં વાટીને એક તોલો આપવાથી ઉલટી થઇ ઝેર ઉતરશે. (૨) નાગવેલીનાં મૂળ પાણીમાં ઉકાળી એક તોલો આપવાથી ઉલટી થતી બંધ થઇ ઝેર

પણ વિષ ઉતરશે. મૂળ સૂકાં અથવા લીલાં હશે તો કામમાં આવશે

પરગામ ગયેલ માણસના પાછા આવવા વિષે પ્રશ્ન—શુદ ૧ થી તિથિઓ ગણી જે દહાડે આપણે પ્રશ્ન જોવો હોય, તે દિવસના સૂર્યોદયથી તે વખત સુધીના પહોર ગણેલી તિથિઓમાં મેળવવા. આ પ્રમાણે તિથિ વાર નક્ષત્ર એકત્ર કરી થયેલી સંખ્યાને ૭ ભાગવાથી ૧ બાકી રહે તો છે ત્યાંને ત્યાંજ છે, ૨ વધે તો આવવાના વિચારમાં છે, ૩ વધે તો અડધે રસ્તે આવેલ છે, ૪ વધે તો નજીક આવ્યા છે, ૫ વધે તો પાછા ગયા છે, ૬ વધે તો કષ્ઠ વ્યાધિથી દુઃખી છે, અને બાકી શૂન્ય રહ્યું તો નિશ્ચ કરી જાણવું કે આવશે નહિ.

ગમન વખતે વર્જ્ય નક્ષત્રો—પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વા ભાદ્રપદા, મઘા જેષ્ટા, ભરણી, જન્મ નક્ષત્ર, કૃતિકા, આશ્લેષા. સ્વાતી, વિશાખા, ચિત્રા, એ નક્ષત્રો હોય ત્યારે કદાપિ ગમન કરવું નહિ; ગમન કરવાને માટે તે નક્ષત્રો વર્જ્ય એટલે તજવા યોગ્ય છે.

ચંદ્ર કયાં છે તે જણાય—ચંદ્ર કયાં છે એ જે તિથિએ જોવું હોય, તો શુદ ૧ થી તે દહાડાની તિથિ સુધી ગણીને તેને પાંચે ભાગો, અને તેમાં કૃતિકા નક્ષત્રથી તે દિવસના નક્ષત્ર સુધી ગણી જે સંખ્યા આવે તે તેમાં મેળવો. પછી તેમાં ૧૨ મેળવી સર્વ સંખ્યાને નવે ભાગો. શેષાંક રહે તે ઉપરથી ચંદ્ર કયાં છે તે જોવું.

મુઠીમાંની વસ્તુ કહેવી—પ્રશ્ન પૂછનારના હાથમાં કીયા રંગની વસ્તુ છે તે કહેવાની એવી રીત છે કેઃ—પ્રશ્ન પૂછતી વખતે મેષ લગ્ન હોય તો પીળા રંગની, મિથૂન લગ્ન હોય તો લીલા રંગની, સિંહ લગ્નમાં, ધૂમ્રવર્ણા રંગની, કન્યા લગ્નમાં નીલ મિશ્રિત

રંગની, તુલા લગ્નમાં પીળા મિશ્રિત રંગની, મકર અને કુંભ લગ્નમાં કાળા રંગની અને મીન લગ્નમાં પીતવર્ણની વસ્તુ મુઠીમાં છેએમકહેવું.

છીંકના શુકન—પૂર્વે છીંક થાય તો અશુભ, અગ્નિયે દુઃખ દાયક, દક્ષિણે અનિષ્ટકારી, નૈઋત્યે શુભદાયક, પશ્ચિમે સુગ્રાસ ભોજન વાયવ્યે ધનદાયક, ઉત્તરે કલહકારક, ઇશાને શુભ, નીચેની છીંકથી ઘણોજ ભય, ઉંચે થાય તો સારી, મધ્યે થઇ તો ખરાબ, અને આસનપર, ભોજનપર, શયનપર, ધર્મ કરતાં, પાછલા ભાગે અથવા વામ ભાગે એ સ્થાનોની છીંક સારી સુખદાયક સમજવી.

કાર્યાકાર્ય પ્રશ્ન વિષે—પ્રશ્ન પૂછનારનું મુખ જે દિશાએ હોય તે દિશા, પોહોર, વાર અને નક્ષત્ર એ સર્વ એકત્ર કરી તેને ૮ થી ભાગો. બાકી ૧ કે ૫ વધે તો ત્વરિત કાર્ય સિદ્ધ થશે, ૬ કે ૪ વધે તો ત્રણ દહાડામાં કામ થશે, ૩ કે ૭ વધે તો મોડેથી કાર્ય થશે અને ૨ કે ૮ વધે તો કાર્ય કદાપિ થવાનું નથી

કાગ પિંડનો વિચાર.

તેમાં લાભ અલાભ, જીવ મરણ, જય પરાજય, સુકાળ દુકાળ અને અતિત અનાગત એટલાં વાનાં જાણવાં.

(૧) ચોખા અને ગોળ એકઠાં કરી તેના ત્રણ પિંડ કરવા. પહેલે પીંડે બળદ, બીજે ઘોડો અને ત્રીજે હાથી ચિંતવી સર્વ કામને વિષે બળદને કાગડો અડે તો ઉત્તમ, ઘોડો અડે તો મધ્યમ અને હાથીએ અડે તો રાજ ભય જાણવો. (૨) વિવાહનો વાસો—ત્રણ પિંડ કરી પહેલે ગોળ બીજે ચોખા અને ત્રીજે લીંબડાનાં પાન એ રીતે ચિંતવીએ. ગોળે કાગ અડે તો રૂડો, ચોખે ઘણોજ રૂડો અને લીંબ પાને અડે તો ખરાબ. (૩) લાભને અર્થે ત્રણ પીંડ કરી પહેલે

धान्य बीजे चणा अने त्रीजे पाणी चिंतवीએ. धान्ये काग અડે તો રૂડો, ચણે અડે તો મધ્યમ અને પાણીએ અડે તો ખરાબ (નેષ્ટ) સમજવો. (૪) માંગલિકનો વાસો—ત્રણ પીંડ કરી મુકીએ, પહેલે ધાન બીજે ચણા અને ત્રીજે પાણી ચિંતવીએ. ધાને રૂડું, ચણાએ મધ્યમ અને પાણીએ અડે તો ખરાબ જાણવું. (૫) વ્યાધિ નિમિત્ત ત્રણ પીંડ કરી મુકવા. પહેલે ચોખા બીજે પાષાણ અને ત્રીજે અંગારા ચિતવીએ. ચોખાએ કાગ અડે તો આરોગ્યતા, પાષાણે જય અને અંગારે કાગ અડે તો મૃ યુ થાય, (૬) પુત્ર નિમિત્ત ત્રણ પીંડ કરી મેલવા. પહેલે ગોળ બીજે હળધર અને ત્રીજે અંગારા ચિંતવીએ. ગોળ અડે તો પુત્ર હોય, હળદરે પુત્રી થાય અને અંગારે કાગ અડે તો ગર્ભ ગળે. (૭) ધન નિમિત્તે ત્રણ પીંડ કરી મેલવા. પહેલે સિંહ બીજે હાથી અને ત્રીજે ગધેડો ચિંતવીએ. સિંહે જય, હાથીએ સિદ્ધિ અને ગધેડે ભંગ થાય. (૮) વરસાદ નિમિત્તે ત્રણ પિંડ કરવા. પહેલે પાણી, બીજે માટી અને ત્રીજે અંગારા ચિંતવીએ; પાણીએ અડે તો વહેલો વરસે, માટીએ આઠે દહાડે વરસે અને અંગારે કાગ અડે તો દુકાળ પડે. (૯) પરદેશથી આવવા નિમિત્ત ત્રણ પીંડ કરી મેલવા. પહેલે ઘોડો બીજે હાથી અને ત્રીજે ગધેડો ચિંતવીએ. ઘોડે વહેલો આવે, હાથીએ સાંસતો આવે અને ગધેડે અડે તો મૂળગો આવે નહિ. એનો **મંત્ર**—'ૐ નમો કરલીવલી સ્વાહા' વાર સાત ઇણે મંત્રે પીંડ ત્રણ મંત્રીને મુકીએ પછી જોઇએ.

છીંક થાય તેના શુકનનો વિચાર.

પૂર્વની છીંક ચિંતા કરાવે, અગ્નિખૂણાની છીંકથી સુખ થાય

દક્ષિણની છીંક હાણુ ઉપજાવે, નૈઋત્ય, પશ્ચિમ અને વાવ્યની છીંક સારી, ઉત્તરની છીંક પાડવી કલહકારી હાણુ કરે, ઇશાનખૂણાની છીંક સારી સુખ હોય. ઉંચી છીંક પાડવી નીચી છીંક ભલી.

રવિવારની છીંકના શુકનનો વિચાર.

પૂર્વની છીંક શુભ લાભ થાય, અગ્નિખૂણની છીંક વિલંબ કરે દક્ષિણની છીંક ભલી લાભ થાય, નૈઋત્યની છીંક મરણ કહે, પશ્ચિમની છીંક ભલી સુખ થાય, વાવ્યખુણની છીંક થાય તો સજ્જન મળે, ઉત્તરની છીંક સુખ લાભ કહે, ઇશાનખુણની છીંક ભલી.

પુનેમ વિચાર.

(૧) ચૈત્રની પુનેમ નિર્મળી ભલી અથવા તે દહાડે ગ્રહણ ઉલ્કાપાત ભુમી કપે જળબિંદુ પડે ચંદ્રસૂર્ય પાખાલ ખાલીઆ હોય તે ધુમ્રકેતુ દશ રજે વૃષ્ટિ હોય, તો સર્વે ધાન્યનો સંગ્રહ કરવો; પાંચમે મહિને બમણો લાભ થાય. (૨) વૈશાખની પુનેમ એવીજ હોય તો કપાસ અડદ તથા ઘઉં સંઘરવા માસ ચોથે બમણો લાભ થાય. (૩) જેઠની પુનેમ નિર્મળી ભલી હોય, જળ પાખલ હોય તો સર્વે ધાન્યનો સગ્રહ કરવો, સાતમે મહિને લાભ થાય સહી. (૪) અષાડની પુનેમ ગુંડલી ભલી વૃષ્ટિ ગાજવીજ હોય તો સર્વે ધાન્ય વેચવું. અશાડી પુનેમ નિમળી ભલી તે હોય તો સર્વ ધાન્ય સંઘરવું. પાંચમે મહિને લાભ થાય. (૫) શ્રાવણની પુનેમ નિર્મળી હોય તો ઘી તેલનો સંગ્રહ કરવો ત્રીજે માસે લાભ થાય. (૬) ભાદરવાની પુનેમ આભ છાયા હોય તો સર્વે ધાન વેચવું. (૭) આસોની પુનેમ નિર્મળી ભલી વાદળ હોય તો સર્વે ધાનનો સંગ્રહ કરવો બીજે મહિને લાભ થાય. (૮) કાર્તિકી પુનેમ નિર્મળી ભલી વાદળ

હોય તો ઘીનો સંગ્રહ કરવો, ધાન વેચવામાં પાંચમે મહિને લાભ થાય. (૯) માગશરની પુનેમ નિર્મળી ભલી આભ છાયા હોય તો ધૃતનો સંગ્રહ કરવો ધાન વેચવું. (૧૦) પોશની પુનેમ વાદળ સહિત ભલી રજોવૃષ્ટિ ધુમ્મર ભવી પ્રવલો માખો કુંકુમ સંધરવાં તેમાં સાતમે માસે લાભ થાય. (૧૧) મહાની પુનેમ નિર્મળી ભલી વાદળ હોય તો ધાન સંઘરવું સાતમે મહિને લાભ થાય. (૧૨) ફાગણની પુનેમ નિર્મળી ભલી આભ છાયા હોય વૃષ્ટિ હોય ગાજે તો સર્વે ધાન્યનો સંગ્રહ કરવો. આસો માસે બમણો લાભ થાય.

મહાની પુનેમનો વિચાર.

માઘની પુનેમ નિર્મળી હોય તો ભલી અશાડે ધાન સોંઘુ હોય, વૃષ્ટિ અને ગાજવીજ હોય તો અશાડ કોરો ધાન મોંઘું, પણ શ્રાવણની અંધારી, જેઠ વદ ૧ કે બુધવાર હોય તો વરસાદ સારો હોય. વદ ૭, ૮ તથા ૯ મે વાદળ હોય તો બાદરવો આસો વૃષ્ટિ. ફાગણ શુદ ૮ મે વાદળ હોય તો શ્રાવણ શુદ ૮ મે વૃષ્ટિ. માઘ વદી ૧૪ તથા શુદ ૧ દિન ત્રણ અંભ છાયા હોય તો આસો શુદ ૫ વરસે. ફાગણ શુદ ૧૪ ઠાર પડે તો ચોમાસુ સુધારે ફાગણ શુદ ૫ એકમ વાયરો પછી ઉત્તર વાય તો ચોમાસુ નિવડે, વાયરો ઉગમણો તથા અગ્નિ વાય તો ચોમાસુ કોરૂં, ઇશાન દક્ષિણ વાય તો ચોમાસુ માસ ત્રણ અંબર છાઇ રહે. ચૈત્ર શુદ ૫ મે વાદળાં ગાજ વીજ હોય તો અશાડ કોરો. શુદ ૭ મે એટલાં હોય તો શ્રાવણ કોરો, ચૈત્ર શુદ ૧૫ મે વૃષ્ટિ ગાજવીજ હોય તો ચોમાસુ વણસે ધાન મોઘું થાય. વાયરો પછી ઉત્તર વાવ્યખુણનો ભલા નૈઋત્યનો વાય તોપણ આરામ હોય તોપણ વૃષ્ટિ ન થાય વીજ વાય ત્રણ હોય તો વરસ વણસે.

સંક્રાંતિ વિચાર.

(૧) ચૈત્રમાસે મેષ સંક્રાંત રવિ, મંગલ, અને શનીવારી હોય તો ઘઉં ચણા મોઘા કરે. (૨) વૈશાખ માસે વરખ સંક્રાંત રવિ અને મંગળવારી હોય તો મગ, ઘઉં, ચણા મોઘા હોય. (૩) જેઠ માસે મૈથુન સંક્રાંત રવિ, મંગલ અને શનીવારી હોય તો પાપમતિ લોકે, દેશ નગર લોકને પીડા, રોગ ઘણા અને ધાન મોઘાં. (૪) અશાડ માસે કર્ક સંક્રાંત રવિ, મંગલ અને શનીવારી હોય તો મધ્યમ મેઘ સઘળે વરસે રોગ ઘણા ધાન થોડાં નિપજે દંધા પડે સ્ત્રી વિગ્રહ ધાન મોઘાં. (૫) શ્રાવણ માસે સિંહ સંક્રાંત તેમજ હોય તો પયસમાન મેઘ વરસે. (૬) ભાદરવે કન્યા સંક્રાંત શનીવારી હોય તો મેઘ થોડો ધાન ઘણાં વાય ઘણાં અન્ન વણસે. (૭) કાર્તિક માસે વૃશ્ચિક સંક્રાત રવીવારે હોય તો ધાન નીપજે, શનીવારે હોય તો દેશ ભંગ થાય, રોગ પીડા, મંત્ર લય, ધાન સંગ્રહ કરવાં. (૮) માગશર માસે ધન સંક્રાંત રવિ મંગળ અને શનીવારે હોય તો દેશ રાજ પીડા, કપાસીઆ તેલ ઘી મોઘાં કરે (૯) પોશ માસે મકર સંક્રાંત શનીવારી હોય તો ભય ઘણો ધાન તમણો મૂળ રવિવારી હોય તો ક્ષત્રીને યુદ્ધ પીડા (૧૦) માહા માસે આદિત્યવારી હોય તો ક્ષત્રી યુદ્ધ હોય. (૧૧) ફાગણ માસે મિન સક્રાંત રવિવાટી હોય તો ક્ષત્રી યુદ્ધ હોય, રસકસ મોંઘા કરે, સોમવારે હોય તો સર્વ લોક સુખી.

મકરસંક્રાંતિનો વિચાર.

ઉતરાયણ સોમવારી શુક્રવારી હોય તો ખળા થકી અર્ઘ મૂલ ઉપજે, બુધ ગુરૂવારી હોય તો જે પ્રાક ખળામાં હોય તે ફરે

નહિ તેજ રહે, શનીવારી હોય તો ખળામાંથી ચોગણો પાક થાય મંગલવારી હોય તો ત્રિગુણો મૂલ થાય, અને રવિવારી હોય તો દોઢો ભાવ થાય.

ગ્રહણ વિચાર.

(૧) રવિવારે ગ્રહણ પુરૂં હોય તો ધાન સર્વે સંઘરીએ, દુકાળ પડે રાજ સંબંધી વિરોધ હોય. (૨) સોમવારે અર્ધ ગ્રહણ હોય ત્યારે નર મનુષ્ય અધપતી કસુંબો ઘૃત તેલ આદિ લઇને સંગ્રહવાં વિશેષે કરીને (૩) મંગલવારે ગ્રહણ હોય તો ગોળ ઘી તેલ મોઘાં હોય, ધોળાં વસ્ત્ર કપાસીઆ આદિ સર્વે મોઘાં હોય. (૪) બુધવારે ગ્રહણ હોય ત્યારે સોપારી અને રાતાં વસ્ત્ર સંઘરવાં બે માસે બમણો લાભ થાય. (૫) ગુરૂવારે ગ્રહણ હોય તો રાતાં વસ્ત્ર સર્વે સુગંધી વસ્તુ તથા તેલ લેવાં, તરત લાભ હોય. (૬) સુક્રવારે ગ્રહણ હોય તો સર્વ જન સુખી ઘણો લાભ સુકાળ હોય જશ લાભ હોય. (૭) શનીવારે ગ્રહણ હોય તો રાતી વસ્તુ, જુવાર અને પીળાં વસ્ત્ર લેવાં; લાભ હોય.

અંગ ફરકે છે તેનો વીચાર.

મસ્તક ફરકે તો રાજ પામે, બાહુ ફરકે તો સમાગમ હોય સ્ત્રી મળે, ગલું ફરકે તો લક્ષ્મી લાભ, કાન ફરકે તો શુભ કાર્ય હોય, હોઠ ફરકે તો લક્ષ્મી પ્રાપ્તિ, પુંઠ ફરકે તો રાજ પમાડે, ખભો ફરકે તો ભોગ પમાડે, કંઠ ફરકે તો પરસ્ત્રી પમાડે. હાથ ફરકે તો જય કાર્ય હોય, નાક ફરકે તો પ્રીત પમાડે, નાશા જાળ ફરકે તો હાણું થાય, નાભિ ફરકે તો કામ સુકાવે, લિંગ ફરકે તો સ્ત્રી લાભ સાથળ ફરકે તો બંધન પામે, પાસાં ફરકે તો સજ્જન મળે, આંત્રો

ધાર ફરકે તો સર્વજન પ્રિય હોય, પગનાં તળાં ફરકે તો પરદેશ જવું પડે અને પેટ ફરકે તો ઇચ્છા ભોજન પામે.

ગરોળી પડે તેનો તીથી તથા વાર વિચાર.

પડવેને દિને ગીલોડી પડે તો રોગ, બીજને દહાડે પડે તો ક્લેશ ઉપજે, પાંચમ છઠ તથા સાતમે પડે તો ધન લાભ કરે રાતે દેવળે પડે તો લાભ થાય, આઠમ નોમ તથા દશમે પડે તો મૃત્યુ કહે, અગિયારસ તથા બારસે પડે તો પુત્ર લાભ કહે, બારસ તથા ચોદશે પડે તો ધન્ય ધાન કહે અને પુનેમે તથા અમાસે વાંસે પડે તો ધનનો નાશ કહે. ગરોળી સોમ, બુધ, ગુરૂ અને શુક્રવારે પડે તો સારો લાભ કહે અને બીજે વારે પડે તો ક્લેશ હાણુ કરે.

ગરોળી પડે તેનાં નક્ષત્ર ફળ.

પ્રથમ અશ્વિની રૂડી, ભરણીએ રોગ, કૃતિકા સંતાપકારી, રોહિણીએ સંપદા, મૃગશીર્ષ તથા આદ્રા મૃત્યુ કહે, પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રમાં ગરોળી પડે તો ધન કહે આશ્લેષામાં મૃત્યુ કહે, મઘા સુખ કહે, પૂર્વા ફાલ્ગુન રોગ કહે, ઉત્તરા ફાલ્ગુની અને હસ્તમાં લાભ, ચિત્રામાં સારૂ, સ્વાતી લાભ કરે, વૃશ્ચિકમાં ધન લાભ, અનુરાધા અને જેષ્ઠામાં મૃત્યુ, મૂળ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢામાં સુખ કહે, શ્રી રાજ્ય કહે, ધનેષ્ટા મરણ, શતતારકા પૂર્વા ભાદ્રપદ ઉતરા ભાદ્રપદ અને રેવતીમાં ગરોળી પડે તો સુખ સૌભાગ્ય મળે.

જમીનમાં પાણી શોધવાની રીત.

હવે સરવે લોકોને ઉપયોગી એવા કુવા, વાવ વગેરે જળાશય ખોદવા પહેલાં જમીનની પરીક્ષા કરી તેમાં કેટલી ઊંડાઇએ પાણી રહેલું છે; તથા તે પાણી ખારૂં છે, કે મીઠું, વગેરે જાણવાની સૂ-

ક્તિઓ, તેમજ જમીન ખોદતાં તેમાં આવનારા પદાર્થોની આગમચેતીઓ અને વખતપર પાણી થતાં પહેલાં કઠણ પથ્થરનું પડ આવે તો તેને ફોડવાના ઉપાયો વરાહમિહિરકૃત બૃહત સહિતા તથા કૌતુક ચિંતામણી વગેરે ગ્રંથોના આધારે લખું છું.

જાંબુના ઝાડ પાસે સાપનો રાફડો હોય (જે પ્રથમ ઉધેઇ નાના ઝીણા કીડાઓ બનાવે છે અને પાછળથી તેમાં સાપ આવી ભરાઇ જાય છે) તો તે રાફડાની દક્ષિણ બાજુએ ખોદવાથી સાત હાથ ઊંડાઇપર મીઠા અને અખુટ પાણીનો પ્રવાહ મળે છે. તેની નિશાની એ છે કે તે જગો આગળ કમરપુર ખોદતાંજ માંછલાં અને કબુતરના રંગના પત્થર અને નીલા રંગની માટી દેખાય છે, બાદ ત્યાં અગાધ પાણી મળી આવે છે.

ઊંબરાના ઝાડની પાસે જો રાફડો હોય, તો ત્યાંથી પશ્ચિમ દીશા તરફ ત્રણ હાથ દુર જગોપર ખોદવાથી નવ હાથ ઉંડાઇએ પાણી મળે છે.

બોરના ઝાડથી પુર્વ દીશાએ રાફડો હોય તો ત્યાંથી પશ્ચિમ દીશા તરફ સાડા દશ હાથ ઉંડાઇએ પાણી છે એમ જાણવું તેની નીશાની એ છે કે ત્યાં આગળ કમરપુર ખોદતાં સફેદ ગરોળી (ગર્ભલી) નીકળે છે.

બીલી અને ઊંબરાનું ઝાડ જે ઠેકાણે એકઠાં ઉગેલાં હોય ત્યાંથી દક્ષિણ દીશા ભણી ત્રણ હાથ દુર જગોપર ખોદવાથી સાડાદશ હાથ ઉંડાઇએ પાણી નીકળે છે.

બહેડાના ઝાડ આગળ રાફડો હોય તો ત્યાંથી એક હાથ દુર ખોદવાથી સોલ હાથ ઊંડાઇપર પાણી મળે છે.

કોઇપણ ઝાડ નીચે દેડકાં રહેતાં હોય તો ત્યાંથી ચાર હાથ દુર જગોપર બાર હાથ ઉંડાઇ સુધી ખોદવાથી પાણી મળે છે.

જે જગોપર પાણીનો આધાર બીલકુલ નહીં હોવા છતાં મંદારનું ઝાડ ઉગેલું હોય, તો તેની પુર્વ દીશાએ ત્રણ હાથ દુર જગાપર ખોદવાથી દક્ષિણ દીશા તરફ વહેનારી પાણીની આય સાંપડશે તેની નીશાની એ કે નીલા કમળના રંગની માટી તથા કબુતરના રંગના પથરા જેટલી ઉંડાઇપર નીકળશે, ત્યાંથી હાથભર નીચે ખોદવાથી બકરાના શરીર માફક વાસ મારતી માટી નીકળી તરતજ લગાર ખારાશવાળું સ્વચ્છ પાણી નીકળશે.

કરંજ (કણુજ) ના ઝાડથી દક્ષિણ દિશામાં જો રાફડો હોય, તો તેની દક્ષિણ બાજુએ બે હાથ દુર જગોપર સાડાદશ હાથ ખોદવાથી પાણી મળે છે. તેની નીશાની એ કે પથમ કમરપુર ખોદતાં એક કાચબો નીકળશે, બાદ થોડીક ઉંડાઇપર એક પુરવ દિશા તરફ વહેનારો હલકો, અને ઉત્તર દીશા તરફ વહેનારો પ્રાણીનો મજબુત પ્રવાહ માલુમ પડશે, પરંતુ તેની નીચે પથ્થરનું પડ હશે જે પડ કાઢી નાંખ્યા બાદજ નિર્ભય થશે-

જેની ઉપર દરભ અને ધરો ઉગેલાં હોય એવો રાફડો જો તિલક વૃત્ર (એ ઝાડના ફુલ તલના ફુલ જેવાં હોય છે) ની દક્ષિણે હોય તો તેની પશ્ચિમ બાજુએ સાડાસત્તર હાથ ઉંડું ખોદવાથી પુર્વ દિશા તરફ વહેનારો પાણીનો ઝરો હાથ લાગશે.

કદંબના ઝાડથી પશ્ચિમ દીશાએ રાફડો હોય, તો તેની દક્ષિણ બાજુએ ત્રણ હાથ દુર જગોપર ખોદવાથી સાડદશ હાથ ઉંડાઇપર કદી પણ ન ખુટનારો અને ઉત્તર દીશા તરફ વહેનારો પાણીનો સ્વા

દીઠ ઝરો મળી આવે છે, તેની નીશાની એ કે સાડા ત્રણ હાથ ખોદવા બાદ માછલાના રંગનાં દેડકાં તથા માટી નીકળે છે.

નાળીએર અથવા તાડનું ઝાડ રાફડા પરજ વધેલું હોય તો તેથી પશ્ચિમ દીશા તરફ ૭ હાથ દુર જગોપર ખોદવાથી ચૌદ હાથ ઉંડાઇ પર પાણી મળે છે.

આસુદરાના ઝાડથી ઉત્તર દીશામાં રાફડો, અથવા બોરનું ઝાડ હોય તો ત્યાંથી ઉત્તર દીશાએ ૭ હાથ જગાપર ખોદવાથી બાર હાથ ઉંડાઇએ પાણી મળે છે. એની નીશાની એ છે કેઃ—એક પુરૂષભર ખોદતાં કાચબો, કાળાશ પડતા પથ્થર અને રેતી મિશ્રીત માટી આવશે અને ત્યાં એક દક્ષિણ તરફ અને બીજો ઉત્તર તરફ એવા બે પાણીના ઝરા માલુમ પડશે.

અરજુન (સાદડ) વૃક્ષની ઉત્તરે રાફડો હોય તો ત્યાંથી (રાફડાની) પુરવ દીશાએ ૭ હાથ દુર જગોપર ખોદવાથી ૨૮ હાથ ઉંડાઇપર ઉત્તર દક્ષિણ અને દક્ષિણ ઉત્તર એમ વહેનારા બે પાણીના અખુટ ઝરા હોય છે. તેની નિશાની એ કે એક પુરૂષભર ખોદતાં કાળો સરપ, પીળી માટી નજરે પડે છે.

કોઇ ઝાડનું એકજ ડાળું ઘણું નમી ગયેલું હોય અથવા ફીકકુ પડી ગયેલું હોય, તો તેની નિચે એક પુરૂષભર ખોદવાથી પાણી નીકળે છે.

જ્યાં આગળ ઝાડનાં પાનાં, ફળ વગેરેમાં હમેશાં વિકાર થયેલો માલુમ પડે છે એટલે જે ઝાડને જેવાં ફળ, ફુલ, પાનાં વગેરે આવવાં જોઇએ તેવાં ન આવતાં જુદીજ જાતનાં આવે છે ત્યાં આગળ તે ઝાડથી ત્રણ હાથ દુર જગોપર ખોદવાથી ચૌદ હાથ ઉંડાઇપર પાણી મળે છે.

પીલું (જાળ, વરખડો, વંગદો) ના ઝાડની ઇશાન દીશાએ રા-

ફ્ડો હોય તો ત્યાંથી પશ્ચિમ બાજુએ ખોદવાથી સાડાસત્તર હાથ ઉંડાઇપર ઉત્તર દીશા તરફ વહેનારો અખુટ ઝરો હાથ લાગે છે.

પાણીના આશરા વગરની જે જગોપર સારસાં, ચક્રવાક, બગલાં, કાગડા વગેરે પક્ષીઓ હમેશાં જથાબંધ રહેતાં હોય ત્યાં આગળ ખોદવાથી જરૂર પાણી નીકળે છે.

જે જગોપરના ઝાડો ઉનાળા, શિયાળા, અને ચોમાસામાં એટલે બારે માસ લીલાંછમ અને પાનાંવાળાં રહેતાં હોય, ત્યાં પણ નજીક પાણી હોય છે.

ગ્રીષ્મઋતુના અતિ સખ્ત તાપથી પણ જે જગોપરનું ધરો વગેરે ઘાસ સુકાઇ ન જતાં લીલુંજ રહે છે તેમજ તે ઘાસને કાપી લીધા બાદ પણ જલદીથીજ પાછું જેમ ને તેમ વધે છે તે ઠેકાણે ખચીત પાણી હોય છે.

પાસે પાસે ઘણાં ઝાડ હોવા છતાં પણ જે એકજ ઝાડપર હમેશાં પક્ષીઓ રહેતાં હોય ત્યાં પણ નજીક પાણી હોય છે.

પાણી વગરની જગોમાં જો નેતરડી, નગોડ, એપણી (એયણાં) શતાવરી, દારૂડીઓ એખરો, વગડાઉ કેળ, વગેરે પાણીનેજ આશરે રહેનારાં ઝાડ જથાબંધ ઉગી સદાકાળ લીલાં રહેતાં હોય તો ત્યાં પણ પાણી હોય છે.

જે જગોપર વીરણનાં ભોથાં ઘણાં થતાં હોય તેમજ અનેક જાતની સુકુમાર વનસ્પતિ ઉનાળામાં પણ નવપલ્લવ રહેતી હોય ત્યાં પણ પાણી મળે છે.

આજુબાજુ ઊંચાણ જમીન હોય તેની વચમાં જ્યાં એકદમ નીચાણ જમીન હોય ત્યાં પણ જરૂર પાણી મળે છે.

જ્યાં આગળ ખોદતાં ચીકણી માટી અગર સુકી રેતીનું ભાઠું

આવે છે ત્યાં આગળ જલદી પાણી થતું નથી.

ડુંગરાની પથરવાળી જમીનમાં પણ પાણી જલદી થતું નથી.

કુવો ખોદતાં જો તેમાં તુટે નહીં એવા કઠણ પથ્થરનું પડ આવે તો તેપર અગ્નિ સળગાવી લાલચોળ કરવું, બાદ તેપર ચુનાનું પાણી છાંટી બુઝવવું જેથી જલદી ફુટે છે. અગર પથ્થરના પડને અગ્નિ સમાન ગરમ કરીને તેનાપર ફટકડી, માક્ષિકભસ્મ અને ચુનાને પાણીમાં મેળવી છાંટવાથી જલદી ફુટે છે.

જે વખત વીજળી થાય તે વખત તરતજ આપણી નાડીપર હાથ રાખવો અને વીજળી થયા બાદ જેટલીવારે ગર્જના થાય ત્યાં સુધીમાં નાડીના કેટલા ધબકારા થાય છે તે ગણી જોવા બાદ જેટલીવાર નાડી ધબકી હોય તેને પાંચે ભાગતાં જે જવાબ આવે, તે ટલા માઇલ દુર વરસાદ પડે છે એમ જાણવું જેમકે જો નાડી દશ વખત ઉછળી હોય તો આપણાથી બે માઇલ દુર વરસાદ પડે છે એમ સમજવું.

પવિત્ર હિમાલય પર્વતપરની જડીબુટ્ટીઓ.

ગરૂડ પંજા—આ નામની જડીબુટ્ટીમાં એવા ગુણ છે કે તેના થી સર્પ નાશી જાય છે. તથા તેની વિધિ પૂર્વક પુજા કરવાથી ગ્રહ પીડા, ગર્ભ ધારણ પ્રતિબંધ કરનારી શારીરિક ખોડ ઇત્યાદી દોષો દૂર થઇ મનોકામના સફળ થાય છે.

હાથા જોડી—આ જડીબુટ્ટીને યથા વિધિ મંત્રથી તૈયાર કરીને પાસે રાખવાથી સરકાર દરબારમાં માન ઇજ્જત મળે છે. પ્રજામાં પ્રતિષ્ટા વધે છે અને શત્રુ પણ મિત્ર થાય છે;

ભુત ખિદડી—આ જડીબુટ્ટીનો ધુમાડો દેવાથી ભૂત પીશા-

ચના વળગાટ દૂર થાય છે. સીવાય ગળું, કેડ, જાંઘ વીગેરેનો દુ-
ખાવો, શરીર ભારે પડવું, કવખતે ઋતુશ્રાવ ઇત્યાદિ સ્ત્રીઓના દર
દોપર અકસીર ઈલાજ તરીકે વપરાય છે.

જેરમોરઃ—આ નામનો ગોટો આવે છે. એનાપર સુતર વીં-
ટીને અગ્નિમાં નાંખવાથી સુતર બળતુ નથી. આ ગોટાને પાણી સાથે
ઘસીને પીવાથી પેટની બળતરા તથા ગરમીના રોગ મટે છે.

મમીરા—આ અજબ બુટ્ટી આંખના ફુલ પડદા વગેરે કાપીને
આંખને સુધારે છે. આ મમીરાનો સુરમો પણ ઘણો ઉત્તમ બને છે.

જુનો બરફ—આ પદાર્થ પાણીનો બનેલો હોય છે. અને
તે પણ આંખના સર્વ રોગપર ચાલે છે.

નિર્વીષી—વીંછીનું ઝેર ઉતારવામાં તથા વ્રણાદિકનું શોધન
કરવામાં બહુ કામ આવ છે.

વજ્રદંતી—બદામની છાલની કાળી રાખ અને આ વજ્રદં-
તીનું ચુરણ એકત્ર કરીને દાંતને મંજન કરવાથી દાંતના તમામ રોગ
મટી દાંત મોતીના દાણા જેવા થાય છે.

બરમોશા—આ બહુ શીતવીર્ય પદાર્થ છે અને ઉષ્ણજ્વર,
પરમીયો, તજાગરમી વીગેરે વીકારોને મટાડે છે.

શીલાજીત—પહેલા નંબરનું રક્ત શુદ્ધિ કરનાર ઔષધ છે.
હીમાલયના મહાન મેઘ સમાન પથ્થરોમાંથી ઝરતો મદનો રસ એજ
શીલાજીત કહેવાય છે.

હિમાલયની કસ્તુરી—આ ડુંગરની આસપાસ વસનારાં
કાળાં હરણીયાઓની નાભીમાંથી કાઢેલી અસલ કસ્તુરી. કસ્તુરીના
પુટવાળું શીલાજીત આવે છે તે નહીં.

સમાપ્ત.

ગરીબ પ્રજાને સારૂ અમારો સાહસ અને હેતુ.

આજ કાલ ઘણી દવાઓ ઘણાઓ તરફથી નિકળી છે, હજુ નવી પણ નીકળે છે, તે દવાઓ સારી છે કે ખરાબ, તે બાબતમાં ટીકા કરવાની અમને જરૂર નથી, પણ એટલુંજ જણાવવું બસ થશે કે, જે દવાઓ બહાર પડી છે, તે દવાઓ કિંમતમાં ઘણી મોંઘી હોવાથી ગરીબો તેનો પુરતો લાભ લેઇ શકતા નથી. આ વિચારથી ખાસ ગરીબોની સગવડ માટે આ સાહસ ઉઠાવ્યું છે એમાં પૈસા કમાવવા કરતાં ફક્ત ગરીબોની સગવડ સાચવવા તથા તેમના દુઃખ દરદો દુર કરવા એજ અમારો મુખ્ય હેતુ છે.

આ દવાઓનો ઉપયોગ ગરીબો કરે એ તો ખરૂંજ છે પણ શ્રીમંત લોકો, જેમના ગામમાં દવાખાનુ અગર હોસ્પીટલ ન હોય એવા સ્થળોમાં અને નાનાં ગામડાઓમાં આ અનુભવસર હાથથી બનાવેલી દવાઓનો થોડો થોડો જથો મંગાવી સંગ્રહમાં રાખે તો સ્વાર્થ અને પરમાર્થ બે કાર્યો થાય! ગરીબોને તેમના દુઃખ દરદ વખતે જોઇતી દવાની મદદ આપી તેમનો આશીર્વાદ મેળવી શકાય, અને થોડા ખરચમાં મોટો લાભ થાય. હાલ તુરત નિચે મુજબની ઉપયોગી દવાઓ તૈયાર કરવામાં આવેલી છે. આગળ જેમ જેમ લોકો તરફથી સારો આશરો મળશે, તેમ તેમ તેમાં સુધારો તથા વધારો કરવામાં આવશે.

એક શીશીમાં ગોળીઓ કેટલી રહે છે?

એક શીશીમાં લગભગ ૧૫ ગોળીઓ રહે છે, અને દવાઓ એવી અકસીર અને ગુણકારી છે કે માત્ર એકજ શીશીમાં દરદીને પુરતો આરામ થાય છે, અને બીજી શીશીની ભાગ્યેજ જરૂર પડે છે.

દવાઓની યાદી કિંમત સાથે.

દવાનું નામ.	રૂ. આ.
તાવની ગોળીઓ	૦—૪
તાવમાં પરસેવો લાવવાની ગોળીઓ	૦—૪
ઉધરસની ગોળીઓ	૦—૪
દમની ગોળીઓ	૦—૪
માથાનો દુખાવો બંધ થવાની ગોળીઓ	૦—૪
મરડાની ગોળીઓ	૦—૪
ઝાડો બંધ થવાનું ચુર્ણ	૦—૪
ગરમી તથા વીસફોટકની ગોળીઓ	૦—૪
આધાશીશીની ગોળીઓ	૦—૪
કમળાપર ગોળીઓ	૦—૪
જુલાબની ગોળીઓ	૦—૪
પાચન શક્તિની ગોળીઓ	૦—૪
કરમની ટીકડી	૦—૪
ધાતુપુષ્ટની ગોળીઓ	૦—૪
પરમીયાની ગોળીઓ	૦—૪
હીસ્ટીરીયાની ગોળીઓ	૦—૪
ગાંડાપણું મટવાની ગોળીઓ	૦—૪
ક્વીનાઈનની ગોળીઓ	૦—૪
કપુરનો અરક. (કોલેરાપર)	૦—૪

દવાનું નામ.	રૂ. આ.
બાલ કાઢવાનો પૌડર	૦—૪
બાલ કાઢવાનું તેલ	૦—૪
હેર ઓઈલ	૦—૪
દરાજનો મલમ	૦—૪
હરસનો મલમ	૦—૪
સુરમો નેત્રાંજન	૦—૪
આંખમાં નાંખવાનાં ટીપાં	૦—૪
પેપરમીટનું તેલ	૦—૪
તજનું તેલ	૦—૪
એલચીના ફુલ	૦—૪
ખસનો મલમ	૦—૪
વીંછીની દવા	૦—૪
ટીંકચર આયોડીન	૦—૪
ધાતેલ (જખમ બંધ કરવાને	૦—૪
રૂઝ લાવવાનો મલમ	૦—૪
ચાંદીપર દાબવાનો પૌડર	૦—૪
કાનમાંથીપરૂબંધથવાની દવા.	૦—૪
ટુથ પૌડર (દાંતનું મંજન)	૦—૪
દુઃખ શામક મલમ	૦—૪
પેટના દુખાવાની ગોળીઓ.	૦—૪
સંગ્રહણીનું ચુર્ણ	૦—૪
દંતમંજન	૦—૪

અમૃતવલ્લી—अमृतवल्ली.

નસોને-તંતુઓને જોર આપનાર પૌષ્ટિક ગોળીઓ.

અતિ વિષય, હસ્તદોષ, સ્વપ્નાવસ્થાનો ધાતુસ્ત્રાવ, વગેરે કારણો થી જ્ઞાનતંતુઓ અને વીર્ય વાહિની નસો નબળી પડી જાય છે. આ ગોળીઓ એવી નબળાઇને દુર કરી મગજને મજબુતી આપે છે. એટલું જ નહિ પણ શરીરનાં બીજા મર્મસ્થાનોને પણ સુધારે છે. વીર્યસ્ત્રાવને અટકાવે છે, પુરૂષોના ધાતુદોષને સ્ત્રીઓના ધાતુસ્ત્રાવને (પ્રદરધુપણીને), હૃદયના થડકાને, મગજની નબળાઇને, અને નપુંસકપણા ને મટાડી શરીરમાં લોહી તથા શક્તિ લાવે છે. વળી વીર્યના દોષથી મગજ નબળું પડી ગયું હોય, યાદશક્તિ કમી પડી ગઈ હોય, ચિતભ્રમ થયો હોય, હાથ ધ્રુજતા હોય, આંતરડાં ઢીલાં પડી ગયાં હોય અને તેથી મળનો કબજો રહેતો હોય ઇત્યાદી અનેક ફરીયાદો ને મટાડી તમામ મર્મસ્થાનને ધીમે ધીમે બળવાન બનાવે છે. કિંમત ડબી ૧ નો રૂ. ૧—૮—૦ પોસ્ટેજ ચાર આના જુદા પડશે.

કાશીસાદિતૈલ—कासीसादितैल.

કોઇપણ કારણથી તંતુઓ નબળા પડી નપુંસકત્વ પ્રાપ્ત થયું હોય તો આ તેલ એકાદ માસસુધી હલકા હાથથી જનનેંદ્રિયપર મસળવાથી તંતુઓમાં જોર આવે છે. કિંમત રૂ. ૧—૮—૦

ટપાલ ખરચ—એક શીશી પાછળ ટપાલ ખરચ અને વી૦ પી૦ ના ચાર આના બેસે છે. તેમજ સામટી ૯ શીશીઓ મંગાવનારને પણ એટલોજ પોસ્ટેજ અને વી૦ પી૦ નો ખરચ થાય છે.